# જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર



લેખક:-

પ્રો. હીરાલાલ રસીકદાસ કાપડીયા. એમ.એ.

# જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર

( લેખો, વાર્તાલાપો, ભાષણ અને સ્તુતિઓ )

卐

: લેખક :

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા

卐

: પ્રેરક :

ઉપાધ્યાયશ્રી ચન્દ્રોદયવિજયજી ગણિ

: પ્રકાશક :

શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ-જ્ઞાનમંદિર

[ વિ. સં. ૨૦૨૫ ] વીરસંવત્ ૨૪૯૫ [ ઈ. સ. ૧૯૬૯

મૂલ્ય : ૭ રૂપિયા

: પ્રકાશક :
કાન્તિલાલ ચીમનલાલ સંઘવી
સંચાલક, શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ-જ્ઞાનમંદિર,
મોટો રસ્તો, ગોપીપરું,
સુરત-૨

*** વિજ્ઞપ્તિ ***

વિશેષ વિજ્ઞપ્તિ છે કે આ પુસ્તક જેમને અભિપ્રાયાર્થે અપાય તેમણે પોતાનો અભિપ્રાય પ્રો. કાપડિયા ઉપર બારોબાર લખી મોકલવો અને જેમને સમાલોચનાર્થે આ મોકલાય તેમણે સમાલોચનાની નકલ એમને જ મોકલવા કૃપા કરવી.

—પ્રકાશક.

: મુદ્રક :
જશવંતસિંહ ગુલાબસિંહ ઠાકોર
સૂરતસિટિ પ્રિન્ટિંગ પ્રેસ,
મોટા મંદિર સામે, સૂરત-૧.

* પ્રાપ્તિસ્થાન *
જશવંતલાલ ગિરધરલાલ શાહ
શ્રી જૈન પ્રકાશન મંદિર, દોસીવાડાની પોળ,
અમદાવાદ.

## પ્રકાશકીય

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ થયાને હવે ટૂંક સમયમાં ૨૫૦૦ વર્ષ પૂરાં થનાર છે એટલે અમે આ નિમિત્તે આ પ્રકાશન હાથ ધર્યું છે. વાત એમ છે કે આજકાલ સામાન્ય જનોને મહાકાય ગ્રંથો વાંચવાવિચારવાની ફુરસદ નથી તેમ જ એમનો સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો યથાયોગ્ય બોધ પણ નથી એટલે પ્રાચીન સમયમાં એ ભાષાઓમાં રચાયેલા પ્રૌઢ અને વિસ્તૃત ગ્રંથો એમને ખાસ ઉપયોગી નીવડે તેમ નથી. આ વાતને લક્ષ્યમાં રાખી અમે આપણા જાણીતા જૈન સાક્ષર અને લગભગ [1]૮૦ ગ્રંથના પ્રણેતા અને એક હજાર ઉપરાંત લેખો લખનાર પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાનું જાતજાતનું લખાણ અત્રે રજૂ કર્યું છે જેમકે પીઠિકારૂપે ઋષભદેવાદિ તીર્થંકરોનાં લાંછનો અને લક્ષણો તથા સમસ્ત તીર્થંકરોની બાહ્ય વિભૂતિ અને વિશેષતઃ મહાવીરસ્વામી અંગેનાં લેખો, વાર્તાલાપો, ભાષણ, સ્તુતિઓ અને હરિયાળી.

આની એક વિશેષતા એ છે કે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની એમના ગણધરદેવ સુધર્મસ્વામીએ જે અર્ધમાગધીમાં સ્તુતિ કરી છે તે પ્રાચીનતમ વીરથુઇ

---

૧. સ્વતંત્ર રચનાઓ, સંપાદનો અને અનુવાદો.

(વીરસ્તુતિ)નો પ્રો. કાપડિયાએ કરેલો ભાવાનુવાદ સૌથી પ્રથમ પ્રકાશિત કરવાનો અમને સુયોગ સાંપડ્યો છે.

બીજી વિશિષ્ટતા એ છે કે પ્રો. કાપડિયાએ પોતાનાં વિધાનોના સમર્થનાર્થે અનેક આગમિક તેમ જ અનાગમિક ગ્રન્થોનો નિર્દેશ કર્યો છે એટલું જ નહિ પણ આગમાદિક ગ્રન્થોમાંથી તો અવતરણો પણ આપ્યાં છે. આમ જે જે ગ્રન્થો પ્રસ્તુત લખાણ તૈયાર કરવામાં એમને એક યા બીજી રીતે ઉપયોગી થઇ પડ્યા તેનાં નામો પૃષ્ઠાંક સહિત એમણે પરિશિષ્ટરૂપે રજૂ કર્યાં છે.

"જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર" એવું આ પુસ્તકનું નામ રાખવાની સૂચના અમને શાસનસમ્રાટ્ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન સમયજ્ઞ શ્રીવિજયવિજ્ઞાનસૂરિજીના પટ્ટધર પ્રાકૃતવિશારદ શ્રીવિજયકસ્તૂરસૂરિજીએ કરીને ઉપકૃત કર્યાં છે.

પ્રો. કાપડિયાએ પોતાના તમામ લખાણનો કોઇ પણ જાતના પુરસ્કારની અપેક્ષા રાખ્યા વિના અમને ઉપયોગ કરવા દીધો છે એટલું જ નહિ પણ પ્રાસ્તાવિક લખી આપ્યું છે તેમ જ પરિશિષ્ટાદિ પણ તૈયાર કરી આપેલ છે એ બદલ અમે એમના ઋણી છીએ.

વીરસ્તુતિ અને એના ભાવાનુવાદ સિવાયનું લખાણ નિમ્નલિખિત સામયિકોમાંથી ઉદ્ધૃત કરાયું હોવાથી અમે

એ સર્વ સામયિકોના તંત્રીઓ અને પ્રકાશકોનો આભાર માનીએ છીએ :-

1. આત્માનંદ પ્રકાશ
2. ગુજરાતમિત્ર તથા ગુજરાત-દર્પણ
3. જૈન (સાપ્તાહિક)
4. જૈન ધર્મ પ્રકાશ
5. જૈન સત્ય પ્રકાશ
6. દિગંબર જૈન
7. વીરશાસન.

પ્રો. કાપડિયાની "જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન" તેમ જ "સવિવેચન હરિયાળીસંચય અને સટિપ્પણક આગમોનાં અધ્યયનોનો પદ્યાત્મક અનુવાદ" એ બે કૃતિઓના પ્રકાશનાર્થે જેમ ઉપાધ્યાયશ્રી ચન્દ્રોદયવિજયજી ગણિએ પ્રેરણા કરી હતી તેમ તેમણે આ પ્રકાશન માટે પણ કરી છે. એ બદલ તેમ જ તેઓ તથા એમના ગુરુવર્યાદિ અમારી સંસ્થા પ્રત્યે જે સદ્‌ભાવ સેવે છે તે માટે અમે એમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

અંતમાં અમારી બે અભિલાષાનો નિર્દેશ કરી અમે આ "પ્રકાશકીય" પૂર્ણ કરીશું :—

(૧) આ પ્રકાશન જોઈને કે એની જાણ થતાં મુનિવરાદિ વિવિધ વિબુધોનાં મહાવીરસ્વામી અંગેનાં લેખો અને ભાષણો ગ્રન્થસ્થરૂપે સત્વર પ્રસિદ્ધ કરાય કે જેથી મહાવીરસ્વામીના જીવનવૃત્તાંતથી અને જૈન દર્શનનાં મૂળભૂત સિદ્ધાન્તોથી મોટે

ભાગે જેઓ અપરિચિત હોય તેઓ થોડુંક પણ આ દિશામાં જાણતા થાય. વિશેષમાં આવાં પ્રકાશનો જૈન શાસનની ભલે નાના પાયા ઉપરની પણ સેવા જ છે.

(૨) પ્રો. કાપડિયાના અન્યાન્ય વિષયોના મહત્ત્વપૂર્ણ લેખો ગ્રન્થસ્થ સ્વરૂપે સત્વર પ્રકાશિત થવા ઘટે. તેમ થતાં જૈન સાહિત્યની સમૃદ્ધિમાં થોડીક પણ ગણનાપાત્ર વૃદ્ધિ થશે અને સાથે સાથે અર્ધ શતાબ્દીથી સાહિત્યની જે સતત ઉપાસના એમણે કરી છે તેની અંશતઃ પણ કદર કરેલી ગણાશે.

મોટો રસ્તો, ગોપીપરું,
સુરત - ૨.
તા. ૨૫-૮-'૬૯

પ્રકાશક
શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ-જ્ઞાનમંદિરના
સંચાલકો તરફથી
શાન્તિલાલ ચીમનલાલ સંઘવી

# ✻ પ્રા સ્તા વિ ક ✻

આપણા આ દેશમાં–'ભારત' વર્ષમાં કાળ બે રીતે પોતાનો પ્રભાવ પાડે છે. એને જૈન દર્શનમાં 'કાલચક્ર' કહે છે. એ ચક્ર ફરતું ફરતું જેમ નીચે ઉતરે છે તેમ ઉપર પણ ચડે છે. એ બંનેને અનુક્રમે 'અવસર્પિણી–કાળ' અને 'ઉત્સર્પિણી–કાળ' કહે છે. બંનેના છ છ આરા છે. વર્તમાનમાં આપણા દેશમાં 'હુંડા' નામે ઓળખાવાતી અવસર્પિણીનો પાંચમો આરો પ્રવર્તે છે. એના ત્રીજા આરાના લગભગ પ્રારંભથી માંડીને ચોથા આરાના લગભગ અંત સુધીમાં આપણા આ દેશમાં ચોવીસ તીર્થંકરો થયાનું જૈનો માને છે. એ ધર્મસમ્રાટોમાંના અંતિમ તીર્થંકર તે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી છે. એમના નિર્વાણ થયાને આજે ૨૪૯૫મું વર્ષ ચાલે છે. પાંચ વર્ષ બાદ ૨૫૦૦ વર્ષ પૂરાં થશે. એને લક્ષીને આ મારી કૃતિ પ્રકાશિત કરાય છે.

મહાવીરસ્વામીનું જીવનચરિત્ર લખવાનો વિચાર મને સૌથી પ્રથમ એકાવન વર્ષ ઉપર ઈ. સ. ૧૯૧૮માં એમ. એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ થયો હતો અને ઇ. સ. ૧૯૨૮માં "સ્વયંસેવકમંડળ"ના ઉપક્રમે મેં મુંબઈમાં બુલિયન એક્સ-ચેઇન્જ હોલમાં મહાવીરસ્વામીને અંગે ભાષણ કરતી વેળા આધુનિક માનસને લક્ષીને ગુજરાતીમાં દળદાર અને પ્રમાણભૂત પુસ્તક રચવાની આવશ્યકતા દર્શાવી હતી પણ તે અદ્યાપિ ચરિતાર્થ થઇ નથી. વખત જતાં મારે આ કાર્ય કરવાનો પ્રસંગ આવે તો તેમાં સહાયક થઇ પડે એ ઇરાદે મેં એક બાજુ લેખો લખવા માંડ્યા તો બીજી બાજુ ઇ. સ. ૧૯૫૦માં નિમ્નલિખિત નામનું પુસ્તક અંગ્રેજીમાં તૈયાર કર્યું :—

A Sketch of the Life and Teachings of Lord Mahāvīra.

એ પુસ્તક અદ્યાપિ અપ્રકાશિત છે જ્યારે મારા લેખો વગેરે તો આ પુસ્તક દ્વારા રજૂ કરાયેલ છે.

આ સમગ્ર પુસ્તકમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને અંગેનું મારું ભિન્ન ભિન્ન સમયે કરાયેલું લખાણ રજૂ કરાયું છે. એથી એમાં કેટલીક પુનરુક્તિઓ જોવાય તે સ્વાભાવિક છે. આ ગ્રન્થસ્થ લખાણને આપણે મુખ્યતયા બે ભાગમાં વિભક્ત કરી શકીએ. પ્રથમ ભાગનો પ્રારંભ આપણા દેશમાં જૈન મંતવ્ય મુજબ જે અનંત તીર્થંકરો થઇ ગયા તેમાંના અંતિમ ચોવીસીના તેમ જ મહાવિદેહમાં અત્યારે વિચરતા વીસ તીર્થંકરોનાં લાંછનોથી કરાયો છે કેમકે બધાનાં લાંછનો તો જાણવામાં નથી. ત્યાર બાદ સમસ્ત તીર્થંકરોનાં ૧૦૦૮ લક્ષણો પૈકી કેટલાંકનો તેમ જ એ પ્રત્યેક તીર્થંકરના ૩૪ અતિશયોનો કે જે એમની બાહ્ય ઉપરાંત આંતરિક વિભૂતિ ઉપર પણ કેટલોક પ્રકાશ પાડે છે તેનો અને સાથે સાથે એમની બાહ્ય વિભૂતિરૂપ [1]આઠ પ્રાતિહાર્યોનો પણ વિચાર કરાયો છે. આ પ્રથમ ભાગ પૃ. ૧-૮૧ પૂરતો છે. બાકીનાં પૃ. ૮૨-૨૫૦ મહાવીરસ્વામીના જીવન પરત્વે પ્રકાશ પાડે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિથી એમના જે મુખ્ય ૨૭ ભવો ગણાવાય છે તેની અત્ર રૂપરૂખા આલેખાઇ છે. પૃ. ૮૪માં જે

---

૧. આમાં ચાર મૂલાતિશય ઉમેરી તીર્થંકરના બાર ગુણો હોવાનું જે કથન કરાય છે તે કેટલું પ્રાચીન છે અને એની સુસંગતતા કેવી છે તે વિષે પૃ. ૩૨ અને ૭૨ જોવાં.

ભવોના ક્રમાંક અપાયા છે તે શુભવિજયના શિષ્ય લાલવિજયે વિ. સં. ૧૬૬૨માં રચેલા "[1]મહાવીરસ્વામીનું ૨૭ ભવનું સ્તવન" અનુસાર છે જ્યારે પૃ ૧૧૮ગત ક્રમાંકો ચતુર્વિંશતિ-જિનેન્દ્રસંક્ષિપ્તચરિત વગેરે પ્રમાણે છે. એ બંનેમાં કેટલીક ભિન્નતા જોવાય છે ગમે તેમ પણ એ મહાવીરસ્વામીના સાંસારિક પક્ષ ઉપર પ્રકાશ પાડે છે. એમના અંતિમ ભવની પૂર્વેના ભવો અંગે બે બાબતો નોંધપાત્ર હોઇ એમના ત્રિદંડી તરીકેના સાત ભવોનો અને એમના બે વેરીઓનો નિર્દેશ કરી દ્વિતીય ભાગનો પૂર્વાર્ધ ૧૦૬મા પૃષ્ઠે પૂર્ણ કરાયો છે એના પછીનું લખાણ મહાવીરસ્વામીના અંતિમ ભવ સાથે સંબંધ ધરાવે છે. એની શરૂઆત એમની વૈગ્રહિક વિભૂતિ તેમ જ એમના સગાંવહાલાંના નિર્દેશ દ્વારા કરાઇ છે. ત્યાર બાદ એમના છદ્મસ્થ જીવનની આછી રૂપરેખા આલેખાઇ છે. એ દ્વારા એમના વર્ષાવાસો, એમને થયેલા ઉપસર્ગો અને એમની સાધનાની પરાકાષ્ઠાને સ્થાન અપાયું છે. એના પછી એમના સમગ્ર જીવનને સ્પર્શતી બાબતો એમના જીવનની નોંધપાત્ર ઘટનાઓ અને વિશેષતાઓના ઉલ્લેખપૂર્વક રજૂ કરાઇ છે. એમણે છદ્મસ્થદશામાં પોતાના શિષ્ય તરીકે સ્વીકારેલા

---

૧ આ સ્તવન સજ્જનસન્મિત્રની પ્રથમ આવૃત્તિમાં પૃ ૨૨૫–૨૩૧માં છપાયું છે. વિશેષમાં આ પુસ્તકમાં હંસરાજકૃત "મહાવીરસ્વામીનાં પાંચ કલ્યાણકનું સ્તવન" પૃ ૨૩૧–૨૩૮માં છપાયેલ છે. વીરવિજયે, રૂપવિજયે તેમ જ સોમસુન્દરસૂરિના શિષ્યે પણ મહાવીરસ્વામીના ૨૭ ભવને લગતું એકેક સ્તવન રચ્યું છે.

ગોશાલકે એમને જે નીચે મુજબની પાંચ ઉપમાઓ આપી તે આશ્ચર્યજનક પ્રસંગ ગણાય કેમકે એ સદ્દાલપુત્ર પાસે પોતે પીઠ વગેરેની કરેલી યાચના અને એના સ્વીકાર સાથે સંબંધ ધરાવે છે :—

મહાબ્રાહ્મણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથી અને મહાનિર્યામક.

આ સંબંધમાં મેં જેમ અત્ર આગમિક પાઠો આપ્યા છે તેમ ૧અન્યત્ર પણ કર્યું છે.

મહાવીરસ્વામીની દેશના વિષે તો હું એટલું જ કહીશ કે એ એમનું 'તીર્થંકર' તરીકેનું મુમુક્ષુઓને માટેનું મહત્ત્વનું પ્રદાન છે અને સાથે સાથે જૈન શાસન અને સાહિત્યના મુખ્ય અંગરૂપ છે. આના પછી એમનાં પાંચ કલ્યાણકો પૈકી જન્મ-કલ્યાણકને લક્ષીને મેં કરેલાં વાર્તાલાપ અને ભાષણની રજૂઆત કરાઈ છે. એ એમના જીવનની આછી રૂપરેખાની ગરજ સારે તેમ છે. અહીં હું એ ઉમેરીશ કે હું તો એક અપેક્ષાએ એમના કેવલજ્ઞાન-કલ્યાણકને જ વિશેષ મહત્ત્વશાળી ગણું છું કેમકે ચ્યવન-કલ્યાણક એ એક તો જગતના બહુ જ થોડા જીવોની જાણનો વિષય છે અને એ એક રીતે જેમ આનંદનો વિષય છે તેમ અમુકને માટે એમના વિરહથી ઉદ્ભવતા શોકનો પણ વિષય બને તેમ છે. જન્મ-કલ્યાણકનો સમારોહ એ એક સાંસારિક બાબત છે, જોકે આજકાલ એને જ વિશેષ મહત્ત્વ અપાય છે અને એ દ્વારા એમનાં ગુણગાન કરાય છે તેમ જ

---

૧. જુઓ પૃ. ૮૯, ૯૦, ૧૧૧, ૧૪૮-૯, ૨૫૭, ૧૬૪ ને ૧૬૮.

એમના સંદેશ વિષે પણ કેટલું કહેવાય છે. દીક્ષા-કલ્યાણક એ જગતને મળનારી મહામૂલ્યશાળી દેશના વગેરેનું પ્રથમ સોપાન છે તેમ છતાં એમનાં સગાંઓ માટે તો ખેદજનક બાબત છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ એ સૌ કોઇને માટે એકાંતે લાભદાયક છે. નિર્વાણ-કલ્યાણક ભલભલાને શોકગ્રસ્ત બનાવે તેમ છે.

દ્વિતીય ભાગના અંતમાં મહાવીરસ્વામીના જીવનનો સંક્ષેપમાં બોધ કરાવવા માટે એક તો એક જ વાકયમાં મેં એની રજૂઆત કરી છે અને બીજું એનો મિતાક્ષરીરૂપે નિર્દેશ કર્યો છે. આના પછીના લખાણના બે અંશો છે. પ્રથમ અંશ મહાવીરસ્વામીની એમનાં પાંચમા અને શતવર્ષી ગણધર સુધર્મ-સ્વામીએ કરેલી પ્રાચીનતમ [1]સ્તુતિ સાથે સંબદ્ધ છે જ્યારે દ્વિતીય-અંશ એમના ઉત્તરકાલીન મુનિવરાદિની ગુણકીર્તનરૂપ પ્રાસંગિક રચનાઓ પૂરતો છે. પ્રથમ અંશ વિવિધ રીતે વિશેષ મહત્ત્વનો હોઈ હું એમાં મહાવીરસ્વામીને અંગે કરાયેલા ઉલ્લેખો નોંધું છું. સૌથી પ્રથમ એમની સર્વજ્ઞતાના દ્યોતક નિમ્નલિખિત શબ્દો રજૂ કરું છું:—

[2]ખેયન્ન (૩), આશુપ્રજ્ઞ (૩, ૯, ૨૫), અનન્તજ્ઞાની (૩), અનન્તદર્શી (૩, ૫), પ્રાજ્ઞ (૪, ૧૫), અભિભૂતજ્ઞાની (૫), વિદ્વાન (૫), ભૂતિપ્રજ્ઞ (૬, ૧૫, ૧૮), અનંતચક્ષુ (૬, ૨૫),

૧. એ દ્વારા સુધર્મસ્વામીએ પોતાના પટ્ટશિષ્ય જંબૂસ્વામી વગેરેને મહાવીરસ્વામીનો યથાર્થ અને યથેષ્ટ પરિચય પૂરો પાડ્યો છે.

૨. આ અનેકાર્થી શબ્દ છે.

પ્રજ્ઞાના અક્ષય સાગર (૮), જ્ઞાની (૧૭), દર્શની (૧૭), પરમજ્ઞાની (૨૪) અને લોકજ્ઞાતા (૨૮).

આ ઉપરાંત મહાવીરસ્વામીને અંગે નીચે મુજબ કથન છે :—

એકાન્ત હિતકારી અને અનુપમ ધર્મના પ્રરૂપક (૧), કુશલ (૩), યશસ્વી (૩), નેત્રસ્થ (૩), નિરામગન્ધ (૫), ધૃતિમાન (૫), સ્થિતાત્મા (૫), અનુત્તર (૫), નિર્ગ્રન્થ (૫), અભય (૫), અનાયુષ્ક (૫), અનિયતચારી (૬), ઓઘાન્તર (૬), ધીર (૬), નેતા (૭), મુનિ (૭), અનાવિલ (૮), અકષાયી (૮), મુક્ત (૮), દ્યુતિમાન (૮), પ્રતિપૂર્ણ વીર્યશાળી (૯), શ્રમણ (૧૪, ૨૩), અનુત્તર ધર્મના કથક (૧૬), અનુપમ ધ્યાન ધરનારા (૧૬), મહર્ષિ (૧૭, ૨૬), શીલવંત (૧૭), સિદ્ધ (૧૭), અપ્રતિજ્ઞ (૧૯), તપસ્વી (૨૦), વિગતગૃદ્ધિ (૨૫), સંનિધિ વિનાના (૨૫), તીર્ણ (૨૫), અભયંકર (૨૫), નિષ્કષાય (૨૬), અર્હત્ (૨૬), નિષ્પાપ (૨૬), સર્વવાદવેદી (૨૭), સંયમી (૨૭), સ્ત્રીના સંગના અને રાત્રિ ભોજનના ત્યાગી (૨૮) અને ઉપધાનવાન (૨૮),

વિશેષમાં મહાવીરસ્વામીને નીચે પ્રમાણે ઉપમાઓ અપાઈ છે : —

દીપક (૪), સૂર્ય (૬), વૈરોચન (૬), ઇન્દ્ર (૭), મહાસાગર (૮), શક્ર (૮), [1]સુદર્શન (૯, ૧૪), [2]નિષધ (૧૫), [3]રુચક (૧૫), શાલ્મલિ (૧૮), નન્દન વન (૧૮), મેઘગર્જના (૧૯), ચન્દ્ર (૧૯), ચન્દન (૧૯), [4]સ્વયંભૂરમણ (૨૦), ધરણ ઇન્દ્ર (૨૦), [5]ઇક્ષુરસોદક (૨૦), ઐરાવણ (૨૧), સિંહ (૨૧), ગંગા જળ (૨૧),

---

૧–૩ આ ત્રણે પર્વતોનાં નામ છે.

૪–૫ આ બંને મહાસાગરનાં નામ છે.

ગરુડ (૨૧), નિર્વાણવાદી (૨૧), વિશ્વસેન ? વિષ્વક્સેન (૨૨), અરવિન્દ (૨૨), દંતવાકય(? દન્તવક્ત્ર ) (૨૨), ઋષિ (૨૨), અભયદાન (૨૩), નિર્દોષ સત્ય (૨૩), બ્રહ્મચર્ય (૨૩), લવસત્તમ (૨૪), સુધર્મસભા (૨૪), નિર્વાણ (૨૪) અને પૃથ્વી (૨૫).

ઉપર્યુક્ત દ્વિતીય અંશના અંતમાં મેં રચેલી "નિર્ગ્રન્થ—હરિયાળી"ને સ્થાન અપાયું છે. એ દ્વારા મેં મહાવીરસ્વામીનું નામ એક કોયડારૂપે રજૂ કર્યું છે. ત્યાર બાદ મહાવીરસ્વામીનો સર્વાંગીણ પરિચય પૂરા પાડનારા ગ્રન્થની આવશ્યકતા ઇત્યાદિનો નિર્દેશ કર્યો છે. આ ગ્રન્થમાં મહાવીરસ્વામીને અંગે ભિન્ન ભિન્ન ભાષામાં અને અન્યાન્ય સ્વરૂપે રચાયેલી કૃતિઓનો ઉલ્લેખ હોય એ સ્વાભાવિક છે. એની સૂચી તૈયાર કરવામાં ઉપયોગી થઈ પડે એવાં કેટલાંક સાધનો નીચે મુજબ છે:—

૧. ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ (શ્લો. ૯૩નું સ્પષ્ટીકરણ.

૨. [1]પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય (પૃ. ૧૦૨ ઇત્યાદિ ).

૩. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ (ખંડ ૨, ઉપખંડ ૧)ના પ્રકરણ ૧૯નો ઉત્તરાર્ધ તેમ જ પ્ર. ૨૦, ૨૪ અને ૨૭-૩૦-ગત કેટલાક ભાગો ).

---

૧. અપભ્રંશમાં અભયતિલકે વિ. સં. ૧૩૦૭માં મહાવીરરાસ રચ્યો છે. એ "જૈન યુગ" (પુ. ૨, પૃ. ૫૭)માં છપાયો છે જ્યારે એની 'ગુજરાતી છાયા' પૃ. ૧૫૭માં અપાઇ છે.

૪. ૧૧૫૧ સ્તવનમંજૂષા (પૃ. ૮૧૯–૮૬૩).

૫. મહાવીરસ્વામીના ૨૭ ભવો વગેરેને લગતાં સ્વતંત્ર સ્તવનો.

૬. સ્તુતિતરંગિણી (ભા. ૧–૨,માંની મહાવીરસ્વામીને લગતી ગુજરાતી થુઇઓ (સ્તુતિઓ).

આ ઉપરાંત મહાવીરસ્વામીને અંગે ગુજરાતીમાં પદ્યમાં જાતજાતનું સાહિત્ય રચાયું છે. દા. ત. મહાવીરગીત, વીરજિનવિનતિ, મહાવીરચોઢાળિયું, મહાવીરપંચાશિકા, મહાવીરપારણું, મહાવીરરાગમાલા ઇત્યાદિ. અહીં તો એના પાંચ જ પ્રકારનો હું ઉલ્લેખ કરું છું : (૧) વધાવો, (૨) હાલરડું, (૩) છંદ, (૪) વેલિ અને (૫) હમચડી. વિ. સં. ૧૮૫૯માં રોહિણી સ્તવન રચનારા 'કવિ' દીપવિજયે મહાવીરસ્વામીના પાંચ વધાવા રચ્યા છે.[1] આ દીપવિજયે મહાવીરસ્વામીને અંગે એક હાલરડું રચ્યું છે. રૂપવિજયના શિષ્ય અને વિ. સં. ૧૮૯૯માં નેમરાસો રચનારા અમિયવિજયે પણ તેમ કર્યું છે. આ [2]બે હાલરડાં ઉપરાંત સો વર્ષ પૂર્વે કોઇએ મહાવીરસ્વામીનું હાલરડું રચ્યું છે ખરું ?

---

૧. આની સંક્ષિપ્ત રૂપરેખા મેં "ગુજરાતી જૈન સાહિત્ય : વધાવા અને ચુંદડી" નામના મારા લેખમાં આલેખી છે. આ લેખ 'જૈ. ધ. પ્ર." (પૃ. ૮૫, અં. ૬)માં છપાયો છે.

૨. આ વિષે મેં "તીર્થંકરોનાં હાલરડાં" નામના મારા લેખમાં કેટલુંક કથન કર્યું છે. આ લેખ "જૈ ધ. પ્ર." (પુ. ૮૫, અં. ૪–૫)માં પ્રસિદ્ધ કરાયો છે.

લક્ષ્મીવલ્લભે વિ. સં. ૧૭૪૧ પહેલાં મહાવીર-ગૌતમ-સ્વામી-છંદ રચ્યો છે. એમાં ગૌતમસ્વામીના મહાવીરસ્વામી સાથે થયેલા વાદનું નિરૂપણ છે. એમ હોઇ એ દાર્શનિક કૃતિ ગણાય. વિક્રમની ૧૮મી સદીમાં વિદ્યમાન જિનહર્ષે ૩૭ કડીમાં મહાવીરછંદ રચ્યો છે. કોઈકે ૧૫ કડીમાં મહાવીર-જિન-છંદ રચ્યો છે.[૧]

ઉપાધ્યાય સકલચન્દ્રે વિક્રમની ૧૭મી સદીમાં ૬૬ કડીમાં વીરજિન-[૨]હમચડી, વીરવર્ધમાનજિન[૩]વેલિ અને વર્ધમાન-જિનવેલિ તરીકે ઓળખાવાતી એક કૃતિ રચી છે. એની ત્રીજી-અંતિમ ઢાલ તો 'હમચડી' અંગેની છે જ.

મારા લેખોને ગ્રન્થસ્થરૂપે પ્રકાશિત કરવાની પહેલ મારી એક લેખમાળાની પ્રસિદ્ધિથી "શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ-જ્ઞાનમંદિર"ના સંચાલક મહાનુભાવોએ કરી છે. અત્યાર સુધીમાં એમણે મારા લખાણ અંગેનાં [૪]બે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે અને એ પ્રકાશન માટે ઉપાધ્યાયશ્રી ચન્દ્રોદયવિજયજી ગણિએ પ્રેરણા

---

૧. આ 'છંદ' તરીકે ઓળખાવાતી ત્રણ કૃતિઓ વિષે મેં "ગુજરાતી જૈન સાહિત્ય: છંદ "નામની મારી લેખમાળાના લેખાંક ૬માં માહિતી આપી છે. આ લેખ "આ. પ્ર." (પુ. ૬૬, અં. ૫-૬)માં પ્રકાશિત થયો છે.

૨. આની નોંધ મેં "ગુજરાતી જૈન સાહિત્યનાં સ્વરૂપો: ગહુંલી, સાંજી(ઝી અને હમચડી યાને હમચી" નામના મારા લેખમાં લીધી છે.

૩. મારો "વેલિ અને વેલ" નામનો લેખ "જૈ ધ. પ્ર." (પુ. ૬૫, અ. ૨)માં પ્રસિદ્ધ કરાયો છે. ૪. જુઓ પૃ ૫.

કરી હતી તેમ આ પુસ્તક માટે પણ બન્યું છે. આથી હું એમનો અત્ર હાર્દિક આભાર માનું છું મારા લેખો વગેરે જે સામયિકોમાં છપાયા છે તેના તંત્રી મહાશયોનું હું ઋણ સ્વીકારું છું કેમકે એથી મારી સાહિત્યપ્રવૃત્તિ એક યા બીજી રીતે વેગવંતી બની છે.

મારી પાકી વૃદ્ધાવસ્થા અને નાદુરસ્ત તબિયતને લીધે તેમ જ મારાં છપાતાં અને છપાવવાનાં અન્ય પુસ્તકો અંગે મારો ઘણો સમય વ્યતીત થતો હોવાથી આ પુસ્તકગત લખાણ ઉપરટપકે જ હું જોઇ ગયો છું એટલે એમાં જે ક્ષતિઓ જણાય તે સૂચવવા મારી સહૃદય સાક્ષરોને સાગ્રહ પરંતુ સાદર વિજ્ઞપ્તિ છે.

અન્તમાં એક બાબતની નમ્ર સૂચના કરી આ "પ્રાસ્તાવિક" પૂર્ણ કરીશ. મહાવીરસ્વામીના નિર્વાણને ૨૫૦૦ વર્ષ હવે થવામાં હજી પાંચ વર્ષની વાર છે તો એમને ઉદ્દેશીને આજથી સો વર્ષ પૂર્વે જે કૃતિઓ ગુજરાતીમાં પદ્યમાં સ્વતંત્ર સ્વરૂપે રચાઇ હોય તે બધી (પ્રકાશિત તેમ જ અપ્રકાશિત) એક પુસ્તકરૂપે પ્રસિદ્ધ થવી ઘટે. આશા છે કે કોઇ જૈન માતબર સંસ્થા કે પછી કોઇ સાહિત્યરસિક ધનિક આ દિશામાં સત્વર ઘટતું કરશે અને તેમ કરી પુણ્ય હાંસલ કરવાની સાથે સાથે ગુજરાતી પદ્યાત્મક સાહિત્યને સમૃદ્ધ બનાવ્યાનો યશ પણ પ્રાપ્ત કરશે.

કાયસ્થ મહોલ્લો, ગોપીપરું,
સુરત–૨.
તા. ૨૦–૮–'૬૯

હીરાલાલ ર. કાપડિયા

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| પ્રકાશકીય | ૩–૬ |
| પ્રાસ્તાવિક | ૭–૧૬ |
| અશુદ્ધિઓનું શોધન | ૧૭–૨૦ |
| ૧ તીર્થંકરોનાં લાંછનો અને લક્ષણો | ૧–૧૫ |
| ૨ તીર્થંકરોની વિભૂતિ ( કવિતા ) | ૧૬–૧૮ |
| ૩ આઠ પ્રાતિહાર્યો | ૧૯–૩૨ |
| ૪ અતિશયો અને પ્રાતિહાર્યો | ૩૩–૮૧ |
| ૫ મહાવીરસ્વામીના વિવિધ ભવોનાં સગાં | ૮૨–૯૭ |
| ૬ મહાવીરસ્વામીના 'ત્રિદંડી' તરીકેના સાત ભવો | ૯૮–૧૦૦ |
| ૭ મહાવીરસ્વામીના પૂર્વ ભવના બે વેરીઓ | ૧૦૧–૧૦૬ |
| ૮ વિભુ વર્ધમાનની વૈગ્રહિક વિભૂતિ | ૧૦૭–૧૧૬ |
| ૯ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનો સાંસારિક પક્ષ | ૧૧૭–૧૨૫ |
| ૧૦ શું શ્વેતાંબર મત પ્રમાણે પણ શ્રીમહાવીરસ્વામી અવિવાહિત રહ્યા હતા ? | ૧૨૬–૧૨૮ |
| ૧૧ વીરવર્ધમાનસ્વામીના વર્ષાવાસ | ૧૨૯–૧૪૧ |
| ૧૨ ઉત્કૃષ્ટતમ ઉપસર્ગ અને બોધપાઠો | ૧૪૨–૧૪૭ |
| ૧૩ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની સાધનાની પરાકાષ્ઠા | ૧૪૮–૧૫૩ |

| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| ૧૪ મહાવીરસ્વામીના જીવનની વિશિષ્ટ ઘટનાઓ | ૧૫૪-૧૬૮ |
| ૧૫ વિભુ વર્ધમાનની વિશિષ્ટતાઓ | ૧૬૯-૧૭૫ |
| ૧૬ ગોશાલકનું ગુણોત્કીર્તન | ૧૭૬-૧૮૩ |
| ૧૭ દેવાર્યની દેશના | ૧૮૪-૧૯૫ |
| ૧૮ અહિંસાના અનન્ય આરાધક અને ઉપદેશક ભગવાન મહાવીરનું જીવન | ૧૯૬-૨૦૬ |
| ૧૯ મહાવીર પ્રભુની જયંતી | ૨૦૭-૨૧૪ |
| ૨૦ ચરમ જિનેશ્વરનું જન્મકલ્યાણક | ૨૧૫-૨૧૯ |
| ૨૧ શ્રમણ ભગવાન મહાવીર | ૨૨૦-૨૨૧ |
| ૨૨ શ્રમણ ભગવાન મહાવીર : મિતાક્ષરી | ૨૨૨-૨૨૫ |
| ૨૩ વીરથુઇ (વીરસ્તુતિ) અને એનો ભાવાનુવાદ | ૨૨૬-૨૪૦ |
| ૨૪ મહાવીર સંબંધી ઋચા અને સ્તોત્ર | ૨૪૧-૨૪૮ |
| ૨૫ નિર્ગ્રન્થ-હરિયાળી ( કવિતા ) | ૨૪૯-૨૫૦ |
| ૨૬ શ્રમણ ભગવાન મહાવીરસ્વામી સંબંધી સર્વાંગીણ માહિતીગ્રન્થની આવશ્યકતા ઇત્યાદિ | ૨૫૧-૨૫૬ |
| પરિશિષ્ટ ૧ : સાધનીભૂત ગ્રન્થોની સૂચી | ૨૫૭-૨૬૩ |
| પરિશિષ્ટ ૨ : પ્રાસ્તાવિકમાં નિર્દિષ્ટ કૃતિઓ | ૨૬૪ |

# અશુદ્ધિઓનું શોધન

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩ | ૩ | દન્તવક્ત્ર | દન્તવક્ર |
| ૩૧ | ૨ | અર્થ | સાર્થ |
| ,, | ઉપાન્ત્ય | સમ્યકત્વ૦ | સમ્યક્ત્વ૦ |
| ૪૦ | ૨ | જિન૦ | *જિન૦ |
| ,, | ૧૯ | કોઇકે...છે | ૦ |
| ,, | ૨૨ | ૨ | * |
| ૪૭ | ૬ | અદ્ભૂત | અદ્ભુત |
| ,, | ૨૦ | વાચાના | વાચના |
| ૬૧ | ૫ | + | × |
| ૬૮ | ૮ | ઉદ્ધારણ૦ | ઉદ્ધરણ૦ |
| ૭૧ | ૩ | પાર્શ્વનાર્થ | પાર્શ્વનાથ |
| ૭૨ | ૧૩ | અતિશથો | અતિશયો |
| ૮૫ | ૨ | ૦સ્વામીનાનયસાર | ૦સ્વામીના નયસાર |
| ,, | ૨૩ | ભગવાન | ભગવાન્ |
| ૮૯ | ૭ | લઇને | લઇને એને |
| ,, | ઉપાન્ત્ય | સ્પષ્ટપાઠ | સ્પષ્ટ પાઠ |
| ૯૧ | અન્ત્ય | ૦સંવત | ૦સંવત્ |
| ૯૨ | ૩ | રાય | થાય |
| ૯૩ | ૪ | ચૂર્ણિ | ચુર્ણિ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૧ | ૨ | ભવના | ભવના એ |
| ૧૦૬ | ૬ | तापसीसूप० | तापसीरूप० |
| ૬૩૧ | ૧૭ | પજ્જોસવણાકલ્પ | પજ્જોસવણાકપ્પ |
| ૧૩૨ | ૬ | પિઠ્ઠચંપા | પિઠ્ઠચંપા |
| ૧૪૪ | ૫ | सम्माणी | छम्माणी |
| ,, | ૬ | ૫૨૧ | ૫૦૫ |
| ૧૬૧ | ૧૯ | ૦સૂરિનું | ૦સૂરિનું સકલાર્હત્-ગત |
| ૨૧૩ | ૧૯ | ઉલ્લેખ | ઉલ્લેખ |
| ૨૨૮ | ૧૧ | તમે | ૦ |
| ૨૩૬ | ૪ | चन्द्रग० | चन्द्रण० |
| ૨૪૭ | ૭ | बर्घमानम् | वर्धमानम् |
| ૨૬૪ | [1]૨૪ | ૦પંચાશિકા | ૦પંચાશિકા |
| ,, | [2]૨૫ | ૧૪ | ૧૪. જુઓ મહાવીરસ્વામીનું હાલરડું (અ૦ ૫૦) |
| ,, | [3]૨૦ | ૦વિનતી | ૦વિનતિ |
| ,, | [4]૨૧ | ૧૫ | ૧૫. જુઓ વર્ધમાન-જિનવેલિ |

૧-૨. જુઓ સ્તંભ ૧.

૩-૪. જુઓ સ્તંભ ૨.

# જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર

[ ૧ ]

## તીર્થંકરોનાં લાંછનો અને લક્ષણો

'તીર્થ' શબ્દના વિવિધ અર્થ થાય છે.[૧] એને લઇને 'તીર્થંકર'ના પણ ભિન્ન ભિન્ન અર્થ કરાય છે. પ્રસ્તુતમાં ધર્મ-તીર્થંકર અને તે પણ સર્વજ્ઞ અભિપ્રેત છે. એવા તીર્થંકરોને જૈન સાહિત્યમાં અરિહંત—પંચપરમેષ્ઠી પૈકી એક તરીકે ઓળખાવાયા છે. આવા તીર્થંકરો અત્યાર સુધીમાં અનંત થયા છે અને હવે પછી અનંત થનાર છે એમ જૈન દર્શનનું કહેવું છે કેમકે આ દર્શન પ્રમાણે જગત્ અનાદિ અનંત છે અને મનુષ્યોની ઉત્પત્તિ કોઇ અમુક જ વખતે—કાળમાં થઇ નથી.

'લાંછન' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એનો અર્થ 'ચિહ્ન' થાય છે. પ્રત્યેક તીર્થંકરના—જિનેશ્વરના દેહ ઉપર અમુક પ્રકારનું ચિહ્ન હોય છે. એને 'ધ્વજ' પણ કહે છે. 'લાંછન' માટેનો પાઇય (પ્રાકૃત) શબ્દ 'લંછણ' છે.

જૈનોની—શ્વેતાંબરોની તેમ જ દિગંબરોની માન્યતા મુજબ આપણા આ દેશમાં—'ભારત' વર્ષમાં ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં થઇ ગયેલા ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામી સુધીના ચોવીસે તીર્થંકરોને એક યા બીજા પ્રકારનું લાંછન હતું. 'કલિકાલસર્વજ્ઞ'

---

૧. જુઓ શબ્દરત્નમહોદધિ ( ભા. ૧, પૃ. ૯૧૦ ).

હેમચન્દ્રસૂરિએ અભિધાનચિન્તામણિ (કાંડ ૧)નાં નિમ્નલિખિત બે પદ્યોમાં ચોવીસ લાંછનોનો ઉલ્લેખ કર્યો છેઃ–

"वृषो गजोऽश्वः प्लवगः क्रौञ्चोऽब्जं स्वस्तिकः शशी ।
मकरः श्रीवत्सः खड्गी महिषः शूकरस्तथा ॥ ४७ ॥
श्येनो वज्रं मृगश्छागो नन्द्यावर्त्तो घटोऽपि च ।
कूर्मो नीलोत्पलं शङ्खः फणी सिंहोऽर्हतां ध्वजाः ॥ ४८ ॥"

આમ અહીં નીચે મુજબનાં ચોવીસ લાંછનો ગણાવાયાં છેઃ–

(૧) બળદ, (૨) હાથી, (૩) ઘોડો, (૪) વાંદરો, (૫) ક્રૌંચ, (૬) કમળ (પદ્મ), (૭) સ્વસ્તિક) (સાથિયો), (૮) ચન્દ્ર, (૯) મગર, (૧૦) શ્રીવત્સ, (૧૧) ગેંડો, (૧૨) પાડો, (૧૩) ભૂંડ, (૧૪) બાજ, (૧૫) વજ્ર, (૧૬) હરણ, (૧૭) બકરો, (૧૮) નન્દ્યાવર્ત, (૧૯) ઘડો, (૨૦) કાચબો, (૨૧) નીલ કમળ, (૨૨) શંખ, (૨૩) સર્પ અને (૨૪) [૧]સિંહ.

ઉત્તરવર્તી જૈન શ્વેતાંબર ગ્રન્થકારોએ આ જ હકીકત રજૂ કરી છે. દા. ત. પ્રદ્યુમ્નસૂરિએ રચેલા વિચારસારપયરણની ગા. ૧૦૮–૧૦૯. એ નીચે મુજબ છેઃ–

"वसह गय तुरय वानर कुञ्चो कमल च सत्थिओ चन्दो ।
मयर सिरिवच्छ गण्डय महिस वराहो य सेणो य ॥ १०८ ॥
वज्ज हरिणो छगलो नन्दावत्तो य कलस कुम्भो य ।
नीलुप्पल सङ्ख फणी सीहो य जिणाण चिन्धाइ ॥ १०९ ॥"

૧. આ લાંછન વીસ વિહરમાણ તીર્થંકરો પૈકી ઋષભાનનનું પણ છે.

જ્ઞાનવિમલસૂરિના શિષ્ય લક્ષ્મીરત્નસૂરિએ "વૃષભ લંછન ઋષભદેવ"થી શરૂ થતું અને "ચોવીસ જિન લાંછન"ના નામવાળું જે ચૈત્યવંદન રચ્યું છે તેમાં આ જ પ્રમાણે લાંછનો જોવાય છે. મેં પણ આર્હત જીવન જ્યોતિ (ત્રીજી કિરણાવલી, પૃ. ૧૬–૧૭)માં આ જ લાંછનો સચિત્ર સ્વરૂપે દર્શાવ્યાં છે. વળી હૈમ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (ખંડ ૧, આદિનાથચરિત્ર)નો ડૉ. હેલેન જોન્સને કરેલો અંગ્રેજી અનુવાદ જે "ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાલા"માં ગ્રંથાંક ૫૧ તરીકે ઇ. સ ૧૯૩૧માં પ્રકાશિત કરાયો છે તેમાં પણ ચોવીસ લાંછનોનાં ઉપર્યુક્ત નામ અંગ્રેજીમાં ચિત્ર સહિત અપાયાં છે.

હવે આપણે અભિધાનચિન્તામણિ કરતાં પ્રાચીન કૃતિઓ વિચારીશું. આ **અભિધાનચિન્તામણિ**ની રચના વિ. સં. ૧૧૯૯થી વિ સં. ૧૨૦૮ના ગાળામાં થઇ હોય એમ લાગે છે.[1] નેમિચન્દ્રસૂરિએ રચેલા **પવયણસારુદ્ધાર** ઉપર સિદ્ધસેનસૂરિએ તત્ત્વપ્રકાશિની નામની વૃત્તિ વિ. સં. ૧૨૪૮ કે પછી વિ. સં. ૧૨૭૮માં રચી છે. એ વિચારતાં પવયણસારુદ્ધાર **અભિધાનચિન્તામણિ** કરતાં પ્રાચીન હોય એમ ભાસે છે. એ ઇ. સ.ની આઠમી સદી પછીની કૃતિ છે એમ કેટલાક ઉલ્લેખો જોતાં જણાય છે. આ કૃતિના ૩૧મા દાર (દ્વાર) તરીકે ગા. ૩૭૯–૩૮૦ રૂપે વર્તમાન ચોવીસીનાં ૨૪ લાંછનો દર્શાવાયાં છે. આ જ ગાથાઓ પ્રદ્યુમ્નસૂરિએ વિયારસારપયરણમાં આપી છે. એ એમણે આ કૃતિમાંથી લીધી હશે અથવા તો આ ગાથાઓ નેમિચન્દ્રસૂરિએ જેમાંથી ઉદ્ધૃત કરી હશે તેમાંથી લીધી હશે.

---

૧. જુઓ મારું પુસ્તક નામે **જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ** (ખંડ ૧, પૃ. ૧૧૫).

શીલાચાર્યે વિ. સં. ૯૨૫માં ચઉપન્નમહાપુરિસચરિય રચ્યાનું મનાય છે. એ ગ્રંથ મારી સામે નથી એટલે એમાં લાંછનો વિષે કોઈ નિરૂપણ હોય તો તેની નોંધ કરવી બાકી રહે છે.

પાદલિપ્તસૂરિએ રચેલી મનાતી નિર્વાણકલિકા (પ્ર. ૧૮)-માં ઋષભદેવાદિ ચોવીસે તીર્થંકરોનાં લાંછનો દર્શાવાયાં છે.

**વિહરમાણ તીર્થંકરોનાં લાંછનો**—અત્યારે જેમ આપણા આ 'ભરત' ક્ષેત્રમાં કોઈ તીર્થંકર વિચરતા નથી—વિદ્યમાન નથી તેમ બાકીનાં ચાર 'ભરત' ક્ષેત્રમાં તેમ જ પાંચે 'ઐરવત' ક્ષેત્રોમાં પણ નથી પરંતુ મહાવિદેહની વાત જુદી છે. એમાં અત્યારે વીસ તીર્થંકરો છે. એમને " વીસ વિહરમાણ તીર્થંકરો " તરીકે ઓળખાવાય છે. એ વીસેને—જિનવીસીને ઉદ્દેશીને ન્યાયાચાર્ય યશોવિજયગણિએ એકેક સ્તવન રચ્યું છે. એમાં વીસે તીર્થંકરોનાં લાંછનોનો ઉલ્લેખ છે. આ બાબત હું તીર્થંકરના નામપૂર્વક રજૂ કરું છું:—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સીમંધર | બળદ | ૧૧ | વજ્રધર | શંખ |
| ૨ | યુગમંધર (યુગંધર) | હાથી | ૧૨ | ચન્દ્રાનન | બળદ |
| ૩ | બાહુજિન | હરણ | ૧૩ | ચન્દ્રબાહુ | કમળ |
| ૪ | સુબાહુ | વાંદરો | ૧૪ | ભુજંગ | ,, |
| ૫ | સુજાત | સૂર્ય | ૧૫ | ઈશ્વર | ચન્દ્ર |
| ૬ | સ્વયંપ્રભ | ચન્દ્ર | ૧૬ | નેમિપ્રભ | સૂર્ય |
| ૭ | ઋષભાનન | સિંહ | ૧૭ | [1]વીરસેન (વારિષેણ) | બળદ |
| ૮ | અનન્તવીર્ય | હાથી | ૧૮ | મહાભદ્ર | હાથી |
| ૯ | સુરપ્રભ | ઘોડો | ૧૯ | ચન્દ્રયશા | ચન્દ્ર |
| ૧૦ | વિશાલ | સૂર્ય | ૨૦ | અજિતવીર્ય | સ્વસ્તિક |

૧. ગૂર્જર સાહિત્ય સંગ્રહના પ્રથમ વિભાગમા પૃ. ૬૮માં 'વીરસેન' છે.

વિવિધપ્રશ્નોત્તર ( ભા. ૧, પૃ. ૫૬ )માં નિમ્નલિખિત ગાથા અપાઇ છે :—

**"वसह गय हरिण कवि रवि ससि सिंह करी य चन्दभाणू य।**
**संखो वसहो कमलो कमलो ससि सूर वसहो य ॥१८॥**
**हत्थी य चन्दो सत्थिय"**

આ ઉલ્લેખ "વિહરમાણએકવિંશતિસ્થાનક" નામના ગ્રંથમાં હોવાનું કહ્યું છે. આના કર્તાનું નામ દર્શાવાયું **નથી.** જિનરત્નકોશ ( વિભાગ ૧, પૃ. ૩૬૧ )માં **શીલદેવે રચેલી** અને સ્વોપજ્ઞ ટીકાથી અલંકૃત વિહરમાણજિનએકવિંશતિસ્થાન નામના જે ગ્રંથનો ઉલ્લેખ છે તે આ જ હશે અને જો એમ જ હોય તો એ પાઇય ભાષામાં હોઈ એનું નામ 'વિહરમાણ-જિણેગવીસટ્ઠાણ' હોવું જોઇએ. આ ગ્રંથ કોઇ સ્થળેથી પ્રકાશિત થયાનું જાણવામાં નથી.

ઉપર્યુક્ત ગાથાઓ પ્રમાણે સુરપ્રભ નામના નવમા તીર્થંકરનું લાંછન ઘોડો નથી પરંતુ ચન્દ્ર છે જ્યારે બાકીનાં લાંછનો તો ન્યાયાચાર્યે દર્શાવ્યાં છે તે જ છે. આથી એમ ભાસે છે કે કોઈ કોઇ તીર્થંકરના લાંછન વિષે મતાંતર હશે.

અહીં જે વીસ લાંછનો ગણાવાયાં છે તે પૈકી કેટલાંક સમાન છે પરંતુ એ તો ભિન્ન ભિન્ન મહાવિદેહના તીર્થંકરો અંગે છે ( અને 'મહાવિદેહ પાંચ છે ) એટલે લાંછન ઉપરથી તીર્થંકરને ઓળખવામાં વાંધો આવે તેમ નથી.

**શાશ્વત-જિનપ્રતિમાનાં નામ—** તીર્થંકરોનાં વિવિધ નામો પૈકી (૧) ઋષભ, (૨) ચન્દ્રાનન, (૩) વારિષેણ અને (૪) વર્ધમાન એ ચાર નામો શાશ્વત જિનપ્રતિમાનાં ગણાય છે.[1] આથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે શું આ નામધારી તીર્થંકરોનાં લાંછનોનાં નામ પણ શાશ્વત છે? જો એમ જ હોય તો વર્તમાન ચોવીસી અને વિહરમાણજિનવીસી વિચારતાં એ લાંછનો વૃષભ યાને બળદ અને સિંહ એમ બે જ હશે.

શાશ્વત જિનપ્રતિમાના નામવાળી ચાર પ્રાચીન મૂર્તિઓ કોઇ ગામમાં કે નગરમાં છે ખરી અને હોય તો ક્યાં એ પ્રશ્નના કામચલાઉ ઉત્તરરૂપે કહીશ કે અહીં (સુરતમાં) ગોપીપરામાં વાસુપૂજ્યસ્વામીના દેરાસરમાં છેક ઉપલે માળે એકેક દિશામાં અનુક્રમે ઋષભદેવ, વારિષેણ, સીમંધરસ્વામી અને ચન્દ્રાનનની પ્રતિમા છે. વિશેષમાં વારિષેણનું લાંછન બળદ નથી. આથી બે પ્રશ્ન ઉદ્ભવે છે:—

(૧) મહાવીરસ્વામી (વર્ધમાન)ને બદલે સીમંધર-સ્વામીની પ્રતિમા કેમ છે?

(૨) વારિષેણનું લાંછન ભિન્ન કેમ છે? શું એ મતાંતરને આભારી છે? આવું અન્ય કોઇ તીર્થંકર માટે છે ખરું?

**૧૭૦ તીર્થંકરોનાં લાંછનો—**પાંચે ભરત, પાંચે ઐરવત અને પાંચે મહાવિદેહ પૈકી પ્રત્યેકના બત્રીસ વિજયો એમ કુલ્લે જે ૧૭૦ ક્ષેત્રો થાય એ દરેકમાં તીર્થંકર હોય એટલે સમકાળે

---

૧. જુઓ **પવયણસારુદ્ધાર** (ગા. ૪૯૧). અહીં વૃષભને બદલે ઉસહસેણ અર્થાત્ વૃષભસેન નામ છે.

૧૭૦ તીર્થંકરો હોય[૧] એવી ઘટના વિરલ છે. આવું અજિતનાથના સમયમાં બન્યું હતું પરંતુ એ તમામ તીર્થંકરોનાં નામ કે એ બધાનાં લાંછનોનાં નામ જોવાજાણવામાં નથી.

**સ્થાન**— આપણા દેશમાંની વર્તમાન ચોવીસીને ઉદ્દેશીને સામાન્ય રીતે એમ મનાય છે કે ચોવીસે તીર્થંકરોને જાંઘ ઉપર એકેક લાંછન હતું. આ સંબંધમાં **અભિધાનચિન્તામણિ** ( કાંડ, ૧ શ્લો. ૪૭–૪૮ )ને અંગેની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૧૭)માં નીચે મુજબ ઉલ્લેખ છે :—

**"एते च दक्षिणाङ्गविनिवेशिनो लाञ्छनभेदा इति".**

આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે ઋષભદેવાદિનાં લાંછનો એમનાં શરીરના જમણા ભાગમાં હતાં.

આવસ્સયની નિજ્જુત્તિની ગા. ૧૦૮૦ના નિમ્નલિખિત પૂર્વાર્ધમાં કહ્યું છે કે ઋષભદેવને બંને જાંઘ ઉપર બળદનું એકેક લાંછન હતું :—

**" ऊरूसु उसभलञ्छण उसभं सुमिणम्मि तेण उसभजिणो "**

**જિનમૂર્તિઓનાં લાંછનો**— આજકાલ જે જિનેશ્વરોની મૂર્તિઓ જોવાય છે તે પૈકી કેટલીક પાષાણની તો કેટલીક ધાતુની છે. પ્રતિષ્ઠા કરાયા બાદ જ મૂર્તિ પૂજવા યોગ્ય ગણાય છે.

---

૧. જુઓ **પવયણસારુદ્ધાર** ( ગા. ૩૨૭ ).

જિનમૂર્તિઓ ત્રણ પ્રકારની જોવાય છે: (૧) પદ્માસનવાળી, (૨) [૧]અર્ધ–પદ્માસનવાળી અને (૩) કાયોત્સર્ગસ્થ.[૨] પહેલી બે પ્રકારની મૂર્તિઓ બેઠેલા તીર્થંકરની હોય છે તો ત્રીજા પ્રકારની મૂર્તિ ઊભા રહેલા તીર્થંકરની હોય છે. આ ત્રણે પ્રકારની મૂર્તિઓને લાંછન હોય છે પરંતુ એ જાંઘ ઉપર નહિ કિન્તુ અન્ય સ્થળે હોય છે. પહેલા બે પ્રકારની જિનમૂર્તિઓને લાંછનો પલાંઠીની નીચેની બેઠકમાં વચ્ચોવચ્ચ હોય છે જ્યારે ત્રીજા પ્રકારની [૩]જિનમૂર્તિઓને બે પગ જે બેઠક ઉપર ટેકવેલા હોય છે એ બેઠકની વચમાં હોય છે.

અહીંની શ્રાવક શેરીમાંના ચન્દ્રપ્રભસ્વામીના દેરાસરમાં જ્ઞાનવિમલસૂરિએ વિ. સં. ૧૭૮૦માં પ્રતિષ્ઠિત કરેલી પદ્માસનવાળી ધાતુની એક સળંગ મૂર્તિ છે. એ આદીશ્વરની છે અને એને તો લાંછન છે પરંતુ એમના ખોળામાં જે [૪]અન્ય તીર્થંકરની

---

૧. આવી મૂર્તિ ભાગ્યે જ જોવાય છે. આવી એક મૂર્તિ અકોલામાં એક ગૂડીવાડા સ્ટેશન નજીકના સ્થળમાં, બે ડભોઇમાં, બે ભદ્રાવતી (ભાંડક)માં, બે બેઝવાડા નજીકના સંગ્રહસ્થાનમાં અને કેટલીક કુલ્પાકજીમાં છે.

૨. તીર્થંકર જે રીતે સમવરસણમાં બેસીને દેશના આપે છે તેવી એમની પ્રાચીન મૂર્તિ કોઇ સ્થળે છે ખરી અને હોય તો તે ક્યાં ?

તીર્થંકરની અલંકારથી યુક્ત મૂર્તિ પટણામાં હોવાનું સાંભળ્યું છે.

૩. આવી કોઇ કોઇ જિનમૂર્તિ લાંછન વિનાની પણ જોવાય છે. દા. ત. અહીં ગોપીપરામાંના શીતલનાથના દેરાસરના ભોંયરામાંની "સહસ્રફણા પાર્શ્વનાથ" તરીકે ઓળખાવાતી મૂર્તિ.

૪. આ મહાવીરસ્વામી હશે.

મૂર્તિ છે[1]-તેને લાંછન જણાતું નથી.

આ ઉપરથી જોઇ શકાશે કે જિનમૂર્તિને લાંછન જિનની જેમ દેહના કોઇ ભાગમાં હોતું નથી. આ ફેરફારનું કારણ એમ મનાય છે કે મૂર્તિમાં કોઇ સ્થળે લાંછન હોય તો તે ઝટ જણાઇ આવે નહિ જયારે બેઠક માટેની વાત જુદી છે.

ઓળખ— બ્રહ્મા, વિષ્ણુ, શિવ, દત્તાત્રેય, રામચન્દ્ર વગેરે વૈદિક હિન્દુઓના દેવોની તેમ જ અંબિકા, મહાલક્ષ્મી વગેરે દેવીઓની મૂર્તિમાં કોઇ ને કોઇ વિશિષ્ટતા હોવાથી એ ઝટ ઓળખી શકાય છે. જૈન તીર્થંકરોની મૂર્તિ વીતરાગતાની દ્યોતક હોઇ એના હાથમાં કે અન્યત્ર કોઇ સરાગતાનું ચિહ્ન હોતું નથી. બધા જ તીર્થંકરોની મૂર્તિઓ એકસરખી દેખાય છે. અલબત્ત પાર્શ્વનાથની મૂર્તિ એના માથા ઉપરની ફેણને લઇને જુદી તરી આવે છે ખરી પરંતુ [2]સુપાર્શ્વનાથની કોઇ કોઇ મૂર્તિને ફેણ જોવાય છે એટલે એ બેમાં કઇ મૂર્તિ કોની છે તે જાણવા માટે [3]લાંછન અન્ય તીર્થંકરોની મૂર્તિ ઓળખવાના એક સાધનરૂપે અહીં પણ કામ લાગે છે.

---

૧. આવી બે તીર્થંકરોની ભેગી—એકના ખોળામાં બીજાની મૂર્તિ અન્યત્ર છે ખરી અને હોય તો ક્યાં?

૨. સુપાર્શ્વનાથની મૂર્તિને ફેણ તે શું શાસ્ત્રસંમત વાત છે? જો ન જ હોય તો એની પ્રતિષ્ઠા કેમ કરાઇ છે? "સુપાર્શ્વનાથની પ્રતિમાને ફેણ: શાથી, કેટલી અને ક્યારથી?" નામનો મારો લેખ "જૈન" તા. ૨૮-૧-'૬૭ના અંકમાં છપાયો છે.

૩. લાંછનો જિનમૂર્તિઓ ઓળખવાનું સાધન છે એ વાત ઉપર્યુક્ત ચૈત્યવંદનમાં દર્શાવાઇ છે. જુઓ પૃ. ૩.

અહીં એ વાત ઉમેરીશ કે પાર્શ્વનાથની એક પ્રાચીન મૂર્તિ આજે ઉપલબ્ધ છે. તેમાં સર્પને બદલે અન્ય જ લાંછન છે તો આ શું ભૂલનું પરિણામ હશે કે કોઇ કોઇ કહે છે તેમ લાંછનો નક્કી થયાં–અમુક તીર્થંકરનું અમુક લાંછન છે એવું નિર્ણયાત્મક વિધાન કરાયું તે પહેલાંની આ મૂર્તિ છે ?

અહીં બીજા પણ બે પ્રશ્નો આ વિષયના નિષ્ણાતોને હું પૂછું છું અને સાથે સાથે એના સપ્રમાણ ઉત્તર આપવા તેમને વિનવું છું. :—

( ૧ ) પાર્શ્વનાથની ફેણવાળી મૂર્તિઓમાં ફેણોની સંખ્યા ભિન્ન ભિન્ન જોવાય છે તો તેનું શું કારણ છે ?

( ૨ ) ઋષભદેવે પાંચ મુષ્ટિ લોચ ન કરતાં ચાર મુષ્ટિ લોચ કર્યો છે. એમના મસ્તક ઉપર કેશ રહ્યા છે. આ જોઇ શકાય એવી એમની મૂર્તિ ક્યાં ક્યાં છે ?

દિગંબરીય મંતવ્ય—શ્વેતાંબરો અને દિગંબરોનાં મંતવ્યોમાં કોઇ કોઇ બાબતોમાં ભેદ જોવાય છે. દાર્શનિક બાબતોમાં—દ્રવ્યાનુયોગને અંગે ઝાઝો ફેર નથી પરંતુ કથાનુયોગ તેમ જ ક્રિયાકાંડની વાત એથી જુદી છે. શ્વેતાંબરોના મતે તીર્થંકરની માતા એઓ ગર્ભમાં આવતાં ૧૪ સ્વપ્નો જુએ છે જ્યારે દિગંબરોના મતે ૧૬ જુએ છે. વર્તમાન ચોવીસીનાં લાંછનો પરત્વે મતભેદ છે. એ નીચે મુજબ છે :—

પાંચમા, દસમા, ચૌદમા અને અરાઢમા તીર્થંકરોનાં લાંછનો દિગંબર મંતવ્ય મુજબ અનુક્રમે ચક્રવાક, કલ્પવૃક્ષ, સાહુડી અને મત્સ્ય છે એટલું જ નહિ પણ પંદરમા માટે વજ્રને બદલે વજ્રદંડ અને એકવીસમા માટે નીલ કમળને બદલે રક્ત કમળ છે.

આમ છ તીર્થંકરોનાં લાંછનો ભિન્ન છે અને તેમાં બેનાં તો સર્વાંશે છે. ૧૮ તીર્થંકરોનાં લાંછનો જૈનોના બન્ને ફિરકાને મતે સમાન છે. દિગંબર માન્યતા કેટલી પ્રાચીન છે એ બાબત અત્યારે હું તપાસ કરી શકું તેમ નથી. એથી હું અહીં તો એટલો જ ઉલ્લેખ કરીશ કે બાબુ જ્ઞાનચન્દ્ર જૈનીએ રચેલા અને એમણે ઇ. સ. ૧૯૧૭માં પ્રસિદ્ધ કરેલા જૈન બાલ ગુટકા ( ભા. ૧, પૃ. ૧૯–૨૫, આવૃત્તિ છઠ્ઠી )મા દિગંબર માન્યતા મુજબનાં ૨૪ લાંછનોનાં નામ અને એનાં ચિત્રો છે. એમાં તો એકવીસમા તીર્થંકર માટે 'કમળ' એટલો જ ઉલ્લેખ છે.

**લાંછનોનાં નામ**—લાંછનોનાં નામ સંસ્કૃત, પાઇય અને ગુજરાતીમાં મેં અહીં આપ્યાં છે અને અન્યત્ર એ અન્ય ભાષાઓમાં પણ દર્શાવાયાં છે. તેમ છતાં કયાં કયાં લાંછનો જોવાજાણવામાં છે તે સૂચવવા અહીં હું ગુજરાતી નામો અકારાદિ ક્રમે આપું છું અને એનાં નામાંતરની વાત જતી કરું છું :—

કમળ, કમળ (નીલ), કમલ (રક્ત), કલ્પવૃક્ષ, કાચબો, ક્રૌંચ, ગેંડો, ઘડો, ઘોડો, ચક્રવાક, ચન્દ્ર, નન્દ્યાવર્ત, પાડો, બકરો, બળદ, બાજ, ભૂંડ, મગર, મત્સ્ય, વજ્ર, વજ્રદંડ, વાંદરો, શંખ, શ્રીવત્સ, સર્પ, સાહુડી, સિંહ, સૂર્ય, સ્વસ્તિક, હરણ અને હાથી.

આ ઉપરથી જોઇ શકાશે કે લાંછનો તરીકે કેટલાંક પશુઓ, પંખીઓ, જલચર પ્રાણીઓ, સૂર્ય અને ચન્દ્ર તેમ જ અષ્ટ મંગળ પૈકી નન્દ્યાવર્ત અને સ્વસ્તિક ઇત્યાદિનો નિર્દેશ છે.

**ચિત્રો**— વર્તમાન ચોવીસીનાં લાંછનોનાં ચિત્રો વિષે મેં આ લેખમાં આ પૂર્વે (પૃ. ૩માં) ઉલ્લેખ કર્યો છે એટલે વિહરમાણ

જિનવીસીનો જ અહીં વિચાર કરાશે. અહીંના ગોપીપરામાંના મહાવીરસ્વામીના દેરાસરમાં ચાંદીના ઢોળ ચડાવાયેલી તાંબાની પાટલી છે. એમાં વીસે તીર્થંકરો અને એમનાં લાંછનો આલેખાયેલાં છે. એમાં સુરપ્રભ નામના નવમા તીર્થંકરનું લાંછન ઘોડાને બદલે ચન્દ્રનું છે. શું આ કોઈ મતભેદને આભારી છે કે આ ભૂલ છે?

### લક્ષણો

[1]ઓવવાઇય ([2]સુત્ત ૧૬)માં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું વિસ્તૃત વર્ણન છે. એમાં એમણે "**अट्ठसहस्सपडिपुण्णवरपुरिसलक्खणधरे**" કહ્યા છે. આમ અહીં એઓ ૧૦૦૮ પ્રતિપૂર્ણ અને ઉત્તમ લક્ષણોથી લક્ષિત હોવાનો ઉલ્લેખ છે. નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિએ આની વૃત્તિમાં ૧૦૦૮ લક્ષણો ન ગણાવતાં સ્વસ્તિક ઇત્યાદિ એમ કહ્યું છે.

ઉત્તરજ્ઝયણ (અ. ૨૨, ગા. ૫)માં અરિષ્ટનેમિને—જૈનોના બાવીસમા તીર્થંકર નેમિનાથને "**अट्ठसहस्सलक्खणधर**" કહ્યા છે. 'વાદિવેતાલ' શાન્તિસૂરિએ એને અંગેની પાઇયટીકા (પત્ર ૪૮૯આ)માં નીચે મુજબ સ્પષ્ટીકરણ કર્યું છે :—

---

૧ આ ઉવંગ (ઉપાંગ) પ્રો. લૉયમેને રોમન લિપિમાં પ્રસ્તાવના અને શબ્દકોશ સહિત સંપાદિત કર્યું હતું અને એ લાઇપ્ત્સિગથી ઇ. સ. ૧૮૮૩માં છપાવાયું હતું.

૨ આ ક્રમાંક પ્રો. એન. જી. સુરુ દ્વારા સંપાદિત અને "આર્હત મત પ્રભાકર"માં પ્રકાશિત સાતમા મયૂખ પ્રમાણે છે.

"**अष्टसहस्रलक्षणधरः—अष्टोत्तरसहस्रसंख्यशुभसूचककरादिरेखाद्यात्मकचक्रादिलक्षणधारकः**".

આનો અર્થ એ છે કે ૧૦૦૮ની સંખ્યાવાળાં, શુભનાં સૂચક, હાથ વગેરેની રેખા વગેરેરૂપ ચક્ર ઇત્યાદિ લક્ષણોના ધારક.

પજ્જોસવણાકપ્પ (સુત્ત ૮)માં ઋષભદત્તે પોતાની પત્ની દેવાનંદાને કહ્યું કે તને "**लक्खणवञ्जणगुणोववेअ**" અર્થાત્ લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુક્ત એવો પુત્ર થશે. આ સંબંધમાં વૈયાકરણ વિનયવિજયગણિએ વિ. સં. ૧૬૯૬માં રચેલી સુબોધિકામાં કહ્યું છે કે લક્ષણો એટલે છત્ર, ચામર વગેરે હોય છે. બલદેવોને અને વાસુદેવોને ૧૦૮ લક્ષણો હોય છે જ્યારે ચક્રવર્તીઓને અને તીર્થંકરોને ૧૦૦૮ લક્ષણો હોય છે. અન્ય ભાગ્યશાળી જનોને ૩૨ લક્ષણો હોય છે. એ નીચે મુજબ છે :—

"**छत्रं तामरसं धनू रथवरो दम्भोलिकूर्माङ्कुशाः**
**वापीस्वस्तिकतोरणानि च सरः पञ्चाननः पादपः ।**
**चक्रं शङ्खगजौ समुद्रकलशौ प्रासादमत्स्यौ यवाः**
**यूपस्तूपकमण्डलून्यवनिभृत् सच्चामरो दर्पणः ॥**
**उक्षा पताका कमलाभिषेकः सुदाम केकी घनपुण्यभाजाम् ।**"[૧]

અર્થાત્ છત્ર, કમળ, ધનુષ્ય, ઉત્તમ રથ વજ્ર, કાચબો, અંકુશ, વાવ, સ્વસ્તિક, તોરણ, સરોવર, સિંહ, વૃક્ષ, ચક્ર, શંખ, હાથી, સમુદ્ર, કળશ, પ્રાસાદ, મત્સ્ય, જવ, યજ્ઞનો સ્તંભ, સ્તૂપ,

૧. આ પદ્યો કોઇ સામુદ્રિક શાસ્ત્રનાં હશે. એનું નામ કોઇ જણાવવા કૃપા કરશે ?

કમંડળ, પર્વત, ચામર, દર્પણ, બળદ, ધ્વજ, અભિષેક કરાયેલી લક્ષ્મી, માળા અને મોર એ બત્રીસ લક્ષણો પુષ્કળ પુણ્ય-શાળીને હોય.

**બત્રીશ લક્ષણો પુરુષ—** જેનાં નખ, પગનાં તળિયાં, હથેળી, જીભ, હોઠ, તાળવું અને આંખના ખૂણા એ સાતે લાલ હોય, જેનાં બગલનો ભાગ, હૃદય, ડોક, નાક, નખ અને વદન એ છ ઊંચાં હોય, જેનાં દાંત, ચામડી, કેશ, આંગળીઓના વેઢા અને નખ એ પાંચ પાતળાં હોય, જેનાં આંખો, હૃદય, નાક, હડપચી અને ભુજા એ પાંચ લાંબાં હોય, જેનાં કપાળ, છાતી અને મુખ એ ત્રણે પહોળાં હોય, જેનાં કંઠ, સાથળ અને પુરુષચિહ્ન એ ત્રણે નાનાં હોય અને જેનાં પરાક્રમ, સ્વર અને નાભિ એ ત્રણે ગંભીર હોય તે પુરુષ બત્રીસલક્ષણો જાણવો.

આમ જે ૩૨ લક્ષણો ગણાવાયાં છે તેનો ૧૦૮ અને ૧૦૦૮ લક્ષણોમાં સમાવેશ થાય છે કે કેમ તે જાણવું બાકી રહે છે. વિશેષમાં ૧૦૮ લક્ષણોનાં નામ હજી સુધી તો મેં કોઇ પુસ્તકમાં જોયાં નથી. [1]૧૦૦૮ લક્ષણો માટે પણ એમ જ છે.

**લાંછન અને લક્ષણમાં તફાવત—** આ બાબત કોઇ ઉલ્લેખ મને મળ્યો નથી. મારી કલ્પના એ છે કે ૧૦૦૮ લક્ષણોમાં લાંછનનો અંતર્ભાવ થાય છે અને લાંછન એ વધારે આગળ પડતું લક્ષણ છે.

---

૧ આ પૈકી સ્વસ્તિક અને ચક્ર તથા ૩૨ લક્ષણો તેમ જ જંબુદ્દીવપણ્ણત્તિ (વ. ૩, સુત્ત ૪૨)માં જુદાં ગણાવાયેલાં ૩૭ લક્ષણો એમાં આવી જતાં હોય તો એટલાંનાં જ નામ જાણવામાં છે.

નિસીહવિસેસચુણ્ણિમાં કહ્યું છે કે પ્રાકૃત (સામાન્ય) મનુષ્યને ૩૨, [1]બલદેવો અને વાસુદેવોને ૧૦૮ અને ચક્રવર્તીઓ તથા તીર્થંકરોને ૧૦૦૮ લક્ષણો હોય છે.

જંબુદ્દીવપણ્ણત્તિના ત્રીજા વક્ષસ્કારના ૪૨મા સૂત્રમાં ભરત ચક્રવર્તીને [2]હાથે અને પગે અનેક લક્ષણો હોવાનું કહ્યું છે. સાથે સાથે અહીં નીચે મુજબનાં ૩૭ લક્ષણો જઇણ મરહટ્ઠી (જૈન માહારાષ્ટ્રી)માં ગદ્યમાં દર્શાવાયાં છે :—

૧ મત્સ્ય, ૨ યુગ યાને ધોંસરી, ૩ ભૃંગાર યાને એક જાતનું જળપાત્ર, ૪ વર્ધમાનક, ૫ ભદ્રાસન, ૬ શંખ (દક્ષિણાવર્ત), ૭ છત્ર, ૮ વ્યજન=વ્યાલવ્યજન=ચામર, ૯ પતાકા, ૧૦ ચક્ર, ૧૧ લાંગૂલ, ૧૨ મૂસળું, ૧૩ રથ, ૧૪ સ્વસ્તિક, ૧૫ અંકુશ, ૧૬ ચન્દ્ર, ૧૭ સૂર્ય, ૧૮ અગ્નિ, ૧૯ યૂપ યાને યજ્ઞનો સ્તંભ, ૨૦ સમુદ્ર, ૨૧ ઇન્દ્રધ્વજ, ૨૨ પૃથ્વી, ૨૩ પદ્મ, ૨૪ હાથી, ૨૫ સિંહાસન, ૨૬ દંડ, ૨૭ કાચબો, ૨૮ ઉત્તમ પર્વત, ૨૯ ઉત્તમ ઘોડો, ૩૦ શ્રેષ્ઠ મુગટ, ૩૧ કુંડળ, ૩૨ નન્દ્યાવર્ત, ૩૩ ધનુષ્ય, ૩૪ કુન્ત, ૩૫ [3]ચણિયો, ૩૬ ભવન યાને ભવનપતિનો આવાસ અને ૩૭ વિમાન યાને વૈમાનિકનું વિમાન.

— જૈન ધર્મ પ્રકાશ (પુ. ૭૯, અં. ૧૦–૧૧ ભેગા)

---

૧ આ ઉલ્લેખ **પ્રમેયરત્નમંજૂષા** (પત્ર ૧૮૩અ)માં છે.

૨ આને લગતાં સંસ્કૃત નામો **પ્રમેયરત્નમંજૂષા**માં અપાયાં છે.

૩ મૂળમાં 'ગાગર શબ્દ છે. **પ્રમેયરત્નમંજૂષા**માં એનો અર્થ 'સ્ત્રીના પગનું વસ્ત્ર' કરાયો છે.

# [ ૨ ]

## તીર્થંકરની વિભૂતિ

દેહ અદ્દ્ભુત રૂપથી શોભે સુગંધી સર્વથા;
રોગો નહિ સન્મુખ જુએ સ્વેદ ને મલ ભાગતા;
છે આદ્ય અતિશય એ સહજ ચારમાં તીર્થેશના;
ઉચ્છ્વાસ ને નિઃશ્વાસ પણ પદ્મના સમ મહેકતા. —૧
આહાર ને નીહાર છે અદૃશ્ય ચર્મચક્ષુને;
છે રુધિર ને માંસે ધવલ દુર્ગન્ધહીણું યુગ્મ એ
એમ ચાર અતિશય જન્મથી છે સદા જિનવર્યને;
ઘાતિકર્મો નષ્ટ થાતાં અન્ય પંદર ઉદ્દ્ભવે. —૨
દેશનાનો સ્વર મનોહર વ્યાપતો યોજન સુધી;
તે સમય ભાષા વદે તે 'અર્દ્ધમાગધી' નામથી;
પણ એહ સત્વર પરિણમે સર્વની ભાષારૂપે
જેમ મેઘ કેરું જળ થતું નવનવાં પાત્રો મળ્યે. —૩
અન્ય તીર્થિક નમન કરતા ભાવથી જિનરાજને;
વાદમાં જે અપર ધર્મે ઝટ નિરુત્તર તે બને;
જિનવર વિચરતાં ત્યાં થકી યોજન સવાસો સુધી;
ઈતિ તણી ભીતિ નહિ, દુર્ભિક્ષ ના, મરકી નહિ. —૪
અતિવૃષ્ટિ નહિ પર્જન્યની ને વૃષ્ટિની ના ન્યૂનતા;
રોગ સર્વે નાશ પામે, વેર પણ સહુ જાતના;
પૃષ્ઠ ભાગે મુખ તણા મંડળ પ્રભાનું દીપતું;
કાન્તિ એની લાધવા [૧]રવિચક્ર આંટા મારતું. —૫

---

૧. વૈદિક હિન્દુઓની માન્યતા પ્રમાણે સૂર્ય બાર છે.

વિપ્લવ નહિ નિજ ચક્રનો, પર ચક્ર કેરો પણ તથા;
ઉત્પાતથી જે ઉદ્ભવે તે તો અનર્થો ના થતા;
પંચદશ આ અતિશય કહ્યા કર્મના ક્ષયથી થતા;
પંદર સુરો અતિશય કરે તે અલૌકિક જાતના. —૬
ગગન માંહે સંચરે આસન મહાધ્વજ ચામરે
ધર્મબોધક ચક્ર ને ઊતરડ સમાં ત્રણ છત્ર યે;
અશોક તરુ આનંદતો, જિનસંગને નવ છોડતો;
કેશ નખ નહિ વૃદ્ધિ પામે, થતા અધોમુખ કંટકો. —૭
ભૂમિ સમતલ રમ્ય બનતી, અનુકૂળ ઋતુઓ રહે;
'સંવર્ત' વાયુ શુદ્ધિ કાજે પૃથ્વીતલ માર્જિત કરે;
મનોજ્ઞ શબ્દાદિક તણો સદ્ભાવ વર્તે સર્વદા;
એથી વિષય જે અન્ય તે ભજતા ખરે અદૃશ્યતા. —૮
પ્રભુ-પાર્શ્વ-યુગ્મને વીંઝતો યક્ષ એકેક ચામરે;
બેઠક પ્રભુની મઘમઘે શુભ વાસથી ચારે દિશે,
વૃષ્ટિ ગન્ધોદક તણી ને પુષ્પની સુરવર કરે;
પંદર અતિશય એ થયા દેવકૃત તેને ગણે. —૯
અતિશય તણી સંખ્યા વિષે ને વર્ગ એના ત્રણ વિષે
સંમત બધા છે શ્વેતપટ, દિક્પટો પણ સાથ દે;
પણ છે પરસ્પર ભિન્નતા પ્રતિવર્ગની સંખ્યા તણી;
અભયદેવે ચાર, પંદર, પંચદશ સંખ્યા કથી. —૧૦
અવર વદતા ચાર ને અગિયાર ઓગણીસને;
દિક્પટ કહે દસ, દસ તથા ચૌદની સંખ્યા ખરે;[1]

---

૧. જુઓ દિગંબરીય છપ્ટ છત્રીસી. આ કૃતિ અર્થ સહિત "દિગંબર જૈન"(વ. પર, અ. ૪)માં છપાવાઇ છે.

પ્રાકાર ત્રણ દેવો રચે રૌપ્ય હેમે રત્નના;
કોટિ નરાદિક માય છે એક યોજન ક્ષેત્રમાં. —૧૧

ગડગડે દુન્દુભિ વાદમાં મેઘને શરમાવતી;
જિન તણા પ્રતિહારરૂપે નેકી સદા પોકારતી;
આથી વિભૂતિ અન્ય જે શ્વેતપટના સૂરિ એ;
ચન્દ્રાન્તનામક દાખવે તે પણ કહું હું આ હવેઃ—૧૨

"અનુકૂળ વાયે વાયુ ને દેવો રચે પ્રતિરૂપકો;
સ્થાપે કમળ સુવર્ણનાં ન્યાસ જ્યાં જિનપાદનો,
વન્દન કરે વૃક્ષો તથા પ્રદક્ષિણા વિહગો કરે;
એક કોટિ જઘન્યથી દેવ સેવામાં રહે."—૧૩

હરિગીતમાં આ હીર જે બાહ્ય વૈભવ રૂપનું
તીર્થેશનું તે રસિક જે ચાન્દ્રિકેયે વર્ણવ્યું.—૧૪

—"દિગંબર જૈન" (વ. ૫૨, અં. ૪)

[ ૩ ]

# [1]આઠ પ્રાતિહાર્યો

**પ્રસ્તાવ** — આ દુનિયાના તમામ પદાર્થોનો—ચેતન તેમ જ અચેતનનો સામાન્ય અને વિશેષ એમ ઉભય કોટિમાં અંતર્ભાવ કરી શકાય તેમ છે. આ પૈકી સામાન્ય ચેતનવંતા પ્રાણીઓને આપણે સામાન્ય જીવ ગણી શકીએ અને વિશિષ્ટ ચેતનવંતા પ્રાણીઓને વિશિષ્ટ જીવ ગણી શકીએ. આ વિશિષ્ટ કોટિના જીવોમાં પાંચ પરમેષ્ઠીઓનું સ્થાન ઘણું ઊંચું છે અને તેમાં પણ અપેક્ષાનુસાર દેવાધિદેવ ગણાતા તીર્થંકરનું સ્થાન સર્વોત્તમ છે. તીર્થંકર એ એક અસાધારણ વિભૂતિ છે એટલે કે એ દેવાધિદેવ આંતરિક તેમ જ બાહ્ય વિભૂતિ વડે વિભૂષિત છે. આમાંની કેટલીક અને એના જેવી જણાતી બાહ્ય વિભૂતિ ક્વચિત્ અન્યત્ર પણ સંભવી શકે છે[2] પરંતુ આંતરિક વિભૂતિ

---

૧. **વિનયપિટકના મહાવગ્ગ**માં 'ઉરુવેલામાં ચમત્કારપ્રદર્શન' એ શીર્ષક હેઠળ ૧૫ પ્રાતિહાર્યોનો નિર્દેશ કરાયો છે. એ પિટકના શ્રીયુત રાહુલ સાંકૃત્યાયને કરેલા અનુવાદના ૮૯મા પૃષ્ઠમાં ચમત્કાર = ઋદ્ધિ–પ્રાતિહાર્ય એમ સૂચવાયું છે.

૨. સરખાવો દિગંબર આચાર્ય સમન્તભદ્રકૃત **આપ્તમીમાંસા**નું નિમ્નલિખિત આદ્ય પદ્ય કે જે મલયગિરિસૂરિએ **નન્દીસુત્ત** (સુત્ત ૪૦)ની ટીકા (પત્ર ૧૫૩અ)માં "तथा चाह स्वयम्भूः" એવા ઉલ્લેખપૂર્વક ઉદ્ધૃત કર્યું છે :—

[ અનુસંધાન માટે જુઓ પૃ. ૨૦

તો જિનેશ્વરને જ વરેલી છે. જિનેશ્વર કહો, તીર્થંકર કહો, અરિહંત કહો કે જિનવર કહો તે એક જ છે અને [૧]એમના [૨]બાર ગુણો ગણાવાય છે. આ બાર ગુણોમાં

---

" देवागमनभोयानचामरादिविभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥ "

પ્રાયઃ આ ઉપરથી "શ્રીસિદ્ધચક્ર" (વ. ૫, અં. ૩)ના ૬૪મા પૃષ્ઠમાં નીચે મુજબ ઉલ્લેખ કરાયો છે :—

"દેવતાઓનું આગમન, સુવર્ણ કમળમાં ચાલવું, છત્ર ધરાવવાં, આ સઘળી વસ્તુઓ વૈક્રિય લબ્ધિવાળાઓમાં તથા ઇન્દ્રજાળિયા, માયાવીમાં પણ બહુ જ સ્વાભાવિક છે."

૧. " वारस गुण अरिहंता सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।
उवज्झाया पणवीसं साहू सगवीसं अट्ठसयं ॥"

આ ગાથામાં અરિહંતના બાર ગુણ, સિદ્ધના આઠ, સૂરિ (આચાર્ય)ના છત્રીસ, ઉપાધ્યાયના પચ્ચીસ અને સાધુના સત્તાવીસ એમ પંચપરમેષ્ઠીના કુલ્લે ૧૦૮ ગુણોનો નિર્દેશ છે પરંતુ આ ગાથાનું મૂળ જાણવું બાકી રહે છે.

૨ બાર ગુણો વિષે પ્રાચીનમાં પ્રાચીન ઉલ્લેખ કયો છે તેનો હજી નિર્ણય થયેલો જણાતો નથી. દ્વાદશાંગીમાંના ચોથા અંગરૂપ સમવાયમાં એ વિષે કશો ઉલ્લેખ જણાતો નથી.

" શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા " દ્વારા વીરસંવત્ ૨૪૬૦માં પ્રસિદ્ધ થયેલ " શ્રીથોકડાસંગ્રહ ( ભાગ પહેલો)"નામક પુસ્તકના પહેલા પૃષ્ઠમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત બળ અને બાર બાદ આઠ પ્રાતિહાર્યો ગણાવી અરિહંત પ્રભુના બાર ગુણો સમવાયા છે તો શું આ હકીકત યથાર્થ છે ?

[1]ચાર મૂલાતિશયો અને આઠ પ્રાતિહાર્યોનો ઉલ્લેખ કરાય છે.

**અર્થ** — જિનેશ્વર યાને તીર્થંકરની દેવરચિત વિભૂતિ તે "[2]પ્રાતિહાર્ય" છે. આ વાતની તેનો વ્યુત્પત્તિ–અર્થ સાક્ષી પૂરે છે

---

૧ (અ) અપાયાપગમાતિશય, (આ) જ્ઞાનાતિશય, (ઇ) પૂજાતિશય અને (ઈ) વાગતિશય એમ ચાર મૂલાતિશયો છે. આ વિષે **અનેકાન્તજયપતાકાની** સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૪)માં નિર્દેશ તેમ જ થોડુંક વિવરણ છે અનેકાન્તવાદનું સુંદર, સરળ અને સચોટ ભાન કરાવનારા આ ગ્રંથ અને એની વ્યાખ્યાથી પ્રાચીન કોઇ ગ્રંથમાં ચાર મૂલાતિશયોનું વર્ણન આવતું હોય તો તે જાણવાજોવામાં નથી.

૨ **અનેકાન્તજયપતાકાની** સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૪)માં આનો 'મહાપ્રાતિહાર્ય' તરીકે ઉલ્લેખ છે. વિશેષમાં ત્યાં **શક્ર** પ્રમુખ ઇન્દ્રોએ કરેલી પ્રભુની પૂજા તરીકે **અશોકાદિ** આઠ મહાપ્રાતિહાર્યોનો નિર્દેશ કરાયેલો છે એટલે કે આઠ પ્રાતિહાર્યો તે **શક્રાદિની** ભક્તિના પ્રતીક છે. આવી હકીકત **સ્યાદ્વાદરત્નાકર** (પૃ. ૩)માં પણ જોવાય છે. ત્યાં પણ 'પ્રાતિહાર્યને બદલે મહાપ્રાતિહાર્યનો ઉલ્લેખ છે વળી એ રચીને ઇન્દ્રો પ્રભુને પૂજે છે એમ સૂચવાયું છે.

જેમ વિમલસૂરિકૃત **પઉમચરિય** (ઉ. ૨, શ્લો. ૩૬)માં 'મહાપાડિહેર' શબ્દ વપરાયો છે તેમ **માનતુંગસૂરિએ** રચેલા **તિજયપહુત્તના** નિમ્નલિખિત પહેલા અને દસમા પદ્યમાં 'મહાપાડિહેર' શબ્દ વપરાયેલો છેઃ—

"तिजयपहुत्तपयासयअट्ठमहापाडिहेरजुत्ताणं ।
समयक्खित्तठिआणं सरेमि चक्कं जिणिंदाणं ॥ १ ॥"

"चउतीसअइसयजुआ अट्ठमहापाडिहेरकयसोहा ।
तित्थयरा गयमोहा झाएअव्वा पयत्तेणं ॥ १० ॥"

કેમકે પ્રતિહારની માફક એટલે કે પહેરેગીરની માફક જે વસ્તુઓને ઇન્દ્રે નિયુક્ત કરેલા દેવો ભક્તિવશાત્ તીર્થંકરની પાસે નિયમિત રીતે રજૂ કરે તે 'પ્રાતિહાર્ય' કહેવાય છે.[1] આને પ્રાકૃત ભાષામાં 'પાડિહેર' કહેવામાં આવે છે. આનો 'પાઇય-સદ્દ-મહણ્ણવો'માં 'દેવતાકૃત પ્રતિહાર-કર્મ, દેવકૃત પૂજાવિશેષ' એમ અર્થ અપાયેલ છે. આ ઉપરાંત 'દેવ-સાન્નિધ્ય' એવો પણ [2]અર્થ ત્યાં કરાયેલ છે અને તે ભત્તપરિણ્ણા (ભક્તપરિજ્ઞા)ની ૯૬મી ગાથાગત '**पाडिहेर**' શબ્દને લાગુ પડે છે

**સંખ્યા અને નામનિર્દેશ**— ઉપર્યુક્ત લક્ષણવાળાં અને દેવોનાં કાર્યરૂપ પ્રાતિહાર્યોની સંખ્યા આઠની છે અર્થાત્ નીચે મુજબ પ્રાતિહાર્યો આઠ ગણાવાય છે :—

(૧) અશોક વૃક્ષ, (૨) પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, (૪) ચામર, (૫) આસન (સિંહાસન), (૬) ભામંડળ, (૭) દુન્દુભિ અને (૮) છત્ર.

---

૧. અભ્રદેવસૂરિના શિષ્ય નેમિચન્દ્રસૂરિએ વિક્રમની નવમીથી બારમી સદીના ગાળામાં રચેલા **પવયણસારુદ્ધાર (પ્રવચનસારોદ્ધાર)**ની દેવભદ્રના શિષ્ય સિદ્ધસેનસૂરિએ વિ. સં. ૧૨૪૮માં રચેલી વૃત્તિ (પત્ર ૧૦૬અ)માં આ અર્થ નીચે મુજબ આપેલો છેઃ—

" तत्र प्रतिहारा इव प्रतिहाराः— सुरपतिनियुक्ता देवास्तेषां कर्माणि–कृत्यानि प्रातिहार्याणि ".

૨ દેવ-સાન્નિધ્ય અર્થસૂચક 'પાડિહેર' શબ્દ શ્રુતાસ્વાદમાં ઉપલબ્ધ થાય છે. વિચારો નીચેની પંક્તિઃ—

" बहूणं सुरेहिं कयं पाडिहेरं ".

આનાં સમર્થનાર્થે હું અત્ર યાકિની મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ રચેલ અનેકાન્તજયપતાકા પ્રકરણની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૪)માં [1]અવતરણરૂપે આપેલું નિમ્નલિખિત પદ્ય રજૂ કરું છું:—

" अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दि[2]व्यो ध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥"

આ ભાવાર્થવાળું પ્રાકૃત [3]પદ્ય નીચે મુજબ છે:—

---

૧ હરિભદ્રસૂરિએ આ અવતરણ કયા ગ્રંથમાંથી ઉદ્ધૃત કર્યું છે તે જાણવું બાકી રહે છે. આથી તજ્જ્ઞોને એ સંબંધમાં પ્રકાશ પાડવા મારી વિજ્ઞપ્તિ છે.

૨ 'दिव्यो ध्वनि' ને બદલે 'दिव्यध्वनि' એવો પાઠ મેં ઘણાને મુખે સાંભળ્યો છે તો શું આ પાઠાન્તર છે કે પછી આ दिव्यध्वनि એ અપભ્રષ્ટ પાઠ છે?

૩ આ પદ્ય પવયણસારુદ્ધારના ૩૯મા દાર (દ્વાર)ની પહેલી ગાથારૂપે ત્યાં અપાયેલું છે. એનો ચાલુ ગાથાંક ૪૪૦નો છે. વિશેષમાં પ્રદ્યુમ્નસૂરિકૃત વિયારસાર (વિચારસાર)ની ૪૬૧મી ગાથામાં ૧૦૦મા પૃષ્ઠમાં આ પદ્ય કંઇક ફેરફાર સાથે નીચે મુજબ ઉપલબ્ધ થાય છે:

" किंकिल्ली १ कुसुमवुट्ठी २ दिव्वझुणी ३ चामरा ४ ऽऽसणाइं च ५।
भामंडल ६ भेरि ७ छत्तं ८ जयंति जिणपाडिहेराइं ॥ ४६१ ॥"

"[1]कंकिल्लि १ कुसुमवुट्ठी २ देवज्झुणि ३ चामरा ४ ऽऽसणाइं ५ च।
भावलय ६ भेरि ७ छत्तं ८ जयंति जिणपाडिहेराइं ॥"

આ પદ્યમાં અશોક વૃક્ષને બદલે 'કંકિલ્લિ' એવો દેશ્ય શબ્દ, સુરપુષ્પવૃષ્ટિને બદલે કુસુમવૃષ્ટિ, ભામંડલને બદલે ભાવલય, દુન્દુભિને બદલે ભેરિ અને આતપત્રને બદલે છત્ર એમ સમાનાર્થક શબ્દો પ્રાકૃતમાં અપાયા છે.

---

૧ 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિકૃત **દેશીનામમાલા** (૨, ૧૨; ગા. ૪૦૪)માં આને 'દેશ્ય' શબ્દ તરીકે નિર્દેશેલ છે कंकेल्लि શબ્દ **સુપાસનાહચરિય** (પૃ. ૧૪૦; ૫૯૨)માં તેમ જ પ્રાકૃતદ્વયાશ્રયરૂપ **કુમારવાલચરિયમાં** પણ નજરે પડે છે. 'कंकेल्लि' એવો શબ્દ "માણિકચચંદ દિગંબર જૈન ગ્રંથમાલા"માં પ્રસિદ્ધ થયેલા અને 'ઉભયભાષાકવિચક્રવર્તી હસ્તિમલ્લે રચેલા **મૈથિલીકલ્યાણના** ચોથા અંકના પ્રારંભમાં પૃ. ૬૦-૬૧માં નીચે મુજબના ઉલ્લેખમાં ઉપલબ્ધ થાય છે :—

" णिरंतरप्फुल्लरत्तकंकेल्लिकुसुमथवविब्भमो ".

આ જ કર્તાએ રચેલા **વિક્રાન્તકૌરવ** નામના નાટકના ૨૮મા પૃષ્ઠમાં પણ 'કંકેલ્લિ' શબ્દ નજરે પડે છે. પ્રસ્તુત ઉલ્લેખ નીચે મુજબ છે :—

" थवअसमणिविडकंकेल्लिआइ ".

આ ઉપરથી જોઇ શકાશે કે [1]ઇન્દ્રધ્વજને પ્રાતિહાર્ય તરીકે અત્ર ગણાવેલ નથી. તેમ છતાં આવો એક [2]ઉલ્લેખ **પ્રાચીન ભારતવર્ષ** (ભાગ બીજો)ના ૫૯મા પૃષ્ઠમાં છે એટલે જ્યાં સુધી એના લેખક મહાશય કોઇ વિશિષ્ટ પ્રમાણ રજૂ ન કરે ત્યાં સુધી એ તેમની [3]સ્ખલના છે એમ અત્યારે તો

---

૧ આના બે અર્થો **પવયણસારુદ્ધારની** વૃત્તિ (પત્ર ૧૦૯ અ)માં સૂચવાયા છે: (અ) બીજા બધા ધ્વજોની અપેક્ષાએ અતિમહત્ત્વનો હોવાથી ઇન્દ્રધ્વજ અને (આ) ઇન્દ્રપણું સૂચવનાર હોવાથી ઇન્દ્રધ્વજ.

૨ આ રહ્યો એ ઉલ્લેખ :—

"દેવરચિત જે આઠ પ્રાતિહાર્ય ઉત્પન્ન થાય છે તે આઠમાંનું એક પ્રાતિહાર્ય આ ઇન્દ્રધ્વજ પણ છે તેમ જ જો ઇન્દ્રધ્વજને બદલે બોધિવૃક્ષનું ચિહ્ન તેને લેખવા માંગીએ તો તેને પણ ખરા આઠ પ્રાતિહાર્યોમાંનું એક લેખવામાં આવે છે."

૩ **પ્રાચીન ભારતવર્ષ** (ભાગ બીજો)ના ૫૯મા પૃષ્ઠમાં આઠ પ્રાતિહાર્યોનાં નામ ટિપ્પણમાં નીચે મુજબ નિર્દેશાયાં છે:—

"૧ અશોક વૃક્ષ, ૨ ફૂલની વૃષ્ટિ, ૩ દિવ્ય ધ્વનિ, ૪ ચામર, ૫ સિંહાસન, ૬ ભામંડળ, ૭ દુદુંભી અને ૮ છત્ર".

અહીં દુદુંભીને બદલે દુંદુભિ જોઇએ એ પ્રમાણે સુધારો સૂચવવાને બદલે શુદ્ધિપત્રકમાં તો આને બદલે ચક્રનો ઉલ્લેખ કરાયો છે એટલે શું ચક્ર એ કોઇ પ્રાતિહાર્ય છે? અને જો તેમ હોય તો તેનો પુરાવો આપવા એના લેખક મહાશય કૃપા કરશે? અત્યારે તો હું આને પણ એક ભ્રમણાત્મક ઉલ્લેખ ગણું છું. પ્રમાણ અમારે તો વિચાર કરાશે.

માન્યા વિના બીજો કોઇ માર્ગ જણાતો નથી.

અત્ર એ ઉમેરવું આવશ્યક જણાય છે કે [1]૩૪ અતિશયો પૈકી દેવકૃત ૧૯ અતિશયોમાં ઇન્દ્રધ્વજનો ઉલ્લેખ છે. આ વાતનું હેમચન્દ્રસૂરિકૃત **વીતરાગસ્તોત્ર**ના ચતુર્થ પ્રકાશનું નિમ્નલિખિત દ્વિતીય પદ્ય સમર્થન કરે છે:—

“ **एकोऽयमेव जगति स्वामीत्याख्यातुमुच्छ्रिता ।**

**उच्चैरिन्द्रध्वजव्याजात् तर्जनी जृम्भविद्विषा ॥ २ ॥** ”

આ ઉપરાંત **પવયણસારુદ્ધાર**ની વૃત્તિ (પત્ર ૧૦૯ અ)માં પણ ‘ઇન્દ્રધ્વજ’નો અતિશય તરીકે ઉલ્લેખ છે.

---

૧ ચોત્રીસ અતિશયોનો પ્રાચીનમાં પ્રાચીન નામનિર્દેશ **સમવાય**ના ૩૪મા સમવાયમાં મળે છે. **અભિધાનચિન્તામણિ**ના પ્રથમ કાંડના શ્લો. ૫૭-૬૪માં સંસ્કૃતમાં ૩૪ અતિશયો ગણાવાયા છે. **પવયણસારુદ્ધાર**ના ૪૦મા દ્વારમાં આ અતિશયો પ્રાકૃત ભાષામાં પદ્યમાં અપાયેલા છે. એમાં આપેલી હકીકત **સમવાય**ગત હકીકતથી કેટલેક અંશે જુદી પડે છે એમ **સિદ્ધસેનસૂરિ**એ નિર્દેશ્યું છે. જુઓ પત્ર ૧૦૯આ. જન્મથી તીર્થંકરને જે ચાર અતિશયો હોય છે તેને લગતાં બે પદ્યો **વિચારસાર**માં ૧૧૨મી અને ૧૧૩મી ગાથારૂપે નજરે પડે છે.

**તિજયપહુત્ત**ની દસમી ગાથામાં ‘ચઉતીસ અઇસય’ એવો ઉલ્લેખ છે. જુઓ પૃ. ૨૧, ટિ. ૨.

**પ્રાતિહાર્યોનો અતિશયોમાં ઉલ્લેખ**— અશોકાદિ આઠ પ્રાતિહાર્યો પૈકી ભામંડલનો ઉલ્લેખ કર્મક્ષયજ [1]૧૧ અતિશયોમાં અને અશોક, પુષ્પવૃષ્ટિ, ચામર, સિંહાસન, દુન્દુભિ (ના નાદ) અને છત્રનો ઉલ્લેખ દેવકૃત [2]૧૯ અતિશયોમાં જોવાય છે.

**વર્ણનો**—પ્રાતિહાર્યોનાં વર્ણનો ગદ્ય તેમ જ પદ્ય એમ ઉભય રૂપમાં મળે છે. ગદ્યરૂપવર્ણન **પવયણસારુદ્ધાર**ની વૃત્તિ (પત્ર ૧૦૬આ–૧૦૭અ)માં મળે છે. પદ્યાત્મક વર્ણનો **કલ્યાણમન્દિરસ્તોત્ર** (શ્લો. ૧૯–૨૬), [3]**ભક્તામરસ્તોત્ર** (શ્લો. ૨૮–૩૧), **વીતરાગસ્તોત્ર** (પ્ર. ૫, શ્લો. ૧–૯), જિનસુન્દરસૂરિકૃત **સીમન્ધરસ્વામિસ્તવન** (શ્લો. ૨–૯), જિનપ્રભસૂરિકૃત **પંચકલ્યાણકસ્તવન** (શ્લો. ૧૯–૨૬) અને **પાર્શ્વનાથપ્રાતિહાર્યસ્તવન**, જ્ઞાનસાગરસૂરિકૃત **પાર્શ્વજિનસ્તવન** (શ્લો. ૭–૧૪), સહજમંડનગણિકૃત **સીમન્ધરસ્વામિસ્તોત્ર** (શ્લો. ૭–૧૪) અને ચિરત્નમુનિકૃત **સોપારકસ્તવન**માં દૃગ્ગોચર થાય છે. 'દુન્દુભિ'ને લગતું વર્ણન અમરચન્દ્રસૂરિકૃત **પદ્માનન્દમહાકાવ્ય** (સ. ૧૪, શ્લો. ૧૫૬)માં ઉપલબ્ધ થાય છે. આ તો સંસ્કૃત કૃતિઓની વાત થઇ. ગુજરાતીમાં એનું થોડુંક વર્ણન શ્રાવક

---

૧–૨ જુઓ **અભિધાનચિન્તામણિ** નામમાલાના પ્રથમ કાંડના ૫૯મા તેમ જ ૬૧માથી ૬૩મા સુધીનાં પદ્યો તથા ૬૨મા પદ્યની સ્વોપજ્ઞ વિવૃતિ (જેમાં ચૈત્યદ્રુમનો અર્થ 'અશોક વૃક્ષ' કરાયો છે).

૩ આ સંબંધમાં જુઓ "ભક્તામરકલ્યાણમન્દિરનમિઊણસ્તોત્રત્રયમ્"-ની મારી સંસ્કૃત ભૂમિકા (પૃ. ૨–૩) તેમ જ એની ગુજરાતી પ્રસ્તાવના (પૃ. ૧૩-૧૪).

ભીમસિંહ માણક દ્વારા પ્રકાશિત "**શ્રીપ્રતિક્રમણસૂત્ર**" (પૃ. ૧૩–૧૬)માં નજરે પડે છે.

## પ્રાતિહાર્યો વિષે ઊહાપોહ

**અશોક વૃક્ષ**—અશોક વૃક્ષના પર્યાયરૂપે ચૈત્યદ્રુમનો ઉલ્લેખ કરાય છે. અશોક વૃક્ષથી આસોપાલવનું ઝાડ સામાન્ય રીતે સમજાય છે પરંતુ અશોક અને આસોપાલવનું ઝાડ જુદાં છે કે કેમ એ બાબત મતભેદ જોવાય છે.[1] વિશેષમાં અશોક વૃક્ષની ઊંચાઇ જિનેશ્વરના દેહમાનથી બાર ગણી હોય છે એ ઉલ્લેખ મહાવીરસ્વામી આશ્રીને કેવી રીતે સંગત થાય છે તે હકીકત **પવયણસારુદ્ધારની** વૃત્તિ (પત્ર ૧૦૭અ)માં અપાયેલી છે અને ત્યાં અશોકની ઉપર સાલ વૃક્ષ હોય એમ સૂચવાયું છે.

**પુષ્પવૃષ્ટિ**—દેવો પુષ્પવૃષ્ટિ તરીકે પંચવર્ણી અને સુગંધી ફૂલોની વૃષ્ટિ કરે છે. એ ફૂલો નીચે ડીંટ (વૃન્ત) અને ઉપર પત્ર એવી રીતે રહે છે.[2] એ ફૂલો સચિત્ત છે કે અચિત્ત તેની ચર્ચા **પવયણસારુદ્ધારની** વૃત્તિ (પત્ર ૧૦૭અ–૧૦૭આ)માં તેમ જ **સ્તુતિચતુર્વિંશતિકા** (શ્લો. ૯૪)ના મારા સ્પષ્ટીકરણ (પૃ.

---

૧ જુઓ "કુમાર"નો ક્રમાંક ૧૧૯ (વર્ષ ૧૦, અંક ૧૧) તેમ જ વિ. સં. ૧૯૯૦, પોષનો અંક (પૃ. ૩૮).

૨ જુઓ **આવસ્સયસુત્ત** (**આવશ્યકસૂત્ર**)ની નિજ્જુત્તિ (નિર્યુક્તિ)ની નિમ્નલિખિત ગાથાઃ—

" विंटट्ठाइं सुरहिं जलथलयं दिव्वकुसुमनीहारिं ।
पयरिंति समन्तेणं दसद्धवण्णं कुसुमवासं ॥ ५४६ ॥ "

૨૯૧-૨૯૨)માં કરાયેલી છે એટલે તેના જિજ્ઞાસુને તે જોઈ જવા ભલામણ છે. શ્રાવક **ભીમસિંહ માણકે** છપાવેલ **શ્રીપ્રતિક્રમણસૂત્ર**ના ૧૪મા પૃષ્ઠમાં પણ આ સંબંધમાં ઊહાપોહ કરાયેલો છે.

**દિવ્ય ધ્વનિ**—દિવ્ય ધ્વનિ તીર્થંકરનો જ ધ્વનિ છે તો પછી એમાં પ્રાતિહાર્યપણું કેવી રીતે ઘટે? આનો ૧ઉત્તર એમ અપાય છે કે જ્યારે માલવકૈશિકયાદિ ગ્રામ રાગ વડે પ્રભુ ભવ્ય જનોને દેશના દે છે તે વેળા દેવો વીણાદિ વગાડીને આ ધ્વનિને વિશેષ મધુર બનાવે છે એટલે દેવકૃત પ્રાતહારપણું બરાબર ઘટે છે. આ સંબંધમાં કેટલોક ઊહાપોહ "શ્રીસિદ્ધચક્ર" (વ. ૫, અં ૩)ના પૃ. ૬૫-૬૬માં કરાયો છે. ત્યાં દિવ્ય ધ્વનિને તીર્થંકરનું આત્મભૂતલક્ષણ ન ગણતાં એને દેવતાનું પ્રાતિહાર્યપણું શા સારુ ગણવું તેનો ખુલાસો ગવૈયાનો કંઠ અને વાજિત્રની મધુરતાનું ઉદાહરણ આપીને કરાયો છે.

દિવ્ય ધ્વનિ વિષે દિગંબરોની માન્યતા શ્વેતાંબર માન્યતાથી જુદી પડે છે.

**ચામર**—જ્યાં જ્યાં તીર્થંકર વિચરે ત્યાં ત્યાં (૧) પાદપીઠથી યુક્ત સિંહાસન, (૨) ત્રણ છત્રો, (૩) જિનેશ્વરની આગળ ઇન્દ્રધ્વજ, (૪) એમની બંને બાજુએ યક્ષ દ્વારા ધારણ કરાયેલાં બે ચામરો તેમ જ (૫) આગળ કમળમાં પ્રતિષ્ઠિત કરાયેલ ધર્મચક્ર ગગનમાર્ગે ગમન કરે છે એમ **પવયણસારુદ્ધાર**ની વૃત્તિ (પત્ર ૧૦૯અ)માં સૂચવાયું છે.

---

૧ જુઓ **પવયણસારુદ્ધાર**ની વૃત્તિ (પત્ર ૧૦૭આ).

**સમવસરણમાં** તો આઠ ચામરો હોય છે કેમકે સમવસરણમાંનાં ચારે સિંહાસનોની બંને બાજુએ એકેક યક્ષ રત્નજડિત સુવર્ણની દાંડીવાળાં ચામર લઈને ઊભો રહે છે.

અત્યારે શ્વેતાંબર જિનાલયોમાં વપરાતાં [1]ચામર અને દિગંબરોનાં મંદિરોમાં વપરાતાં ચામરમાં ફરક છે.

**સિંહાસન**—તીર્થંકર વિચરતા હોય ત્યારે એક પરંતુ સમવસરણમાં બિરાજતા હોય ત્યારે ચાર સિંહાસનો હોય છે. આ ચારે રત્નજડિત સુવર્ણમય સિંહાસન પાદપીઠથી યુક્ત હોય છે. સિંહાસનને 'મૃગેન્દ્રાસન' પણ કહેવામાં આવે છે.

**ભામંડલ**—ભામંડલને બદલે 'ભાવલય' શબ્દ પણ વપરાય છે. એનો અર્થ 'કાંતિનું માંડલુ' કરાય છે. ભામંડલ પ્રભુનું તેજ સંહરી લે છે એટલે જો એ ન હોય તો પ્રભુના મુખ સામું જોવાય નહિ એમ સૂચવાય છે.

**દુન્દુભિ**—દુન્દુભિ કહો કે ભેરી કહો કે [2]મહાઢક્કા કહો તે

---

૧ આ ચામર કેવી રીતે બને છે તે **આર્હતજીવનજ્યોતિ**ના પ્રથમ વિભાગરૂપ **પહેલી કિરણાવલી**ના ૧૯મા કિરણમાં દર્શાવાયું છે.

૨ જુઓ **પવયણસારુદ્ધાર**ની વૃત્તિ ( પત્ર ૧૦૬આ તેમ જ ૧૦૯આ ). 'ઢક્કા' શબ્દ **શ્રીપાલરાજાનો રાસ**માં વપરાયો છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે :—

'દેવરાવે ઢક્કા તેજ રે વિનીત લીલાવંત કુંઅર ભલો".

[ અનુસંધાન માટે જુઓ પૃ. ૩૧

એક જ છે. દુન્દુભિનો "અર્થ ગૂજરાતી સાર્થ જોડણીકોશ"માં "એક જાતનું નગારૂં, ભેરી" એમ સૂચવાયેલ છે. લક્ષ્મણ રામચન્દ્ર વૈદ્ય-કૃત "The Standard Sanskrit English Dictionary"માં એનો અર્થ "A sort of large kettle-drum" કરાયો છે. 'દુન્દુભિ' શબ્દ વેણીસંહારમાં અને રઘુવંશ (સ. ૯, શ્લો. ૧૧)માં વપરાયેલો છે. દુન્દુભિનું પ્રાકૃત રૂપ એનું એ જ છે. એનો પ્રાકૃત પર્યાય 'દુંદુહિ' છે અને તે અજિયસન્તિથય

---

અભિધાનચિન્તામણિના બીજા કાંડના ૨૦૭મા પદ્યમાં દુન્દુભિને લગતું નીચે મુજબનું ઉત્તરાર્ધ છે :—

"स्याद् यशःपटहो ढक्का भेरी दुन्दुभिरानकः ॥२०७॥"

અમરકોશની ૩૭૩મા શ્લોકાર્ધમાં આ સંબંધમાં નીચે મુજબની પંક્તિ છે :—

"स्याद् यशःपटहो ढक्का भेरी स्त्री दुन्दुभिः पुमान् ।"

એની પછીની પંક્તિ નીચે પ્રમાણે છે :—

"आनकः पटहोऽस्त्री स्यात् कोणो वीणादिवादनम् ॥".

'દુન્દુભિ'ને 'ભંભા' કહેવાતી હશે એમ "પાઇયસદ્દમહણ્ણવો"ના ૭૯૫મા પૃષ્ઠમાં ભંભાનો 'વાદ્યવિશેષ, ભેરી' એવો જે અર્થ અપાયો છે તે ઉપરથી જણાય છે. આ 'ભંભા' શબ્દ **દેશીનામમાલા** (૬-૧૦૦), **નાયાધમ્મકહા** (**જ્ઞાતાધર્મકથા**) (સુય૦ ૧, અ. ૧૭), **વિસેસાવસ્સયભાસ** (**વિશેષાવશ્યકભાષ્ય**) (ગા. ૭૮)ની ટીકા, **સુરસુન્દરીચરિય** (**સુરસુન્દરીચરિત**) (પરિ. ૩, શ્લો. ૯૬), **સમ્મત્તસત્તરિ** (**સમ્યક્ત્વસપ્તતિ**) (પત્ર ૧૦૬), **વિયાહપણ્ણત્તિ** (સ. ૭, ઉ, ૯), **કપ્પભાસ** (**બૃહત્કલ્પભાષ્ય**) વગેરેમાં નજરે પડે છે.

(અજિતશાન્તિસ્તવ)ના નવમા પદ્યમાં, પજ્જુસવણાકપ્પ (કલ્પસૂત્ર)માં, સુરસુંદરીચરિયના ત્રીજા પરિચ્છેદના ૬૮મા પદ્યમાં, કુમારવાલપડિબોહના ૧૧૮મા પૃષ્ઠમાં તેમ જ ગઉડવહમાં દૃષ્ટિગોચર થાય છે.

છત્ર — એકની ઉપર એક એમ ત્રણ ત્રણ છત્રોથી દરેક સિંહાસન અલંકૃત હોય છે એટલે સમવસરણમાં બાર છત્રો હોય છે. એ સિવાયના પ્રસંગે ત્રણ છત્રો હોય છે. એ ત્રણે છત્રો ચડઉતરતાં હોય છે અને તેમાં સૌથી મોટું છત્ર નીચે હોય છે.

આ પ્રમાણે જે અહીં આઠ પ્રાતિહાર્યોનો વિચાર કરાયો છે તે આઠ પ્રાતિહાર્યો તીર્થંકરનું આત્મભૂત લક્ષણ નથી કિન્તુ અનાત્મભૂત અને બાહ્ય લક્ષણ છે અને એ બાહ્ય દૃષ્ટિવાળા જીવોને બતાવાય છે.[1] તીર્થંકરનું આત્મભૂત લક્ષણ તો તેમની ચાર મૂલાતિશયરૂપ વિભૂતિ છે. આવી વિભૂતિ જેમણે પ્રાપ્ત કરી હોય અને જેઓ હવે પછી કરશે તેમને અનેકવિધ વંદન કરતો હું વિરમું છું.

---

૧ જુઓ "શ્રીસિદ્ધચક્ર" (વ. ૫, અં. ૩, પૃ ૬૦–૬૫).

— વીરશાસન (વ. ૧૫, અં. ૧૯)
તા. ૧૨–૨–'૩૭

[ ૪ ]

# અતિશયો અને પ્રાતિહાર્યો

## ( अ ) અતિશયો અને પ્રાતિહાર્યોને અંગેનું સાહિત્ય

સામાન્ય રીતે પ્રાયઃ પ્રત્યેક સંસારી જીવ આવી પડેલું દુઃખ દૂર થાય અને ભવિષ્યમાં કોઈ પણ જાતનું દુઃખ ન પડે એટલે કે સમસ્ત દુઃખોનો આત્યન્તિક નાશ થાય એમ ઈચ્છે છે એટલું જ નહિ, પણ સાચું, સંપૂર્ણ અને શાશ્વત સુખ સાંપડે એવી તીવ્ર અભિલાષા પણ સેવે છે અને એ માટે એને જે માર્ગ સૂઝે તે એ ગ્રહણ કરે છે. અત્યાર સુધીમાં દેશ-વિદેશના કેટલા યે મહાપુરુષોએ પોતપોતાના સમયની પરિસ્થિતિને લક્ષમાં રાખીને પોતાના જ્ઞાન અનુસાર માર્ગદર્શન કરાવ્યું છે–ઉપદેશ આપ્યો છે–દેશના દીધી છે. એ દેશના સંસારસાગર તરી જવામાં સહાયક હોવાથી કે સહાયક બનાવી શકાય તેમ હોવાથી તેને 'તીર્થ' કહી શકાય અને સમય–સમયના આદ્ય દેશનાકારને તેમ જ એ દેશનાના વિશિષ્ટ પ્રરૂપકને [1]'તીર્થંકર' પયગંબર, પ્રોફેટ (prophet) ઇત્યાદિ નામે ઓળખાવી શકાય, જૈન દર્શન પણ ચતુર્વિધ સંઘરૂપ તીર્થ સ્થાપનારા અને એકાન્તે હિતકારી દેશના આપનારાને તીર્થકર, તીર્થંકર, તીર્થકૃત્, જિનેશ્વર, જિનવરપતિ, બુદ્ધ ઇત્યાદિ નામે સંબોધે છે અને

---

૧. 'તીર્થંકર' શબ્દ જૈન તીર્થંકરો માટે જ નહિ પણ અન્ય-દર્શનીય માટે પણ વપરાય છે અને **વીતરાગસ્તોત્ર** (પ્ર. ૪, શ્લો. ૭)-માં 'તીર્થંકર' શબ્દ આ અર્થમાં વપરાયો છે.

એ જ તીર્થંકરના અતિશયો અને પ્રાતિહાર્યો એ આ લેખમાળાનો મુખ્ય વિષય છે એટલે હવે હું જ્યાં જ્યાં 'તીર્થંકર' એમ ઉલ્લેખ કરું ત્યાં એ શબ્દની આગળ 'જૈન' કહેવાની જરૂર જોતો નથી.

જૈન દર્શન પ્રમાણે પ્રત્યેક આત્મામાં અનેક—અગણિત—અનંત ગુણો રહેલા છે. એ બધાનો આવિર્ભાવ સિદ્ધોએ સિદ્ધ કર્યો છે અને એનાથી ઓછે અંશે એ કાર્ય સામાન્ય—કેવલીઓએ અને તીર્થંકરોએ કર્યું છે. તેમ છતાં તીર્થંકરોના પણ આવિર્ભૂત ગુણો અનંત છે જો કે સિદ્ધના અનંત ગુણો કરતાં એ ઓછા છે.

તીર્થંકરના આ ગુણો પૈકી જે આગળ તરી આવે છે—જે સહેલાઇથી સામાન્ય જનતાના ખ્યાલમાં આવે તેમ છે—જે એમના પ્રભાવની અલૌકિકતાના સૂચક છે તેને જૈન સંસ્કૃત સાહિત્યમાં [1]'અતિશય,' 'અતિશેષ' અને 'અતિશેષક' અને પાઇયમાં 'અઇસય' તેમ જ 'અઇસેસ' કહે છે. આ ગણનાતીત અતિશયોની સંખ્યા અપેક્ષા અનુસાર ભિન્ન ભિન્ન રીતે દર્શાવાય છે. એને લઇને હું આ અતિશયોનો વિચાર નિમ્નલિખિત પાંચ લેખ દ્વારા કરું છું :—

(૧) અતિશયો અને પ્રાતિહાર્યોને અંગેનું સાહિત્ય, (૨) ચાર મૂલાતિશયો, (૩) ચોત્રીસ અતિશયો, (૪) આઠ પ્રાતિહાર્યો અને (૫) વિશિષ્ટ વિચારણા.

આ પૈકી પ્રથમ લેખ તે જ આ છે એટલે હું ચાર મૂલાતિશયો, ચોત્રીસ અતિશયો અને દેવકૃત અતિશયો તરીકે

---

૧ આને અંગ્રેજીમાં "excellence" કહે છે. એનો અર્થ ઉત્કૃષ્ટતા—શ્રેષ્ઠતા છે.

ઓળખાવાતાં આઠ પ્રાતિહાર્યોને લગતા સાહિત્યની સમય અને સાધન અનુસાર ભાષાદીઠ નીચે પ્રમાણે નોંધ લઉં છું :-

### [ અ ] ચાર મૂલાતિશય અંગેનું સાહિત્ય

**સંસ્કૃત**—'મૂલાતિશય' એ નામ, એની સંખ્યા, એને લગતો ક્રમ તેમ જ એની આછી રૂપરેખા એ બાબતો સમભાવભાવી હરિભદ્રસૂરિએ **અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૪)માં રજૂ કરી છે.

**અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** ઉપર મલ્લિષેણસૂરિએ શકસંવત્ ૧૨૧૪ અર્થાત્ વિ. સં. ૧૩૪૯માં **સ્યાદ્વાદમંજરી** નામની જે વૃત્તિ રચી છે તેમાં પૃ. [1]૩માં ચાર મૂલાતિશયોનાં નામ અને એના ઉદ્ભવનો ઉલ્લેખ છે.

કેટલાક ગ્રંથકારોએ પોતાના કે અન્યકર્તૃક ગ્રંથોના સંસ્કૃત વિવરણમાં મૂળ ગ્રંથના મંગલ-શ્લોકમાં જો કોઇ તીર્થંકરની સ્તુતિ કરાઇ હોય તો તેમને અંગેનાં વિશેષણો કયા કયા મૂલાતિશયોનું સ્પષ્ટપણે સૂચન કરે છે તે વાત અને ચાર કરતાં ઓછા જણાય તો તેનો ઉપલક્ષણથી નિર્દેશ કરાયાની બીના દર્શાવી છે. દા. ત. ઉપર્યુક્ત હરિભદ્રસૂરિએ **અનેકાન્તજયપતાકા**ને અંગે અને 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્ર**ની સ્વોપજ્ઞ વૃત્તિમાં એટલે કે સ્વકૃત ગ્રન્થના વિવરણમાં અને મલ્લિષેણસૂરિએ હૈમ દ્વાત્રિંશિકાને અંગે એટલે કે અન્યકર્તૃક ગ્રન્થના વિવરણમાં તેમ કર્યું છે.

સોમસુન્દરસૂરિના શિષ્ય રત્નશેખરસૂરિએ **સડ્ઢવિહિ** (ગા. ૧)

---

૧ આ પૃષ્ઠાંક "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર" તરફથી પ્રકાશિત આવૃત્તિનું છે.

ઉપર વિ. સં. ૧૫૦૬માં રચેલી સ્વોપજ્ઞ વૃત્તિ નામે વિધિકૌમુદી (પત્ર ૧આ)માં કહ્યું છે કે "**श्रीवीरजिनं**" એટલાથી જ અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, પૂજાતિશય અને વચનાતિશય એ ચારે સૂચવાયા છે.

પાઇય— મૂલાતિશય કે એ જ અર્થવાચક અતિશયનું કે અન્ય કોઇ શબ્દનું પાઇય સમીકરણ કોઇ કૃતિમાં અપાયાનું જણાતું નથી. જો એમ જ હોય તો પછી એનું નિરૂપણ પાઇયમાં ક્યાંથી હોય ?

હિન્દી—શ્રીવિજયાનન્દસૂરિએ (આત્મારામજી મહારાજે) રચેલા [1]જૈનતત્ત્વાદર્શ નામના હિન્દી પુસ્તકમાં ભા. ૧, પૃ. [2]૩–૭માં મૂલાતિશયની સંખ્યા, એનાં નામો, એની રૂપરેખા, વચનાતિશયના ૩૫ ભેદો (વાણીના ૩૫ ગુણો) તેમ જ અપાયા-પગમાતિશય અને પૂજાતિશયના વિસ્તારરૂપે ૩૪ અતિશયનો ઉલ્લેખ એમ વિવિધ બાબતો રજૂ કરી છે.

ગુજરાતી—ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ પંચ-**પરમેષ્ઠિગીતા** પૃ.[3]૫૨૩માં મૂલાતિશયોની સંખ્યા અને પૃ.[4]૫૨૬માં

---

૧ આનો અંગ્રેજી અનુવાદ તૈયાર કરવા માટે મને 'પંજાબકેસરી' શ્રીવિજયવલ્લભસૂરિજીએ અનુરોધ કર્યો હતો. એ કાર્ય મેં કર્યું છે પરંતુ હજી સુધી તો એ અપ્રકાશિત છે.

૨ આ "આત્માનંદ જૈન સભા" તરફથી વિ. સં. ૨૦૧૧માં પ્રકાશિત પંચમ સંસ્કરણના પૃષ્ઠાંક છે.

૩–૪ આ ગૂર્જર **સાહિત્ય સંગ્રહ**ના પ્રથમ વિભાગના પૃષ્ઠાંક છે. એ વિભાગ ઇ. સ. ૧૯૩૬માં પ્રસિદ્ધ કરાયો છે.

એ ચારની સંક્ષિપ્ત રૂપરેખા આપી છે. રૂપરેખામાં મૂલાતિશયનો નીચે મુજબ ક્રમ રખાયો છે :—

(૧) અપાયાપગમાતિશય, (૨) જ્ઞાનાતિશય, (૩) વચનાતિશય અને (૪) પૂજાતિશય.

## ૩૫ વચનાતિશયો સંબંધી સાહિત્ય

**પાઇય—સમવાય** (સુ. ૩૫)માં સત્ય વચનના અતિશયો પાંત્રીસ હોવાનો જે ઉલ્લેખ છે એ વચનાતિશયને અંગેનો છે. એ ૩૫ અતિશયોનાં નામ કોઇ આગમમાં જણાતાં નથી એમ આ આગમની વૃત્તિ- (પત્ર ૫૯આ)માં અભયદેવસૂરિએ કહ્યું છે. એમણે કોઇ ગ્રંથમાંથી વાણીના ૩૫ ગુણોનાં નામ સંસ્કૃતમાં આપ્યાં છે. આ પછી ચોખંડા કૌંસમાં એનું સંસ્કૃતમાં જે સ્પષ્ટીકરણ છે એ અભયદેવસૂરિનું હોય એમ જણાતું નથી તો શું એ આગમોદ્ધારક આનન્દસાગરસૂરિનું લખાણ છે ?

ધર્મઘોષસૂરિએ સોળ પદ્યમાં **પણતીસજિણવાણીગુણથવણ** રચ્યું છે અને એ દ્વારા જિનવાણીના ૩૫ ગુણો અર્થાત્ ૩૫ વચનાતિશયો ગણાવ્યા છે. આ કૃતિ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૨૬૭–૨૬૮)માં છપાવાઇ છે પરંતુ પદ્ય ૪, ૬ અને ૧૬ ત્રુટક છે.

**અભિધાનચિન્તામણિ** (કાંડ ૧, શ્લો. ૬૫–૭૧)માં ૩૫ વચનાતિશયોનાં નામ અપાયાં છે અને એની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૨૨)માં એનું સ્પષ્ટીકરણ છે. એ વિવૃતિ (પૃ. ૨૧)માં "**अथ वचनातिशयानाह**" એવો ઉલ્લેખ છે.

**ગુજરાતી—જિનદેવદર્શન** (પૃ. ૨૯–૩૦)માં વાણીના ૩૫ ગુણો ગણાવાયા છે.

**હિન્દી—જૈનતત્ત્વાદર્શ** (પૃ. ૪–૬)માં **અભિધાનચિન્તામણિ** (કાંડ ૧, શ્લો. ૬૫–૭૧)માં જે વાણીના ૩૫ ગુણોનાં સંસ્કૃત નામ છે એ નામોના ઉલ્લેખપૂર્વક એના અર્થ હિન્દીમાં અપાયા છે.

અંગ્રેજી—કોઇ કોઇ અંગ્રેજી કૃતિમાં વાણીના ૩૫ ગુણો નજરે પડે છે.

### (આ) ચોત્રીસ અતિશયો સંબંધી સાહિત્ય

**પાઇય—**જૈનોના જે શ્વેતાંબર અને દિગંબર એમ બે મુખ્ય વર્ગ ગણાવાય છે તેમાં શ્વેતાંબરને માન્ય અને **વીરસંવત્** ૯૮૦ કે ૯૯૩માં પુસ્તકારૂઢ કરાયેલા **સમવાય** (સુત્ત ૩૪)માં ચોત્રીસ અતિશયોનાં નામ અદ્ધમાગહી (અર્ધમાગધી)માં અપાયા છે. તેમ કરતી વેળા 'બુદ્ધાઈસેસ' તરીકે એનો ઉલ્લેખ કરાયો છે. દિગંબર આચાર્ય કુન્દકુન્દે જઇણ સોરસેણી (જૈન શૌરસેની)માં રચેલા **નિયમસાર**ની ૭૧મી ગાથામાં ચોત્રીસ અતિશયો એવો બાંધેભારે ઉલ્લેખ કર્યો છે.

**નેમિચન્દ્રસૂરિએ** જઇણ મરહટ્ઠી (જૈન માહારાષ્ટ્રી)માં રચેલા **પવયણસારુદ્ધાર** (દાર ૪૦; ગા. ૪૪૧–૪૫૦)માં ચોત્રીસ અતિશયોનાં નામ આપ્યાં છે અને એના જન્મથી, કર્મક્ષયથી અને દેવકૃત એમ ત્રણ વિભાગ દર્શાવી એની સંખ્યા અનુક્રમે ૪, ૧૧ અને ૧૯ હોવાનું કહ્યું છે.

[1]**ચઉતીસજિણાઇસયથવણ** કિંવા **ચઉતીસાતિસયથોત્ત**

---

૧. આ કૃતિ સંસ્કૃત છાયા અને મારા ગુજરાતી અનુવાદ સહિત "ચઉતીસજિણાઇસયથવણ (ચતુર્વિંશતિજિનાતિશયસ્તવન) સાનુવાદ" નામના મારા લેખમાં રજૂ કરાઇ છે. આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ. ૭૭, અં. ૬–૭)માં છપાયો છે.

નામની તેર ગાથાના અજ્ઞાતકર્તૃક સ્તોત્રમાં ૩૪ અતિશયોનાં નામ અપાયાં છે. આ સ્તોત્ર **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૮૧-૮૨)-માં છપાવાયું છે. આની ગાથા ૨–૩ [1]પ્રદ્યુમ્નસૂરિકૃત **વિયારસાર** (વિયારલેસપયરણ)ની ગા. ૧૧૨–૧૧૩ રૂપે જોવાય છે અને ગા. ૪–૧૦ અને ગા. ૧૨ આ **વિયારસાર**ની ગા. ૧૫૧–૧૫૮ રૂપે જોવાય છે.

**સંસ્કૃત—સમવાય** નામના જૈન શ્વેતાંબર આગમ ઉપર અભયદેવસૂરિએ વિ. સં. ૧૧૨૦માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એમાં (પત્ર [2]૫૮અ–૫૯આ)માં ચોત્રીસ અતિશયોની સમજણ અપાઇ છે. વિશેષમાં એના ત્રણ વર્ગનું તેમ જ અતિશયોનાં નામ પરત્વેના મતાંતરનું સૂચન કરાયું છે. એમણે ચાર અતિશયો ભવ(જન્ય) આશ્રીને છે, પંદર કર્મક્ષયથી ઉદ્ભવેલા છે અને પંદર દેવકૃત છે એમ ત્રણ વર્ગ પાડ્યા છે.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિન્તામણિ** (કાંડ ૧, શ્લો. ૫૭-૬૪)માં ચોત્રીસ અતિશયો ગણાવ્યા છે અને એની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૧૯–૨૧)માં એની સમજણ આપી છે. વિશેષમાં એના ત્રણ વર્ગ ઉપર મુજબ પાડ્યા છે પરંતુ એની સંખ્યા ૪, ૧૧ અને ૧૯ની દર્શાવી છે અને અતિશયો પરત્વે મતાંતર હોવાનો ઉલ્લેખ કર્યો છે.

---

૧. એઓ **ધર્મ**ઘોષસૂરિના શિષ્ય દેવપ્રભસૂરિના શિષ્ય થાય છે અને એમનો સત્તાસમય વિક્રમની ચૌદમી સદી છે.

૨. આ શ્રી૦ **મ**ફતલાલ ઝવેરચંદ દ્વારા સંપાદિત આવૃત્તિના પત્રાંક છે. એમાં પ્રકાશકનું નામ અપાયેલ નથી.

કોઇ કે પાંચ પદ્યનો **જિનચતુસ્રિંશદતિશયસ્તવ** રચ્યો છે અને એ D C G C M (Vol. XIX, sec. 1, pt. 1, pp. 211–212)માં છપાયો છે.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિકૃત **વીતરાગસ્તોત્ર**ના બીજા, ત્રીજા અને ચોથા પ્રકાશમાં અનુક્રમે ૪, ૧૧ અને ૧૪ અતિશયોનું અને પાંચમા પ્રકાશમાં આઠ પ્રાતિહાર્યો દ્વારા બાકીના પાંચનું આલંકારિક વર્ણન છે.

**યોગશાસ્ત્ર** (પ્ર. ૧૧, શ્લો. ૨૪-૪૭)માં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ તીર્થંકરને ઉદ્ભવતી વિભૂતિઓ તરીકે ચાર સહજ અતિશયો સિવાયના ત્રીસ અતિશયોનું આલંકારિક વર્ણન છે. આવું વર્ણન **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** (પર્વ ૧, સ. ૬. શ્લો. ૫૩–૭૩)માં છે.[1]

**પવયણસારુદ્ધાર** ઉપર સિદ્ધસેનસૂરિએ વિ. સં. ૧૨૪૮ કે પછી ૧૨૭૮ (કરિ–સાગર–રવિ)માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એનાં પત્ર ૧૦૮અ–૧૦૯આમાં ૩૪ અતિશયોની સમજણ અપાઇ છે અને સાથે સાથે ઉલ્લેખ છે કે અતિશયોનાં નામ બાબત **સમવાય**થી જે ભિન્નતા જોવાય છે તે મતાંતરને આભારી છે.

કોઇકે પાંચ પદ્યમાં [2]**જિનચતુસ્રિંશદતિશયસ્તવ** રચ્યો છે.

---

૧ અહીં કૌશલિક ઋષભદેવ કેવલી બન્યા બાદ '**અષ્ટાપદ**' તરફ વિહાર કરે છે તે સમયના એમના ત્રીસ **અતિશયો**નું વર્ણન છે.

૨ આ સંસ્કૃત કૃતિ "જિનચતુસ્રિંશદતિશયસ્તવ (સાનુવાદ)" નામના મારા લેખમાં રજૂ કરાઇ છે. આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ. ૭૭, અં. ૮)માં પ્રસિદ્ધ કરાયો છે.

હિન્દી—**જૈનતત્ત્વાદર્શ** (પૃ. ૭–૮)માં ૩૪ અતિશયોનાં નામ અપાયાં છે અને અંતમાં કહ્યું છે કે મતાંતર અને વાચનાંતરમાં કોઇ કોઇ અતિશયનો ભિન્ન પ્રકારે પણ ઉલ્લેખ છે.

ગુજરાતી—ન્યાયાચાર્યે **સુપાર્શ્વનાથજિન સ્તવનમાં** ચોત્રીસ અતિશયોના સહજ, કર્મક્ષયજ અને દેવકૃત એમ ત્રણ વર્ગ અને એને અંગેની સંખ્યાનો નિર્દેશ કર્યો છે જ્યારે **પંચપરમેષ્ઠિગીતા** (પૃ ૧૨૩–૧૨૪)માં ચોત્રીસ અતિશયોનાં નામ દર્શાવ્યાં છે

**પદ્મવિજયે** ઋષભદેવના સ્તવનમાં ચોત્રીસ અતિશયોનો બાંધેભારે ઉલ્લેખ કરી એનું વર્ગીકરણ સૂચવીને ચાર સહજ અતિશયોનું સંક્ષિપ્ત વર્ણન કર્યું છે. એમણે શાન્તિનાથના સ્તવનમાં દેવકૃત ૧૯ અતિશયોનાં નામ આપ્યાં છે.

"તીર્થંકરની વિભૂતિ" નામની મારી કવિતામાં મેં અભયદેવસૂરિ વગેરેની અતિશયોને લગતી વિચારણાને સ્થાન આપ્યું છે. સાથે સાથે દિગંબર માન્યતાનો નિર્દેશ કર્યો છે.

**શોભન** મુનિકૃત **સ્તુતિચતુર્વિંશતિકાના** મારા સ્પષ્ટીકરણ (પૃ. ૨૯૨–૨૯૫)માં ત્રણ ગઢનું વર્ણન છે અને પૃ. ૨૯૬માં ધર્મ-ધ્વજાદિ વિષે નિર્દેશ છે.

અંગ્રેજી—ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના મિસ ડૉ. હેલેન જોન્સને કરેલા અંગ્રેજી અનુવાદ ( Vol. I, pp. 5–6 )માં ચોત્રીસ અતિશયોનું અંગ્રેજીમાં નિરૂપણ છે.

## [ ઈ ] આઠ પ્રાતિહાર્યોને અંગેનું સાહિત્ય

પાઇય—**પવયણસારુદ્ધાર** (દ્વાર ૩૯)ની ૪૪૦મી ગાથા આઠ પ્રાતિહાર્યોનાં નામ પૂરાં પાડે છે. એ ગાથા કોઇ પુરોગામીની

કૃતિમાંથી ઉદ્ધૃત કરાયેલી હોવાની શંકા રહે છે. **વિચારસાર**ની ૪૬૧મી ગાથા તે આ જ છે.

**સંસ્કૃત—અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૪)માં આઠ પ્રાતિહાર્યોનાં નામ રજૂ કરતું એક અવતરણ અપાયું છે. સિદ્ધસેન દિવાકરે **કલ્યાણમન્દિરસ્તોત્ર** (શ્લો. ૧૯–૨૨)માં અને માનતુંગસૂરિએ **ભક્તામરસ્તોત્ર** (શ્લો. ૨૮–૩૧)માં અનુક્રમે આઠ અને ચાર પ્રાતિહાર્યોનું આલંકારિક વર્ણન કર્યું છે. **વીતરાગસ્તોત્ર** (પ્રકાશ ૫)માં આઠે પ્રાતિહાર્યોનું વર્ણન છે.

**પવયણસારુદ્ધાર** ( ગા. ૪૪૦ )ની વૃત્તિ (પત્ર ૧૦૬અ–૧૦૭આ)માં આઠ પ્રાતિહાર્યોનું ગદ્યમાં વિસ્તૃત વર્ણન છે.

છ પદ્યનું જે **સાધારણજિનસ્તવન જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૨૩–૨૪ માં છપાવાયું છે તેમાં આઠ પ્રાતિહાર્યોનું વર્ણન છે. એને લઇને હું એને "પ્રાતિહાર્યસ્તવન" જેવું નામ આપવા લલચાઉં છું. આના કર્તા પાર્શ્વચન્દ્રસૂરિ છે કે કેમ એવો પ્રશ્ન ઉઠાવાયો છે.

જિનપ્રભસૂરિએ દસ પદ્યમાં **પાર્શ્વનાથપ્રાતિહાર્યસ્તવન** રચ્યું છે. એ મારા ગુજરાતી અનુવાદ સહિત "ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ" ( ભા. ૨, પૃ. ૧૬૨–૧૬૪ )માં છપાવાયું છે. પૃ. ૧૬૦–૧૬૨માં એક અજ્ઞાતકર્તૃક કૃતિમાં શ્લો. ૧૨–૧૯માં પ્રાતિહાર્યોનું પદ્યાત્મક સ્તવન છે. એ પણ મારા ગુજરાતી અનુવાદ સહિત અહીં અપાયું છે. આ ઉપરાંત જિનસુન્દરસૂરિકૃત **સીમન્ધરસ્વામિસ્તવન** (શ્લો. ૨–૬), જિનપ્રભસૂરિકૃત **વીરપંચકલ્યાણકસ્તવન** (શ્લો. ૧૯–૨૬),

જ્ઞાનસાગરસૂરિકૃત પાર્શ્વજિનસ્તવ (શ્લો. ૭–૧૪) તેમ જ સહજમણ્ડનગણિકૃત સીમન્ધરસ્વામિસ્તોત્ર (શ્લો. ૭–૧૪) આઠે પ્રાતિહાર્યોનું પદ્યાત્મક વર્ણન પૂરું પાડે છે.

ગુજરાતી—ન્યાયાચાર્યકૃત પંચપરમેષ્ઠિગીતાના પૃ. પ૨૩માં પ્રાતિહાર્યોની આઠની સંખ્યા દર્શાવાઈ છે જ્યારે પૃ. પ૨૬માં એનાં નામ ગણાવાયાં છે. શોભન મુનિકૃત સ્તુતિચતુર્વિંશતિકામાં આઠે પ્રાતિહાર્યો વિષેનું મારું સ્પષ્ટીકરણ છપાયું છે. તે પ્રાતિહાર્યનાં નામ પૃષ્ઠાંક સહિત હું અહીં નીચે મુજબ દર્શાવું છું :—

| પ્રાતિહાર્ય | પૃષ્ઠાંક | પ્રાતિહાર્ય | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| સુરપુષ્પવૃષ્ટિ | ૨૯૧–૨૯૨ | છત્ર | ૨૯૬ |
| અશોક વૃક્ષ | ૨૯૫ | ભામંડળ | ૨૯૬ |
| સિંહાસન | ૨૯૫–૨૯૬ | દુન્દુભિ | ૨૯૬ |
| ચામર | ૨૯૬ | દિવ્ય ધ્વનિ | ૨૯૫ |

હિન્દી—શ્રીવિજયાનન્દસૂરિએ ઉર્ફે આત્મારામજી મહારાજે વિ. સં. ૧૯૫૧માં [1]'તત્ત્વનિર્ણયપ્રાસાદ' નામનો જે ગ્રન્થ રચ્યો છે તેમાં "कङ्किल्लिकुसुम"થી શરૂ થતું પદ્ય આપી એમાં દર્શાવાયેલાં આઠ પ્રાતિહાર્યોની સમજણ આપી છે.

## (આ) ચાર મૂલાતિશયો

અર્થ—'મૂલાતિશય' એ 'મૂલ' અને 'અતિશય' એ બે સંસ્કૃત શબ્દો ઉપરથી બનાવાયેલો સમાસ છે 'મૂલ'ના વિવિધ

---

૧. આ ગ્રન્થ અમરચન્દ્ર પી પરમારે ઇ. સ. ૧૯૦૨માં પ્રસિદ્ધ કર્યો છે.

અર્થ થાય છે: મૂળિયું, શરૂઆત, પ્રથમ, મુખ્ય, પાયો, અમલ ઇત્યાદિ. 'અતિશય' એ 'અતિ' ઉપસર્ગપૂર્વકના 'શી' ધાતુ ઉપરથી બનાવાયેલો શબ્દ છે. એના પુષ્કળ અને અધિકતા—ઉત્કૃષ્ટતા એમ વિવિધ અર્થો થાય છે. પ્રસ્તુતમાં 'મૂલાતિશય'નો અર્થ મુખ્ય–પાયાનો અતિશય (fundamental excellence) હોય એમ લાગે છે. 'મૂલાતિશય'નો અર્થ કોઇ વિશેષતઃ પ્રાચીન કૃતિમાં દર્શાવાયો છે ખરો અને હોય તો તે કઇ ?

'મૂલાતિશય' એ અર્થમાં 'અતિશય' શબ્દ પણ કોઇ કોઇ વાર વપરાયેલો જોવાય છે. દા. ત. 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્ર-સૂરિએ **યોગશાસ્ત્ર** ( પ્રકાશ ૧, શ્લો. ૧ )ની સ્વોપજ્ઞ વૃત્તિ(પત્ર ૧આ)માં તેમ જ મલ્લિષેણસૂરિએ **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** (શ્લો. ૧)ની વૃત્તિ નામે **સ્યાદ્વાદમંજરી**(પૃ. ૪)માં તેમ કર્યું છે.

**સંખ્યા**—મૂલાતિશય ચાર છે.

**નામ અને ક્રમ**—**અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૪)માં ચાર મૂલાતિશયનાં નામ નીચે મુજબના ક્રમે દર્શાવાયાં છે :–

(૧) અપાયાપગમાતિશય, (૨) જ્ઞાનાતિશય, (૩) પૂજાતિશય અને (૪) વચનાતિશય.

આ ક્રમ તો કર્તાએ આદ્ય પદ્યમાં 'શ્રમણ ભગવાન' મહા-વીરસ્વામી માટે વાપરેલાં ચાર વિશેષણોના ક્રમ અનુસાર છે. અન્યત્ર અન્ય ક્રમ પણ જોવાય છે. દા. ત. **ભક્તામરસ્તોત્ર** ઉપર વિ. સં. ૧૪૨૬માં ગુણાકરસૂરિએ રચેલી અભિનવવૃત્તિના આદ્ય પદ્યમાં પૂજાતિશય, જ્ઞાનાતિશય, વચોઽતિશય અને અપાયાપગમાતિશયનો ઉલ્લેખ છે.

**અપાયાપગમાતિશય**—'અપાય' એટલે ઉપદ્રવ, સંકટ કિંવા અનિષ્ટ અને 'અપગમ' એટલે વિનાશ. અપાય બે પ્રકારના છેઃ (૧) સ્વાશ્રયી અને (૨) પરાશ્રયી. સ્વાશ્રયી પોતાને આશ્રીને છે અને પરાશ્રયી પારકાને આશ્રીને છે. સ્વાશ્રયી અપાયના દ્રવ્યથી અને ભાવથી એમ બે ભેદ પડે છે. દ્રવ્યથી સ્વાશ્રયી અપાય એટલે રોગો અને ભાવથી સ્વાશ્રયી અપાય એટલે અન્તરાયાદિ અરાઢ દોષો. તીર્થંકરને એઓ સર્વજ્ઞ–દશા પ્રાપ્ત કરે ત્યાર બાદ પ્રાયઃ રોગ થાય નહિ તેમ જ એમનામાં અંતરંગ દોષોનો અભાવ સર્વથા હોય. આ અપેક્ષાએ એમનામાં બંને પ્રકારના અપાયના અપગમની ઉત્કૃષ્ટતા છે. એથી એમને સ્વાશ્રયી અપાયા-પગમાતિશયવિભૂષિત કહેવામાં આવે છે. આ જ અતિશયને લઇને પવનની અને સર્વ ઋતુઓની અનુકૂળતા રહે એમ ભાસે છે. માર્ગમાં કાંટાઓની અધોમુખતા પણ શું આ જ અતિશયને આભારી ગણાય કે પૂજાતિશયને એ વિચારવું ઘટે.

પરાશ્રયી અપાયાપગમાતિશયને લઇને અન્ય જનોના ઉપદ્રવો નાશ પામે છે. જેમકે આસપાસના વિસ્તારમાંના જ્વરાદિ રોગનો નાશ, પરસ્પરના વેરભાવની શાંતિ, ખેતરના પાકનો નાશ કરનારા તીડ વગેરેનો—ઈતિઓનો અભાવ, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિનો—દુકાળનો અભાવ તેમ જ સ્વચક્રના અને પરચક્રના ભયનો અસંભવ.

**જ્ઞાનાતિશય**—આનો અર્થ જ્ઞાનની ઉત્કૃષ્ટતા એટલે કે સર્વજ્ઞતા છે.

**પૂજાતિશય**—તીર્થંકરની ભક્તિ નિમિત્તે દેવો જે કાર્યો પ્રતિહાર તરીકે કે અન્યાન્ય પ્રકારે કરે છે તે આ અતિશયને આભારી છે. આવાં કાર્યો નીચે મુજબ છે :–

અશોક વૃક્ષની રચના કરવી, પુષ્પોની વૃષ્ટિ કરવી, તીર્થંકરના અવાજને વીણાદિ વગાડી એ વધારવો, ચામરો વીંઝવા, પાદપીઠ સહિત સિંહાસન અને ભામંડલ માટે પ્રબંધ કરવો, દુન્દુભિ વગાડવી, છત્રો ધારણ કરવાં, ધર્મચક્ર, ધ્વજ અને સુવર્ણકમળની રચના કરવી, ત્રણ ગઢ રચવા, ગંધોદકની વૃષ્ટિ કરવી, તીર્થંકરનાં કેશ, દાઢી, મૂછ અને નખોને અવસ્થિત રાખવાં, અનેક દેવોએ તહેનાતમાં રહેવું ઇત્યાદિ

**વચનાતિશય**—વચનાતિશયો અનંત છે એટલે એ બધાનાં નામ ન મળે. આથી વાણીના ૩૫ ગુણોને એના પાંત્રીસ પ્રકારો તરીકે ઓળખાવાય છે. એનાં નામ **સમવાય** (સુત્ત ૩૫)માં દર્શાવાયાં નથી, જો કે એમાં નીચે મુજબ ઉલ્લેખ છે :—

" **पणतीसं सच्चवयणाइसेसा पण्णत्ता** ".

આની વૃત્તિ ( પત્ર ૫૯અ )માં અભયદેવસૂરિએ કહ્યું છે કે સત્ય વચનના અતિશયો આગમમાં જોવામાં આવ્યા નથી પરંતુ ગ્રન્થાન્તરમાં વચન નીચે મુજબ હોવાનું જોવાય છે :—

૧ સંસ્કારવાળું, ૨ ઉદાત્ત, ૩ ઉપચારથી યુક્ત (અગ્રામ્ય) ૪ ગંભીર શબ્દવાળું, ૫ પડઘો પડે તેવું, ૬ સરળ, ૭ (માલકોશ વગેરે ગ્રામ) રાગથી યુક્ત, ૮ મોટા અર્થવાળું, ૯ પૂર્વાપરનો સંબંધ હણાય નહિ એવું, ૧૦ શિષ્ટ, ૧૧ સન્દેહથી રહિત, ૧૨ અન્યના ઉત્તરને હણનારું (અન્યના દૂષણને નહિ જણાવનારું), ૧૩ હૃદયંગમ, ૧૪ દેશ અને કાળને અનુસરતું, ૧૫ તત્ત્વને (સ્વરૂપને) અનુરૂપ, ૧૬ સારા સંબંધવાળા વચનના વિસ્તારવાળું (અસંબંધ અને અનધિકારિતાના વિસ્તારથી મુક્ત), ૧૭ પરસ્પર સંબંધવાળું, ૧૮ અભિજાત, ૧૯ અતિશય સ્નિગ્ધ

અને મધુર, ૨૦ બીજાના મર્મને નહિ વીંધનારું, ૨૧ અર્થ અને ધર્મના અભ્યાસથી યુક્ત, ૨૨ ઉદાર, ૨૩ પરની નિન્દાથી અને પોતાના ઉત્કર્ષના સૂચનથી રહિત, ૨૪ પ્રશંસાને પામેલું, ૨૫ કારક, કાળ, વચન, લિંગ વગેરેના વ્યત્યયના દોષથી રહિત, ૨૬ અવિચ્છિન્ન કુતૂહલને ઉત્પન્ન કરનારું, ૨૭ અદ્ભૂત, ૨૮ અત્યંત વિલંબથી રહિત, ૨૯ વિભ્રમ, વિક્ષેપ અને ક્રોધાદિ ભાવથી રહિત, ૩૦ અનેક જાતિના આશ્રયથી વિચિત્ર, ૩૧ વિશેષતાને પ્રાપ્ત કરે તેવું, ૩૨ આકારને પ્રાપ્ત કરે તેવું, ૩૩ સત્ત્વને ગ્રહણ કરનારું, ૩૪ ખેદથી રહિત અને ૩૫ વિચ્છેદ વિનાનું.

આ પૈકી પહેલા સાત અતિશયો શબ્દની અપેક્ષાએ છે જયારે બાકીના અઠ્ઠાવીસ અર્થની અપેક્ષા છે એમ કૌંસગત વૃત્તિમાં દર્શાવાયું છે. વિશેષમાં ઉપર્યુક્ત ૩૫ અતિશયો પૈકી ઘણાખરાનું સ્પષ્ટીકરણ અપાયું છે.

**જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૨૬૭-૨૬૮)માં જિનવાણીના ૩૫ ગુણો ગણાવતી સોળ પદ્યની જ. મ.માં રચાયેલી એક કૃતિ છપાયેલી છે. એ ધર્મઘોષસૂરિની રચના છે.

## ( ६ ) ચોત્રીસ અતિશયો

**સમવાય** નામના જૈન આગમની બે વાચાના જોવાય છે: (૧) બૃહત્ અને (૨) લઘુ. તેમાં 'બૃહત્' વાચના અનુસાર એ આગમના ચોત્રીસમા સમવાયમાં–ચોત્રીસમા સુત્તમાં તીર્થંકરના ચોત્રીસ અતિશયોનાં નામ નીચે મુજબના ક્રમથી એક પછી એક અપાયાં છે:—

(૧) કેશ, દાઢી અને મૂછના વાળ તેમ જ રુવાંટી અને નખ અવસ્થિત રહે—વધે નહિ.

(૨) શરીર રોગથી મુક્ત અને મેલથી રહિત હોય છે.

(૩) માંસ અને લોહી (એ બંને) ગાયના દૂધ જેવાં શ્વેત હોય છે.

(૪) ઉચ્છ્‌વાસ અને નિ:શ્વાસ પદ્મ અને (નીલ) કમળની જેમ સુગંધી હોય છે.

(૫) આહાર અને નીહાર ચર્મચક્ષુવાળાને અદૃશ્ય હોય છે.

(૬ આકાશમાં રહેલું એવું ચક્ર હોય છે.

(૭) આકાશમાં રહેલું એવું છત્ર હોય છે.

(૮) આકાશમાં રહેલા એવા શ્વેત અને ઉત્તમ ચામરો હોય છે.

(૯) આકાશ જેવું (સ્વચ્છ) તથા સ્ફટિક (મણિમય) પાદપીઠ સહિત સિંહાસન હોય છે.

(૧૦) આકાશમાં રહેલો એક હજાર પતાકાથી વિભૂષિત અને મનોહર ઇન્દ્રધ્વજ (પ્રભુની) આગળ ચાલે છે.

(૧૧) જ્યાં જ્યાં તીર્થંકર ઊભા રહે કે બેસે ત્યાં ત્યાં તત્કાળ પત્ર, પુષ્પ અને પલ્લવથી યુક્ત તેમ જ છત્ર, ધ્વજ, ઘંટ અને પતાકા સહિત ઉત્તમ અશોક વૃક્ષ હોય છે.

(૧૨) કંઇક પાછળના ભાગમાં મુગટને સ્થાને પ્રભામંડળ (ભામંડળ) હોય છે કે જે અંધકારમાં પણ દસે દિશાઓને પ્રકાશિત કરે છે.

(૧૩) બહુ સરખો (સમતલ) અને રમણીય ભૂમિભાગ હોય છે.

(૧૪) (માર્ગમાં) કાંટાઓ નીચા મુખવાળા થઇ જાય છે.

(૧૫) વિપરીત ઋતુઓ અનુકૂળ બને છે.

(૧૬) શીતળ, શુભ સ્પર્શવાળો અને સુગંધી વાયુ એક યોજનના પરિમંડલને બધી બાજુએથી સ્વચ્છ કરે છે.

(૧૭) મેઘ ઉચિત જળબિન્દુઓ વડે રજ અને રેણુને બેસાડી દે છે. અભયદેવસૂરિએ આનો અર્થ 'ગંધોદકની વૃષ્ટિ' કર્યો છે.

(૧૮) જળ અને સ્થળમાં ઉત્પન્ન થયેલાં, તેજસ્વી, નીચા ડીંટડીવાળાં અને પાંચ વર્ણનાં પુષ્કળ પુષ્પોનો ઢીંચણ સુધી (દેવ) ઢગલો કરે છે.

(૧૯) અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો અભાવ હોય છે.

(૨૦) મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો પ્રાદુર્ભાવ થાય છે.

(૨૧) ધર્મોપદેશ આપતી વેળા તીર્થંકરનો સ્વર હૃદયંગમ અને એક યોજન સુધી વ્યાપી રહેલો હોય છે.

(૨૨) પ્રભુ અદ્ધમાગહી (અર્ધમાગધી) ભાષામાં ધર્મનું કથન કરે છે.

(૨૩) એ અદ્ધમાગહી ભાષા બોલતાં એ ભાષા, સર્વ આર્ય અને અનાર્યને, દેશમાંના દ્વિપદ (મનુષ્યો), ચતુષ્પદ, વનનાં તેમ જ નગરનાં પશુ, પક્ષી, સરીસૃપ ઇત્યાદિ જીવોને હિતકારી, કલ્યાણકારી અને સુખદ ભાષારૂપે પરિણમે છે.

(૨૪) પૂર્વે વેર બાંધેલા જીવો તેમ જ દેવ, દાનવ, નાગ, સુપર્ણ, યક્ષ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગન્ધર્વ અને

મહોરગ તીર્થંકરના ચરણ આગળ રહીને પ્રસન્ન ચિત્તે ધર્મ સાંભળે છે.

(૨૫) ત્યાં આવેલા અન્ય તીર્થના પ્રાવચનિકો પણ પ્રભુને વંદન કરે છે

(૨૬) ત્યાં આવેલા અન્ય તીર્થના પ્રાવચનિકો તીર્થંકર આગળ નિરુત્તર બને છે.

(૨૭-૩૩) જ્યાં જ્યાં અરિહંત ભગવાન વિચરે છે ત્યાં ત્યાં પચ્ચીસ યોજન સુધી ઈતિ, મારિ (મરકી), સ્વચક્ર-(નો ભય). પરચક્ર(નો ભય), અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ તેમ જ દુકાળ હોતાં નથી.

(૩૪) પૂર્વે થયેલા [1]ઔત્પાતિક અનર્થો અને રોગો સત્વર નાશ પામે છે.

સમવાય ઉપર અભયદેવસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એમાં આ અતિશયોને અંગે કેટલુંક લખાણ છે. તેમાં નીચે મુજબની બાબતો નોંધપાત્ર જણાય છે :—

વાચનાભેદ—કાળા અગર, શ્રેષ્ઠ ચીડા અને સિલ્હકના ધૂપ વડે મઘમઘતી સુગંધ વડે અત્યંત રમણીય એવું પ્રભુને બેસવાનું સ્થાન હોય છે. એ ૧૯મો અતિશય છે.

કટક અને ત્રુટિત એ બે અલંકારો ખૂબ જ પહેરેલાં હોવાથી સ્તંભિત બનેલા હાથવાળા બે યક્ષો અરિહંત ભગવાનની બન્ને બાજુએ (રહી) ચામર વીંઝે છે. એ ૨૦ મો અતિશય છે.

---

૧. અનિષ્ટસૂચક રુધિરવૃષ્ટિ વગેરેના કારણરૂપ.

આ બે અતિશયો બૃહદ્વાચનામાં કહ્યા નથી.[૧]

અધિક અર્થ—કેટલાક અતિશયના અધિક અર્થ પણ દર્શાવાયા છે. જેમ કે ચોથા અતિશયનો અર્થ એમ પણ કરાયો છે કે ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ પદ્મક અને ઉત્પલકુષ્ઠ એવા બે ગંધ-દ્રવ્યની સુગંધથી યુક્ત હોય છે.

પ્રકાશવાળું ચક્ર એટલે કે ધર્મચક્ર હોય છે એમ છઠ્ઠા અતિશય પરત્વે કહ્યું છે.

વર્ગીકરણ—ચોત્રીસ અતિશયોના નીચે મુજબ ત્રણ વર્ગો પડાયા છે:—

(૧) જન્મ આશ્રીને, (૨) કર્મક્ષયથી ઉદ્ભવેલા અને (૩) દેવોએ કરેલા.

પ્રથમ વર્ગમાં બીજાથી પાંચમા સુધીના ચાર અતિશયો છે.

દ્વિતીય વર્ગમાં એકવીસમાંથી છેવટ સુધીના ચૌદ તેમ જ 'પ્રભામંડળ' નામનો બારમો એમ પંદર અતિશયો છે.

તૃતીય વર્ગમાં બાકીના (પંદર) અતિશયો છે એટલે કે પહેલો, છઠ્ઠાથી અગિયારમા સુધીના તેમ જ તેરમાથી વીસમા સુધીના છે.

સંભાવના—'કુડભિ'નો અર્થ 'લઘુ પતાકા' સંભવે છે.

મતાંતર—અતિશયો સંબંધી મતાંતર છે. (એ શો છે તે કહ્યો નથી.)

---

૧. આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે અતિશયોને અંગે બે વાચના છે. બંને વાચનામાં ૧૯મા અને ૨૦મા અતિશય સિવાયના બત્રીશ અતિશયો સરખા જ છે. આ બે જ ભિન્ન છે.

સ્પષ્ટીકરણ—આહાર અને નીહાર અવધિજ્ઞાની જેવા નેત્રવાળા વગેરે જીવો તો જોઈ શકે.

ઇન્દ્રધ્વજ—બીજા ધ્વજોની અપેક્ષાએ આ ધ્વજ અત્યંત મોટો હોવાથી ઇન્દ્ર એવો જે ધ્વજ તે 'ઇન્દ્રધ્વજ' અથવા ઇન્દ્રપણાને સૂચવનારો ધ્વજ તે 'ઇન્દ્રધ્વજ' એમ ઇન્દ્રધ્વજ વિષે સમજણ અપાઈ છે.

'સંવર્ત' વાયુ—આ વડે એક યોજન સુધીની ભૂમિ શુદ્ધ થાય છે.

સત્તરમો અતિશય તે 'ગન્ધોદકની વૃષ્ટિ' નામનો અતિશય છે.

અર્ધમાગધી ભાષા—આ અત્યંત કોમળ છે.

'ઈતિ'—ધાન્ય વગેરેને ઉપદ્રવ કરનાર ઉંદર વગેરે પ્રાણીઓ, એમ ઈતિનો અર્થ કરાયો છે.

## ચોત્રીસ અતિશયો

પવયણસારુદ્ધાર—આની ગા. ૪૪૧-૪૫૦માં ચોત્રીસ અતિશયોનાં નીચે મુજબનાં નામ એના સહજ, કર્મક્ષયજ અને દેવકૃત એવા ત્રણ વિભાગ પાડીને અને એ પ્રત્યેકની સંખ્યા અનુક્રમે ૪, ૧૧ અને ૧૯ ગણાવી રજૂ કરાયાં છે.

ચાર સહજ અતિશયો—(૧) મેલ, રોગ અને પરસેવા રહિત શરીર, (૨) શ્વેત માંસ અને શ્વેત લોહી, (૩) આહાર અને નીહારની અદૃશ્યતા અને (૪) સુગંધી [1]શ્વાસ.

---

૧. આથી ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ બંને સમજવાં કેમકે એ પ્રમાણે **અભિધાનચિન્તામણિ**ગત અતિશયોના સ્પષ્ટીકરણમાં—એની સ્વોપજ્ઞ વિવૃતિમાં અર્થ કરાયો છે.

કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા અગિયાર અતિશયો—

( ૫ ) એક યોજન જેટલા ક્ષેત્રમાં ત્રણે જગતના જીવો ઘણા હોવા છતાં સમાય છે.

( ૬ ) મનુષ્યો, તિર્યંચો અને દેવોને ( પ્રભુની ) વાણી પોતપોતાની ભાષામાં ધર્માવબોધક બને છે.

( ૭ ) પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો નાશ પામે છે.

( ૮ ) વેર હોતા નથી.

( ૯–૧૪ ) દુકાળ, વિપ્લવ, દુષ્ટ મારિ, ઈતિ, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ ( એ છ ) હોતાં નથી.

( ૧૫ ) અનેક સૂર્યને જીતનારો એવો ભામંડલનો પ્રકાશ પ્રસરે છે.

દેવકૃત ઓગણીસ અતિશયો— ( ૧૬ ) પાદપીઠ સહિત મણિનું બનાવેલું સિંહાસન, ( ૧૭ ) ત્રણ છત્રો, ( ૧૮ ) ઇન્દ્રધ્વજ, ( ૧૯ ) શ્વેત ચામર અને ( ૨૦ ) ધર્મચક્ર. આકાશમાં રહેલાં આ પાંચે જગદ્‌ગુરુની સાથે વિચરે છે.

( ૨૧ ) અશોક( વૃક્ષ )નો પ્રાદુર્ભાવ થાય છે અને એ પ્રભુ જયાં હોય ત્યાં રહે છે.

( ૨૨ ) ચાર મુખવાળી મૂર્તિ.

( ૨૩ ) મણિ, સુવર્ણ અને રૂપાનાં ( અનુક્રમે ) ત્રણ ગઢ.

( ૨૪ ) સુવર્ણનાં નવ કમળો.

( ૨૫ ) કાંટા અધોમુખવાળા બને છે.

( ૨૬ ) કેશ, રુવાંટી અને નખ સદા યે અવસ્થિત રહે છે.

( ૨૭ ) ઇન્દ્રિયોના પાંચે વિષયો હૃદયંગમ હોય છે.

( ૨૮ ) છ યે ઋતુઓ મનોરમ રહે છે.

( ૨૯ ) ગન્ધોદકની વૃષ્ટિ.

( ૩૦ ) પાંચ વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ.

( ૩૧ ) ( ચાષ, મોર વગેરે ) પક્ષીઓ પ્રદક્ષિણા કરે છે.

( ૩૨ ) પવન પણ પ્રભુને અનુકૂળ વાય છે.

( ૩૩ ) વૃક્ષો નમન કરે છે.

( ૩૪ ) ગંભીર અવાજવાળી દુન્દુભિઓ વાગે છે.

ઉપર્યુક્ત પવયણસારુદ્ધારની વૃત્તિ (પત્ર ૧૦૮અ–૧૦૯–અ)માં આ અતિશયોનું સ્પષ્ટીકરણ છે. એમાં જે બાબતો નોંધપાત્ર જણાય છે તે હું અતિશયના ક્રમાંકપૂર્વક દર્શાવું છું :–

૧. ઉપલક્ષણથી અલૌકિક રૂપ, ગન્ધ અને રસ સમજવાનાં છે.

૨. માંસ તેમ જ લોહી પણ ગાયના દૂધ જેવા શ્વેત અને દુર્ગંધ વિનાનાં હોય છે.

૩. ( આહાર અને નીહાર એ ) માંસ–લોચનવાળાને અદૃશ્ય હોય, નહિ કે અવધિજ્ઞાન વગેરેરૂપ નેત્રવાળાને.

૪. વિકસ્વર કમળના જેવો સુગંધી.

અગિયાર અતિશયો જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિકર્મના ક્ષયથી થાય છે.

૫. સમવસરણમાં જીવો પરસ્પર બાધ ન આવે એવી રીતે સમાય છે.

૬. પ્રભુની યોજનવ્યાપિની વાણી એક જ રૂપે હોવા છતાં મેઘમાંથી પડેલા જળની જેમ જીવોના આશય અનુસાર પરિણામે છે. દેવોને દેવોની ભાષારૂપે, તિર્યંચોને તિર્યંચોની અને શબરને શબરની ભાષારૂપે પરિણમે છે. આ પ્રકારનો અદ્ભુત અતિશય ન હોય તો સમકાળે અનેક જીવો ઉપર ઉપકાર થઈ શકે નહિ.

૭. જ્વરનો અને અરોચકનો રોગ તરીકે ઉલ્લેખ છે.

૭. જે રોગ ન થયા હોય તે થાય નહિ.

૧૦. સ્વચક્રે અને પરચક્રે કરેલો વિપ્લવ.

૧૧. દુષ્ટ દેવતાદિએ કરેલું અને વ્યાપક મરણ તે 'દુર્મારિ' છે.

ઇતિ એટલે ધાન્યાદિનો નાશ કરનારા પુષ્કળ તીડ, પોપટ, ઉંદર વગેરે.

જ્યાં જ્યાં પ્રભુ વિચરે ત્યાં ત્યાં ચારે દિશામાં પચ્ચીસ પચ્ચીસ યોજન સુધી આ રોગ વગેરે હોય નહિ.[1] આ સંબંધમાં સમવાયની તેમ જ ઠાણ (ઠાણ ૧૦)ની ટીકાની સાક્ષી અપાઇ છે. એ ટીકામાં કહ્યું છે કે ભગવાન મહાવીરના પ્રભાવથી સો યોજન સુધીમાંના વેર, મારિ, વિડ્વર, દુર્ભિક્ષ વગેરે ઉપદ્રવ વગેરે શમી ગયા છે.

૧૫ સૂર્ય બાર ગણાવાયા છે.[2]

---

૧ આ સાતમાથી બારમા અતિશયોનો પ્રભાવ છે.

૨ વૈદિક હિન્દુઓના મતે બાર આદિત્યો છે.

૧૬. સિંહાસન આકાશના જેવું અત્યંત સ્વચ્છ હોય છે અને એ સ્ફટિક મણિનું હોય છે.

૧૮. તીર્થંકરની આગળ હજારો નાની પતાકાઓથી શોભતો, ઊંચો, અપ્રતિમ રત્નનો બનેલો, બીજા ધ્વજો કરતાં અતિશય મહત્ત્વવાળો અથવા ઇન્દ્રત્વને સૂચવતો ઇન્દ્રધ્વજ હોય છે.

૧૯. પ્રભુની બંને બાજુએ યક્ષના હાથમાં બે ચામરો હોય છે.

૨૦. સ્ફુરાયમાણ કિરણવાળું અને ધર્મનો પ્રકાશ કરનારું એવું ધર્મચક્ર પદ્મમાં રહેલું હોય છે.

૨૧. વિચિત્ર પત્ર, પુષ્પ, પલ્લવ, ઇચ્છવા યોગ્ય છત્ર, ધ્વજ, ઘંટ, પતાકા ઇત્યાદિથી અશોક વૃક્ષ વીંટળાયેલું હોય છે.

૨૨. પૂર્વ દિશા તરફ મુખ રાખીને ભગવાન જાતે બેસે છે. જ્યારે બાકીની ત્રણ દિશામાં તીર્થંકરના જેવી આકૃતિવાળાં પ્રતિરૂપકો એમના જ પ્રભાવથી દેવો રચે છે અને એ સિંહાસનાદિથી યુક્ત હોય છે. આને લઈને અન્ય દેવોને એમ લાગે છે કે એઓ અમને કહે છે.

૨૩. સૌથી અંદરનો ગઢ વૈમાનિકો. મધ્યનો જ્યોતિષ્કો અને સૌથી બહારનો ભવનપતિ દેવો રચે છે.

૨૪. કમળો માખણના જેવાં સ્પર્શવાળાં હોય છે એમાંનાં બે ઉપર ભગવાન પોતાનાં ચરણકમળ મૂકીને વિચરે છે જ્યારે બાકીનાં સાત કમળો એમની પાછળ રહે છે. એમાંનાં જે જે કમળ પાછળ હોય તે, ચરણકમળ મૂકાતાં તીર્થંકરની આગળ આવે છે.

૨૫. જ્યાં જ્યાં ભગવાન વિચરે ત્યાં ત્યાં કાંટાઓ અધોમુખ બને છે.

૨૭. સંવર્તક વાયુ એક યોજન સુધી ભૂમિ સાફ કરે છે.

સમવાયમાં અતિશયો બાબત મતાંતર જોવાય છે. મતાંતરનાં બીજો સર્વજ્ઞથી જાણવાં.

અભિધાનચિન્તામણિ (કાંડ ૧, શ્લો. ૫૭–૬૪) માં ૩૪ અતિશયો વર્ગીકરણપૂર્વક નીચે પ્રમાણે અપાયા છે:—

ચાર સહજ અતિશયો — (૧) અદ્ભુત રૂપ અને સુગંધવાળું, રોગ રહિત તેમ જ પ્રસ્વેદ અને મળથી મુક્ત શરીર.

(૨) કમળના જેવી સુવાસવાળો શ્વાસ.

(૩) ગાયના દૂધ જેવાં શ્વેત અને દુર્ગંધ વિનાનાં લોહી અને માંસ.

(૪) આહાર અને નીહારની અદૃશ્ય વિધિ.

કર્મના નાશથી ઉદ્ભવતા અગિયાર અતિશયો — (૫) એક યોજન જેટલા ક્ષેત્રમાં પણ કોટાકોટિ મનુષ્ય, દેવ અને તિર્યંચ સમાય.

(૬) પ્રભુની વાણી મનુષ્ય, તિર્યંચ અને દેવની વાણી સાથે સંવાદવાળી (અર્થાત્ એમની ભાષામાં પરિણમતી) હોય છે અને એ એક યોજન સુધી સંભળાય છે.

(૭) મસ્તકની પાછળ મનોહર અને સૂર્યમંડળને પરાસ્ત કરનારું ભામંડળ હોય છે.

(૮–૧૫) બસે ગાઉ કરતાં વધારે પ્રદેશમાં રોગ, વેર,

ઈતિ, મારિ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાળ તેમ જ સ્વચક્રનો અને પરચક્રનો ભય હોતાં નથી.

દેવકૃત ઓગણીસ અતિશયો—( ૧૬ ) આકાશમાં ધર્મચક્ર હોય છે.

( ૧૭ ) આકાશમાં ચામરો હોય છે.

( ૧૮ ) આકાશમાં પાદપીઠ સહિત ઉજ્જવળ સિંહાસન હોય છે.

( ૧૯ ) આકાશમાં ત્રણ છત્રો હોય છે.

( ૨૦ ) આકાશમાં રત્નમય ધ્વજ હોય છે.

( ૨૧ ) પ્રભુ ચરણ મૂકે ત્યાં સુવર્ણકમળો સ્થપાય છે.

( ૨૨ ) ( સમવસરણમાં ) મનોહર ત્રણ ગઢ હોય છે.

( ૨૩ ) મનોરમ ચાર મુખ હોય છે.

( ૨૪ ) 'ચૈત્ય' વૃક્ષ હોય છે.

( ૨૫ ) કાંટાઓ નીચા મુખવાળા ( ઊંધા ) બને છે.

( ૨૬ ) વૃક્ષો નમન કરે છે.

( ૨૭ ) દુન્દુભિનો મોટેથી અવાજ થાય છે.

( ૨૮ ) પવન અનુકૂળ હોય છે

( ૨૯ ) પક્ષીઓ પ્રદક્ષિણા કરે છે.

( ૩૦ ) ગન્ધોદકની વૃષ્ટિ થાય છે.

( ૩૧ ) અનેક વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ થાય છે.

( ૩૨ ) કેશ, દાઢી અને મૂછના વાળ તેમ જ નખ વધતા નથી.

( ૩૩ ) ચારે પ્રકારના ઓછામાં ઓછા એક કરોડ દેવ પ્રભુ પાસે રહે છે.

( ૩૪ ) ઋતુઓની અનુકૂળતા રહે છે તેમ જ ઇન્દ્રિયોના વિષયો અનુકૂળ રહે છે.

અભિધાનચિન્તામણિની સ્વોપજ્ઞ વિવૃતિ ( પૃ. ૧૯–૨૧ )માં આ અતિશયોનું સ્પષ્ટીકરણ અપાયું છે. તેમાંથી હું નીચે મુજબની બાબતો અતિશયના ક્રમાંકપૂર્વક દર્શાવું છું :—

૨. શ્વાસ એટલે ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ.

૪ માંસનેત્રવાળાને અદૃશ્ય, નહિ કે અવધિ વગેરે નેત્રવાળા પુરુષોને.

"जगतोऽप्यतिशेरते तीर्थकरा एभिरित्यतिशयः" એમ અતિશયની વ્યુત્પત્તિ દર્શાવાઇ છે.

૬ ભાષા અર્ધમાગધી હોય છે.

૯. 'અગ્ર' એટલે 'અધિક.' અહીં અધિકથી પચ્ચીસ યોજન એવો અર્થ કરાયો છે. અને ૨૦૦ ગાઉ એટલે સો યોજન એમ અર્થ કરાયો છે. આથી સવા સો યોજન એવો અર્થ ફલિત થાય છે.

૧૦ ઈતિ એટલે ધાન્યાદિને ઉપદ્રવ કરનાર પુષ્કળ ઉંદરો વગેરે.

૧૧. મારિ એટલે ઔત્પાતિક અને સર્વવ્યાપી મૃત્યુ.

જ્ઞાનાવરણાદિ ચારે ઘાતી-કર્મના ક્ષયથી અગિયાર અતિશયો ઉદ્ભવે છે.

૨૪. 'ચૈત્ય' નામનું વૃક્ષ એટલે કે અશોક વૃક્ષ.

૩૧. પુષ્પોની વૃષ્ટિ ઢીંચણ પર્યન્તની હોય છે.

આ અતિશયો જુદી રીતે પણ ગણાવાયા છે. તે મતાંતર છે.

## ચોત્રીશ અતિશયો : સંતુલન

ચોત્રીશ અતિશયોને અંગેનું સમવાય, પવયણસારુદ્ધાર અને અભિધાનચિન્તામણિ એ ત્રણ કૃતિઓમાં જે કથન છે તેનું સંતુલન થઇ શકે તે માટે એ અતિશયોનાં નામ વર્ગીકરણપૂર્વક હું નીચે મુજબ કોષ્ટક દ્વારા રજૂ કરું છું :—

### ( અ ) સહજ અતિશયો

| ક્રમાંક | અતિશય | સમવાય (બૃહદ્ વાચના) | સમવાય (લઘુ વાચના) | પવયણ-સારુદ્ધાર | અભિધાન-ચિન્તામણિ |
|---|---|---|---|---|---|
| ૧અ | શરીરના રોગથી મુક્તતા | ૨ | ૨ | ૧ | ૧ |
| ૧આ | શરીના મેલથી રહિતતા | ૨ | ૨ | ૧ | ૧ |
| ૧ઇ | શરીરની પ્રસ્વેદથી રહિતતા | × | × | ૧ | ૧ |
| ૧ઈ | શરીરના રૂપની અદ્ભુતતા | × | × | × | ૧ |
| ૧ઉ | શરીરના સુગંધની અદ્ભુતતા | × | × | × | ૧ |

| ક્રમાંક | અતિશય | સમવાય (બૃહદ્ વાચના) | સમવાય (લઘુ વાચના) | પ.પવયણ-સારુદ્ધાર | અભિધાન-ચિન્તા-મણિ |
|---|---|---|---|---|---|
| ૨અ | માંસની શ્વેતતા | ૩ | ૩ | ૨ | ૩ |
| ૨આ | માંસમાં દુર્ગંધનો અભાવ | × | × | + | ૩ |
| ૨ઇ | લોહીની શ્વેતતા | ૩ | ૩ | ૨ | ૩ |
| ૨ઈ | લોહીમાં દુર્ગંધનો અભાવ | × | × | × | ૩ |
| ૩અ | ઉચ્છ્વાસની સુગંધતા | ૪ | ૪ | ૪ } શ્વાસ | ૨ } શ્વાસ |
| ૩આ | નિઃશ્વાસની સુગંધતા | ૪ | ૪ | ૪ | ૨ |
| ૪અ | આહારની ચર્મ-ચક્ષુવાળાને અદૃશ્યતા | ૫ | ૫ | ૩ | ૪ |
| ૪આ | નીહારની ચર્મ-ચક્ષુવાળાને અદૃશ્યતા | ૫ | ૫ | ૩ | ૪ |

## ( આ ) કર્મક્ષયજ અતિશયો

| ક્રમાંક | અતિશય | સમવાય ( બૃહદ્ વાચના) | સમવાય ( લઘુ વાચના) | પવયણ-સારુદ્ધાર | અભિધાન-ચિન્તામણિ |
|---|---|---|---|---|---|
| ૫ | ભામંડળ | ૧૨ | ૧૨ | ૧૫ | ૭ |
| ૬અ | સ્વરની હૃદયંગમતા | ૨૧ | ૨૧ | × | × |
| ૬આ | સ્વરની વ્યાપકતા | ૨૧ | ૨૧ | × | ૬ |
| ૭ | અર્દ્ધમાગહીમાં ઉપદેશ | ૨૨ | ૨૨ | × | × |
| ૮ | ભાષાની પરિણામિતા | ૨૩ | ૨૩ | ૬ | ૬ |
| ૯ | વેરની શાંતિ | ૨૪ | ૨૩ | ૮ | ૯ |
| ૧૦ | અજૈન દ્વારા વંદન | ૨૫ | ૨૫ | × | × |
| ૧૧ | અજૈન વાદીઓની નિરુત્તરતા | ૨૬ | ૨૬ | × | × |
| ૧૨ | ઈતિનો અભાવ | ૨૭ | ૨૭ | ૧૨ | ૧૦ |
| ૧૩ | મારિનો અભાવ | ૨૮ | ૨૮ | ૧૧ | ૧૧ |

| ક્રમાંક | અતિશય | સમવાય (બૃહદ્ વાચના) | સમવાય (લઘુ વાચના) | પવયણ-સારુદ્ધાર | અભિધાન-ચિન્તામણિ |
|---|---|---|---|---|---|
| ૧૪ | સ્વચક્રના ભયનો અભાવ | ૨૯ | ૨૯ | ૧૦ | ૧૫ |
| ૧૫ | પરચક્રના ભયનો અભાવ | ૩૦ | ૩૦ | ૧૦ | ૧૫ |
| ૧૬ | અતિવૃષ્ટિનો અભાવ | ૩૧ | ૩૧ | ૧૩ | ૧૨ |
| ૧૭ | અનાવૃષ્ટિનો અભાવ | ૩૨ | ૩૨ | ૧૪ | ૧૩ |
| ૧૮ | દુષ્કાળનો અભાવ | ૩૩ | ૩૩ | ૯ | ૧૪ |
| ૧૯-અ | ઔત્પાતિકોનો નાશ | ૩૪ | ૩૪ | × | × |
| ૧૯-આ | રોગોનો નાશ | ૩૪ | ૩૪ | ૭ | ૮ |

## ( ઇ ) દેવકૃત અતિશયો

| ક્રમાંક | અતિશય | સમવાય ( બૃહદ્ વાચના ) | સમવાય ( લઘુ વાચના ) | પવયણ-સારુદ્ધાર | અભિધાન-ચિન્તામણિ |
|---|---|---|---|---|---|
| ૨૦-અ | મસ્તકના, દાઢીના, મૂછના અને શરીરના વાળની અવસ્થિતતા | ૧ | ૧ | ૨૬ | ૩૨ |
| ૨૦-આ | નખની અવસ્થિતતા | ૧ | ૧ | ૨૬ | ૩૨ |
| ૨૧ | આકાશમાં ધર્મચક્ર | ૬ | ૬ | ૨૦ | ૧૬ |
| ૨૨ | આકાશમાં છત્ર | ૭ | ૭ | ૧૭ | ૧૯ |
| ૨૩ | આકાશમાં ચામર | ૮ | ૮ | ૧૯ | ૧૭ |
| ૨૪ | આકાશમાં સિંહાસન | ૯ | ૯ | ૧૬ | ૧૮ |
| ૨૫ | આકાશમાં ઇન્દ્રધ્વજ | ૧૦ | ૧૦ | ૧૮ | ૨૦ |
| ૨૬ | અશોક વૃક્ષ | ૧૧ | ૧૧ | ૨૧ | ૨૪ ( ચૈત્ય વૃક્ષ ) |
| ૨૭-અ | ભૂમિની સમતલતા | ૧૩ | ૧૩ | × | × |
| ૨૭-આ | ભૂમિની રમણીયતા | ૧૩ | ૧૩ | × | × |

| ક્રમાંક | અતિશય | સમવાય (બૃહદ્ વાચના) | સમવાય-(લઘુ વાચના) | પવયણ સારુદ્ધાર | અભિધાન-ચિન્તામણિ |
|---|---|---|---|---|---|
| ૨૮ | કંટકોની અધો-મુખતા | ૧૪ | ૧૪ | ૨૫ | ૨૫ |
| ૨૯ | ઋતુઓની અનુકૂળતા | ૧૫ | ૧૫ | ૨૮ | ૩૪ |
| ૩૦ | વાયુ દ્વારા પ્રમાર્જન | ૧૬ | ૧૬ | × | × |
| ૩૧ | ગંધોદકની વૃષ્ટિ | ૧૭ (મેઘ દ્વારા રજ અને રેણુ-નો નાશ) | ૧૭ (મેઘ દ્વારા રજ અને રેણુ નો નાશ | ૨૯ | ૩૦ |
| ૩૨ | પુષ્પોની વૃષ્ટિ | ૧૮ | ૧૮ | ૩૦ | ૩૧ |
| ૩૩ | અમનોજ્ઞ શબ્દા-દિનો અભાવ | ૧૯ | × | × | × |
| ૩૪ | પ્રભુને બેસવાના સ્થળની સુગંધ-તા | × | ૧૯ | × | × |
| ૩૫ | મનોજ્ઞ શબ્દા-દિનો પ્રાદુર્ભાવ | ૨૦ | × | ૨૭ | ૩૪ |
| ૩૬ | યક્ષો દ્વારા ચામરોનું વીંઝાવું | × | ૨૦ | × | × |

| ક્રમાંક | અતિશય | સમવાય (બૃહદ્ વાચના) | સમવાય (લઘુ વાચના) | પવયણ-સારુદ્ધાર | અભિધાન-ચિન્તામણિ |
|---|---|---|---|---|---|
| ૩૭ | કોટાકોટિ દેવો વગેરેનું માવું | × | × | ૫ | ૫ |
| ૩૮ | ચતુર્મુખતા | × | × | ૨૨ | ૨૩ |
| ૩૯ | ત્રણ ગઢ | × | × | ૨૩ | ૨૨ |
| ૪૦ | સુવર્ણ કમળો | × | × | ૨૪ | ૨૧ |
| ૪૧ | પક્ષીઓની પ્રદક્ષિણા | × | × | ૩૧ | ૨૯ |
| ૪૨ | વાયુની અનુકૂળતા | × | × | ૩૨ | ૨૮ |
| ૪૩ | વૃક્ષનું વંદન | × | × | ૩૩ | ૨૬ |
| ૪૪ | દુંદુભિનું વાદન | × | × | ૩૪ | ૨૭ |
| ૪૫ | જઘન્યથી કોટાકોટી દેવોનું સાન્નિધ્ય | × | × | × | ૩૩ |

**ક્રમની ચકાસણી**—સમવાય (સુ. ૩૪)માં જે ક્રમથી ૩૪ અતિશયો ગણાવાયા છે તે ક્રમનો, અભયદેવસૂરિએ ૩૪ અતિશયો માટે નિર્દેશેલા સહજ વગેરે ત્રણ વર્ગો પ્રમાણે વિચાર કરતાં જણાય છે કે સમવાયમાં સૌથી પ્રથમ દેવકૃત એક અતિશયથી શરૂઆત કરાઇ છે. ત્યાર બાદ ચાર સહજ અતિ-

શયોનો, એના પછી દેવકૃત છનો, પછી કર્મક્ષયજ એકનો, ત્યાર પછી દેવકૃત આઠનો અને એના પછી કર્મક્ષયજ ચૌદનો ઉલ્લેખ છે. આ બાબત હું નીચે મુજબ દર્શાવું છું :–

દે. ૧, સ. ૨–૫, દે. ૬–૧૧, ક. ૧૨, દે. ૧૩–૨૦ અને ક. ૨૧–૩૪.

આ ઉપરથી જોઇ શકાશે કે દેવકૃત અતિશયો ત્રણ કટકે અને કર્મક્ષયજ બે કટકે દર્શાવાયા છે. આ ક્રમ અન્ય ક્રમો સાથે સરખાવતાં નીચે મુજબના પ્રશ્નો સ્ફુરે છે:–

(૧) સમવાયમાં અપાયેલો ક્રમ સહેતુક છે કે નિર્હેતુક ?

(૨) જો સહેતુક હોય તો સહજ, કર્મક્ષયજ અને દેવકૃત એમ વર્ગને અનુસરતો જે ક્રમ અન્ય ગ્રંથોમાં છે અને જે સ્વાભાવિક અને યુક્તિયુક્ત જણાય છે તેને જતો કરી ઉપર્યુક્ત વિલક્ષણ ક્રમ રાખવાનું શું કારણ છે ?

સમીક્ષા—નખાદિની અવસ્થિતતા એ દેવકૃત અતિશય કેમ કહેવાય ? આનો ઉત્તર વીતરાગસ્તોત્ર (પ્ર. ૪, શ્લો. ૭)નું પ્રભાનન્દસૂરિકૃત વિવરણ નામે દુર્ગપદપ્રકાશ (પત્ર ૩૩) નીચે મુજબ પૂરો પાડે છે :–

તીર્થંકર દીક્ષા લે તે સમયે ઇન્દ્ર વજ્ર વડે કેશ, નખ ઇત્યાદિની વધવાની શક્તિને હણી નાંખે છે. આમ આ દેવનું કૃત્ય હોઈ આ અતિશયને ‘દેવકૃત’ કહેવામાં કોઇ વાંધો નથી.

ભામંડળ એ દેવનું કૃત્ય છે તો એ અતિશયને દેવકૃત ન ગણતાં કર્મક્ષયજ કહેવાનું શું કારણ છે ? આ પ્રશ્ન આ

વિવરણમાં ઉઠાવાયો નથી તેમ જ તેનો ઉત્તર અહીં તો અપાયો નથી.

[1]અર્હત્સ્તુતિ— આ ૨૩ પદ્યની કોઇ દિગંબરે (?) રચેલી સંસ્કૃત કૃતિની એક હાથપોથી "ભાં. પ્રા.સં. મ"માં છે. એનો સંક્ષિપ્ત પરિચય મેં D C G C M (Vol. XVIII, pt. 4)માં આપ્યો છે જ્યારે પ્રસ્તુત કૃતિની નોંધ આદ્ય અને અંતિમ પદ્યના ઉદ્ધારણપૂર્વક મેં D C G C M (Vol XIX, sec. 1, pt. 2, No. 579)માં લીધી છે. આ કૃતિના કર્તાનું નામ જાણવામાં નથી એટલું જ નહિ પણ એના વાસ્તવિક નામની તેમ જ આ કૃતિ કોઇ સ્થળેથી પ્રકાશિત થઇ હોય તો તેની મને ખબર નથી. એ બાબત પ્રકાશ પડે તે માટે હું એનાં આદ્ય અને અંતિમ પદ્યો અનુક્રમે અહીં રજૂ કરું છું :-

"नित्यं निःस्वेदत्वं निर्मलता क्षीरगौररुधिरत्वं च।
स्वाद्याकृतिसंहनने सौरूप्यं च सौरभं च सौलक्षण्यम्॥"
"यस्येह चतुस्त्रिंशत् प्रवरगुणाः प्रातिहार्यलक्ष्म्यश्चाष्टौ।
तस्मै नमो भगवते त्रिभुवनपरमेश्वरायार्हते गुणमहते॥२३॥"

પદ્મવિજયે ઋષભદેવનું જે સ્તવન રચ્યું છે તેમાં ૩૪ અતિશયોનો બાંધેભારે ઉલ્લેખ છે, [2]ચાર સહજ અતિશયોનું સંક્ષિપ્ત વર્ણન છે અને ૩૪ અતિશયોનું વર્ગીકરણ છે. આ સ્તવનની શરૂઆત "પ્રથમ જિનેશ્વર પ્રણમીએ"થી કરાઇ છે.

આ પદ્મવિજયે શાન્તિનાથનું સ્તવન રચી એ દ્વારા કર્મક્ષયથી ઉદ્ભવતા અગિયાર અતિશયોનું નિરૂપણ કર્યું છે

---

૧ આ નામ મેં યોજ્યું છે.

૨ આમાં વીતરાગસ્તોત્રના દ્વિતીય પ્રકાશની છાયા જોવાય છે.

જ્યારે નેમિનાથના સ્તવન દ્વારા દેવકૃત ઓગણીસ અતિશયો વર્ણવ્યા છે.

દિગંબર માન્યતા— દિગંબરો પણ ચોત્રીસ અતિશયો માને છે[૧] એટલું જ નહિ. પણ એના સહજ, કર્મક્ષયજ અને દેવકૃત એમ ત્રણ વર્ગ પણ સ્વીકારે છે પરંતુ એ વર્ગદીઠ સંખ્યા પરત્વે શ્વેતાંબર માન્યતાથી ભિન્ન મત ધરાવે છે.

દસ સહજ અતિશય— ( ૧ ) શરીરનું અત્યંત સુંદર રૂપ, ( ૨ ) શરીરની અતિશય સુગંધ, ( ૩ ) પ્રસ્વેદનો અભાવ, ( ૪ ) નીહારનો અભાવ, ( ૫ ) હિત, મિત અને પ્રિય વાણી, ( ૬ ) અનન્ય બળ, ( ૭ ) લોહીની શ્વેતતા, ( ૮ ) શરીરમાં ૧૦૦૮ લક્ષણો, ( ૯ ) 'સમચતુરસ્ર' સંસ્થાન અને ( ૧૦ ) 'વજ્ર-ઋષભ-નારાચ' સંહનન.

દસ કર્મક્ષયજ અતિશય—( ૧ ) તીર્થંકર જ્યાં હોય ત્યાંથી સો યોજનમાં સુભિક્ષતા, ( ૨ ) આકાશમાં ગમન, ( ૩ ) ચતુર્મુખતા, ( ૪ ) અદયાનો અભાવ, ( ૫ ) ઉપસર્ગોનો અભાવ, ( ૬ ) કવલાહારનો અભાવ, ( ૭ ) સર્વ વિદ્યાનું સ્વામિત્વ, ( ૮ ) નખ અને કેશની અવસ્થિતતા, ( ૯ ) નેત્રની અનિમિષતા અને ( ૧૦ ) છાયાથી રહિત શરીર.

ચૌદ દેવકૃત અતિશય–( ૧ ) 'અર્ધમાગધી' ભાષા, ( ૨ ) પરસ્પર મિત્રતા, ( ૩ ) દિશાઓનું નિર્મળ થવું, ( ૪ ) આકાશનું નિર્મળ થવું, ( ૫ ) સર્વ ઋતુઓનાં ફળ ફૂલ વગેરેનો સમકાળે ઉદ્ભવ, ( ૬ ) એક યોજન પર્યંતની પૃથ્વીનું નિર્મળ થવું,

૧. જુઓ નિયમસાર ( ગા. ૭૧ ).

(૭) તીર્થંકર ચાલે ત્યારે એમનાં ચરણની નીચે કમળનું સ્થાપન, (૮) આકાશમાં જયનાદ, (૯) મંદ અને સુગંધી પવનનું વાવું, (૧૦) ગન્ધોદકની વૃષ્ટિ, (૧૧) વાયુકુમાર દ્વારા ભૂમિમાંના કંટકોનું દૂરીકરણ, (૧૨) આનંદમય સૃષ્ટિ અને (૧૩-૧૪) ધર્મચક્રનું અને આઠ મંગળનું પ્રભુ સાથે ચાલવું.

આ પ્રમાણે બુધજનકૃત 'ઇષ્ટછત્રીસી'માં ૩૪ અતિશયો ગણાવાયા છે.

## આઠ પ્રાતિહાર્યો

પ્રાતિહાર્ય— આ સંસ્કૃત શબ્દ છે જ્યારે એને માટેનો પાઇય શબ્દ 'પાડિહેર' છે. આ બંને શબ્દ આગળ 'મહા' જોડીને પણ વ્યવહાર કરાય છે.

સંખ્યા—પ્રાતિહાર્યો આઠ છે.

નામ—અનેકાન્તજયપતાકાની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૪)માં આઠ પ્રાતિહાર્યોનાં નીચે મુજબનાં નામો રજૂ કરતું એક સંસ્કૃત [૧]પદ્ય અવતરણરૂપે અપાયું છે :–

(૧) અશોક વૃક્ષ, (૨) (સુરકૃત) પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, (૪) ચામર, (૫) આસન, (૬) ભામંડલ, (૭) દુન્દુભિ અને (૮) આતપત્ર યાને છત્ર.

આઠ પ્રાતિહાર્યોનાં નામ પૂરું પાડતું એક પ્રાચીન પાઇય પદ્ય છે.[૨]

ચિત્રસ્તવ—આઠ પ્રાતિહાર્યોને લગતો એક ચિત્રસ્તવ મુનિસુન્દરસૂરિએ ત્રિદશતરંગિણીના એક અંગરૂપે રચ્યો છે.

---

૧–૨. જુઓ પૃ. ૨૩.

આ સ્તવ અદ્યાપિ મળી આવ્યો નથી. ધુરંધરવિજયજીએ “ શ્રી ‘ભટેવા’ પાર્શ્વનાથં [1]ચિત્રસ્તોત્ર ” ૧૯ પદ્યમાં રચ્યું છે.

આઠ પ્રાતિહાર્યો વિષે કોઈ પ્રાચીન અને પ્રમાણિક દિગંબરીય કૃતિમાં ઉલ્લેખ હોય તો તે જાણવામાં નથી.

વર્ણન—પદ્મવિજયે “ જિનજી ત્રેવીસમો જિન પાસ ”થી શરૂ થતા પાર્શ્વનાથના સ્તવનમાં આઠે પ્રાતિહાર્યોનું વર્ણન કર્યું છે.

પ્રાતિહાર્યોનો પરિચય—આઠે પ્રાતિહાર્યો વિષે ખપપૂરતી માહિતી મેં શોભન મુનિકૃત સ્તુતિચતુર્વિંશતિકા ( શ્લો. ૯૪ )ના સ્પષ્ટીકરણ ( પૃ. ૨૯૧–૨૯૬ )માં ગુજરાતીમાં આપી છે એટલે એ વાત અહીં જતી કરું છું. આથી એ બાબત નોંધીશ કે શ્વેતાંબરોનાં મંદિરોમાં વપરાતાં ચામરો કરતાં દિગંબરોનાં મંદિરોમાં વપરાતાં ચામર જુદી જાતના છે તો આ બેમાં વધારે પસંદ કરવા લાયક ચામર કયાં ?

દુન્દુભિ એ એક પ્રકારનું ઢોલ ( kettle-drum ) છે. આને લગતી માહિતી મેં “ The Jaina Data about Musical Instruments ” નામની મારી લેખમાળામાં આપી છે અને એ લેખમાળા “Journal of the Oriental Institute’ ( Vol. II, Nos. 3–4; Vol. III, No. 2 &. Vol. IV, No. 4 )માં છપાઇ છે.

---

૧. આ કૃતિ સચિત્ર સ્વરૂપે “ શ્રી ‘ભટેવા’ પાર્શ્વનાથ જિનાલય સાર્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ ( પૃ. ૧૪–૧૬ )માં પ્રકાશિત કરાઇ છે.”

**તીર્થંકરના બાર ગુણો અને પ્રાતિહાર્યો**—તીર્થંકરના બાર ગુણો તરીકે ચાર મૂલાતિશય અને આઠ પ્રાતિહાર્યો ગણાવાય છે. આઠ પ્રાતિહાર્યો એ દેવકૃત ભક્તિના પ્રદર્શનરૂપ છે અને એ મુખ્યતયા પૂજાતિશયને આભારી ગણાય છે તો પછી બાર ગુણોમાં ચાર મૂલાતિશયો ઉપરાંત એના ફળરૂપ પ્રાતિહાર્યો ગણાવવા તે શું ઉચિત છે ?

આઠ પ્રાતિહાર્યો એ કંઇ આત્માની–આંતરિક વિભૂતિ નથી. એ તો બાહ્ય વિભૂતિ છે અને એવી વિભૂતિ તો આપ્તમીમાંસાના આદ્ય પદ્યમાં સૂચવાયા મુજબ કોઇ માયાવીને અંગે પણ સંભવે છે. આ પરિસ્થિતિમાં આઠ પ્રાતિહાર્યો એ તીર્થંકરના ગુણ કેમ ગણાય ?

## અતિશયો અને પ્રાતિહાર્યો સંબંધી વિશિષ્ટ વિચારણા

આ દ્વારા હું નિમ્નલિખિત ત્રણ બાબતો રજૂ કરું છું :–

(૧) તારવણી, (૨) પ્રશ્નાવલી અને (૩) પ્રકાશન.

### (અ) તારવણી

**અતિશયના બે અર્થ**—'અતિશય' શબ્દ (૧) 'મૂલાતિશય તેમ જ (૨) 'ચોત્રીસ અતિશયો તરીકે ઓળખાવાતા અતિશયોમાંનો ગમે તે એક અતિશય' એમ બે અર્થમાં વપરાયો છે

**અતિશયના પર્યાય**—અતિશયના 'અતિશેષ' અને 'અતિશેષક' એમ બે પર્યાયો છે. પાઇયમાં એને 'અઇસય' અને 'અઇસેસ'

૧. જુઓ પૃ. ૨૩.

કહે છે. ગુજરાતીમાં તો 'અતિશય' શબ્દ જ વિશેષતઃ વપરા-ચેલો જોવાય છે.

**અતિશયની વ્યુત્પત્તિ**— આ વ્યુત્પત્તિ અભિધાનચિન્તા-મણિ (કાંડ ૧, શ્લો. ૫૮)ની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૧૯)માં અપાઇ છે. જુઓ પૃ. ૫૯.

**અતિશયોની સંખ્યા**— તીર્થંકરના અતિશયો અનેક છે. તેમ છતાં સામાન્ય રીતે ચોત્રીસ ગણાવાયા છે. આ ૩૪ની સંખ્યા જૈનોના મુખ્ય બંને સંપ્રદાયોને-શ્વેતાંબરોને તેમ જ દિગંબરોને માન્ય છે.

**મૂલાતિશયોનો ઉલ્લેખ**— ગ્રંથના મંગલશ્લોકમાં તીર્થંકરને અંગે જે વિશેષણો વપરાયાં હોય તે કયા કયા અતિશયનું સાક્ષાત્ કે ઉપલક્ષણથી સૂચન કરે છે એ બાબત કેટલીક કૃતિઓમાં વિચારાઇ છે.

**મૂલાતિશયોનું નિરૂપણ**— મૂલાતિશયોને લગતી કેટલીક હકીકત કોઇ કોઇ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી કૃતિમાં જોવાય છે.

**વાણીના ૩૫ ગુણો**—આને લગતી માહિતી (ઓછી કે વત્તી) સંસ્કૃત, પાઇય, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં લખાયેલી કોઇ કોઇ કૃતિમાંથી મળે છે.

**ચોત્રીસ અતિશયો**—'બુદ્ધાઇસેસ'ના નામથી આ અતિશયો સમવાય (સ. ૩૪)માં ગણાવાયા છે,

**ચોત્રીસ અતિશયોનું વર્ગીકરણ**—શ્વેતાંબર તેમ જ દિગંબર ગ્રંથકારોએ ચોત્રીસ અતિશયોના (૧) સહજ, (૨) કર્મક્ષયજ અને (૩) દેવકૃત જેવા ત્રણ વર્ગ પાડ્યા છે પરંતુ એ વર્ગદીઠ નામો ગણાવવામાં એકવાક્યતા નથી. શ્વેતાંબરોમાં પણ અતિશયોનાં નામ ભિન્ન ભિન્ન રીતે નોંધાયેલાં જોવાય છે. મતાંતરની નોંધ અભયદેવસૂરિએ, 'કલિ૦' હેમચન્દ્રસૂરિએ, સિદ્ધસેનસૂરિએ એમ કેટલાક મુનિવરોએ લીધી છે.

**ચોત્રીસ અતિશયોનું નિરૂપણ**—૩૪ અતિશયોને લગતી માહિતી પાઇય (અદ્ધમાગહી તેમ જ જઇણ મરહટ્ઠી), સંસ્કૃત ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી કૃતિઓમાં અપાઇ છે.

**આઠ પ્રાતિહાર્યો**—આનાં નામ સંસ્કૃતમાં પદ્યમાં કોઈકે દર્શાવ્યાં છે એ પદ્ય અ. જ. પ.ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૪)માં ઉદ્ધૃત કરાયું છે. એવી રીતે એને મળતું આવતું પાઇય પદ્ય પવયણસારુદ્ધારમાં ૪૪૦મી ગાથારૂપે અને વિચારસારમાં ગા. ૪૬૧ રૂપે જોવાય છે.

**નિરૂપણ**— આઠે પ્રાતિહાર્યોનાં વિવિધ–આલંકારિકાદિ વર્ણનો મળે છે. એ પ્રાતિહાર્યોનું નિરૂપણ સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી કૃતિઓમાં જોવાય છે.

**વિવિધ ગણના**— તીર્થંકરોના અતિશયોનાં નામ ભિન્ન ભિન્ન રીતે ગણાવાયાં છે. એ બધાંને પૃથક્ ગણતાં અતિશયોની મુખ્ય સંખ્યા ૪૫ની થાય છે. આ અતિશયો પૈકી સમવાયની બે વાચના, પવયણસારુદ્ધાર અને અભિ૦ચિ૦માં કયા કયા અતિશયને સ્થાન અપાયું છે તે બાબત મેં કોષ્ટક દ્વારા રજૂ કરી

છે. આમ ૩૪ અતિશયો ચાર રીતે ગણાવાયા છે. એથી એ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે દરેક ગણત્રી પ્રમાણે જે અતિરિક્ત અગિયારને સ્થાન અપાયું નથી તેનો સમન્વય પ્રત્યેક ગણત્રી સાથે સાધી શકાય તેમ છે કે નહિ અને હોય તો શી રીતે ?

અંતર્ભાવ—આઠ પ્રતિહાર્યો પૈકી ભામંડળનો કર્મક્ષયજ (નહિ કે દેવકૃત) તરીકે નિર્દેશ કરાય છે જ્યારે દેવકૃત અતિશયોની ચાર પ્રકારની ગણત્રી જે કોષ્ટક દ્વારા મેં રજૂ કરી છે તે ગણત્રીમાંના ક્રમાંક ૨૨ તરીકે છત્ર, ૨૩ અને ૩૬ તરીકે ચામર, ૨૪ તરીકે સિંહાસન, ૨૬ તરીકે અશોક વૃક્ષ, ૩૨ તરીકે પુષ્પોની વૃષ્ટિ અને ૪૪ તરીકે દુન્દુભિનો ઉલ્લેખ જોવાય છે. આ હિસાબે દિવ્ય ધ્વનિરૂપ એક જ પ્રાતિહાર્યનો કોઈ પણ અતિશયમાં અંતર્ભાવ થતો હોય એમ જણાતું નથી.

## ( આ ) પ્રશ્નાવલી

૧ મૂલાતિશય કે એના પર્યાય કે એના પાઇય સમીકરણરૂપ શબ્દનો પ્રયોગ સૌથી પ્રથમ કોણે કયા ગ્રંથમાં કર્યો છે ?

૨. ઉપર્યુક્ત શબ્દનો અર્થ દર્શાવનાર તરીકે પ્રથમ કોણ છે ?

૩. સમભાવભાવી હરિભદ્રસૂરિએ 'મૂલાતિશય' એ નામ, એની સંખ્યા, એને અંગેનો ક્રમ તેમ જ એની આછી રૂપરેખા એ બાબતો અ૦ જ૦ પ૦ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ ૪)-માં રજૂ કરી છે તો આવું કાર્ય એમના કોઈ પુરોગામીએ કર્યું છે અને હોય તો તેમનું શું નામ છે અને એમણે એ કાર્ય કયા ગ્રંથમાં કર્યું છે ?

૪ ચાર મૂલાતિશયોના વિવિધ ક્રમો દર્શાવાયા છે તો તેનું શું કારણ ?

૫ કોઈ ગ્રંથના મંગલશ્લોક જોવાને લક્ષીને નહિ પરંતુ સ્વતંત્રપણે મૂલાતિશયોનાં નામ ગણાવવાં હોય તો તેમ કયા ક્રમે કરવું ઘટે ?

૬. મૂલાતિશયોનું યથાયોગ્ય નિરૂપણ કોઇ પાઇય કૃતિમાં છે અને હોય તો તે કઇ ?

૭. અપાયાપગમાતિશયના સ્વાશ્રયી અને પરાશ્રયી એવા બે પ્રકારો તેમ જ સ્વાશ્રયીના દ્રવ્યથી અને ભાવથી બે ઉપ-પ્રકારો સૂચવનાર તરીકે કોણ પ્રથમ છે ? આને લગતી સૌથી પ્રાચીન કૃતિ કઈ છે ?

૮. વચનાતિશય તરીકે વાણીના પાંત્રીસ ગુણો કોઇ આગમમાં ગણાવાયા છે ? સમવાય( સ. ૩૫ )માં તો બાંધેભારે ઉલ્લેખ છે તેનું શું કારણ ?

૯. અભયદેવસૂરિએ સમવાયની વૃત્તિમાં વાણીના ૩૫ ગુણો કયા ગ્રંથને આધારે ગણાવ્યા છે ? એને લગતા ચોખંડા કૌંસગત લખાણના પ્રણેતા કોણ છે ?

૧૦. ધર્મઘોષસૂરિએ પણતીસજિણવાણીગુણથવણ સોળ પદ્યમાં રચ્યું છે. એ જૈનસ્તોત્ર સન્દોહ ( ભા. ૧, પૃ. ૨૬૭–૮ )માં છપાવાયું છે ખરું પરંતુ એમાં પદ્ય ૪, ૬ અને ૧૬ ત્રુટક છે છે તો કોઈ મહાશય એ ત્રુટિ દૂર કરવા કૃપા કરશે ?

૧૧. ચાર મૂલાતિશય અને ચોત્રીસ અતિશયોને પરસ્પર શો સંબંધ છે?

૧૨. શ્રીવિજયાનન્દસૂરિ ઉર્ફે આત્મારામજી મહારાજે જૈન તત્ત્વાદર્શ (ભા. ૧, પૃ. ૬–૭)માં ચોત્રીસ અતિશયો એ અપાયાપગમાતિશય અને પૂજાતિશયના વિસ્તારરૂપ હોવાનો ઉલ્લેખ કર્યો છે તો આવો ઉલ્લેખ સૌથી પ્રથમ કોણે કર્યો છે અને તે માટે શો આધાર છે?

૧૩. માર્ગમાં કાંટાની અધોમુખતારૂપ અતિશય અપાયાપગમાતિશયને આભારી છે કે પૂજાતિશયને?

૧૪. ચોત્રીસ અતિશયોનાં નામ સૌથી પ્રથમ કઈ દિગંબર કૃતિમાં અપાયાં છે? નિયમસાર (ગા. ૭૧)માં તો બાંધેભારે ઉલ્લેખ છે.

૧૫. ચોત્રીસ અતિશયોના ત્રણ વર્ગ સૌથી પ્રથમ કોણે પાડ્યા?

૧૬. વર્ગદીઠ અતિશયોનાં નામ દર્શાવવામાં જે ભિન્નતા જોવાય છે તે ક્યારથી છે? અભયદેવસૂરિના સમય કરતાં કેટલી પ્રાચીન છે?

૧૭. આ ભિન્નતાનો સમન્વય સધાય ખરો અને સધાય તો રીતે?

૧૮. દિવ્ય ધ્વનિનું યથાયોગ્ય અને વિસ્તૃત સ્પષ્ટીકરણ કઈ કૃતિમાં અપાયું છે?

૧૯. તીર્થંકરના અવાજને વીણા વગેરે વગાડી વધારવાનું–વિસ્તૃત કરવાનું કાર્ય દેવો કરે છે એવો ‘દિવ્ય ધ્વનિ’નો અર્થ સૌથી પ્રથમ કોણે આપ્યો છે? ‘ધ્વનિવર્ધક યંત્ર દ્વારા હાલ જે કાર્ય થાય છે તેને મળતું આ કાર્ય ગણાય?

૨૦. તીર્થંકરની દેશના ગદ્યાત્મક હોય છે કે પદ્યાત્મક કે ઉભયાત્મક?

૨૧. વાણીના ૩૫ ગુણો ગણાવતી વેળા ‘માલકોશ’ જેવા રાગનું નામ અપાય છે તો એવી રીતે બીજા કોઈ રાગનું નામ કોઇએ આપ્યું છે ખરું અને હોય તો કોણે ક્યાં તેમ કર્યું છે?

૨૨. સમવાયમાં ૩૪ અતિશયો અંગે બૃહત્ અને લઘુ એમ બે વાચનાનો ઉલ્લેખ જોવાય છે તો આવી વાચનાઓ અન્ય કયા કયા આગમને અંગે કઇ કઇ બાબત પૂરતી મળે છે?

૨૩. સમવાય (સ. ૩૪)માં ચોત્રીસ અતિશયો જે ક્રમથી ગણાવાયા છે તે ક્રમ સહેતુક છે?

૨૪. તીર્થંકરના ૩૪ અતિશયોનાં નામ ચાર રીતે ગણાવતાં એ બધાની કુલ સંખ્યા મુખ્યત્વે કરીને ૪૫ની થાય છે. આથી એ પ્રશ્ન ઉદ્દભવે છે કે દરેક ગણત્રી પ્રમાણે જે અતિરિક્ત અગિયાર અતિશયોને સ્થાન તે તે ગણત્રીમાં અપાયું નથી તેનો તે તે ગણત્રી સાથે શું સમન્વય સાધી શકાય તેમ છે અને તેમ હોય તો શી રીતે?

૨૫. દેવકૃત અતિશયો તરીકે કેશ અને નખની અવસ્થિતતા ગણાવાય છે અને એ અવસ્થિતતા ઇન્દ્રે એ બેની

વધવાની શક્તિને તીર્થંકર દીક્ષા લે તે વેળા હણી નાંખી હોવાનો [1]ઉલ્લેખ મળે છે તો આ દેવકૃત અતિશય તો દીક્ષા કાળથી જ ગણાય ને? તીર્થંકર કેવલી બને તે પહેલાં આની જેમ અન્ય કોઇ દેવકૃત અતિશય છે?

૨૬. ભામંડળ એ દેવનું કૃત્ય છે તો એને દેવકૃત અતિશય ન ગણવાનું શું કારણ છે?

૨૭. આઠ પ્રાતિહાર્યો એ દેવકૃત છે તો એને મૂલાતિશયો પૈકી પૂજાતિશયના એક પ્રકાર તરીકે ઓળખાવાય તો કેમ?

૨૮. આઠ પ્રાતિહાર્યો પૈકી છનો દેવકૃત અતિશયોમાં અંતર્ભાવ અને ભામંડળનો કર્મક્ષયજ અતિશયમાં અંતર્ભાવ કરાય છે તો દિવ્ય ધ્વનિરૂપ એક જ પ્રાતિહાર્યને ભિન્ન ભિન્ન રીતે ગણાવાયેલા ૩૪ અતિશયોમાં સ્થાન મળતું નથી એમ કહેવું બરોબર છે?

૨૯. હરિભદ્રસૂરિએ "अशोकवृक्षः सुर"થી શરૂ થતું પદ્ય શેમાંથી ઉદ્ધૃત કર્યું છે? દિગંબરો પણ આ પદ્ય બોલે છે તો એ માટે સૌથી પ્રાચીન આધાર શો?

૩૦. "कङ्किलिकुसुम"થી શરૂ થતું પદ્ય મૂળે કઇ કૃતિનું છે?

---

૧. જુઓ વીતરાગ-સ્તોત્ર (પ્ર ૪, શ્લો. ૭)નું દુર્ગપ્રકાશ નામનું વિવરણ (પત્ર ૩૩).

૩૧. જૈનસ્તોત્રસન્દોહ ( ભા. ૧, પૃ. ૨૩–૨૪ )માં છપાયેલા અને આઠ પ્રાતિહાર્યને લગતા સાધારણજિનસ્તવનના કર્તા પાર્શ્વચન્દ્રસૂરિ છે કે અન્ય કોઇ ?

૨૩. ચામર માટે ચમરી ગાયના વાળ વપરાય છે અને એ મેળવવા માટે કેટલીક વાર એ ગાયને ઓછીવત્તી ઇજા પણ થાય છે તો એ વાળવાળા ચામરને બદલે દિગંબરોમાં જે જાતનું ચામર વપરાય છે તેવું કે અહિંસક ગણાય એવું અન્ય કોઈ જાતનું ચામર શ્વેતાંબર મંદિરોમાં પણ વપરાય તો કેમ ?

૩૩. દેવો સમવસરણમાં જે પુષ્પોની વૃષ્ટિ કરે છે તે પુષ્પોને સચિત્ત માનવાં કે અચિત્ત માનવાં એ સંબંધમાં મત-ભેદ છે તો આ બેમાંથી કયો મત વધારે સ્વીકાર્ય છે અને શાથી ?

૩૪. ઉપર્યુક્ત પુષ્પોની વૃષ્ટિ મુનિવરો જ્યાં હોય તે ભાગ છોડીને અન્યત્ર હોય છે, નહિ કે સર્વત્ર. આમ જે બે મત છે તેમાં કયો મત વધારે યુક્તિયુક્ત છે અને શાથી ?

૩૫. તીર્થંકરના બાર ગુણો તરીકે ચાર મૂલાતિશય અને આઠ પ્રાતિહાર્યો ગણાવાય છે તો આવી ગણના પ્રથમ કોણે ક્યારે કરી અને તેમ કરવું શું વ્યાજબી છે !

## ( ૬ ) પ્રકાશન

મેં પ્રસ્તુત લેખમાળા પાંચ વિભાગમાં વિભક્ત કરી છે. એનાં નામ તેમ જ એ અત્યાર સુધીમાં "જૈ. ધ. પ્ર."ના

જે જે અંકમાં કટકે કટકે પ્રકાશિત થયેલ છે તે હું નીચે મુજબ સૂચવું છું :—

| વિભાગ | લેખાંક | પ્રકાશન |
| --- | --- | --- |
| (૧) અતિશયો અને પ્રાતિહાર્યોને અંગેનું સાહિત્ય | ૧–૨ | પુ. ૭૬, અં. ૧–૨ |
| (૨) ચાર મૂલાતિશયો | ૩ | પુ. ૭૬, અં. ૩–૪ |
| (૩) ચોત્રીસ અતિશયો | ૪–૭ | પુ. ૭૬, અં. ૫–૭, ૧૨; પુ. ૭૭, અં. ૧ |
| (૪) આઠ પ્રાતિહાર્યો | ૮ | પુ. ૭૭, અં. ૨ |
| (૫) અતિશયો અને પ્રાતિહાર્યો સંબંધી વિશિષ્ટ વિચારણા | ૯ | પુ. ૭૭, અં ૬–૭ |

આ પ્રમાણે આ લેખમાળા અહીં પૂર્ણ થાય છે એટલે અતિશયોને લગતી કેટલીક સ્વતંત્ર [1]કૃતિઓ અનુવાદ સહિત સ્વતંત્ર લેખરૂપે હવે પછી હું રજૂ કરનાર છું.

૧. દા. ત. **જિનચતુસ્ત્રિંશદતિશયસ્તવ, ચઉતીસજિણાઇસય-થવણ** અને **પણતીસજિણવાણીગુણથવણ.** આ પૈકી પહેલી બે કૃતિ મારા અનુવાદ સહિત 'જૈ. ધ. પ્ર." (પુ. ૭૭, અં. ૮)માં છપાઇ છે.

[ ૫ ]

# મહાવીરસ્વામીના વિવિધ ભવોનાં સગાં

( ૧ )

અર્થ—' સગું ' એ શબ્દ સંસ્કૃત ' સ્વક ' અને પાઇય ( પ્રાકૃત ) ' સગ ' ઉપરથી ઉદ્ભવ્યો છે અને એનો અર્થ ' પોતીકું ' થાય છે. કઇ વ્યક્તિને પોતાની એટલે કે ' સગી ' ગણવી અને કોને 'પારકી' ગણવી એ માટે કોઈ વિશિષ્ટ નિયમ સદાને માટે યોજાયો હોય એમ જણાતું નથી. બાકી એકલોહીની કે લગ્નસંબંધથી જોડાયેલી વ્યક્તિને ' સગી ' કહેવામાં આવે છે. આથી અમુક સગાં માટે ' એકલોહિયું ' એવો શબ્દ-પ્રયોગ કરાય છે.

વર્ગીકરણ— સામાન્ય રીતે સગાંના પિતૃપક્ષ અને માતૃપક્ષ એ બેને ઉદ્દેશીને બે વર્ગ પડાય છે. પિતૃપક્ષમાં પિત્રાઇઓનો એટલે કે કાકાનાં છોકરાંઓનો—સાતમી પેઢી સુધીના એક જ પિતાના વંશજોનો પણ સમાવેશ કરાય છે.

આ ઉપરાંત શ્વસુરપક્ષનાં પણ સગાં હોઇ શકે છે અને પરિણીત વ્યક્તિને તો એ હોય જ છે. પરિણીત સ્ત્રીને અંગે પિયેરિયાં, સાસરિયાં અને મોસાળિયાં એમ ત્રણ રીતે સગાંનો વિચાર કરી શકાય તેમ છે.

પુત્ર કે પુત્રીના સસરાને ' વેવાઇ ' કહે છે અને વેવાઇ પક્ષના સગાંસંબંધીને ' વેવાઇવળોટ ' કહે છે.

જે સગાં ખૂબ પાસેનાં હોય તેને ‘થડ-સગાં’ પણ કહે છે. બાકીનાં સગાં આઘેનાં—દૂરનાં ગણાય છે. એક જ ગોત્રની વ્યક્તિઓ પેઢી ઉપર પેઢી વીતી જતાં સગાંની કોટિમાં ગણાતી નથી. આમ સગોત્ર ઉપર સગાંનું વર્તુલ વિવક્ષા ઉપર આધાર રાખે છે.

થડસગાં—એક જ કુટુંબના માણસો ‘કુટુંબી’ કહેવાય છે અને એ નિકટનાં સગાં ગણાય છે. આવાં અન્ય સગાં પણ છે. એ બધાંનો ઉલ્લેખ નીચે મુજબ પુરુષને આશ્રીને થઈ શકે:—

પત્ની, પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રી, ભાઇ, બેન, ભત્રીજો, ભત્રીજી, ભત્રીજાનો પુત્ર, ભત્રીજીનો પુત્ર, કાકા, કાકી, કાકાનો છોકરો કે એની છોકરી, મામા, મામી, મામાનો છોકરો કે એની છોકરી, જમાઇ, પુત્રવધૂ, સાળો, સાળેલી અને સાળી.

સ્ત્રીને અંગે પણ પત્ની, સાળો, સાળેલી અને સાળી જેવાં સગપણો સિવાયનાં ઉપર્યુક્ત બધાં સગપણો સંભવે છે. વિશેષમાં પતિ એ સ્ત્રીનો સગો ગણાય છે.

ભવોની ગણના—આ ચાલુ ‘હુંડા’ અવસર્પિણીમાં જે ચોવીસ તીર્થંકરો થઇ ગયા એ દરેકના ભવોની સંખ્યા દર્શાવાય છે. તેમ કરતી વેળા એમના પ્રથમ ભવ તરીકે જે ભવમાં એઓ સમ્યક્ત્વ પામ્યા તે ભવનો ઉલ્લેખ કરાય છે. આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનો વિચાર કરતાં નયસાર તરીકેનો એમનો ભવ તે પ્રથમ ભવ છે અને એમના એ

પછીના બીજા મોટા મોટા જ ભવો ગણતાં અને કેટલાક '[1]ક્ષુલ્લક' ભવોને જતા કરતાં મહાવીરસ્વામીનો ભવ તે સત્તાવીસમો— અન્તિમ છે.

વર્ગો— મહાવીરસ્વામીના સગાંવહાલાંના બે વર્ગો પાડી શકાય: (૧) પૂર્વ ભવોનાં અને (૨) અન્તિમ ભવનાં.

**પૂર્વ ભવોનાં સગાં**—મહાવીરસ્વામીનાં પૂર્વ ભવોનાં સગાં ગણાવતી વેળા એમના દેવ નારક અને સિંહ જેવા તિર્યંચ તરીકેના ભવોનો વિચાર અસ્થાને હોઇ એમના મનુષ્ય જ તરીકેના ભવો તરફ દૃષ્ટિપાત કરવાનો રહે છે. એમના આવા પૂર્વ ભવો તે અનુક્રમે પહેલો, ત્રીજો (મરીચિનો) પાંચમો, છટ્ઠો, આઠમો, દસમો, બારમો, ચૌદમો, સોળમો, અરાઢમો (ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકેનો), બાવીસમો, ત્રેવીસમો (પ્રિયમિત્ર ચક્રવર્તી તરીકેનો) અને પચ્ચીસમો (નંદન મુનિ તરીકેનો) છે. આમ ૨૭ ભવો પૈકી તેર જ ભવ અત્ર પ્રસ્તુત છે કેમકે બીજો, ચોથો, સાતમો, નવમો, અગિયારમો, તેરમો, પંદરમો, સત્તરમો, ચોવીસમો અને છવ્વીસમો એ દસ[1] ભવ તો '[2]દેવ' તરીકેના છે; ઓગણીસમો ભવ સાતમી નારકના જીવ તરીકેનો અને એકવીસમો ભવ ચોથી નારકીના જીવ તરીકેનો હોઇ એ બે ભવ 'નારક' તરીકેના છે; અને વીસમો સિંહ તરીકેનો હોઇ તિર્યંચ તરીકેનો છે.

---

૧. પાંચમા, તેરમા, પંદરમા અને એકવીસમા ભવ પછીના ક્ષુલ્લક ભવો.

૨. આને અંગેના દેવલોક અનુક્રમે નીચે મુજબ છે :—

સૌધર્મ, બ્રહ્મ(દેવ)લોક, સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, મહાશુક્ર, મહાશુક્ર અને પ્રાણત.

**નયસાર ભવ ૧** —મહાવીરસ્વામીના નયસાર (૧અલાધિક) તરીકેના ભવમાંનાં સગાંનાં નામ જાણવામાં નથી. આવશ્યકની નિજ્જુત્તિ અને ભાસ સહિત જે દીપિકા છપાઇ છે. તેમાં અપાયેલી નિજ્જુત્તિમાં તેમ જ ભાસમાં પણ 'નયસાર' એવું નામ નથી. એ નામ ચુણ્ણિમાં પણ જણાતું નથી તો સૌથી પ્રથમ આ નામ ક્યાં છે? ત્રિષષ્ટિ–શલાકા–પુરુષ–ચરિત્ર (પર્વ ૧૦, સ. ૧, શ્લો. ૫)માં તો આ નામ છે. વળી ગુણચન્દ્રગણિએ વિ સં. ૧૧૩૯માં પૂર્ણ કરેલા મહાવીરચરિય (પત્ર ૩અ)માં પણ છે.

**મરીચિ** (ભવ ૩)— મરીચિના પિતાનું નામ ભરત છે. એ ચક્રવર્તીને ૬૪૦.૦૦ પત્નીઓ હતી. તેમાંની કોને પેટે મરીચિનો જન્મ થયો એ બાબત કોઇ ઉલ્લેખ મળે છે ખરો?

આદ્ય તીર્થંકર ઋષભદેવ મરીચિના પિતામહ થાય અને સુનન્દા અને સુમંગલા એમની પિતામહી (દાદીઓ) થાય. બાહુબલિ અને એમના એ ભરત સિવાયના ૯૮ ભાઇઓ તે મરીચિના કાકાઓ થાય. બ્રાહ્મી અને સુંદરી એમની ફોઈ ઓ થાય. મરુદેવી એમના દાદા (પિતામહ)ની માતા થાય અને કુલકર નાભિ પ્રપિતામહ (પરદાદા) થાય. આથી વિશેષ વિચાર "ઋષભદેવના સગાંવહાલાં" જેવા સ્વતંત્ર લેખમાં થઇ શકે.

મરીચિ તરીકેના ભવમાં મહાવીરસ્વામીએ 'ત્રિદંડી'નો—પરિવ્રાજકનો ધર્મ સ્વીકાર્યો હતો.

---

૧. જુઓ **શ્રમણ ભગવાન મહાવીર** (પૃ ૨૪૪). આ નામ આપવા માટે શો આધાર છે તેનો ઉલ્લેખ જણાતો નથી તો તે દર્શાવાશે?

કૌશિક (ભવ ૫)–મહાવીરસ્વામીએ આ બ્રાહ્મણ તરીકેના ભવમાં પણ અંતે 'ત્રિદંડી' ધર્મ પાળ્યો હતો. એ ભવનાં સગાંનાં નામ મળે છે ખરાં? એ ભવ પછી એમને અનેક ક્ષુલ્લક ભવ કર્યા હતા પણ તે જતા કરાયા છે

[1]પુષ્યમિત્ર (ભવ ૬)— આ બ્રાહ્મણ તરીકેના ભવમાં પણ એમણે એની પૂર્વના ભવની પેઠે 'ત્રિદંડી' ધર્મ પાળ્યો હતો. એ ભવનાં સગાંનાં નામ કોઇ કૃતિમાં નોંધાયાં છે ખરાં?

આવસ્સયની નિજ્જુત્તિ (ગા. ૪૪૧)માં પૂસમિત્ત એવો ઉલ્લેખ છે. એ ઉપરથી 'પુષ્યમિત્ર' નામ સમુચિત ગણાય.

અગ્નિદ્યોત (ભવ ૮)— આ બ્રાહ્મણ તરીકેના ભવમાં પણ એમણે 'ત્રિદંડી' ધર્મ પાળ્યો હતો. એ ભવમાંનાં એમનાં માતા-પિતા વગેરેનાં નામ જાણવામાં નથી.

અગ્નિભૂતિ: (ભવ ૧૦)— એમના આ બ્રાહ્મણ તરીકેના ભવના પિતાનું નામ સોમિલ અને એમની માતાનું નામ શિવભદ્રા હતું એ અગ્નિભૂતિએ આગળ જતાં પરિવ્રાજક સુરસેન પાસે દીક્ષા લીધી હતી.

ભારદ્વાજ (ભવ ૧૨)— આ બ્રાહ્મણ તરીકેના ભવમાં પણ એમણે 'ત્રિદંડી' ધર્મ સ્વીકાર્યો હતો. એમનાં સગાંનાં નામોનો ઉલ્લેખ મળે છે ખરો?

તેરમા ભવ પછીના વિવિધ ભવોની નોંધ નથી.

---

૧. શ્ર. ભ. મ. (પૃ. ૨૪૭)માં 'પુષ્યમિત્ર' એવો ઉલ્લેખ છે.

[1]સ્થાવર ( ભવ ૧૪ )—એઓ કપિલ બ્રાહ્મણની કાન્તિમતી નામની પત્નીને પેટે પુત્ર તરીકે ઉત્પન્ન થયા હતા. આ ભવમાં પણ એમણે 'ત્રિદંડી' ધર્મ અંગીકાર કર્યો હતો.

'દેવ' તરીકેના પંદરમા ભવ પછીના ક્ષુલ્લક ભવોની ગણના કરાતી નથી.

વિશ્વભૂતિ ( ભવ ૧૬ )—વિશ્વભૂતિના પિતાનું નામ વિશાખભૂતિ અને કાકાનું નામ વિશ્વનન્દિ છે. એ વિશાખભૂતિની પત્ની ધારિણી આ વિશ્વભૂતિની માતા થાય. વિશ્વભૂતિનાં લગ્ન બત્રીસ કન્યાઓ સાથે કરાયાં હતાં. વિશ્વનન્દિને મદનલેખા ( પ્રિયંગુ ) નામે પત્ની હતી. મદનલેખા વિશ્વભૂતિની કાકી થાય અને વિશાખનન્દિ એમના કાકાનો દીકરો થાય.

ત્રિપૃષ્ઠ ( ભવ ૧૮ ) — એમના પિતાનું નામ પ્રજાપતિ ( રિપુપ્રતિશત્રુ ) અને એમની માતાનું નામ મૃગાવતી છે. એ મૃગાવતી તે રિપુપ્રતિશત્રુની ભદ્રા નામની રાણીની પુત્રી થતી હતી. તેમ છતાં એ રાજાએ પોતાની પુત્રી સાથે લગ્ન કર્યાં અને તેમ થતાં એ 'પ્રજાપતિ' કહેવાયો. ભદ્રા રાણીનો પ્રથમ પુત્ર તે પ્રથમ બળદેવ અચલ. એ અચલ તે પ્રથમ વાસુદેવના ઉપર્યુક્ત ત્રિપૃષ્ઠના મોટા ભાઈ થાય.

૨૧મા ભવ પછીના ક્ષુલ્લક ભવ વિષે વિશેષ માહિતી મળતી નથી.

વિમલ ( ભવ ૨૨ ) — એમના પિતાનું નામ પ્રિયમિત્ર અને

---

૧. શ્રીમહાવીરકથા (પૃ. ૨૦)માં 'થાવર' નામ અપાયું છે.

એમની માતાનું નામ વિમલા છે.[1]

પ્રિયમિત્ર (ભવ ૨૩)— એઓ 'મહાવિદેહ' ક્ષેત્રમાંની 'મૂકા' નગરીના રાજા ધનંજય અને તેની રાણી ધારિણીના પુત્ર થાય છે. એ પ્રિયમિત્ર ચક્રવર્તીને અનેક રાજકન્યાઓ પરણાવામાં આવી હતી. એમને અન્ય ચક્રવર્તીઓની પેઠે ૬૪૦૦૦ પત્નીઓ હશે. એ તમામનાં નામ જાણવામાં નથી. પ્રિયમિત્રે અંતે પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી હતી શ્ર ભ. મ. (પૃ. ૨૫૩)માં પ્રોષ્ઠિલાચાર્ય એવો ઉલ્લેખ છે.

સમવાય (સુત્ત ૧૩૪)માં મહાવીરસ્વામી તીર્થંકર તરીકેના ભવગ્રહણથી છઠ્ઠા ભવમાં પોટ્ટિલ હતા એવો ઉલ્લેખ છે. એની વૃત્તિ (પત્ર ૧૦૬અ–૧૦૬આ)માં અભયદેવસૂરિએ (૧) પોટ્ટિલ રાજકુમાર, (૨) દેવ, (૩) નન્દન રાજપુત્ર, (૪) દેવ, (૫) દેવાનન્દાના ગર્ભમાં આવવું અને (૬) ત્રિશલાને પેટે જન્મ એમ છ ભવ ગણાવ્યા છે.

નન્દન (ભવ ૨૫)—જિતશત્રુ રાજા નન્દનના પિતા થાય અને એ રાજાની રાણી ભદ્રા તે આ નન્દનની માતા થાય. નન્દને પોતાના પુત્રને રાજગાદી સોંપી પોતે પોટ્ટિલાચાર્ય (પ્રોષ્ઠિલાચાર્ય) પાસે દીક્ષા લઈ એ ભવમાં વીસે સ્થાનકોની આરાધના કરી 'તીર્થંકર–નામકર્મ નિકાચિત કર્યું હતું એ નન્દનના પુત્રનું નામ શું હતું તે વિષે કોઈ સ્થળે ઉલ્લેખ મળે છે ખરો?

( ૩ )

મહાવીરસ્વામીનો ૨૭મો ભવ એ એમનો અન્તિમ ભવ છે. એ ભવમાંનાં એમનાં અનેક સગાંવહાલાંનાં નામ વિષે ઉલ્લેખ મળે છે.

---

૧. શ્રીમહાવીરકથા (પૃ. ૪૪)માં એવો ઉલ્લેખ છે કે આ નામ ત્રિ. શ. પુ. ચ.માં કે ગુણચન્દ્રગણિકૃત મહાવીરચરિયમાં નથી.

માતા :—દેવાનન્દા એ એમની માતા માતા થાય. મહાવીરસ્વામી સર્વજ્ઞ બન્યા બાદ જ્યારે બ્રહ્મણકુંડમાં પધાર્યા ત્યારે એમને જોતાં દેવાનન્દાને પાનો ચઢ્યો, એનું કારણ વિનયમૂર્તિ ઇન્દ્રભૂતિએ પૂછ્યું ત્યારે એમણે કહ્યું કે દેવાનન્દા મારી માતા થાય છે. અને હું આ દેવાનન્દાનો પુત્ર થઉં છું. અને પુત્ર તરફના સ્નેહને લઈને પાનો ચઢ્યો છે. આને લગતો પાઠ વિવાહપણ્ણત્તિ (સ ૯, ઉ. ૩૩, સુ ૩૮૧ માં નીચે મુજબ છે :–

' तए णं सा देवाणन्दा माहणी आगयपण्हाया......समणं भगवं महावीरं अणिमिसाए दिट्ठीए देहमाणी चिट्ठति। भंते त्ति भगवं गोयमे....एवं वयासी-किं णं भंते एसा देवाणन्दा... चिट्ठइ ?...महावीरे भगवं गोयमं एवं वयासी—एवं खलु गोयमा ! देवाणन्दा माहणी मम अम्मगा, अहं णं देवाणन्दाए माहणीए अत्तए। तए णं सा देवाणन्दा माहणी तेणं पुव्वपुत्तसिणेहाणुराएणं आगयपण्हया......चिट्ठइ। ''

કોઇ કોઇ આધુનિક વિદ્વાનનું એમ કહેવું છે કે દેવાનન્દા તો ધાવમાતા છે. આથી પ્રશ્ન ઉદ્‌ભવે છે કે સામાન્ય રીતે ધાવમાતા તો ભાડુતી ગણાય અને જોવી સ્ત્રીને પાનો ચઢે ખરો ? આવો કોઈ દાખલો પ્રાચીન અને પ્રામાણિક કૃતિમાં નોંધાયેલો મળે છે ખરો ? આધુનિક વિજ્ઞાનનું આ સંબંધમાં શું કહેવું છે ?

આયાર (સુય ૨, ચૂલા ૩, સુત ૩૯૯)માં મહાવીસ્વામી દેવાનન્દાની કુક્ષિમાં અવતર્યાનો ઉલ્લેખ છે એટલું જ નહિ, પણ ૮૨ (બ્યાસી) દિવસ ત્યાં રહ્યાનો પણ સ્પષ્ટપાઠ છે. આથી ઉપર્યુક્ત આધુનિક મતવ્ય વિશેષતઃ તપાસવું ઘટે.

પિતા—ઋષભદત્ત એ દેવાનન્દાના પતિ થાય. એ હિસાબે એઓ મહાવીરસ્વામીના પિતા ગણાય.

માતાપિતા—દેવાનન્દાની કુક્ષિમાં મહાવીરસ્વામી ૮૨ દિવસ જ રહ્યા હતા. સિદ્ધાર્થરાજાની રાણી ત્રિશલાને પેટે થયો હતો. આ બાબત આયાર (સુત્ત ૩૯૯) ઉપરથી જાણી શકાય છે.

આ ક્ષત્રિયાણી ત્રિશલાનાં વિવિધ નામો તેમ જ મહાવીરસ્વામીનાં અન્ય ઘણાંખરાં સગાંસંબંધીનાં નામો આયાર (સુય. ૨, ચૂલા ૩, સુત્ત ૪૦૦)માંના નીચે મુજબના પાઠમાં જોવાય છે :—

"समणस्स णं भगवओ महावीरस्स पिया कासवगुत्तेणं तस्स णं तिन्नि नामधिज्जा तं० सिद्धत्थे इ वा सिज्जंसे इ वा जसंसे इ वा, समणस्स अम्मा वासिट्ठस्सगुत्ता। तीसे णं तिण्णि नाम० तं० तिसला इ वा, विदेहदिन्ना इ वा, पियकारिणी इ वा। समणस्स० पित्तिअए सुपासे कासवगुत्तेणं समणस्स० जिट्ठे भाया नन्दिवद्धणे कासवगुत्तेणं समणस्स० जेट्ठा भयणी सुदंसणा कासवगुत्तेणं। समणस्स० भज्जा जसोया कोडिन्ना-गुत्तेणं समणस्स० धूया कासवगोत्तेणं। तीसे णं दो नामधिज्जा० अणुज्जा इ वा पियदंसणा इ वा। समणस्स० नत्तूई कोसियागुत्तेणं। तीसे णं दो नाम० सेसवई इ वा जसवई वा"[1] —सुत्त ४००

---

૧. પજ્જોસવણાકપ્પ (સુત્ત ૧૦૩ માં લગભગ આવા પાઠ છે.

માતા વગેરેનાં સગપણોની નોંધ આવસ્સયની ચુણ્ણિ (પૂર્વ ભાગ, પત્ર ૨૪૬ માં છે. વિશેષમાં મહાવીરસ્વામીની ભાભી ચેટકની પુત્રી હોવાનો અહીં સ્પષ્ટ ઉલ્લેખ છે.

આ ઉપરથી આપણે નીચે મુજબની બાબતો તારવી શકીયે :—

પિતા— મહાવીસ્વામીના પિતાનાં ત્રણ નામ છે : સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વિન્.

માતા— માતાનાં પણ ત્રણ નામ છે. (૧) ત્રિશલા, (૨) વિદેહદત્તા અને (૩) પ્રિયકારિણી

કાકા— કાકાનું નામ સુપાર્શ્વ છે.

મોટાભાઈ— એમનું નામ નન્દિવર્ધન છે.

પત્ની — એમનું નામ યશોદા છે.

પુત્રી— એમનાં બે નામ છે : અનવદ્યા અને (૨) પ્રિયદર્શના.

આવસ્સયની ચુણ્ણિ (પૂર્વભાગ, પત્ર ૨૪૫)માં 'અણેજજંગી' (સં. અનવદ્યાંગી) એવું નામાન્તર છે.

દૌહિત્રી— એમનાં બે નામ છે : (૧) શેષવતી અને (૨) યશસ્વતી.

મામા— એમનું નામ ચેટક છે. (એમને સામાન્ય જનતા 'ચેડા રાજા' તરીકે ઓળખાવે છે આમ કહેવાનું કારણ એ છે કે આવસ્સયની ચુણ્ણિ (પૂર્વ ભાગ, પત્ર ૨૪૫)માં ત્રિશલાના ભાઈ તરીકે ચેટકનો ઉલ્લેખ છે. આ રહ્યો એ પાઠ :—

"**भगवतो माया चेडगस्स भगिणी**"।

'પુન્નાટ' સંઘના દિગંબર આચાર્ય જિનસેને શકસંવત

૭૦૫માં અર્થાત્ વિ. સં. ૮૪૦માં હરિવંશપુરાણ રચ્યું છે. એના દ્વિતીય સર્ગના નિમ્નલિખિત પદ્યો પ્રમાણે તો ચેટક એ ત્રિશલાના પિતા રાય.

"चेतश्चेटकराजस्य यास्ताः सप्त शरीरजाः।
अतिस्नेहाकुलं चक्रुस्तास्त्वाद्या प्रियकारिणी॥ १७॥
कस्तां योजयितुं शक्तस्त्रिशलां गुणवर्णनैः।
या स्वपुण्यैर्महावीरप्रसवाय नियोजिता॥ १८॥

આવસ્સયની ચુણ્ણિ હરિભદ્રસૂરિના સમય કરતાં પહેલાંની છે. વિ. સં ૮૪૦ કરતાં તો લગભગ સો વર્ષ જેટલી પ્રાચીન જણાય છે. આથી બે પ્રશ્ન ઉપર સ્થિત થાય છે:—

(૧) ચેટક એ ત્રિશલાના ભાઇ થાય એવો ઉલ્લેખ આ ચુણ્ણિ કરતાં કોઇ પ્રાચીન શ્વેતાંબરીય કૃતિમાં છે?

(૨) ત્રિશલા કિંવા પ્રિયકારિણી એ ચેટકની સાત પુત્રીઓ પૈકી એક છે એવો ઉલ્લેખ ઉપર્યુક્ત હરિવંશપુરાણ કરતાં પ્રાચીન એવી કોઇ દિગંબરીય કૃતિમાં છે?

ઉપર્યુક્ત હરિવંશપુરાણ (સ. ૨, શ્લો., ૭૦)માં [1]ચંદના (ચંદનબાલા)ને ચેટકની પુત્રી કહી છે તો આ વાતની પણ વિશેષ તપાસ થતી ઘટે કેમકે શ્વેતાંબરોની માન્યતા પ્રમાણે તો એ દૌહિત્રી છે.

મોળાઇ બેનો—કાકાનાં છોકરાંછોકરીઓને પિત્રાઈ ભાઈ-બેન કહે છે. માસીનાં છોકરાંછોકરીને મસીઆઈ ભાઈબેન

---

૧. "सुता चेटकराजस्य कुमारी चन्दना तदा।
धौतैकाम्बरसंवीता जाताऽऽर्याणां पुरस्सरी॥"

કહે છે અને ફોઈનાં છોકરાંછોકરીને ફોઈયાત ભાઈ બેન કહે છે. તેમ મામાનાં છોકરાંછોકરીને ગોળાઈ ભાઈ બેન કહે આવસ્સયની ચૂણિણ (ઉત્તર ભાગ, પત્ર ૧૬૪)માં 'હૈહય' કુળના ચેટક રાજાની સાત પુત્રીઓનાં અને એ પૈકી પહેલી પાંચનાં પતિઓનાં પણ નામ છે. એને અંગેનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે :–

"इत्तो य वेसालीए नयरीए चेडओ राया 'हेहय'कुलसंभूतो। तस्स देवीणं अण्णमण्णाण सत्त धुताओः पभावती, पउमावती, मिगावती, सिवा, जेट्ठा, सुजेट्ठा, चेल्लण ति।...

पभावती वीतिभए उदायणस्स दिन्ना १, पउमावती चंपाए दहिवाहणस्स २, मिगावती कोसंबीए सताणियस्स ३, सिवा उज्जेणीए पज्जोतस्स ४, जेट्ठा कुंडग्गामे० नन्दिवद्धणस्स दिण्णा ५, सुजेट्ठा चेल्लणा य दो कण्णगाओ अच्छन्ति ॥"

આ ઉપરથી જાણી શકાય છે કે મહાવીરસ્વામીને નિમ્નલિખિત નામવાળી સાત મોળાઈ બેનો હતી :—

(૧) પ્રભાવતી, (૨) પદ્માવતી, (૩) મૃગાવતી, (૪) શિવા, (૫) જ્યેષ્ઠા, (૬) [૧]સુજ્યેષ્ઠા અને (૭) ચેલ્લણા.

---

૧. સુજ્યેષ્ઠાએ લગ્ન ન કરતાં દીક્ષા લીધી હતી. એક વેળાએ એ આતાપના લેતી હતી. તેવામાં પેઢાલ નામના પરિવ્રાજકે ધૂમિકાનો વ્યામોહ કરી એને ગર્ભવતી બનાવી. કાલાંતરે એને પુત્ર થયો અને એનું નામ સત્યકિ રખાયું. જુઓ આવસ્સયની ચુણ્ણિ (ઉત્તર ભાગ, પત્ર ૧૭૪–૧૭૬). સુદર્શનાના પતિ પણ મહાવીરસ્વામીના બનેવી ગણાય. એનું નામ કોઇ ઠેકાણે નોંધાયું છે ખરું ?

**બનેવીઓ**— ચેટક રાજાની સાત પુત્રીઓ પૈકી પાંચના પતિનાં નામ ઉપર અપાયાં છે. તેમાં ચેલ્લણાના પતિ તરીકે શ્રેણિકનું નામ ઉમેરી મહાવીરસ્વામીના છ બનેવીઓનાં નામ નીચે મુજબ રજૂ કરું છું :—

(૧) ઉદાયન (વીતી(ત)ભયના રાજા), (૨) દધિવાહન (ચંપાના રાજા), (૩) શતાનીક (કૌશંબીના રાજા), (૪) પ્રદ્યોત (ચંડપ્રદ્યોત) (ઉજ્જયિનીના રાજા), (૫) નંદિવર્ધન (મહાવીરસ્વામીના મોટા ભાઈ). અને (૬) શ્રેણિક (મગધના રાજા)

**ભાભી** — ઉપર્યુક્ત ઉલ્લેખ ઊપરથીએ જાણી શકાય છે કે મહાવીરસ્વામીનાં ભાભીનું નામ જયેષ્ઠા હતું. એમના લગ્ન મહાવીરસ્વામીના મોટાભાઈ નન્દિવર્ધન સાથે થયા હોવાથી એ એમના બનેવી પણ ગણાય.

**ભાણેજ અને જમાઇ**—મહાવીરસ્વામીનાં મોટાં બેન સુદર્શનાને જમાલિ નામે પુત્ર હતો એ હિસાબે એ મહાવીરસ્વામીના ભાણેજ થાય. વળી મહાવીરસ્વામીએ પોતાની પુત્રી અનવદ્યાના લગ્ન આ જ જમાલિ સાથે કર્યા હતા. એથી એ એમના જમાઇ પણ ગણાય.

આ સંબંધમાં હું આવસ્સયના ભાસની નિમ્નલિખિત ગાથા રજૂ કરું છું :—

"जेट्ठा सुदंसण जमालिऽणोज्ज सावत्थि तेन्दुगुज्जाणे ।
पञ्चसया य सहस्सं ढङ्केण जमालि मोत्तूण ॥ [1]१२६ ॥"

આ જ ગાથા ક્ષમાશ્રમણ જિનભદ્રગણિકૃત વિસેસાવસ્સય-ભાસમાં ૨૩૦૭મી ગાથા તરીકે જોવાય છે.

વિવાહપણ્ણત્તિ (સ. ૯, ઉ. ૩૩)માં જમાલિને આઠ પત્ની હોવાનો ઉલ્લેખ છે પણ એમાં અનવદ્યાનો એ નામે તો ઉલ્લેખ નથી.

નન્દિવર્ધનનું લગ્ન જેમ એમના મામા ચેટકની પુત્રી સાથે થયું હતું તેમ જમાલિનું લગ્ન એમના મામા મહાવીર-સ્વામીની પુત્રી અનવદ્યા સાથે થયું હતું. શ્રીપાલ નરેશનું લગ્ન પણ એમના મામાની પુત્રી સાથે થયું હતું.

આમ ભાણેજનું લગ્ન મામાની પુત્રી સાથે થયાનાં ઉદાહરણો જૈન સાહિત્યમાં મળે છે એટલું જ નહિ, પણ આજે પણ કેટલાક પ્રદેશમાં આ રિવાજ પ્રચલિત છે. બડવો સન્યાસ લેવા તૈયાર થાય છે ત્યારે તેને તેના મામા કહે છે કે તું એમ

---

૧. આ ક્રમાંક આવશ્યક-નિર્યુક્તિ-દીપિકા (વિ. ૧, પત્ર ૧૪૨આ) પ્રમાણેનો છે. આ દીપિકામાં વીરની મોટી બેન સુદર્શનાનો પુત્ર જમાલિ છે અને તેની પત્ની તે વીરની પુત્રી અનવદ્યા છે એમ કહ્યું છે.


ન કર. મારી પુત્રી તને પરણાવીશ. આવો રિવાજ આજે જોવાય છે.

મસિયાઈ ભાઈ – સિદ્ધાર્થ એ મહાવીરસ્વામીની માસીનો પુત્ર થાય છે. એ બાળ તપશ્ચર્યાના પ્રભાવે વાનવ્યતર થયો હતો. એને શક્ર ઇન્દ્રે કહ્યું હતું કે મહાવીરસ્વામીને ઉપસર્ગ થાય તો તેનું તારે નિવારણ કરવું આ પ્રમાણેની હકીકત આવસ્સયની ચુણ્ણિમાં ( પૂર્વ ભાગ, પત્ર ૨૭૦ ) માં છે. પ્રસ્તુત પાઠ નીચે મુજબ છે :—

" ताहे तम्मि अन्तरे सिद्धत्थो सामिस्स मातुत्थितापुत्तो बालतवोकम्मेण वाणमन्तरो जातेल्लओ, सो आगतो । "

ઉપર્યુક્ત સિદ્ધાર્થ મહાવીરસ્વામીનો માસિયાઈ ભાઈ થાય એ બાબત તેમ જ શક્રે એને કરેલાં આદેશ વિષે ઉપર્યુક્ત ચુણ્ણિ કરતાં પ્રાચીન કોઈ કૃતિમા ઉલ્લેખ છે ખરો ?

આ પ્રમાણે સમય અને સાધન અનુસાર મેં મહાવીર-સ્વામીનાં ઘણાંખરાં મુખ્ય સગાંવહાલાંનાં નામ ગણાવ્યાં છે. કેટલાંક નામ ગણાવાં બાકી રહે છે : જેમ કે પિતામહ, પિતામહી, માતામહ, માતામહી, મામી, માસી, માસા અને બનેવી. અંતમાં મુખ્ય સગપણો કોષ્ટક દ્વારા દર્શાવી હું આ લેખ પૂર્ણ કરું છું :—




૧. ચેટકની એક પત્ની નામે ચેલ્લણાની માતાનું નામ Sacred Books of the East (Vol. XXII, intro., p. xv)માં સુભદ્રા દર્શાવાયું છે તે વાસ્તવિક છે કે કેમ તેની તપાસ કરવી બાકી રહે છે.

—જૈન સત્ય પ્રકાશ ( વ ૨૦, અં. ૧૨)

[ ૬ ]

## મહાવીરસ્વામીના 'ત્રિદંડી' તરીકેના સાત ભવો

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના મુખ્ય ૨૭ ભવો ગણાવાય છે. તેમાં નયસાર એ એમનો પ્રથમ ભવ છે અને એ ભવમાં એમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ હોઇ એ ભવ ગણનાપાત્ર છે. એમનો બીજો ભવ 'સૌધર્મ' દેવલોકમાં દેવ તરીકેનો છે. એમનો ત્રીજો ભવ મરીચિ તરીકેનો છે. એ ભવમાં જૈન શ્રમણત્વ સ્વીકાર્યા બાદ એની દુષ્કરતાને પહોંચી વળાતું નથી એમ જણાતાં એઓ 'ત્રિદંડી' બન્યા. આ સંબધમાં 'કલિકાલસર્વજ્ઞ' હેમ-ચન્દ્રસૂરિએ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (પર્વ ૧૦, સર્ગ ૧, શ્લો. ૩૬–૪૨)માં નીચે મુજબનું કથન કર્યું છે :—

(૧) શ્રમણો (મનોદંડ, કાયદંડ અને વચનદંડ એમ) ત્રણ દંડોથી વિરમેલા છે જ્યારે હું તો એ દંડોથી જિતાયેલો છું વાસ્તે મારું લાંછન 'ત્રિદંડી' હો.

(૨) એ શ્રમણો કેશનો લોચ કરવા વડે 'મુંડ' છે તો હું ક્ષુર યાને અસ્ત્રા વડે મુંડ બનું અને શિખા ધારણ કરું.

(૩) એઓ મહાવ્રતધારી છે તો હું અણુવ્રતધારી બનું.

(૪) એ મુનિઓ નિષ્કિંચન યાને પરિગ્રહથી રહિત છે તો હું મુદ્રિકા વગેરે રાખું.

(૫) એઓ મોહથી રહિત છે જ્યારે હું તો મોહથી આચ્છાદિત છું વાસ્તે છત્ર રાખું.

(૬) એ 'મહર્ષિઓ જોડા પહેર્યા વિના સંચરે છે તો પગના રક્ષણાર્થે હું જોડા પહેરું.

(૭) એઓ શીલ વડે સુગંધી છે જ્યારે હું તો શીલ વડે તેવો નથી વાસ્તે સુગંધ માટે મને ચંદનનું તિલક ઇત્યાદિ હો.

(૮) એ શ્વેત અને જીર્ણ વસ્ત્ર ધારણ કરેલા મહર્ષિઓ (ક્રોધાદિ) કષાયોથી મુક્ત છે જ્યારે હું તો કષાયોથી મુક્ત નથી વાસ્તે મારાં વસ્ત્ર કષાય રંગવાળા હો.

(૯) જળનો આરંભ ઘણા જીવોને ઉપમર્દક હોઇ એ આરંભ એમણે ત્યજી દીધો છે જ્યારે મને પરિમિત જળ વડે સ્નાન અને પાન હો..

આ પ્રમાણે વિચારીને લિંગના નિર્વાહ માટે મરીચિ પરિવ્રાજક બન્યા. મરીચિ આયુષ્ય પૂર્ણ થતાં 'બ્રહ્મલોક'માં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને એઓ કૌશિક બ્રાહ્મણ તરીકે અવતર્યા અને 'ત્રિદંડી' બન્યા.

પછી અનેક ભવો કર્યા બાદ એઓ પુષ્યમિત્ર બ્રાહ્મણ તરીકે જન્મ્યા અને એ ભવમાં એઓ 'ત્રિદંડી' બન્યા.

મૃત્યુ થતાં એઓ 'સૌધર્મ' દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી અગ્ન્યુદ્દ્યોત બ્રાહ્મણ તરીકે અવતર્યા અને 'ત્રિદંડી' બન્યા.

એઓ આયુષ્ય પૂર્ણ થતાં 'ઐશાન' દેવલોકમાં ઉત્પન્ન થયાં અને ત્યાંથી ચ્યવી અગ્નિભૂતિ બ્રાહ્મણ તરીકે અવતરી કાલાંતરે 'ત્રિદંડી' બન્યા.

મૃત્યુ બાદ એઓ ‘ સનત્કુમાર ’માં દેવ થયા. ત્યાંથી ચ્યવી ભારદ્વાજ દ્વિજ તરીકે ઉત્પન્ન થયા અને એ ભવમાં પણ ‘ ત્રિદંડી ’ બન્યા.

અવસાન થતાં ‘ માહેન્દ્ર ’ કલ્પમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી ભવભ્રમણ કરી સ્થાવર દ્વિજ થયા અને આગળ ઉપર ‘ ત્રિદંડી ’ બન્યા.

આ પછી એઓ લાંબે ગાળે મોક્ષે ગયા. એ દરમ્યાનના કોઈ પણ ભવમાં ‘ત્રિદંડી’ બન્યા નથી. આમ હોઇ એઓ એકંદર સાત વાર ‘ત્રિંદડી’ બન્યા હતા. એને લગતાં એમનાં નામ નીચે મુજબ છે :—

( ૧ ) મરીચિ, ( ૨ ) કૌશિક, ( ૩ ) પુષ્યમિત્ર, ( ૪ ) અગ્ન્યુદ્દ્યોત, ( ૫ ) અગ્નિભૂતિ, ( ૬ ) ભારદ્વાજ અને ( ૭ ) સ્થાવર.

મરીચિ તરીકેનો ભવ બાજુએ રાખતાં બાકીના ઉપર્યુક્ત ૭ યે ભવમાં એઓ બ્રાહ્મણ તરીકે જન્મ્યા હતા.

**ત્રિદંડીનો વેષ**—મરીચિ ‘ત્રિદંડી’ બન્યા ત્યારે એમનો વેષ નીચે પ્રમાણે હતો :—

( ૧-૨ ) માથું મુંડાવેલું અને માથા ઉપર શિખા. ( ૩ ) લલાટે ચંદનનું તિલક. ( ૪ ) કષાય રંગનું વસ્ત્ર. ( ૫ ) હાથમાં ત્રિદંડ, ( ૬ ) મસ્તક ઉપર છત્ર. ( ૭ ) હાથમાં મુદ્રિકા અને ( ૮ ) પગમાં જોડા.

આ વિગતો લક્ષ્યમાં લઇ ત્રિદંડીનું ચિત્ર આલેખી શકાય.

—જૈન ધર્મ પ્રકાશ ( પુ. ૬૧, અં. ૯ )

[ ૭ ]

## મહાવીરસ્વામીના પૂર્વ ભવના વેરીઓ

શ્રમણ ભગવાન મહાવીરસ્વામી મોક્ષે સંચર્યા તે પૂર્વે એમને કેટલા ભવ કરવા પડ્યા હતા તેનો નિર્દેશ કોઇએ કર્યો હોય એમ જણાતું નથી. આ ચરમ તીર્થંકરના સત્તાવીસ મોટા ભવો ગણાવાય છે. તેમાં નયસાર તરીકેના ભવમાં એમણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. એ ભવને પ્રથમ ગણવામાં આવે છે. એની પૂર્વેના ભવો વિષેની હકીકત મળતી નથી. એ પરિસ્થિતિમાં બહુમાં બહુ તો મુખ્ય ૨૭ ભવો પૂરતી જ વેરીઓની વિચારણા થઇ શકે. પ્રસ્તુત લેખમાં તો હું મહાવીરસ્વામીના અંતિમ ભવમાં એમને પૂર્વ ભવના વેરીઓનો જે સમાગમ થયો તેની નોંધ લેવા ઇચ્છું છું.

અંતિમ ભવમાં મહાવીરસ્વામીને જાતજાતના અનેક ઉપસર્ગો થયા છે. એ કરનાર પૈકી સૌ કોઇને કંઇ એમના પૂર્વ ભવના વેરી તરીકે ગણાવાય તેમ નથી.

( ૧ )

સુદંષ્ટ્ર—મહાવીરસ્વામીએ ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકેના ભવમાં અશ્વગ્રીવ તરફથી સિંહની ચોકી કરવાનું કાર્ય ઉપાડી લીધું. તેમ કરતી વેળા બીજા રાજાઓની પેઠે લશ્કરને સિંહ સામું મોકલવાનું કે હથિયાર લઇ એ સિંહનો સામનો કરવાનો એમણે વિચાર ન રાખ્યો. પોતે પગપાળા અને હથિયાર લીધા વિના સિંહની ગુફા પાસે ગયા અને એની સાથે મલ્લયુદ્ધ કરી એના બે હાથ પકડી જાણે જીર્ણ વસ્ત્ર ન હોય તેમ એ સિંહને

એમણે ચીરી નાંખ્યો અને ખેડૂત દ્વારા એનું ચામડું અશ્વગ્રીવને મોકલાવી દીધું.

એ સિંહ આગળ જતાં 'ગંગા' નદીમાં સુદંષ્ટ્ર નામે નાગકુમાર થયો હતો. મહાવીરસ્વામી છદ્મસ્થ અવસ્થામાં પહેલું ચોમાસું પૂરું કરી વિહાર કરતા કરતા 'સુરભિપુર'માં આવ્યા. ત્યાં એમને 'ગંગા' નદી ઓળંગવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. એઓ સિદ્ધાન્ત નામના નાવિકના નાવમાં બેઠા. એ જોઇ પેલા સુદંષ્ટ્રે એ નાવને ડુબાડવા–મહાવીરસ્વામીને હેરાન કરવા પોતાની શક્તિથી ભયંકર તોફાન ઊભું કર્યું અને નાવને ડામાડોલ સ્થિતિમાં મૂકી દીધું પરંતુ ત્યાંના સંબલ અને કંબલ નામના બે નાગકુમારો પૈકી એકે સુદંષ્ટ્રને ભગાડી મૂક્યો અને બીજાએ નાવ સહીસલામત રીતે કિનારે લાવી મૂક્યું. આથી મહાવીરસ્વામી મહાનદીમાં ડૂબતા બચી ગયા. આમ એ સુદંષ્ટ્ર જન્માંતરના વેરની વસુલાત કરવામાં ફાવ્યો નહિ. એ સુદંષ્ટ્ર નાગકુમારનું ચ્યવન થતાં એ કોઇ ગામમાં ખેડૂત તરીકે ઉત્પન્ન થયો અને તે પણ મહાવીરસ્વામીના જીવનકાળમાં. એ ખેડૂતને પ્રતિબોધ પમાડવા માટે મહાવીરસ્વામીએ વિનયમૂર્તિ ઇન્દ્રભૂતિને એ ખેડૂત પાસે મોકલ્યા. એ ઇન્દ્રભૂતિ ત્રિપૃષ્ઠ વાસુદેવના સારથિ હતા અને પેલા સિંહને મરતી વખતે એમણે આશ્વાસન આપ્યું હતું. એથી એમને હાથે એ પ્રતિબોધ પામ્યો પરંતુ મહાવીરસ્વામીને જોતાં વેંત એ એમનો દ્વેષી બની ચાલતો થયો. આગળ ઉપર એ ખેડૂતને વેર વાળવાનો વિચાર થયો હોય તો પણ તેવો પ્રસંગ મળ્યો નહિ કેમકે થોડાંક વર્ષ બાદ મહાવીરસ્વામી તો નિર્વાણપદને પામ્યા.

અહીં એ ઉમેરીશ કે ઉપર્યુક્ત સિંહ પૂર્વ ભવમાં વિશ્વનન્દિ રાજાની મદનલેખા કિંવા પ્રિયંગુ રાણીનો વિશાખનન્દિ નામે પુત્ર હતો. એ વિશાખનન્દિનો જીવ મરણ બાદ નરકાદિ ગતિમાં ભમી સિંહ થયો હતો.

વિશ્વનન્દિ રાજાના ભાઈ વિશાખભૂતિને ધારિણી નામે પત્ની હતી. [1]મરીચિનો જીવ એ રાણીને પેટે વિશ્વભૂતિ નામના પુત્ર તરીકે ઉત્પન્ન થયો હતો અને એ ભવમાં ઉપર્યુક્ત વિશાખનન્દિ એનો વેરી બન્યો હતો. એના એ દ્વેષનો અગ્નિ મહાવીરસ્વામીના છેલ્લા ભવ સુધી ભભૂકતો રહ્યો. વિશાખનન્દિએ સુદંષ્ટ્ર તરીકે તેમ જ ખેડૂત તરીકે મહાવીરસ્વામી પ્રત્યે જે વર્તન રાખ્યું તે પૂર્વ વેરને લીધે હતું એમ આપણે ગુણચન્દ્રગણિએ વિ. સં. ૧૧૩૯માં રચેલા મહાવીરચરિય પ્રસ્તાવ ૫, પત્ર ૧૭૮અમાંના તેમ જ પ્ર. ૮. પત્ર ૨૯૧અમાંના અનુક્રમે નિમ્નલિખિત [2]પાઠ ઉપરથી જાણી શકીએ છીએ :—

'एत्थावसरम्मि जिणं नावरूढं पलोइउं पावो।
सम्भरियपुव्ववेरो नागसुदाढो विचिन्तेइ ॥ १ ॥
एसो सो जेण पुरा तिविट्ठुचक्कित्तणमुवगएण।
गिरिकन्दरमल्लिणो सीहत्ते वट्टमाणोऽहं ॥ २ ॥"

---

૧. આ મહાવીરસ્વામીના ૨૭ ભવો પૈકી ત્રીજા ભવનું નામ છે.

૨. આવસ્સયની હારિભદ્રીય વૃત્તિ ( પત્ર ૧૯૭અ )માં 'વેર' એવો ઉલ્લેખ નથી. અહીં કહ્યું છે કે "सुदाढेण य णागकुमारराइणा दिट्ठो भयवं णावाए । ठिओ । तस्स कोवो जाओ । "

અહીં કોપનું કારણ દર્શાવાયું નથી.

"एवं तेण गहियदिक्खेण समं पयट्टो गोयमसामी भगवओ अभिमुहं। अह जयगुरुणो चक्खुगोयरमुवागयस्स तस्स करिसगस्स तेण सीहभवावज्जियगाढवेरवसेण पम्हुट्ठा पव्वज्जापडिवत्ती जायपयण्डकोवो य भणिउं पवत्तो...परिचत्तरयहरणो धाविऊण गओ खेत्तम्मि...

तप्पच्चइएणं मइ दोसेणऽज्जवि स वेरमुव्वहइ".

આ સંબંધમાં 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ પણ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ( પર્વ ૧૦ )માં ઉપર મુજબ કથન કર્યું છે. આના સમર્થનાર્થે હું નિમ્નલિખિત પદ્યો ઉદ્ધૃત કરું છું:—

"स्मृत्वा प्राग्जन्मवैरं स क्रुध्यन्नेवमचिन्तयत् ।
सोऽयं येन त्रिपृष्टत्वे सिंहोऽहं निहतस्तदा । ३-२९५ । "
प्रभुं प्रेक्ष्य च संक्रुद्ध्य सिंहादिभववैरतः ।
सोऽवोचद् गौतममुनिं भगवन् ! कोऽयमग्रतः ॥ ९-१३ ॥"

[ २ ]

કટપૂતના — મહાવીરસ્વામીને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં અનેક પત્નીઓ હતી. તેમાંની એકનું નામ વિજયવતી હતું. એ અણમાનીતી હતી. એનો અનાદર કરાતો હોવાથી એ ત્રિપૃષ્ઠ ઉપર વેરભાવ રાખતી હતી. આગળ જતાં એ કટપૂતના નામની વ્યંતરી થઇ.

મહાવીરસ્વામીનું છદ્મસ્થાવસ્થામાંનું પાંચમું ચોમાસું પૂર્ણ થતાં કાલાંતરે એઓ 'શાલિશીર્ષ' નામના ગામમાં આવ્યા. ત્યાં

કટપૂતના વ્યંતરી પૂર્વ ભવના વેરને લઇને મહાવીરસ્વામીનું તેજ સહન ન કરી શકી એટલે એણે તાપસીનું રૂપ લીધું અને માહ મહિનાની કડકડતી ઠંડીમાં ધ્યાન ધરતા મહાવીરસ્વામીના ઉપર ખૂબ ઠંડા પાણીના બિંદુઓ વરસાવવાનું કાર્ય ચાલુ રાખ્યું. એમની જગ્યાએ બીજી કોઈ વ્યક્તિ હોત તો તેનું આવી બનત પરંતુ મહાવીરસ્વામી આ જઘન્ય ઉપસર્ગો પૈકી ઉત્કૃષ્ટ ગણાતા ઉપસર્ગથી જરા યે ડગ્યા નહિ ઊલટો એમને એ ઉપસર્ગ જાણે લાભકારી ન બન્યો હોય તેમ એમને 'લોકાવધિ' નામનું વિશિષ્ટ અવધિજ્ઞાન થયું. કટપૂતનાને પશ્ચાત્તાપ થયો અને એ પ્રભુનું પૂજન કરી ચાલી ગઇ[1] આખરે એનું શું થયું તે જાણવામાં નથી.

કટપૂતનાએ વેરભાવે ઉપસર્ગ કર્યો હતો એમ મહાવીર-ચરિય (પ્રસ્તાવ ૮, પત્ર ૨૧૨આ)માંની નિમ્નલિખિત પંક્તિ ઉપરથી જાણી શકાય છે :—

"तत्थ कडपूयणा नाम वाणमन्तरी। सा य सामिस्स तिविट्ठुभवे वट्टमाणस्स विजयवई नाम अन्तेउरिया आसि। तया य न सम्मं पडियरिय त्ति परं पओसमुव्वहन्ती मया...जिणस्स पुव्ववेरेण तेयमसहमाणा तावसीरूवं विउव्वइ।"

---

૧. "આવસ્સયની હારિભદ્રીય વૃત્તિ (ભા. ૧, પત્ર ૨૧૦અ)માં કહ્યું છે કે "तत्थ सालज्जा वानमन्तरी। सा भगवओ पूअं करेइ। अण्णे भण्णंति–जहा सा कडपूअणा वाणमन्तरी भगवओ पडिमागयस्स उवसग्गं करेइ। ताहे उवसन्ता महिमं करेइ।"

ત્રિષષ્ટિ૦ ( પર્વ ૧૦, સર્ગ ૩, શ્લો૦ ૬૧૫-૬૧૭ )માં પણ ઉપર મુજબ હકીકત છે. એમાં પૂર્વ વેરનો ઉલ્લેખ નિમ્નલિખિત શ્લોકમાં છે :—

"सा तत्र व्यन्तरीभूता स्वामिनः पूर्ववैरेणः ।
तेजोऽसहिष्णुर्व्यकरोत् तापसीसुपमग्रतः ॥ ३-६१७ ॥"

મહાવીરસ્વામીના અન્ય કોઇ પૂર્વ ભવના વેરીઓ હોય તો તેની તપાસ કરવી બાકી રહે છે. બાકી કાનમાં ખીલા ઠોકનાર ગોવાળને અંગે પૂર્વ ભવના વેર જેવો ઉલ્લેખ કોઇ પ્રાચીન કૃતિમાં તો જણાતો નથી.

—આત્માનંદ પ્રકાશ ( પુ. ૫૨, અં. ૧૨ )

[ ૮ ]

# વિભુ વર્ધમાનની [1]વૈગ્રહિક વિભૂતિ

શ્રમણ ભગવાન મહાવીરની બાહ્ય તેમ જ આંતરિક વિભૂતિનું વર્ણન કરવા કોઇ છદ્મસ્થ તૈયાર થાય તો તે એક મહાસાહસ ગણાય એટલું જ નહિ, કિન્તુ એ કાર્ય તેને હાથે તો શું, પરંતુ સર્વજ્ઞથી પણ સાંગોપાંગ થઇ શકે તેમ નથી કેમકે એક તો વીતરાગ સર્વજ્ઞ દેવાધિદેવના તમામ ગુણો સર્વજ્ઞ સિવાય અન્ય કોઇ જાણી શકતા નથી અને બીજું એના જાણનારા પણ વચન દ્વારા તેનો નિર્દેશ કરી શકે તેમ નથી. આ વાત ખુદ સિદ્ધસેન દિવાકરે રચેલા કલ્યાણમન્દિરસ્તોત્રમાં સ્પષ્ટ રીતે સૂચવાયેલી છે. તેમ છતાં આ લેખ લખાય છે તો તેનું શું કારણ છે એમ કોઇ પ્રશ્ન કરે તો તેના ઉત્તર તરીકે ઉપર્યુક્ત કલ્યાણમન્દિરસ્તોત્ર. જોઇ લેવા અથવા તો 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિકૃત વીતરાગસ્તોત્રનો પ્રથમ પ્રકાશ વિચારી લેવા ભલામણ કરવી દુરસ્ત સમજાય છે.

હું આ લેખ દ્વારા મોટે ભાગે દેવાધિદેવ દેવાર્યની વૈગ્રહિક [2]વિભૂતિનું વર્ણન કરવા ઇચ્છું છું અને તેમ કરવામાં મારો હેતુ એવો છે કે કોઇ જૈન ચિત્રકાર કે શિલ્પકાર એ ઉપરથી

---

૧. શરીર સંબંધી

૨. બાહ્ય વિભૂતિરૂપ આઠ પ્રાતિહાર્યો અને ચોત્રીસ અતિશયો અન્ય તીર્થંકરોમાં પણ હોય છે એથી તેનો અત્ર નિર્દેશ કરાતો નથી.

એમની આબેહુબ પ્રતિકૃતિ તૈયાર કરવા પ્રેરાય અને કોઇ ધનિક પોતાનો ઉદાર હાથ લંબાવી એ કાર્યને યોગ્ય ઉત્તેજન આપી પોતાનું દ્રવ્ય સાર્થક કરે.

મૂર્ત્તિ અને ચિત્ર તેમજ તેની [1]ઉપયોગિતા સાથે શારીરિક વર્ણનનો સંબંધ હોઇ સૌથી પ્રથમ તો એને ઉદ્દેશીને થોડોક ઊહાપોહ કરવા હું પ્રેરાઉં છું.

'ભારત' વર્ષમાં શિલ્પકળાનો વિકાસ ક્યારથી થયો છે એનો નિશ્ચયાત્મક ઉલ્લેખ કરવો મુશ્કેલ છે પરંતુ [2]મોહંજો દારો અને હરપ્પામાંથી જે [3]મૂર્ત્તિઓ મળી આવે છે તે ઉપરથી

---

૧. ઉપયોગિતાના સંબંધમાં બે મત હોય એમ જણાતું નથી કેમકે 'સચિત્ર મુખવસ્ત્રિકાનિર્ણય'ના લેખક 'સ્થાનકવાસી' સંપ્રદાયના સાધુ હોવા છતાં પરિચયાર્થે ચિત્ર રજૂ કર્યાનું સૂચવે છે, જો કે વંદનાર્થે તેમ કરાયું નથી એમ તેઓ ઉમેરે છે.

૨. ડૉ. લક્ષ્મણસ્વરૂપ એમ. એ. 'ગંગા-પુરાતત્ત્વાંક'ના ૬૩મા પૃષ્ઠમાં સૂચવે છે કે પંજાબ વગેરે સ્થળોમાં આવો ઉચ્ચાર કરાય છે પરંતુ આ શબ્દ સિંધી હોઇ એનો ખરો ઉચ્ચાર 'મોહંજો દડો' છે. એનો અર્થ 'મૃતકકી ઢેરી' ( mound of the dead ) થાય છે.

૩. બાબુ કામતાપ્રસાદ જૈનનું કહેવું એ છે કે મોહંજો દડોમાંથી મળી આવેલી કેટલીક મૂર્તિઓની નાસાગ્રધ્યાનમુદ્રા જૈન મૂર્તિઓને મળતી આવે છે. આને કેટલાક 'વ્રાત્ય' સંપ્રદાયની મૂર્ત્તિઓ ગણે છે. અથર્વવેદ (૧૫)માં એક મહાવ્રાત્યનું વર્ણન છે. એ જૈન તીર્થંકરના ચરિત્રને મળતું આવતું જોઇ કેટલાક વ્રાત્યોને પ્રાચીન જૈન માને છે. આવી પરિસ્થિતિમાં જૈન મૂર્ત્તિઓ આજથી લગભગ ચાર પાંચ હજાર વર્ષ પહેલાંથી અસ્તિત્વ ધરાવે છે એવું અનુમનાય છે.

એટલું તો સાબિત થાય છે કે એ સમયના લોકો મૂર્ત્તિકળાથી પરિચિત હતા. વિશેષમાં એ દિશામાં ઇ. સ. પૂ. ૫૦૦ વર્ષ પૂર્વે ઘણી ઉન્નતિ થઇ હતી એમ બૌદ્ધ ધાર્મિક ગ્રંથો, પાણિનિ-કૃત અષ્ટાધ્યાયી વ્યાકરણ (૫-૩-૯૯)ના મહાભાષ્યમાં સૂચવેલ [૧]સ્કન્દ અને શિવની મૂર્તિઓના ક્રય-વિક્રય સંબંધી ઉલ્લેખ વગેરે ઉપરથી જણાય છે પ્રો સ્ટેનકોનો (Stenkonow)નો "Note on the use of images in ancient India" નામનો લેખ પણ આ સંબંધમાં પ્રકાશ પાડે છે.

ચિત્રાક્ષરના ઉત્પત્તિસ્થાન તરીકે 'મિસર' દેશનો ઉલ્લેખ કરાતો જોવાય છે આનંદની વાત રજૂ કરતી વેળા લોકો ચતુરાનું ચિત્ર ચિતરી તેના હાથમાં ઝાંઝ આપતા હતા અને દુઃખ પ્રદર્શિત કરવા માટે માથા ઉપર હાથ રાખતા હતા. પછીના સમયમાં આના આધારે ધ્વન્યાત્મક અક્ષરોનો આવિષ્કાર થયાનું કહેવાય છે. જેમકે હાથના નમૂના ઉપરથી 'હ', 'ઇગલ' (eagle) પક્ષી ઉપરથી 'ઇ' ઇત્યાદિ. ચીનાઓના [૨]અક્ષરો એક પ્રકારના ચિત્રાત્મક અક્ષરો છે.

આ પ્રમાણે લેખનો પ્રારંભ કરવાનું કારણ એ છે કે કેટલાક જૈનો

---

૧. ચાર નિક્ષેપ સમજાવતી વેળા વાચકવર્ય ઉમાસ્વાતિએ આનો ઉલ્લેખ કર્યો છે. જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર (અ. ૧, સૂ ૫)નું ભાષ્ય (પૃ ૪૪).

૨. ચીના લોકોની ભાષામાં પારંગત બનવા માટે લગભગ ૧૫૦૦૦ અક્ષરોથી પરિચિત બનવું પડે છે એમ સૂચવાય છે.

મૂર્તિપૂજાનો સર્વથા વિરોધ કરતા જોવાય છે [1] તો કેટલાક જૈનો ગમે તે ગુણસ્થાનકે રહેલા આત્માને પણ એ સર્વથા આવશ્યક માનતા જોવાય છે[2]. તેમની સમક્ષ આ સંબંધમાં મારા નમ્ર વિચારો રજૂ કરી શકું. એ વિચારોનો પરામર્શ કરતાં તેમને પોતાની મનોદશામાં પરિવર્તન કરવું યોગ્ય જણાય તો જરૂર તેઓ તેમ કરે અને જૈનોના વિવિધ ફિરકાઓના સંગઠનનું કાર્ય સુગમ બનાવે. આ શુભ કાર્યનો આરંભ આ ઉત્તમ પર્વાધિરાજના આરાધન–સમયથી જ થાય તો આ આનંદજનક પ્રસંગમાં ઉમેરો થશે.

---

૧. આવો વિરોધ રજૂ કરનારા તરીકે ખાસ કરીને સ્થાનકવાસીઓનો નિર્દેશ કરાય છે. એથી હું નમ્ર ભાવે બે સૂચના કરવા લલચાઉં છું:

(અ) 'સ્થાનકવાસી' સંપ્રદાય ૩૨ સૂત્રોને માને છે. એ સૂત્રો મંદિરમાર્ગી શ્વેતાંબરીય આગમો સાથે સર્વથા મળતાં આવતાં નથી એટલું જ નહિ, પણ મૂર્તિપૂજાને લગતા ઉલ્લેખો એમાં જોવાતા નથી. આવી પરિસ્થિતિમાં સૌથી પ્રાચીન અને વધારે વિશ્વાસપાત્ર હસ્તલિખિત પ્રતિઓ તપાસાવી જોઇએ.

(આ) 'સ્થાનકવાસી' બન્ધુઓ કયા કયા મુનિવર્યોની કઇ કઇ કૃતિઓને પ્રમાણભૂત ગણે છે તેનો તેમની તરફથી નિર્દેશ થવો જોઇએ.

૨. ચોથા અને પાંચમા ગુણસ્થાનકે રહેલા શ્રાવકો દ્રવ્યપૂજાના અધિકારી છે. છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા મુનિવરોએ જૈન મંદિરે જવું જોઇએ અને ભાવપૂજા કરવી જોઇએ. એથી ઉચ્ચતર ગુણસ્થાને આરૂઢ થયેલા મુનિવરોને મંદિરે જવાનું ફરમાન નથી.

ભગવતીસૂત્ર નામના પાંચમા અંગ ( શ. ૧, ઉ ૧ )માંના 'जाव समोसरणं'થી વર્ધમાન પ્રભુનો વર્ણક સમવસરણ પર્યન્ત કહેવો એમ એના ટીકાકાર અભયદેવસૂરિએ સૂચવ્યું છે. મહાવીરસ્વામીના દેહનું આબેહુબ [1]વર્ણન ઔપપાતિકસૂત્રમાં આપેલું છે અને એ વર્ણન પ્રભુ ચંપાપુરી પધાર્યા તે સમયનું છે. એની અત્ર નીચે મુજબ નોંધ કરવામાં આવે છે :—

પ્રભુ મહાવીરનું શરીર સાત હાથ જેટલું [2]ઊંચું હતું. તેમનું સંસ્થાન 'સમચતુરસ્ર' અને સંહનન 'વજ્રઋષભનારાચ' હતું. તેમના દેહાંતવર્તી પવનનો વેગ અનુલોમ–અનુકૂળ હતો. તેમની [3]ગ્રહણી કંક પક્ષીના જેવી હતી તેમની આહાર પચાવવાની શક્તિ કપોતના જેવી હતી. તેમનો અપાનદેશ શકુનિ ( પક્ષી )ની પેઠે પુરીષોત્સર્ગથી નિર્લેપ હતો. તેમનાં પડખાં અને જંઘા પરિણત યાને વિશિષ્ટ પરિણામવાળાં અને સુજાત હતાં તેમનું વદન પદ્મ અને ઉત્પલના જેવી સુવાસવાળા

---

૧. પ્રભુ મહાવીરનું વર્ણન **સૂર્યપ્રજ્ઞપ્તિની** મલયગિરિસૂરિકૃત ટીકામાં છે. એ વર્ણન સાથે મહર્ષિ બુદ્ધના વર્ણનની સંતુલના A. Weber દ્વારા થયેલી છે. જુઓ "Uber ein Fragment der Bhagavatī" ( Zweiter theil, Appendix I ) Berlin, 1887. આના બીજા પરિશિષ્ટમાં **ભગવતીસૂત્ર** મુજબ ઇન્દ્રભૂતિ ગૌતમ ગણધરદેવનું વર્ણન છે. એ વર્ણન અનુસાર જંબૂસ્વામીનું વર્ણન ઘટાવી લેવાની **વિપાકસૂત્ર** ( અ. ૧ )ના પ્રારંભમાં ભલામણ કરાયેલી છે.

૨. એમના પ્રથમ શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમ ગણધરનું શરીર પણ એટલું જ ઊંચું હતું.

૩. ગુદાશય.

ઉચ્છ્વાસ અને નિઃશ્વાસના વાયુ વડે સુગંધી હતું. તેમનો વર્ણ ઉદાત્ત હતો અને તેમની ત્વચા સુકુમાર હતી. તેમનું માંસ નીરોગી, ઉત્તમ, પ્રશસ્ત, અતિશય શ્વેત અથવા પ્રશસ્ય અને અનુપમ હતું. તેમનું શરીર [1]જલ્લ, પ્રસ્વેદ અને રજથી રહિત હતું અને તેમ હોઇ તે નિરુપલેપ હતું. તેમનાં અંગો પ્રભાથી પ્રકાશિત હતાં. ઘન, નિચિત, [2]સુબદ્ધ, પ્રશસ્ત લક્ષણથી યુક્ત અને પર્વતના શિખરના આકાર સમાન પિંડિક એટલે કે પાષણ-પિંડિકના જેવા અગ્ર ભાગ જેવું [3]ઉષ્ણીષ લક્ષણવાળું તેમનું મસ્તક હતું તેમના મસ્તકના વાળ [4]ભુજમોચક, [5]ભૃંગ, [6]નૈલ, કાજળ અને હર્ષિત ભમરાના સમૂહની પેઠે કાળી કાંતિવાળા હતા. વળી એ વાળ શાલ્મલિ વૃક્ષનાં ફળોની પેઠે અતિશય ખીચોખીચ. સુકોમળ, વ્યક્ત અને પ્રશસ્ત હતા અને તે પ્રદક્ષિણાવર્ત–ગોળ ગુંચળાવાળા હતા. તેમની કેશાંતકેશભૂમિ યાને વાળ ઉગવાની જગ્યા દાડમના પુષ્પ જેવી અને લાલ સુવર્ણ જેવી નિર્મળ અને ચીકાશવાળી હતી તેમના ઉત્તમાંગ યાને મસ્તકપ્રદેશનો આકાર છત્રના જેવો હતો તેમનું લલાટ વ્રણ વગરનું, સરખું, શોભાવાળું અને અર્ધચંદ્રની પેઠે કાંતિવાળું હતું. વદન ચન્દ્રના સમાન પ્રતિપૂર્ણ અને સૌમ્યગુણથી મંડિત હતું.

---

૧. થોડા પ્રયત્નથી દૂર કરી શકાય તે. ૨. સુંદર સ્નાયુઓથી બદ્ધ.

૩. આ સંબંધમાં જુઓ "Indian Historical Quarterly" ( Vol. VII, No. 3 ).

૪. એક જાતનું રત્ન. ૫. એક જાતનો કીડો અથવા કોયલો.

૬. ગળીનો વિકાર.

કર્ણ પ્રમાણુસર અને સુંદર હતા. કપોલપ્રદેશ પુષ્ટ અને માંસલ હતો. ભવાં જરાં નમાવેલા બાણુના જેવાં સુંદર, કાળાં વાદળાંની શ્રેણિ જેવાં આછાં કાળાં અને સ્નિગ્ધ હતાં નેત્રો ખીલેલાં પુંડરીક કમળ જેવાં હતાં. પાપણુવાળી આંખો વિકસિત કમળ જેવી સફેદ અને પાતળી હતી. નાક ગરુડની પેઠે લાંબું, સરળ અને ઊંચું હતું નીચલો હોઠ ઉપચિત શિલારૂપ પરવાળા અને 'બિંબ' ફળની જેવો રાતો હતો. દાંતની પંક્તિ ચન્દ્ર, નિર્મળ જળ, શંખ, ગાયના દૂધ અને મૃણાલિકાની પેઠે શ્વેત હતી. દાંત અખંડિત, અસ્ફુટિત, અવિરલ, સુસ્નિગ્ધ અને સુજાત હતા અને એથી અનેક દાંત એક દાંતની પંક્તિ જેવા જણાતા હતા. તાળવું અને જીભ અગ્નિથી ધમાવેલ અને તપાવેલ સુવર્ણના સમાન લાલ હતાં. દાઢી અવસ્થિત અને સુવિભક્ત હતી. હડપચી માંસલ, સંસ્થિત અને પ્રશસ્ત શાર્દૂલ જેવી વિશાળ હતી. ડોક ચાર આંગળ જેટલા પ્રમાણુવાળી અને ઉત્તમ શંખ જેવી હતી ખભા સારા મહિષ, વરાહ, સિંહ, વાઘ, બળદ અને હાથીની જેવા પરિપૂર્ણ અને વિસ્તારવાળા હતા. ભુજાઓ ધૂંસરી જેવી પુષ્ટ, આનંદદાયક, પીવર, પોંચામાં બરાબર બેઠેલી, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, સુબદ્ધ સંધિવાળી તેમ જ ઉત્તમ નગરના ગોળ ભોગળ જેવી હતી. બાહુ કંઇક લેવા માટે ભુજગેશ્વરે લાંબા કરેલી ફણાની પેઠે દીર્ઘ હતા. હસ્ત રાતાં તળિયાંવાળા, ઉન્નત, કોમળ, પુષ્ટ, સુજાત, શુભ લક્ષણોથી પ્રશસ્ત અને છિદ્રરહિત હતા. આંગળીઓ પુષ્ટ અને કોમળ હતી. નખો તાંબાની જેવા થોડાક લાલ, પાતળા, નિર્મળ, રુચિકર અને સ્નિગ્ધ હતા. હાથ ચન્દ્ર, સૂર્ય, શંખ, ચક્ર અને

[1]દિક્સ્વસ્તિકની રેખાથી વિભૂષિત હતા. વક્ષ:સ્થળ સુવર્ણશિલાના તળિયાની પેઠે ઉજ્જવળ. પ્રશસ્ત, સમતલ, માંસલ, વિશાળ, પહોળું અને શ્રીવત્સથી અંકિત હતું. દેહ કનકના સમાન કાંતિવાળો, નિર્મળ, સુજાત, નિરુપહત અને ઉત્તમ પુરુષનાં ૧૦૦૮ લક્ષણોથી લક્ષિત હતો. તેમની પીઠનાં હાડકાં બહાર દેખાતાં ન હતાં. પડખાંઓ સુંદર રીતે નમેલાં, સંગત, સુંદર, સુજાત, મિત મર્યાદાવાળાં, પુષ્ટ અને રતિકર હતા. રોમરાજી સરળ, સરખી, આછી, કાળી, ચીકણી, મનોહર, લહકતી અને રમણીય હતી. કુક્ષિ મત્સ્ય અને પક્ષીની જેવી સુજાત અને પુષ્ટ હતી. પેટ મત્સ્ય જેવું હતું. ઇન્દ્રિયો નિર્મળ હતી. નાભિ ગંગાવર્તકની પેઠે પ્રદક્ષિણાવર્ત મોજાંઓથી ચંચળ તેમ જ સૂર્યનાં કિરણથી વિકસેલ પદ્મની જેવી ગંભીર અને વિસ્તીર્ણ હતી દેહનો મધ્ય ભાગ વચમાં સાંકડા ભાગવાળી ત્રણ લાકડાંની ઘોડી જેવો, મુસળ અને દર્પણના મધ્ય ભાગ જેવો, ઉત્તમ સુવર્ણની મૂઠ જેવો અને વજ્રના જેવો વળેલો હતો. કેડનો પ્રદેશ પ્રમોદ પામેલા ઉત્તમ અશ્વ અને સિંહના કરતાં વધારે ગોળ હતો. ગુહ્ય દેશ સુજાત અને ઉત્તમ અશ્વ જેવો તેમજ ઉત્તમ અશ્વની પેઠે નિરુપલેપ હતો. પ્રભુની ચાલ ઉત્તમ હાથીની જેવી વિક્રમ અને વિલાસવાળી હતી. ઊરુઓ સુજાત અને હાથીની સૂંઢ જેવા હતા. [2]જાનુઓ દાબડાનાં ઢાંકણાં જેવી ગૂઢ હતી. જંઘાઓ હરિણી, [3]કુરુવિન્દ અને સૂતર વણવાના પદાર્થની જેવી ગોળ અને ચડતાઉતરતા ક્રમવાળી હતી. ઘૂંટીઓ સંસ્થિત, સુશ્લિષ્ટ અને ગૂઢ હતી. પગો કાચબા જેવા મનોહર અને સુપ્રતિષ્ઠિત

---

૧. દક્ષિણાવર્ત સ્વસ્તિક. ૨. ઘૂંટણ. ૩. એક જાતનું ઘાસ.

હતા. પગની આંગળીઓ ક્રમસરની અને સુસંહત હતી અને એના નખો ઊંચા, પાતળા, લાલ અને સ્નિગ્ધ હતા. પગનાં તળિયાં લાલ અને કમળના દળની જેવાં કોમળ હતાં.

આ પ્રમાણે ઔપપાતિકસૂત્રના [1]૧૬મા સૂત્રના પ્રસ્તુત વિભાગ દ્વારા જેમ પ્રભુના પ્રત્યેક અંગનું આબેહુબ ભાન થાય છે તેવી રીતે કોઈ સંપૂર્ણ ઉલ્લેખ અન્ય આગમમાં હોય તો તે મારા લક્ષ્ય બહાર છે. છૂટાછવાયાં વર્ણનો તો મળે છે. જેમકે ભગવતીસૂત્ર ( શ. ૨, ઉ. ૧ )માં આર્ય સ્કન્દકના અધિકારમાં [2]ગૌતમસ્વામી સ્કન્દકની સાથે પ્રભુ મહાવીર પાસે આવે છે તે વખતની પ્રભુની સ્થિતિ નીચે મુજબ આલેખાયેલી છે :—

" તે કાળે તે સમયે મહાવીર વ્યાવૃત્તભોજી હતા એટલે કે સદા ભોજન કરતા હતા. તે વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવાન મહા-

---

૧. જુઓ 'આર્હત મત પ્રભાકર'નો સાતમો મયૂખ ( પૃ. ૯-૧૧ ).

૨. એમનું વર્ણન ભગવતીસૂત્ર ( શ. ૧ )માં અને એના એ જ પાઠપૂર્વકનું વર્ણન ઔપપાતિકસૂત્ર ( સૂ. ૬૨ )માં નજરે પડે છે. આનો ગુજરાતી અનુવાદ તેમ જ મહાવીરસ્વામીના દેહના વર્ણન સંબંધી અનુવાદ ભગવતીસૂત્રની પં. બેચરદાસ દ્વારા સંપાદિત આવૃત્તિમાં આપવામાં આવેલ છે. એનો અત્ર મેં સાભાર ઉપયોગ કર્યો છે.

જેમ મહાવીર પ્રભુની પ્રતિકૃતિની આવશ્યકતા છે તેમ ગૌતમસ્વામી ગણધરદેવની પણ પ્રતિકૃતિ તૈયાર કરવાની જરૂરિયાત છે. કોઇ ધનિક યોગ્ય પારિતોષિક જાહેર કરી એ કાર્યને સફળ બનાવી પુણ્ય હાંસલ કરે એ ઇચ્છા.

વીરનું ઉદાર, શણગારેલા જેવું કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગલરૂપ, અલંકારો વિના (પણ) શોભતું તેમજ શુભ લક્ષણો, વ્યંજનો અને ગુણોથી વિભૂષિત એવું શરીર શોભા વડે અત્યંત શોભતું હતું".

કલ્પસૂત્ર (સૂ. ૧૦૮)ની મહોપાધ્યાય વિનયવિજયગણિકૃત સુબોધિકામાં પ્રભુનું વર્ણન છે. આનું ભાષાંતર ચતુર્વિંશતિકા (પૃ. ૯૮)માં મેં રજૂ કરેલું છે. આવશ્યકભાષ્ય (ગા. ૬૯–૭૧)માં પ્રભુના બાલસમયનું વર્ણન છે. આ પ્રમાણે તેમની શારીરિક સંપત્તિ ઉપર પ્રકાશ પાડનારાં વર્ણનો વિષે વિશેષ ઉલ્લેખ ન કરતાં આ લેખની પૂર્ણાહુતિરૂપે તેમના અલૌકિક ગુણોને લગતા બે સ્થળોનો નિર્દેશ કરી વિરમું છું: (૧) કલ્પસૂત્રગત 'શક્રસ્તવ' કે જે વિભાગ ઔપપાતિકસૂત્રના વીસમા સૂત્રમાં જોવાય છે અને (૨) કલ્પસૂત્ર (સૂ. ૧૧૮)માં વર્ણવાયેલી પ્રભુની કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વેની મહામુનિવર તરીકેની અવસ્થા. સૌ કોઇ આવી ઉત્તમ દશાને વરવા ભાગ્યશાળી બનો એ જ અંતિમ અભિલાષા.[1]

—જૈન ધર્મ પ્રકાશ (પુ. ૪૯, અં. ૬)

---

૧. આ સંપૂર્ણ લેખ હું મુંબઇમાં રહેતો હતો ત્યારે મેં તા. ૨૩–૮–'૩૩ને રોજ લખ્યો હતો.

## શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનો સાંસારિક પક્ષ

જૈન સહિત્યના બે વર્ગ પડાય છે : ( ૧ ) સાંપ્રદાયિક અને ( ૨ ) અસાંપ્રદાયિક પ્રથમ વર્ગમાં જૈન ધર્મના સર્વાંગીણ કે મુખ્ય નિરૂપણને સ્થાન અપાયેલું હોય છે જ્યારે દ્વિતીય વર્ગમાં જૈન ધર્મ-દર્શનથી પ્રાયઃ અલિપ્ત કૃતિઓનો સમાવેશ કરાય છે. પ્રથમ વર્ગનું સાહિત્ય ધાર્મિક છે અને એ જૈનોને ઉદ્દેશીને રચાયેલું હોવાથી મોટે ભાગે એનો ઉપયોગ જૈનો જ કરે છે જ્યારે દ્વિતીય વર્ગનું સાહિત્ય સાર્વજનિક અને સાર્વજનીન હોઇ સૌ કોઇ ઉપયોગ કરી શકે અને કરે તેવું છે. આમ જૈન સાહિત્યનો આ બીજો વર્ગ અસાંપ્રદાયિક ( secular ) છે. એવી રીતે જે કોઇ વ્યક્તિ જૈન શ્રમણ કે શ્રમણી બને તેમનાં સગાંવહાલાંનો બે રીતે ઉલ્લેખ કરાય છે. દીક્ષા લીધા પૂર્વેના સગાંસંબંધીઓનો 'સાંસારિક (secular) પક્ષ' તરીકે— સંસારી સગાંવહાલાં તરીકે નિર્દેશ કરાય છે જ્યારે દીક્ષિત અવસ્થામાંના શ્રમણોના સંબંધીઓનો ' ધાર્મિક પક્ષ ' તરીકે ઉલ્લેખ કરાય છે. જૈન શ્રમણને અંગે ગુરુભાઇ, કાકાગુરુ અને દાદાગુરુ એવી સંજ્ઞાઓ વપરાય છે. એક જ ગુરુના શિષ્યો પરસ્પર ' ગુરુભાઇ ' કહેવાય છે. ગુરુના ગુરુભાઇને ' કાકાગુરુ ' કહે છે અને ગુરુના ગુરુને ' પ્રગુરુ ' યાને ' દાદાગુરુ ' કહે છે. ગુરુના પણ ત્રણ પ્રકાર છેઃ ( ૧ ) દીક્ષા-ગુરુ, ( ૨ ) વિદ્યા-ગુરુ અને ( ૩ ) નિશ્રા-ગુરુ.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના અસંખ્ય ભવો થયા છે. એનો સંબંધ ચારે ગતિ સાથે છે. તેમાં મનુષ્ય-ગતિ પૂરતો જ એમનો સાંસારિક પક્ષ વિચારી શકાય. આથી એમના જે મુખ્ય [1]૨૭ ભવો ગણાવાય છે તેમાંના તેર ભવોનો જ વિચાર કરવાનો રહે છે એના ક્રમાંક નીચે મુજબ છે:—

૧, ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૩, ૨૫ અને ૨૭.[2]

આ તેર ભવોમાં મહાવીરસ્વામી તરીકેનો ભવ અંતિમ છે જ્યારે બાકીના બાર નીચે પ્રમાણે છે:—

નયસાર, મરીચિ, કૌશિક બ્રાહ્મણ, પુષ્યમિત્ર દ્વિજ, અગ્ન્યુદ્દ્યોત દ્વિજ, અગ્નિ દ્વિજ, ભારદ્વાજ દ્વિજ, સ્થાવરક દ્વિજ, યુવરાજ વિશ્વભૂતિ, ત્રિપૃષ્ઠ વાસુદેવ, પ્રિયમિત્ર ચક્રવર્તી અને નન્દન રાજકુમાર.[3]

આ ઉપરથી જોઇ શકાશે કે આ ભવો પૈકી એકેમાં એઓ 'સ્ત્રી' તરીકે અવતર્યા નથી. વળી છ ભવો તો 'બ્રાહ્મણ તરીકેના છે.

નયસાર વગેરે તેરે ભવો આશ્રીને પિતૃપક્ષ, માતૃપક્ષ અને શ્વસુરપક્ષ વિચારવા માટે પૂરતાં સાધન કે સમય નથી

---

૧. આ ભવો માટે જુઓ અમરચન્દ્રસૂરિકૃત **ચતુર્વિંશતિજિનેન્દ્રસંક્ષિપ્તચરિત** (પૃ ૫૬૬). ૨૭ ભવોનાં નામ હૈમ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** ઇત્યાદિમાં છે પરંતુ કોઇ ઉપલબ્ધ આગમમાં જણાતાં નથી.

૨-૩ જુઓ **ચતુર્વિંશતિજિનેન્દ્રસંક્ષિપ્તચરિત** (પૃ. ૫૬૬-૫૬૭).

એટલે અહીં તો પશ્ચાનુપૂર્વીએ કેટલાક વિષે હું નોંધ કરું છું. આમ હોઇ હું મહાવીરસ્વામીથી શરૂઆત કરું છું.

માતા— મહાવીરસ્વામીની બે માતા ગણાવાય છે : દેવાનંદા અને [1]ત્રિશલા. દેવાનંદાના ગર્ભમાં ૮૨ દિવસ રહ્યા બાદ ગર્ભસંક્રમણને લઇને મહાવીરસ્વામીની જન્મદાત્રી માતા તરીકે ત્રિશલાનો ઉલ્લેખ કરાય છે. ગર્ભસંક્રમણની વાત દિગંબરોને માન્ય નથી. કેટલાક આધુનિક વિદ્વાનો આ ઘટનાને અંગે નીચે મુજબના મત ધરાવે છે :—

(૧) બ્રાહ્મણી દેવાનંદા એ જ મહાવીરસ્વામીની વાસ્તવિક જન્મદાત્રી માતા છે જયારે ક્ષત્રિયાણી ત્રિશલાએ તો મહાવીરસ્વામીને દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યા હોવાથી એ એમની માતા ગણાય છે.

(૨) ત્રિશલા જ મહાવીરસ્વામીની ખરેખરી માતા છે; દેવાનન્દા તો એની ધાવમાતા છે.

પિતા—દેવાનન્દાના પતિ ઋષભદત્ત એ મહાવીરસ્વામીના પિતા ગણાય તેમ સિદ્ધાર્થ ત્રિશલાના પતિ હોઇ એ સિદ્ધાર્થનો પણ પિતા તરીકે નિર્દેશ કરાય છે. દિગંબરોના મતે જેમ ત્રિશલા જ મહાવીરસ્વામીની માતા છે તેમ સિદ્ધાર્થ જ પિતા છે.

---

૧. આનાં બે અન્ય નામો છે: વિદેહદત્તા અને પ્રીતિકારિણી. જુઓ આયાર (સુય. ૨, અ. ૧૫) અને પજ્જોસવણાકપ્પ (સુત્ત ૧૦૯).

કાકા— મહાવીરસ્વામીના કાકાનું નામ સુપાર્શ્વ છે. એઓ સિદ્ધાર્થના ભાઇ થાય છે. સુપાર્શ્વનાં શ્રેયાંસ અને યશસ્વિન્ એ બે નામાંતરો છે એમ આયાર (સુય. ૨, અ. ૧૫) અને પજ્જોસવણાકપ્પ (સુત્ત ૧૦૭) જોતાં જણાય છે.

મામા— વૈશાલીના રાજા ચેટક એ ત્રિશલાના ભાઈ થતા હોઈ એઓ મહાવીરસ્વામીના મામા થાય છે. એમનું સમગ્ર લિચ્છવી અને મલ્લ ઉપર આધિપત્ય હતું.

મામી— ચેટકની પત્ની સુભદ્રા મહાવીરસ્વામીની મામી થાય છે. એની અન્ય પત્નીઓ હોય તો તે પણ મામી થાય.

માતૃપક્ષ— મહાવીરસ્વામીનો માતૃપક્ષ વિશાળ તેમ જ મહત્ત્વપૂર્ણ છે.

મોળાઇ બેનો— વજ્જીઓની રાજધાની વૈશાલીના રાજા ચેટકને-ત્રિશલાના ભાઈને સાત પુત્રીઓ હતી: (૧) ચેલ્લણા, (૨) જયેષ્ઠા, (૩) પદ્માવતી, (૪) પ્રભાવતી, (૫) મૃગાવતી, (૬) શિવા અને (૭) સુજયેષ્ઠા.

સુજયેષ્ઠા શ્રેણિકને પરણનાર હતી પણ તેમ ન થતાં એ સાધ્વી બની ગઈ.

મસીઆઇ ભાઇ— સિદ્ધાર્થ જે વ્યંતર થયેલ તે મહાવીરસ્વામીના મસીઆઇ ભાઇ થાય છે. જુઓ આવસ્સયની ચુણ્ણિ (ભા. ૧, પત્ર ૨૭૦).

ભાઇ— નન્દિવર્ધન એ સિદ્ધાર્થના પુત્ર હોઇ મહાવીરસ્વામીના મોટા ભાઇ થાય છે.

**ભાભી**— ચેટક રાજાની પુત્રી જ્યેષ્ઠાનાં લગ્ન નંદિવર્ધન સાથે થયાં હતાં એટલે જ્યેષ્ઠા મહાવીરસ્વામીની ભાભી થાય.

બેન — આયાર (સુય. ૨, અ. ૧૫)માં સુદર્શનાનો મહાવીરસ્વામીની મોટી બેન તરીકે ઉલ્લેખ છે. એમના પતિનું નામ જાણવામાં નથી.

**ભાણેજ**— સુદર્શનાને જમાલિ નામે પુત્ર હતો. એ મહાવીરસ્વામીના ભાણેજ થાય.

**પત્ની**—યશોદા એ મહાવીરસ્વામીની પત્ની થાય. દિગંબરોના મતે મહાવીરસ્વામી અપરિણીત રહ્યા હતા. બહુમાં બહુ એમનું સગપણ થયું હતું પણ લગ્ન થયાં જ ન હતાં. જેમકે નેમિનાથ.

પુત્રી — યશોદાએ એક પુત્રીને જન્મ આપ્યો હતો. એનાં બે નામ સુપ્રસિદ્ધ છેઃ (૧) પ્રિયદર્શના અને (૨) અનોદ્યા. જુઓ આયાર (સુય. ૨, અ. ૧૫). આવસ્સયના મૂળ ભાસ (ગા. ૧૨૬)માં સુદર્શના અને જ્યેષ્ઠા તેમ જ અનોદ્યા નામ અપાયાં છે.

જમાઇ — પ્રિયદર્શનાનાં લગ્ન જમાલિ સાથે કરાયાં હોઇ એઓ મહાવીરસ્વામીના જમાઇ થાય. સાથે સાથે ભાણેજ પણ થાય છે.

**દૌહિત્રી**—અનોદ્યાને શેષવતી યાને યશસ્વતી એમ બે નામની એક પુત્રી હતી. એ મહાવીરસ્વામીની દૌહિત્રી થાય છે. મહાવીરસ્વામી શેષવતીના માતામહ થાય છે.

બનેવીઓ— જમાલિના પિતા યાને સુદર્શનાના પતિ તે મહાવીરસ્વામીના બનેવી થાય છે તેમ ચેટકની સાત પુત્રીઓ પૈકી સુજ્યેષ્ઠા સિવાયનીના પતિઓ પણ એમના બનેવી છે. આ છ બનેવીઓ પૈકી નન્દિવર્ધન તો મહાવીરસ્વામીના ભાઇ પણ થાય છે. બાકીના પાંચ નીચે મુજબ છે :—

( ૧ ) શ્રેણિક. એઓ ચેલ્લણાના પતિ થાય છે. એઓ મગધના નરેશ્વર હતા. એમના એક પુત્રનું નામ કોણિક યાને અજાતશત્રુ છે. હલ્લ અને વિહલ્લ પણ ચેલ્લણાના પુત્ર છે.

( ૨ ) દધિવાહન. એઓ પદ્માવતીના પતિ થાય છે. એઓ ચંપાના રાજા હતા. પદ્માવતીનું બીજું નામ ધારિણી છે. એની પુત્રી તે વસુમતી ઉર્ફે ચંદનબાલા છે.

( ૩ ) ઉદાયન. એઓ પ્રભાવતીના પતિ થાય છે. એઓ સિન્ધુસૌવીરના રાજા હતા. એઓ છેલ્લા રાજર્ષિ ગણાય છે.

( ૪ ) શતાનીક—એમની પત્નીનું નામ મૃગાવતી છે અને એઓ કૌશાંબીના રાજા હતા.

( ૫ ) પ્રદ્યોત યાને ચંડપ્રદ્યોત–એમનાં લગ્ન શિવા સાથે થયાં હતાં. એઓ ઉજ્જયિનીના રાજા હતા.

અહીં એ વાત નોંધીશ કે એક સમયે મામા ફોઇનાં સંતાનોનાં પરસ્પર લગ્ન થતાં હતાં. પ્રસ્તુતમાં ત્રણ ઉદાહરણો હું નોંધું છું :—

( ૧ ) ત્રિશલાના પુત્ર નન્દિવર્ધનનાં લગ્ન ત્રિશલાના ભાઇ ચેટકની જ્યેષ્ઠા નામની પુત્રી સાથે થયાં છે. એ હિસાબે ત્રિશલા એ જ્યેષ્ઠાની ફોઇ થાય અને ચેટક એ નન્દિવર્ધનના મામા થાય. આમ મામાની પુત્રી ફોઇના પુત્ર સાથે પરણાવાઇ.


( ૨ ) જમાલિ એ મહાવીરસ્વામીની બેનનો પુત્ર થાય અને મહાવીરસ્વામીની પુત્રી પ્રિયદર્શનાનો પતિ થાય.

( ૩ ) આવું એક અન્ય ઉદાહરણ શ્રીપાલનું છે.

મામાના પુત્રના ફોઇની પુત્રી સાથે લગ્ન થયાનું કોઇ ઉદાહરણ છે ખરું ?

ભાણેજો—ચેટકની પરિણીત પુત્રીઓનાં સંતાન મહાવીરસ્વામીના ભાણેજો થાય. દા. ત. [1]શ્રેણિકના કોણિક વગેરે પુત્રો.

જયન્તી—મહાવીરસ્વામીના સાધુઓની એ પ્રથમ શય્યાતર થાય છે. એણે મહાવીરસ્વામીને વિવિધ પ્રશ્ન પૂછ્યા હતા. જુઓ વિવાહપણ્ણત્તિ ( સ. ૧૨, ઉ. ૨, સુત્ત ૪૪૧–૪૪૩ ), એ જયન્તી સહસ્રાનીકની પુત્રી, શતાનીકની બેન, ચેટકની પુત્રી મૃગાવતીની નણંદ અને નંદિવર્ધનની–મહાવીરસ્વામીના ભાઇની સાળી (?) થાય છે એટલે મહાવીરસ્વામીના વેવાઈ પક્ષમાં ગણાય. આ વાત નીચે પ્રમાણે રજૂ થઈ શકે :—




મહાવીરસ્વામીના સાંસારિક પક્ષ વિષે મને જેટલી માહિતી મળી છે તેમાં જે બાબતો મને અદ્યાપિ જાણવા મળી નથી

૧ એનાં ભંભાસાર અને બિંબિસાર એવાં પણ બે નામ છે.

તેનો હું અહીં નિર્દેશ કરું છું અને એ સંબંધમાં સપ્રમાણ પ્રકાશ પાડવા સહૃદય સાક્ષરોને વિનવું છું.

(૧) ત્રિશલાનાં માતાપિતાનાં નામ શાં છે? ચેટક ત્રિશલાના સગા ભાઇ જ થતા હોય તો એમને અંગે આ પ્રશ્ન પૂછવાનો કે વિચારવાનો રહેતો નથી.

(૨) સિદ્ધાર્થ એ મહાવીરસ્વામીની માસીના પુત્ર થાય છે તો આ માસીનું શું નામ છે?

(૩) સુપાર્શ્વ અને સિદ્ધાર્થ એ બે સગા ભાઇઓ હશે એમ માની હું એમનાં માતાપિતાનાં નામ શાં છે એમ એક જ પ્રશ્ન રજૂ કરું છું.

(૪) મહાવીરસ્વામીએ દીક્ષા લીધી ત્યારે એમની પત્ની જીવતી હતી કે કેમ?


(૫) શેષવતીએ લગ્ન કર્યાં હતાં કે એ કુમારી જ રહી હતી? જો લગ્ન કર્યાં હતાં તો કોની સાથે?

(૬) ચેટકની સાત પુત્રીઓ પૈકી કોની કઈ માતા છે? એ બધીનાં નામો શું છે?

(૭) પદ્માવતીને શીલની રક્ષાર્થે જીભ કરડીને જીવનનો અંત લાવવો પડ્યો હતો તેવું એની કોઇ બીજી બેન માટે બન્યું છે ખરું?

(૮) મૃગાવતી, શિવા અને જયંતી તે જ ભવમાં મોક્ષે ગઇ તેમ અહીં નિર્દેશેલી બીજી કઇ કઇ સ્ત્રી માટે બન્યું છે?

અંતમાં મહાવીરસ્વામીના અંતિમ ભવનો સાંસારિક પક્ષ હું નીચે મુજબ દર્શાવી આ લેખાંક ૧ પૂર્ણ કરું છું:




૧ ચેલ્લણા ( શ્રેણિકની પત્ની ). તેમના પુત્રો કોણિક=અજાતશત્રુ તેમ જ હલ્લ અને વિહલ્લ.

૨ જયેષ્ઠા ( નંદિવર્ધનની પત્ની ).

૩ પદ્માવતી ( દધિવાહનની પત્ની ). તેમની પુત્રી ચન્દનબાલા=વસુમતી.

૪ પ્રભાવતી ( ઉદાયનની પત્ની ).

૫ મૃગાવતી ( શતાનીકની પત્ની અને જયંતીની ભાભી ).

૬ શિવા ( પ્રદ્યોતની પત્ની ).

૭ સુજયેષ્ઠા ( સાધ્વી ).

—જૈન ધર્મ પ્રકાશ ( પુ. ૮૦, અં. ૬–૭ )

# [ ૧૦ ]

## શું શ્વેતાંબર મત પ્રમાણે પણ શ્રીમહાવીરસ્વામી અવિવાહિત રહ્યા હતા ?

જૈન તેમ જ અજૈન વિદ્વાનો એ વાતથી સુપરિચિત છે કે મહાવીરસ્વામીના જીવનવૃત્તાંત પરત્વે શ્વેતાંબરો અને દિગંબરો કેટલીક બાબતમાં ભિન્ન ભિન્ન મત ધરાવે છે. આવી એક બાબત મહાવીરસ્વામીએ લગ્ન કરેલું કે નહિ તે પણ છે. અત્યાર સુધીના મારા અભ્યાસ ઉપરથી મને એમ વિશ્વાસ બેઠો છે કે કોઇ પણ શ્વેતાંબરીય કૃતિમાં એઓ અવિવાહિત હતા એવો ઉલ્લેખ નથી. હાલમાં પંડિત નાથૂરામ પ્રેમીએ રચેલા **जैन साहित्य और इतिहास** નામના હિંદી પુસ્તકમાં ૨૮૫મા પૃષ્ઠમાં સૂચવાયા મુજબ કોઇ એક વિદ્વાને પં. નાથૂરામને એવી માહિતી આપી છે કે શ્વેતાંબર સંપ્રદાયના એક પ્રાચીન ગ્રંથમાં મહાવીરસ્વામીને અવિવાહિત કહ્યા છે. સદ્‌ભાગ્યે આ જ પુસ્તકના ૫૭૨મા પૃષ્ઠમાં એ પ્રાચીન ગ્રંથ તે આવશ્યકનિર્યુક્તિ (આવસ્સયનિજ્જુત્તિ) છે એવો નિર્દેશ છે તેમ જ પ્રસ્તુત ઉલ્લેખ તેની ૨૨૨મી ગાથામાં હોઇ તે ગાથાનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરાયેલો છે. આ ૨૨૨મી ગાથા તેમ જ એની પૂર્વેની ૨૨૧મી ગાથા ત્યાં નીચે મુજબ અપાયેલી છે :—

" **वीरं अरिट्ठनमिं पासं मल्लिं च वासुपुज्जं च ।**
**एए मुत्तूण जिणे अवसेसा आसि रायाणो ॥ २२१ ॥**[1]

---

૧. આ સંબંધમાં તિલોયપણ્ણત્તિના ચતુર્થ અધિકારની નિમ્નલિખિત ૬૭૦મી ગાથા વિચારી શકાય :-

"णेमि मल्ली वीरो कुमारकालम्मि वासुपुज्जो य ।
पासो वि य गहिदतवा सेसजिणा रज्जचरमम्मि ॥ ६७० ॥ "

**रायकुलेसु वि जाया विसुद्धवंसेसु खत्तियकुलेसु।**
**ण य इत्थिआभिसेआ कुमारवासंमि पव्वइया ॥ २२२ ॥"**

વિશેષમાં **ण य इत्थिआभिसे**આની ટિપ્પણી કોઇએ આપી છે અને એ ટિપ્પણીમાં '**स्त्रीपाणिग्रहणराज्याभिषेकोभयरहिता इत्यर्थः**" એવો ઉલ્લેખ છે.

આવસ્સયનિજ્જુત્તિમાંની દ્વિતીય વરવરિકાના પ્રારંભમાં આ બંને ગાથાઓ છે પરંતુ એની મુદ્રિત પ્રતિઓમાં **इत्थिआभिसेआ**ને બદલે **इच्छियाभिसेया** એવો પાઠ છે[1] કે જે આ નિજ્જુત્તિના ટીકાકારોએ સ્વીકારેલો છે અને અર્થદૃષ્ટિએ પણ એ જ સંગત જણાય છે; નહિ તો ઉપર્યુક્ત ૨૨૨મી ગાથામાં જે 'વિ'નો પ્રયોગ છે તે નિરર્થક ઠરે છે. કહેવાની મતલબ એ છે કે રાજકુળોમાં અને તેમાં પણ વિશુદ્ધ વંશવાળા ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થવા છતાં રાજ્યાભિષેકની ઇચ્છાથી રહિત એવા તેમણે કુમારાવસ્થામાં દીક્ષા લીધી. વળી આ બંને ગાથાઓ તીર્થંકરો પૈકી કોણે રાજ્ય કર્યું અને કોણે ન કર્યું એ બતાવવા રચાયેલી છે એટલે લગ્નની વાત જ અત્ર મુખ્ય વિષયરૂપ નથી. આ ઉપરાંત **इत्थिआभिसेआ** એ પાઠ સ્વીકારતાં તો એ પદ નામરૂપ રહે છે અને એથી અર્થની આકાંક્ષા અતૃપ્ત રહે છે જ્યારે પાઠભેદ સ્વીકારતાં એ પદ વિશેષણરૂપ બનતું હોવાથી એવી વિષમ સ્થિતિ ઉપસ્થિત થતી નથી. તેમ છતાં ઘડીભર

---

૧. **खत्तियकुलेसु**ને બદલે **खत्तियकुले** એવો પણ પાઠભેદ છે પણ તેથી અર્થમાં ફેર પડતો નથી.

માની લઈએ કે 'इत्थिआभिसेआ' પાઠ સાચો છે તો ટિપ્પણીકાર કેટલા પ્રમાણિક છે અને इत्थिआभिसेआवાળો પાઠ રજૂ કરનારી પ્રતિ કેટલી પ્રાચીન—વિશ્વસનીય છે તે જાણવું બાકી રહે છે. વળી એ પ્રતિમાં त्थ જ છે અને च्छ નથી જ તેની પણ ખાતરી કરવી જોઇએ. વિશેષમાં એ પણ ધ્યાનમાં રાખવું ઘટે છે કે આવસ્સયનિજ્જુત્તિની આ ગાથાની શ્રી હરિભદ્રસૂરિએ અને શ્રીમલયગિરિસૂરિએ વ્યાખ્યા આપી છે તે इच्छियाभिसेआ જ પાઠને અનુસરીને અપાયેલી છે એટલે હું તો એમ જ માનું છું કે શ્વેતાંબરીય કોઇ પણ પ્રાચીન-પ્રૌઢ કૃતિમાં શ્રીમહાવીર-સ્વામી અવિવાહિત રહ્યા હતા એ વાત હોય એમ જણાતું નથી. આશા છે કે આ લઘુ લેખ વિચારી પોતાનું મંતવ્ય સપ્રમાણ રજૂ કરવા નિષ્ણાતો કૃપા કરશે.

— જૈન ધર્મ પ્રકાશ (પુ. ૫૯, અં. ૩)

---

# [૧૧]

## વીરવર્ધમાનસ્વામીના વર્ષાવાસ

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનાં વિવિધ નામો છે. એમાં બે નામ મુખ્ય છે : (૨) વર્ધમાન અને (૨) મહાવીર યાને વીર. પ્રથમ નામ એમના પિતા સિદ્ધાર્થે યોજેલું છે અને એ એમના કુટુંબમાં ધનધાન્યાદિની જે વૃદ્ધિ મહાવીરસ્વામી ક્ષત્રિયાણી ત્રિશલાની કુક્ષિમાં આવ્યા ત્યારથી માંડીને એમના જન્મસમય સુધી થઇ તેને આભારી છે. બીજું નામ આ ચરમ તીર્થંકરની વીરતાનું દ્યોતક છે. આ બંને નામનો સમાવેશ વીરવર્ધમાનમાં થાય છે અને એ જાતનું નામ કોઇ કોઇ પ્રાચીન કૃતિમાં જોવાય છે. દા. ત. આયાર (સુય૦ ૨)ની ત્રીજી ચૂલિકાની શીલાંકસૂરિકૃત ટીકા. આમ પૂર્વાચાર્યોએ આ નામ યોજ્યું હોવાથી મેં આ લેખના શીર્ષકમાં એને સ્થાન આપ્યું છે.

આ તો શીર્ષકના એક અંશની વાત થઇ. હવે બીજા અંશ વિશે થોડુંક કહીશ :

આપણા દેશની પરિસ્થિતિ જોતાં વર્ષના બારે મહિના પગપાળા પરિભ્રમણ માટે અનુકૂળ નથી. વિશેષમાં ત્યાગીઓ—સંન્યાસીઓ–સાધુ સન્તો અહિંસક જીવન જીવવા ઇચ્છે એ સ્વાભાવિક છે. આથી તો પાદવિહારી શ્રમણો 'વર્ષા' ઋતુમાં ચાર મહિના પૂરતા એક જ સ્થળે ઠરીઠામ રહે—એ દરમ્યાન વિહાર ન કરે તે સમુચિત છે. આ પરાપૂર્વથી ચાલી આવતી પ્રણાલિકાને મહાવીરસ્વામીએ અપનાવી છે. ચોમાસાના ચાર

મહિનાને છોડીને વર્ષના બાકીના આઠ મહિનામાં તો એમણે ઉગ્ર વિહાર કર્યો છે એઓ ગામમાં એક રાત અને નગરમાં પાંચ રાત રહેતા. આ બાબતની 'કલ્પસૂત્ર' તરીકે સામાન્ય રીતે ઓળખાવાતો પજ્જોસવણાકપ્પ નામનો આગમિક ગ્રંથ સાક્ષી પૂરે છે. જુઓ સુત્ત ૧૧૮.

'વર્ષાવાસ' એટલે વર્ષા ઋતુ પૂરતો મુકામ. આને 'ચાતુર્માસ્ય', 'ચાતુર્માસ' તેમ જ 'ચોમાસું' પણ કહે છે વર્ષાવાસ માટેનો પાઇય (પ્રાકૃત) શબ્દ 'વાસાવાસ' છે અને એ પજ્જોસવણાકપ્પમાં અનેક વાર વપરાયો છે એમ એના 'મહાવીરચરિત્ર'રૂપ પ્રથમ ખંડનું ૧૨૧મું સુત્ત તેમ જ સામાચારીરૂપ અંતિમ ખંડ જોતાં જણાય છે.

મહાવીરસ્વામીએ દીક્ષા લીધી—મહાભિનિષ્ક્રમણ કર્યું ત્યાર પછી વર્ષાવાસના પ્રસંગો બન્યા છે. આને આપણે બે વિભાગમાં વિભક્ત કરી શકીએ: (૧) છદ્મસ્થ-જીવનને અંગેના અને (૨) સર્વજ્ઞ જીવનને લગતા. મહાવીરસ્વામીનું છદ્મસ્થ જીવન તો વ્યવસ્થિત સ્વરૂપમાં આલેખાયેલું આજે ઘણા પ્રાચીન સમયથી મળે છે આયાર, પજ્જોસવણાકપ્પ અને આવસ્સયની નિજ્જુત્તિ તેમ જ આ પૈકી છેલ્લા બે ગ્રંથો અંગેનાં વિશિષ્ટ વિવરણો આપણને મહાવીરસ્વામીએ છદ્મસ્થ-અવસ્થામાં ક્યાં ક્યાં વર્ષાવાસ કર્યો તે બાબત પૂરતી અને સિલસિલાબંધ માહિતી પૂરી પાડે છે. પરંતુ કોણ જાણે કેમ એમના ખાસ મહત્ત્વના સર્વજ્ઞ-જીવનનો વ્યવસ્થિત ઇતિહાસ કોઈ ઉપલબ્ધ પ્રાચીન ગ્રંથમાં તો મળતો નથી. આ માટેનો પ્રયાસ આધુનિક યુગમાં પણ કેટલાકે કર્યો છે. મહાવીરસ્વામી જે જે ગામમાં

અને નગરમાં વિચર્યા અને જ્યાં જ્યાં એમણે વર્ષાવાસ કર્યો તે તે સ્થળોની કાલગણનાપૂર્વકની આધારભુત માહિતી પૂરી પાડનાર કોઇ સર્વસામાન્ય સાધન છે ખરું ? એ જાતનો યથાર્થ નકશો મળે છે ખરો ? આ પરિસ્થિતિમાં જે પરિશ્રમ લઇને મુનિશ્રી (હાલ પંન્યાસ) શ્રીકલ્યાણવિજયજીએ "જૈન સત્ય પ્રકાશ"માં પહેલ કરી અને આગળ જતાં 'શ્રમણ ભગવાન્ મહાવીર' નામની પોતાની કૃતિમાં એ વિષે સવિસ્તર ઊહાપોહ કર્યો તે પ્રશંસનીય ગણાય. 'આગમોદ્ધારક' આનન્દસાગરસૂરિએ "શ્રીસિદ્ધચક્ર"માં આ બાબત કલ્યાણવિજયજીના વિચારોની સમીક્ષારૂપે હાથ તો ધરી પણ એ કાર્ય આગળ વધ્યું નહિ. અન્ય કોઈએ આ દિશામાં સબળ પ્રયાસ કર્યો હોય એમ જાણવામાં નથી. આથી અત્યારે તો શ્રમણ ભગવાન્ મહાવીરમાં તીર્થંકર-જીવનને સર્વજ્ઞજીવનને લગતા વર્ષાવાસનો જે ક્રમ રજૂ કરાયો છે તેને અનુસરીને હું આ બાબત આ લેખમાં ઉપસ્થિત કરું છું :—

પજ્જોસવણાકપ્પ ( સુત્ત ૧૨૧ )માં મહાવીરસ્વામીના ૪૨ વર્ષાવાસ પૈકી કેટલા ક્યાં થયા તેનો ઉલ્લેખ છે. આ ઉલ્લેખોમાં નગરોનાં નામો જે ક્રમે રજૂ કરાયાં છે તે સકારણ હોય તો તે શાને આભારી છે એ જાણવું બાકી રહે છે. એ નામો વર્ષાવાસોની સંખ્યાને કે વર્ષાવાસનાં સ્થળોના અંતરને લક્ષ્યમાં રાખીને કે જે ક્રમે વર્ષાવાસો કરાયા તે ક્રમને ઉદ્દેશીને તો યોજાયાં નથી. અકારાદિ ક્રમ જેવા સ્થૂળ વર્ગીકરણને પણ લક્ષીને રજૂ થયાં નથી તો આ બાબત વિશેષજ્ઞો પ્રકાશ પાડવા કૃપા કરશે ?

પજ્જોસવણાકપ્પની 'શ્રીકલ્પસૂત્ર' એ નામથી ઈ. સ. ૧૯૧૪માં "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી પ્રકાશિત આવૃત્તિ

(પત્ર. ૩૩આ–૩૪અ)માં નગરોનાં નામ અને એને અંગેના વર્ષાવાસની સંખ્યા દર્શાવાયાં છે. એ હું અહીં એ નગરોનાં સંસ્કૃત નામપૂર્વક રજૂ કરું છું :—

| નગર | સંખ્યા |
|---|---|
| અટ્ઠિયગામ ( અસ્થિકગ્રામ ) | ૧ |
| ચંપા (ચંપા) અને પિટ્ઠચંપા (પૃષ્ઠચંપા) | ૩ |
| વેસાલી (વૈશાલી) તેમ જ વાણિયગામ (વાણિજ્યગ્રામ) | ૧૨ |
| રાયગિહ (રાજગૃહ) અને નાલંદા (નાલંદા) | ૧૪ |
| મિહિલા (મિથિલા) | ૬ |
| ભદ્દિયા (ભદ્રિકા) | ૨ |
| આલંભિયા (આલંભિકા) | ૧ |
| સાવત્થી (શ્રાવસ્તી) | ૧ |
| પણિયભૂમિ (પ્રણિતભૂમિ) | ૧ |
| પાવામજ્ઝિમા (પાપામધ્યમા) | ૧૦ |

આમ ૪૨ વર્ષાવાસ વિષે જે માહિતી મળે છે તેમાં ચંપા અને પૃષ્ઠચંપાનો, વૈશાલી અને વાણિજ્યગ્રામનો તેમ જ રાજગૃહ અને નાલંદાનો ભેગો ઉલ્લેખ છે અર્થાત્ આમ જે ૭ સ્થળો ગણાવાયાં છે તે પ્રત્યેકના વર્ષાવાસ ભિન્ન ભિન્ન દર્શાવાયા નથી. તો આનું કારણ શું? આનો ઉત્તર મને એમ ભાસે છે કે આ ભેગો ઉલ્લેખ એ સ્થળોની નિકટતાને આભારી છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો પૃષ્ઠચંપા એ ચંપાનું એની પશ્ચિમે આવેલું ઉપનગર યાને શાખાપુર ( suburb ) હતું. એવી રીતે નાલંદા એ રાજગૃહનું ઉપનગર હતું. વાણિજ્યગ્રામ એ વૈશાલીની

પાસે 'ગંડકી' નદીના દક્ષિણ કિનારે આવેલું વેપારનું સમૃદ્ધ મથક હતું. શ્રમણ ભગવાન મહાવીર (પૃ. ૩૮૭)માં આ વાણિજગ્રામ તે બસાડપટ્ટીની સમીપ આવેલું 'બનિયાગામ' જ હોઈ શકે એમ કહ્યું છે. પ્રણિતભૂમિને 'અનાર્ય' દેશ કહ્યો છે. કેટલાક ગ્રન્થોમાં પણિયભૂમિને બદલે 'લાઢ' દેશનો અને એના વજ્રભૂમિ અને શુદ્ધભૂમિ નામના પ્રદેશોનો ઉલ્લેખ જોવાય છે. એવી રીતે આલંભિયાને બદલે આલભિયાનો ઉલ્લેખ ઘણે સ્થળે જોવાય છે અને એ સમુચિત જણાય છે એટલે હવે વર્ષાવાસ ગણાવતાં હું 'આલભિકા' એવો નિર્દેશ કરીશ. અસ્થિકગ્રામને પહેલાં 'વર્ધમાન' કહેતા હતા એમ આવસ્સય (ભા. ૧, પત્ર ૨૭૨) વગેરે જૈન ગ્રન્થોમાં ઉલ્લેખ છે. ડૉ. વિમલચરણ લૉ. વિપરીત માન્યતા ધરાવે છે એમ એમણે રચેલા Mahāvīra : His Life and Teachings (પૃ. ૩૩) જોતાં જણાય છે, એઓ એમ કહે છે કે 'અસ્થિક' ગ્રામનું કાલાંતરે 'વર્ધમાન' નામ પડયું છે એમ કહેવું કદાચ વધારે સાચું ગણાય. આ પુસ્તક (પૃ. ૩૨)માં પજ્જોસવણાકપ્પમાં વર્ષાવાસો જે ક્રમે ગણાવાયા છે તે ક્રમે એ થયા હોવાનો ઉલ્લેખ છે પણ એ ભ્રાંત છે. આ ભ્રાંતિ પહેલું અને છેલ્લું નામ ક્રમસરનું હોવાનું જોઇને થયેલી જણાય છે. અહીં એ વાત ઉમેરીશ કે 'દૂઇજ્જંત' નામથી ઓળખાવાતા તાપસોના કુળપતિનો 'મોરાક' સંનિવેશમાં આશ્રમ હતો. એ કુળપતિ મહાવીરસ્વામીના પિતાનો મિત્ર અને પરિચિત હતો. એણે વર્ષાવાસ માટે મહાવીરસ્વામીને આમંત્રણ આપ્યું હતું અને મહાવીરસ્વામીએ હા પાડી હતી અને એ મુજબ એઓ અહીં આવ્યા પણ હતા પરંતુ એ કુળપતિએ ઝુંપડીની સંભાળ લેવાની વાત કરી તે મહાવીર-

સ્વામીને એમની સાધનામાં બાધક જણાતાં એઓ વર્ષાકાળના પંદર દિવસ વ્યતીત થઇ ગયેલા હોવા છતાં મોરાકથી ચાલી નીકળ્યા અને 'અસ્થિક' ગ્રામમાં વર્ષાવાસ પૂર્ણ કર્યો. આમ 'અસ્થિક' ગ્રામમાં એઓ ચાતુર્માસાર્થે વિશેષ રહ્યા એથી મોરાકનો ઉલ્લેખ જતો કરાયો લાગે છે અને હું પણ એમ જ કરું છું.

હવે હું વર્ષાવાસનાં સ્થળનાં નામ અકારાદિ ક્રમે આપું છું :—

| સ્થળ | વર્ષાવાસનો ક્રમાંક | કુલસંખ્યા |
|---|---|---|
| ૧. અસ્થિકગ્રામ | ૧ | ૧ |
| ૨. આલભિકા | ૭ | ૧ |
| ૩. ચંપા | ૩, ૧૨ | ૨ |
| ૪. નાલન્દા | ૨, ૩૪, ૩૮ | ૩ |
| ૫. પાપા(મધ્યમા) | ૪૨ | ૧ |
| ૬. પૃષ્ઠચંપા | ૪ | ૧ |
| ૭. પ્રણિતભૂમિ | ૯ | ૧ |
| ૮. ભદ્રિકા | ૫, ૬ | ૨ |
| ૯. મિથિલા | ૧૪, ૨૬, ૨૭, ૩૬, ૩૯, ૪૦, | ૬ |
| ૧૦. રાજગૃહ | ૮, ૧૩, ૧૬, ૧૮, ૧૯, ૨૨, ૨૪, ૨૯, ૩૩, ૩૭, ૪૧ | ૧૧ |
| ૧૧. વાણિજ્યગ્રામ | ૧૫, ૧૭, ૨૧, ૨૩, ૨૯, ૩૦ | ૬ |
| ૧૨. વૈશાલી | ૧૧, ૧૪, ૨૦, ૩૧, ૩૨, ૩૫ | ૬ |
| ૧૩. શ્રાવસ્તી | ૧૦ | ૧ |
| | | ૪૨ |

આમ એકંદર તેર સ્થળોએ વર્ષવાસ કરાયા છે. તેમાં સૌથી વધારે રાજગૃહમાં છે. આ તેર સ્થળો પૈકી ત્રણ વિષે મેં અંગુલીનિર્દેશ કર્યો છે એટલે ખાસ કરીને બાકીનાં દસ સ્થળોનો હું સંક્ષિપ્ત પરિચય આપું છું અને એ માટે અત્યારે તો નિમ્નલિખિત ત્રણ જ પુસ્તકોનો ઉપયોગ કરું છું :—

(૧) શ્રમણ ભગવાન્ મહાવીર ( વિહારસ્થલનામકોષ, પૃ. ૩૫૩–૩૯૮).

(૨) ડૉ. જગદીશચન્દ્ર જૈનકૃત "Life in Ancient India as depicted in the Jain Canons" ( પ્ર. ૪, ભૌગોલિક કોશ, પૃ ૨૬૩–૩૬૬ ).

(૩) ડૉ. લૉકૃત Mahāvīra : His Life and Teachings ( પૃ. ૩૨-૩૬ ).

(૧) અસ્થિક ગ્રામ—આ વિદેહ જનપદમાં આવેલું હતું અને 'વેગવતી' નદી એની પાસે વહેતી હતી. મહાવીરસ્વામી 'મોરાક' સન્નિવેશથી આ અસ્થિકગ્રામમાં આવ્યા હતા અને અહીંથી એઓ 'મોરાક' થઈ 'વાચાલા' પધાર્યા હતા. M L T ( પૃ. ૩૩ )માં કહ્યું કે અસ્થિકગ્રામ તે વૈશાલીથી પાવા જતાં જે 'હત્થિગામ' આવે છે તે છે. લોકોનાં હાડકાં ઉપર ગામ બંધાયેલું હોવાથી એનું 'અસ્થિકગ્રામ' નામ પડયાની જૈન પરંપરા છે.

(૨) આલભિકા ( આલંભિકા )–શ્ર૦ ભ૦ મ૦ (પૃ ૩૫૫)માં કહ્યું છે કે આલંભિકા અને આલભિકા એ એક જ સ્થાનનાં બે નામો હોવાનો સંભવ છે. આલભિકા તે ઇટાવાથી વીસ

માઇલ ઈશાન (ઉત્તર-પૂર્વ) ખૂણામાં આવેલું પ્રાચીન નગર હોવાનું કેટલાક વિદ્વાનો કહે છે પણ એ 'કાશી' રાષ્ટ્રમાંની એક પ્રસિદ્ધ નગરી હતી એમ જૈન લેખ જોતાં જણાય છે. 'આલભિકા' એ રાજગૃહથી 'વારાણસી' જતાં વચમાં આવતી નગરી હતી. રાજગૃહથી 'વારાણસી' જતાં તેમ જ વારાણસીથી 'રાજગૃહ' જતાં વચમાં મહાવીરસ્વામી આ નગરીમાં મુકામ કરતા હતા.

L A I (પૃ. ૨૬૫)માં કહ્યું છે કે આલભિકાથી મહાવીરસ્વામી 'કુંડાક' સન્નિવેશ ગયા હતા. એક વેળા એઓ વાણિજ્યગ્રામથી 'આલભિકા' આવ્યા હતા અને 'શ્રાવસ્તી' ગયા હતા.

બૌદ્ધ સાહિત્યમાં આલભિયાનો 'આલવી' તરીકે ઉલ્લેખ છે. એમાં કહ્યું છે કે એ શ્રાવસ્તીથી ત્રીસ યોજને આવેલી નગરી હતી અને મહર્ષિ બુદ્ધે અહીં ચાતુર્માસ માટે નિવાસ કર્યો હતો.

(૩) ચંપા—જૈન આગમમાં જે ૨૫॥ આર્ય દેશ ગણાવાયા છે તેમાં 'અંગ'નો પણ ઉલ્લેખ છે. એની રાજધાની 'ચંપા' હતી. મહાવીરસ્વામીના જીવનના પૂર્વ ભાગમાં ચંપામાં જિતશત્રુ અને દત્ત નામે રાજાઓનું રાજ્ય હતું જ્યારે એમની ઉત્તરાવસ્થામાં કોણિકનું (અજાતશત્રુનું) રાજ્ય હતું. શ્ર૦ ભ૦ મ૦ (પૃ. ૩૬૯) પ્રમાણે ચંપા પટનાથી પૂર્વમાં—કંકઇ દક્ષિણમાં લગભગ સો કોસ ઉપર આવેલી હતી. આજકાલ એને 'ચંપાનાલા' કહે છે અને એ સ્થાન ભાગલપુરથી ત્રણ માઇલ દૂર પશ્ચિમમાં છે.

L A I (પૃ. ૨૭૫)માં કહ્યું છે કે ભગવતી પ્રમાણે આ આગમના પાંચમા સયગના પહેલા અને દસમા ઉદ્દેસગની પ્રરૂપણા મહાવીરસ્વામીએ ચંપામાં કરી હતી. વિશેષમાં

અહીં કહ્યું છે કે ચંપાનું ખરું સ્થળ ભાગલપુર પાસે આવેલાં એ ગામ નામે ચંપાનગર અને ચંપાપુર હોવાનો સંભવ છે.

M L T (પૃ. ૩૩)માં કહ્યું છે કે એક 'પાલિ' જાતકમાં કાલચંપાનો ઉલ્લેખ છે.

(૪) પાપા (મધ્યમા)– શ્ર૦ ભ૦ મ૦ (પૃ. ૩૭૫)માં કહ્યું છે કે ૨૫ાા આર્ય દેશોમાં જે 'ભંગિ' દેશનો ઉલ્લેખ છે તેની રાજધાની પાપા' હતી. એ દેશ 'પારસનાથ' પહાડની આસપાસની ભૂમિમાં ફેલાયેલો હતો. કેટલાક પાપાને 'મલય' દેશની રાજધાની ગણે છે તે ભૂલ છે અને એ ભૂલ 'મલ્લ' અને 'મલય'ને એક ગણવાની ભૂલનું પરિણામ છે એમ અહીં કહ્યું છે.

આ પાપા ઉપરાંત બીજી એક પાપા (પાવા) છે. એ કોશલથી ઈશાનમાં કુશીનારા તરફ જતાં આવે છે. એ 'મલ્લ' રાજ્યની રાજધાની હતી. કેટલાકના મતે આધુનિક પડરૌના કે જે કાસિયાથી બાર માઈલ દૂર અને ગોરખપુરથી આશરે પચ્ચીસ માઈલ દૂર છે તે આ પાપા (પાંવા) છે તો કેટલાક ગોરખપુર જીલ્લામાંના પડરૌનાની પાસે આવેલા પપઉર ગામને પ્રાચીન 'પાવાપુર' માને છે. આ બંને પાવાની વચ્ચે 'મધ્યમા પાવા' આવેલી હતી અને એ 'મગધ' જનપદમાં હતી. પહેલી પાપા આ મધ્યમા પાપાથી અગ્નિ કોણમાં અને બીજી વાયવ્ય કોણમાં અને તે પણ લગભગ સરખે અંતરે આવેલી હતી. આથી તો આને 'મધ્યમા પાપા' કહે છે. આજે પણ બિહાર.... નગરથી ત્રણ કોશ ઉપર દક્ષિણમાં આવેલી પાવા જૈનોનું તીર્થધામ છે.

L A I (પૃ. ૩૨૧)માં ભંગિને બદલે 'ભંગ'ને ૨૫ાા આર્ય દેશમાંનો એક દેશ કહ્યો છે. વિશેષમાં અહીં એવો ઉલ્લેખ છે

કે મહાભારત (૨–૩૧–૧૧)માં 'ભંગ'નો ઉલ્લેખ છે. એમાં 'હજારીબાગ' અને 'માનભૂમ' જિલ્લાનો સમાવેશ થતો હતો.

(૫) પ્રણિતભૂમિ — L A I (પૃ૦ ૩૨૦)માં કહ્યું છે કે આ પણિયભૂમિ 'રાઢ' દેશના એક વિભાગ નામે વઇરભૂમિમાં આવેલું એક સ્થળ છે પણ એ કયું તે નક્કી કરાયું નથી. 'રાઢ' એટલે 'લાઢ'. શ્ર૦ ભ૦ મ૦ (પૃ૦ ૩૮૫)માં એવો ઉલ્લેખ છે કે મુર્શીદાબાદની આસપાસના પશ્ચિમ બંગાળને પહેલાં 'રાઢ' કહેતા હતા અને 'કોટિવર્ષ' નગર રાજધાની ગણાતું હતું. ૨૫ાા આર્ય દેશોમાં રાઢનો ઉલ્લેખ છે. જયન્તીકોશમાં રાઢનું બીજું નામ 'સુહ્મ' હોવાનું લખ્યું છે પણ જૈન સૂત્રોમાં તો એ બેને ભિન્ન ગણ્યા છે.

(૬) ભદ્રિકા – આ 'અંગ' દેશની એક સુપ્રસિદ્ધ નગરી હતી. શ્ર૦ ભ૦ મ૦ (પૃ૦ ૩૭૯–૩૮૦) પ્રમાણે ભાગલપુરથી દક્ષિણે આઠ માઇલ ઉપર આવેલું સ્થાન તે જ પ્રાચીન 'ભદ્દિયા' કે 'ભદ્રિકા' નગરી હોવી જોઇએ. કેટલાક મુંગેરને 'ભદ્રિકા' ગણે છે.

L A I (પૃ૦ ૨૭૨)માં કહ્યું છે કે પૂર્ણકલશથી કદલીગ્રામ જતાં તેમ જ શાલિશીર્ષથી 'મગધ' જતાં મહાવીરસ્વામી ભદ્રિકામાં પધાર્યા હતા. રાહુલ સાંકૃત્યાયનના મતે આ નગરી તે 'મોંઘીર' (Monghyr) છે.

(૭) મિથિલા — આ ૨૫ાા આર્ય દેશો પૈકી વિદેહની રાજધાની હતી, જો કે મહાવીરસ્વામીના સમયમાં તો વૈશાલી એ વિદેહની રાજધાની હતી અને મિથિલા એક સમૃદ્ધ નગરી હતી. એ સમયે અહીં જનક નામનો રાજા હતો. એ જનક તે

'જનક' વંશનો કોઇ ક્ષત્રિય હશે એમ શ્ર૦ ભ૦ મ૦ (પૃ૦ ૩૮૩)-માં કહ્યું છે. વિશેષમાં અહીં કહ્યું છે કે સીતામઢીની પાસે આવેલી 'મુહિલા' તે જ પ્રાચીન 'મિથિલા' છે. વૈશાલીથી 'મિથિલા' ઈશાન કોણમાં ૪૮ માઇલ ઉપર આવેલી હતી. કેટલાક સીતામઢીને જ 'મિથિલા' ગણે છે તો કેટલાક જનકપુરને.

L A I (પૃ૦ ૩૧૪)માં કહ્યું છે કે રામાયણમાં મિથિલાને 'જનકપુરી' કહી છે. નેપાલની સરહદમાં જેની ઉત્તરે મુઝફ્ફરપુર અને દરભંગા જિલ્લાઓ મળે છે ત્યાં જે 'જનકપુર' નામનું નાનું નગર છે તે પ્રાચીન 'મિથિલા' હોવાનું મનાય છે.

(૮) રાજગૃહ— નરેશ્વર શ્રેણિક (બિંબિસાર)ના સમયમાં આ 'મગધ' દેશની રાજધાનીનું શહેર હતું. ઠાણ (ઠા. ૧૦)માં જે દસ રાજધાની ગણાવી છે તે પૈકી આ એક છે. શ્ર૦ ભ૦ મ૦ (પૃ૦ ૩૮૫)માં કહ્યું છે કે રાજગૃહમાં મહાવીરસ્વામી ૨૦૦ કરતાં વધારે વાર સમોસર્યા હતા. આજકાલ રાજગૃહને 'રાજગિર' તરીકે ઓળખાવાય છે અને એની પાસે 'મોહાગિરિ' પર્વત-માળાના વૈભારગિરિ, વિપુલાચળ ઇત્યાદિ નામના પાંચ પર્વતો આવેલા છે. 'રાજગિર' 'બિહાર' પ્રાંતમાં પટનાથી અગ્નિ કોણમાં અને ગયાથી ઈશાન કોણમાં આવેલું છે.

L A I (પૃ૦ ૩૨૭)માં એ ઉલ્લેખ છે કે એમ કહેવાય છે કે 'ક્ષિતિપ્રતિષ્ઠિત' નાશ પામતાં 'ચણકપુર' સ્થપાયું અને એનો નાશ થતાં 'ઋષભપુર' અને એનો નાશ થતાં 'કુશાગ્રપુર' અને અંતે 'રાજગૃહ' સ્થપાયું.

વિશેષમાં રાજગૃહને 'ગિરિવ્રજ' કહે છે કેમકે એની આસપાસ પાંડવ, ગિજ્ઝકૂટ (ગૃધ્રકૂટ), વૈભાર, ઋષિગિરિ અને વૈપુલ એ પાંચ પર્વતો આવેલા છે. મહાભારત (૨-૨૧-૨)માં આ પાંચ પર્વતોનાં નામ નીચે મુજબ છે :—

વૈભાર, વારાહ, વૃષભ, ઋષિગિરિ અને ચૈત્યક.

આ રાજગૃહ એના ઝરાઓ માટે સુવિખ્યાત છે. જુઓ કલ્પના ભાસની ગા. ૩૪૨૯ની વૃત્તિ (ખંડ ૪, પૃ૦ ૯૫૯).

નાલંદા રાજગૃહની ઈશાન કોણમાં હતું. બૌદ્ધ ગ્રંથોમાં 'નાલંદા' રાજગૃહથી એક યોજન દૂર હોવાનો ઉલ્લેખ છે. 'પટણા' જિલ્લામાં આવેલા રાજગિરથી સાત માઈલ દૂર વાયવ્ય કોણમાં આવેલું બરગાંવ (Bargaon) તે 'રાજગૃહ' હોવાનું મનાય છે.

(૯) **વૈશાલી** — શ્ર૦ ભ૦ મ૦ (પૃ૦ ૩૮૯-૩૯૦)માં કહ્યું છે કે મહાવીરસ્વામીના સમયમાં 'વિદેહ' દેશની રાજધાની જે 'વૈશાલી' હતી તે 'મુજફ્ફર' જિલ્લાનું 'બેસાઢપટ્ટી' ગામ છે અને નકશા પ્રમાણે વૈશાલી ચંપાના વાયવ્ય કોણમાં સાડાબાર માઈલને અંતરે અને રાજગૃહથી આશરે ઉત્તરમાં સત્તર માઈલ દૂર છે.

L A I (પૃ૦ ૩૫૪)માં કહ્યું છે કે અંબપાલી ગણિકાએ વૈશાલીને સમૃદ્ધ બનાવવામાં મોટો ફાળો આપ્યો હતો. વિશેષમાં વૈશાલી એ 'બિહાર' પ્રાંતમાંના 'મુજફ્ફર' જિલ્લામાં આવેલું બસરહ (Basarah) છે.

(૧૦) શ્રાવસ્તી—જૈન સૂત્રોમાં કહેલા ૨૫॥ આર્ય દેશોમાંના 'કુણાલ' દેશની રાજધાનીનું નામ 'શ્રાવસ્તી' હતું પરંતુ મહાવીર-સ્વામીના સમયમાં એ ઉત્તર કોશલની રાજધાની હતી એમ શ્ર૦ ભ૦ મ૦ (પૃ૦ ૩૯૧)માં કહ્યું છે. વિશેષમાં આધુનિક સંશોધકને મતે ગોંડા' જિલ્લાના અકૌનાથી પૂર્વમાં પાંચ માઇલે અને બલરામપુરથી પશ્ચિમે બાર માઇલ ઉપર આવેલી 'રાપતી' નદીના દક્ષિણ કિનારા ઉપર જે 'સહેટમહેટ' સ્થાન છે તે આ શ્રાવસ્તીના અવશેષરૂપ છે. L A I (પૃ. ૩૩૨)માં આ જ વાત છે, જોકે અહીં સહેત-મહેત એવો ઉલ્લેખ છે.

અંતમાં હું ઉમેરીશ કે L A I (પૃ૦ ૨૫૨)ની સામે મહાવીરસ્વામીના સમયનો—ડૉ. જૈનના મતે ઇ. સ. પૂર્વે ૫૦૦ના સમયનો 'ભારત' વર્ષનો નકશો છે. એમાં જે ઉપર્યુક્ત સ્થળો દર્શાવાયાં છે તે બરાબર છે કે કેમ તેની ચકાસણી કરવી બાકી રહે છે.

—જૈન સત્ય પ્રકાશ (વ. ૨૦, અં. ૧૧)

[૧૨]

# ઉત્કૃષ્ટતમ ઉપસર્ગ અને બોધપાઠો

આપણે કોઈ પણ સારું મોટું કામ ઉપાડીએ એટલે એ સીધેસીધું પાર ઉતરે એવું ભાગ્યે જ બને છે. ઘર બાંધવાની વાત દૂર રહી પરંતુ એ સમરાવવાનું કાર્ય હાથ ધરીએ તો તેમાં યે કેટલીક વાર અણધારેલી મુશ્કેલી ઊભી થાય છે. "ઘર તો કે ઉકેલી જો અને લગન તો કે માંડી જો" એ કહેવત આ બાબતની સાક્ષી પૂરે છે. ગૃહસ્થ–જીવનમાંનો એક મંગળકારી અને આનંદજનક અવસરરૂપ ઓળખાવાતો લગ્ન જેવો શુભ પ્રસંગ પણ સદા નિર્વિઘ્ને ઉજવાય છે ખરો ? કોઇક અંતરનું સગું કે ખાસ ઓળખીતું એવે જ સમયે રિસાઇ જાય છે અને એને મનાવતાં નવનેજાં પાણી આવે છે, નહિ માંદાનું કોઈ માંદું થઇ જાય છે અને કોઇક તો એકાએક સ્વધામ પહોંચી જાય છે. આમ આફતોની હારમાળા ઉપસ્થિત થાય છે.

આ તો સાંસારિક પ્રવૃત્તિઓમાં નડતા ઉપસર્ગોની વાત થઇ. આત્મોન્નતિ સાધવાની તીવ્ર તાલાવેલી થતાં એ મહાભારત કાર્યને સિદ્ધ કરવા માટે જે સ્તુત્ય પગલાં ભરાય તેમાં યે કેટકેટલી મુસીબતોને પાર પામવાના પ્રસંગો આવી ચડે છે. આનું એક અનુપમ ઉદાહરણ આપણને શ્રમણ ભગવાન મહાવીર–સ્વામીના જીવનમાંથી જાણવા મળે છે. એ વાત હવે હું વિચારું છું અને એમાંથી કેટલાક મુદ્દાઓ–બોધપાઠો પણ તારવી શકાય તેમ જણાય છે તે પણ દર્શાવવા ઇચ્છું છું.

મહાવીરસ્વામીએ આજથી લગભગ પચ્ચીસ સો અને પચ્ચીસ (૨૫૨૫) વર્ષ પૂર્વે—ઇ. સ. પૂ૬૯માં સર્વ પાપમય પ્રવૃત્તિને તિલાંજલિ આપવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી–જૈન ધર્મની વિજયપતાકા ફરકાવનારી દીક્ષા લીધી. એ દીક્ષા લેતાં વેંત એમનાં ત્રણ જ્ઞાનમાં ઉમેરારૂપે એમને ચોથું 'મનઃપર્યવ'જ્ઞાન ઉદ્ભવ્યું. આત્માનો ઉત્કૃષ્ટ વિકાસ સાધવા માટે એમણે પૂરેપૂરું બળ અજમાવવા માંડ્યું અને તેમાં એમને જાતજાતના ઉપસર્ગોનો સામનો કરવો પડ્યો. આ બધા ઉપસર્ગોને આપણે ત્રણ વર્ગમાં વહેંચી શકીએ : (૧) જઘન્ય, (૨) મધ્યમ અને (૩) ઉત્કૃષ્ટ. આ ત્રણેમાં તરતમતાની દૃષ્ટિએ પેટાવર્ગ પાડી શકાય તેમ છે. અહીં તો આપણે આ પ્રત્યેક વર્ગમાંના ઉત્કૃષ્ટ જ ઉપસર્ગની નોંધ લઇશું. કટપૂતના વ્યંતરીએ જે શીતનો–ઠંડીનો ઉપસર્ગ કર્યો[1] એ જઘન્ય ઉપસર્ગમાં સૌથી મહાન્ છે. એવી રીતે સંગમે કાલચક્ર રચી મહાવીરસ્વામીને તો ખૂબ જ હેરાન કર્યા તે મધ્યમ ઉપસર્ગની પરિસીમા છે. આ બંને ભયંકર ઉપસર્ગોને જ નહિ પરંતુ અનેક ઉત્કૃષ્ટ ઉપસર્ગોને ટપી જાય એવો અર્થાત્ ઉત્કૃષ્ટતમ ઉપસર્ગ તે કાનમાંના શલ્યનું ઉદ્ધરણ છે.[2] આ વિકટ પ્રસંગ મહાવીરસ્વામીની આત્મસાધનાના તેરમા—છેલ્લા વર્ષમાં (ઇ. સ. પૂર્વે ૫૫૭માં) બનવા પામ્યો છે.

આવસ્સયની નિજ્જુત્તિ (ગા. ૫૨૫)માં તારમાં જેમ મિતાક્ષરીનો ઉપયોગ કરાય છે તેમ આ ઉત્કૃષ્ટતમ ઉપસર્ગ

---

૧. જુઓ પૃ. ૧૦૫.

૨. જુઓ આવસ્સયની ચુણ્ણિ (પૂર્વ ભાગ, પત્ર ૩૨૨આ).

વર્ણવાયો છે: [1] 'છમ્માણી ગામ, ગોવાળ, કટના શલ્યનો પ્રવેશ, મધ્યમ પાપા, ખરક વૈદ્ય, સિદ્ધાર્થ (વણિક) અને કઢાવે છે. આને લગતી પ્રસ્તુત ગાથા નીચે મુજબ છે:—

"छम्माणी गोव कडसलपवेसणं मज्झिमाए पावाणं ।
खरतो वेज्जो सिद्धत्थ वाणिओ णहिरावेति ॥ ५२९॥"

આ પ્રસંગ શબ્દના નાહક સાથિયા પૂર્યા વિના અને પ્રત્યેક મુખ્ય બીનાને પૂરતો ન્યાય આપીને આવસ્સયની ચુણ્ણિના કર્તાએ આલેખ્યો છે. ઉપલબ્ધ સાહિત્ય જોતાં પ્રાચીનતાની દૃષ્ટિએ પણ આ આલેખન મહત્ત્વનું છે.[2] એટલે એનો હું અહીં ગુજરાતીમાં અનુવાદ આપું છું.

ત્યાર બાદ (મહાવીર)સ્વામી 'છમ્માણી' (સં. ષણ્માની) નામના ગામમાં ગયા અને એની બહાર પ્રતિમાએ (અર્થાત્ કાયોત્સર્ગ ધ્યાનમાં) રહ્યા. ત્યાં એમની પાસે એક ગોવાળ બળદો મૂકીને ગામમાં પેઠો. (ગાય વગેરે) દોહવા વગેરેનું કાર્ય કરીને એ (ત્યાંથી) નીકળ્યો. પેલા બળદો તો જંગલમાં ચરવા માટે ચાલ્યા ગયા. પછી પેલો ગોવાળ આવ્યો. એણે (મહાવીરસ્વામીને) પૂછ્યું: હે દેવાર્યક! બળદો ક્યાં છે? ભગવાને જવાબ ન આપ્યો. એથી એ (ગોવાળ) ખૂબ ગુસ્સે થયો. એણે ભગવાનના બંને કાનમાં

૧. આ ગામે 'મિંઢિય' ગામ થઈને મહાવીરસ્વામી આવ્યા હતા. આ 'છમ્માણી' ગામ 'મધ્યમા પાવા'ની પાસે આવેલી 'ચંપા' નગરીના રસ્તા ઉપર આવેલું હતું.

૨. આ ઉપસર્ગનો ઉલ્લેખ આયારમાં તેમ જ પજ્જોસવણા-કપ્પમાં તો નથી.

'કાસની (એક જાતના ઘાસની) સળી નાંખી : એક એક કાનમાં અને બીજી બીજા કાનમાં. પછી એણે એ બંનેને પથ્થર વડે એવી ઠોકી કે બંને ભેગી થઇ. ત્યાર બાદ એણે એ સળીઓનાં મૂળને—છેડાને ભાંગી નાંખ્યાં કે જેથી કોઈ એને (સળીઓને) કાઢી નાંખી ન શકે.

આ સંબંધમાં કેટલાક એમ કહે છે કે એક જ સળી (એક કાનમાં નંખાતાં)[1] એ બીજા કાનમાંથી બહાર નીકળી ત્યાં તો એ ભાંગી ગઇ.

[2]ત્રિપૃષ્ઠ રાજાએ આ ગોવાળના (શય્યાપાલક તરીકેના ભવમાં) બંને કાનમાં તપાવેલું સીસું રેડયું હતું તે ઉપરથી વર્ધમાનના (મહાવીરસ્વામીના) બંને કાનમાં કટની સળી નંખાઈ.[3] ભગવાનને એ દ્વારા '(અસાત) વેદનીય' કર્મ ઉદયમાં આવ્યું.

પછી (મહાવીરસ્વામી) 'મધ્યમા પાપા'માં ગયા ત્યાં સિદ્ધાર્થ નામનો વણિક હતો. એને ઘેર ભગવાન ગયા. એને (સિદ્ધાર્થને) ખરક નામનો વૈદ્ય મિત્ર હતો. એ બંને સિદ્ધાર્થના ઘરમાં હતા. (મહાવીર સ્વામી ભિક્ષાર્થે એના (સિદ્ધાર્થના) ઘરમાં પેઠા. એ વણિકે એમને વંદન કર્યું અને એમની સ્તવના કરી. પેલો

---

૧. આમ અહીં ચૂર્ણિકાર સળીઓ બે નહિ પણ એક હતી અને એ ગોવાળીઆએ ભાંગી ન હતી પણ આપોઆપ ભાંગી ગઇ હતી એવા મતાંતરની નોંધ લીધી છે.

૨. જુઓ પૃ ૮૭, ૧૦૪ અને ૧૧૮.

૩. આ વાત એક પદ્ય દ્વારા દર્શાવાઇ છે.

વૈદ્ય એ તીર્થંકરને જોઈને બોલ્યો: અહો ભગવાન સર્વ લક્ષણોથી સંપૂર્ણ છે પરંતુ કેમ શલ્યથી યુક્ત છે? એ ઉપરથી પેલો વણિક સંભ્રમપૂર્વક બોલ્યો: જો, ક્યાં શલ્ય છે? એમાં (વૈદ્યે) જોયું તો કાનમાં શલ્ય દેખાયું. ત્યાં તો વણિકે કહ્યું: (આ) મહાતપસ્વીનું આ (શલ્ય) દૂર કર. હું એના બદલામાં) સર્વસ્વ આપું છું. તને અને મને પણ પુણ્ય થશે.

ભગવાન નિષ્પ્રતિકર્મી હોઇ એ ઇચ્છશે નહિ. (શલ્ય કઢાવ્યા વિના ભગવાન તો ચાલ્યા ગયા) ત્યારે (સિદ્ધાર્થે) માણસ મોકલી (તપાસ કરાવી) તો ઉદ્યાનમાં પ્રતિમાએ રહેલા એઓ જણાયા.

(સિદ્ધાર્થ અને ખરક) એ બંને ઓષધો લઇને (ભગવાન જયાં હતા ત્યાં) ગયા. ત્યાં ભગવાનને તેલની દ્રોણી (અર્થાત્ કુંડીમાં) મૂક્યા અને એમનું મર્દન કરાયું. પછી ઘણા પુરુષો વડે એમને પકડી રખાવાયા અને દબાવાયા. ત્યાર બાદ સાણસો લઇને શલ્ય (વૈદ્યે કાઢયું. લોહીથી ખરડાયેલી બે સળીઓ નીકળી. એ સળીઓ જેવી કઢાઇ રહી કે તરત જ ભગવાનથી ચીસ પડાઇ ગઇ. પેલા મનુષ્યોને ઉથલાવીને એઓ ઊભા થયા.[૧] ત્યાં (આ ચીસને લઈને) 'મહાભૈરવ' ઉદ્યાન અને દેવકુલ (દેવમંદિર) થયાં. પછી 'સંરોહણ' ઓષધ (વૈદ્યે) આપ્યું જેથી (ભગવાન) સારા થયા ત્યાર પછી એમને વંદન કરીને અને એમની ક્ષમા યાચીને વૈદ્ય અને સિદ્ધાર્થ ગયા.

---

૧. આ ઉપરથી એમ લાગે છે કે મહાવીરસ્વામીના કાનમાંથી ખીલા (કીલા) કઢાયા ત્યારે એઓ સૂતેલા હતા.

આમ એક ગોવાળે શરૂ કરેલા ઉપસર્ગનો અન્ય ગોવાળે કરેલા ઉપસર્ગથી અંત આવ્યો. (કાનમાં [૧]ખીલા ઠોકનારો) એ ગોવાળ સાતમી (નરકે) ગયો. ખરક અને સિદ્ધાર્થ તો તીવ્ર વેદનાને ઉત્પન્ન કરનારા હોવા છતાં એ કાર્ય એમણે શુદ્ધ જ ભાવે કરેલું હોવાથી (સ્વર્ગે) ગયા.

આ ઘટના આપણને અનેક વિચારણા પૂરી પાડે છે :—

૧. આવેશમાં કરેલું કર્મ ભોગવવું પડે છે.

૨. કર્મ કર્યું કે તરત જ તેનું ફળ મળે જ એવો નિયમ નથી. અનેક ભવો પછી પણ એનું ફળ ભોગવવાનો વારો આવે.

૩. હિંસા અને અહિંસાની સમીક્ષા યોગ્ય રીતે થવી ઘટે.

૪. શરીરની કેટલીક ક્રિયા ઉપર મનોબળની ઝાઝી અસર થતી નથી.

૫. અનાદિ કાળના સંસ્કારોનું બળ જેવું તેવું નથી.

— જૈન સત્ય પ્રકાશ (વ. ૨૦, અં. ૮–૯)

---

૧. સુબોધિકામાં 'कर्णकीलककर्षणं' એવો જે ઉલ્લેખ છે. તેમાંના 'કીલક'નો અર્થ 'ખીલો' કરાય છે.

## શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની સાધનાની પરાકાષ્ઠા

સંસારસાગર તરી જવા માટે—મુક્તિમહિલાના મંદિરે પહોંચવા માટે–અનંત સુખના સ્વામી બનવા માટે જાતજાતના ઉપાયો ભિન્ન ભિન્ન દર્શનકારોએ દર્શાવ્યા છે. જૈન દર્શનકારનું આ સંબંધમાં શું કહેવું છે એ જાણવા માટે આપણી પાસે એક ઉત્તમ સાધન છે. એ સાધન તે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ દીક્ષા લીધી ત્યારથી માંડીને તે એમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ત્યાં સુધીમાં 'સાધક' તરીકે જીવન વ્યતીત કરતાં જે સાધના એમણે કરી તે સંબંધી પજ્જોસવણાકપ્પમાં અપાયેલું વિસ્તૃત વર્ણન છે. આ વર્ણન એના ૧૧૬મા સુત્તમાં નીચે મુજબ રજૂ કરાયું છે :

" तए णं समणे भगवं महावीरे अणगारे जाए; इरिया-समिए, भासासमिए, एसणासमिए, आयाणभण्डमत्तनिक्खेवणा-समिए, उच्चार-पासवण-खेल-सङ्घाण-जल्लपारिट्ठावणियासमिए; मणसमिए, वयसमिए, कायसमिए; मणगुत्ते, वयगुत्ते, कायगुत्ते; गुत्ते; गुत्तिन्दिए; गुत्तबम्भयारी; अकोहे, अमाणे, अमाए, अलोहे; सन्ते, पसन्ते, उवसन्ते; परिणिव्वुडे; अणासवे; अममे; अकिञ्चणे, छिन्नगन्थे; निरुवलेवे; कंसपाई इव मुक्कतोए; सङ्खे इव निरञ्जणे; जीवे इव अप्पडिहयगई; गगणमिव निरालम्बणे; वाउ इव अप्पडिवद्धे; सारयसलिलं व सुद्धहियए; पुक्खरपत्तं व निरुपलेवे; कुम्मे इव गुत्तिन्दिए; खग्गिविसाणं व एगजाए; विहग इव विप्पमुक्के; भारण्डपक्खी इव अप्पमत्ते; कुञ्जरे इव सोण्डीरे;

वसहे इव जायथामे; सीहे इव दुद्धरिसे; मन्दरे इव निक्कम्पे; सागरे इव गम्भीरे; चन्दे इव सोमलेसे; सूरे इव दित्ततेए; जच्चकणगं व जायरूवे; वसुन्धरा इव सव्वफासविसहे; सुहुयहुयासणे इव तेयसा जलन्ते ॥ ११६ ॥"

આ સુત્ત(સૂત્ર)નો અક્ષરશઃ અનુવાદ ન આપતાં એમાં મહાવીરસ્વામી ગૃહત્યાગ કરી અનગાર બન્યા-સાચા શ્રમણ બન્યા તેને અંગે એમને ઉદ્દેશીને જે વિવિધ વિશેષણોનો-ઉપમાઓનો ઉલ્લેખ કરાયો છે તેની હું એક પછી એક નોંધ લઉં છું :—

(૧) મહાવીરસ્વામી પાંચ સમિતિથી યુક્ત હતા: (અ) ઈર્યા-સમિતિ, (આ) ભાષા-સમિતિ, (ઇ) એષણા-સમિતિ, (ઈ) ઉપકરણાદિના ગ્રહણને અંગે અને વસ્ત્રાદિના કે માટીના 'માત્ર' નામના પાત્રને મૂકવાને અંગેની સમિતિ અર્થાત્ આદાનનિક્ષેપણ-સમિતિ અને (ઉ) મલ, મૂત્ર, થૂંક, નાકમાંથી નીકળતા શ્લેષ્મ તેમ જ શરીરના મેલ એ બધાના ત્યાગરૂપ પારિષ્ઠાપનિકા-સમિતિ. આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે મહાવીરસ્વામી ગમનમાં અને આગમનમાં, બોલવામાં, ભિક્ષા લેવામાં, કોઇ ચીજ લેવા-મૂકવામાં તેમ જ મલાદિના ત્યાગમાં સાવધાનપણે વર્તતા હતા.

(૨) આ જ બાબત સંક્ષેપમાં અત્ર એમ કહી છે કે મહાવીરસ્વામી મન, વચન અને કાયા એ ત્રણને અંગે સમ્યક્ પ્રવૃત્તિવાળા હતા.

(૩) મહાવીરસ્વામી (અ) મનો-ગુપ્તિ, (આ) વચન-ગુપ્તિ અને (ઇ) કાય-ગુપ્તિ એમ ત્રણ ગુપ્તિના ધારક હતા અર્થાત્ એઓ

અશુભ પ્રવૃત્તિઓથી અલગા રહેતા હતા. આથી કરીને એઓ ગુપ્ત હતા.

(૪) મહાવીરસ્વામી ગુપ્તેન્દ્રિય હતા અર્થાત્ બધી ઇન્દ્રિયો ઉપર એમનો કાબુ હતો.

(૫) એઓ વસતિ વગેરે નવ વાડો વડે શોભતું બ્રહ્મચર્ય પાળતા હતા. આમ એઓ સ્ત્રીસંગથી સર્વથા વિમુખ હતા.

(૬) એઓ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોથી મુક્ત હતા.

(૭) એઓ શાન્ત, પ્રશાન્ત અને ઉપશાન્ત હતા. એથી કરીને એઓ પરિનિવૃત એટલે કે સર્વ પ્રકારના સંતાપથી રહિત હતા. એઓ અંદરથી શાન્ત, બહારથી શાન્ત તેમ જ ઉભય રીતે પણ શાન્ત હતા.

(૮) એઓ અનાસક્ત હતા અર્થાત્ હિંસાદિ આશ્રવદ્વારોથી અલિપ્ત હતા.

(૯) એઓ મમત્વથી રહિત હતા.

(૧૦) એઓ અકિંચન હતા એટલે કે દ્રવ્યાદિથી રહિત હતા.

(૧૧) એઓ હિરણ્ય વગેરે ગ્રંથના ત્યાગી હતા.

(૧૨) એઓ શરીરને લગતા દ્રવ્ય-મલથી તેમ જ કર્મોથી ઉદ્ભવતા ભાવ-મલથી પણ અલિપ્ત હતા. આમ એઓ નિરુપલેપ હતા.

એમની નિરુપલેપતા ઇત્યાદિ દર્શાવવા માટે વિવિધ–એકવીસ દૃષ્ટાંતો અપાયાં છે :-

(૧) જેમ કાંસાનું પાત્ર (વાસણ) પાણીથી અલિપ્ત રહે છે તેમ મહાવીરસ્વામી સ્નેહથી અલિપ્ત હતા.

(૨) એઓ શંખની પેઠે નિરંજન હતા–રાગથી રહિત હતા.

(૩) એઓ જીવની જેમ અપ્રતિહત ગતિવાળા હતા કેમકે એમનો વિહાર સર્વત્ર અસ્ખલિત હતો.

(૪) એઓ આકાશ પેઠે આલંબન વિનાના હતા–સ્વાશ્રયી હતા કેમકે એમને કોઇના આધારની અપેક્ષા ન હતી.

(૫) એઓ પવનની જેમ અપ્રતિબદ્ધ હતા કેમકે કોઇ પણ એક સ્થાનમાં એઓ સ્થાયી રહેતા ન હતા.

(૬) એમનું હૃદય શરદ્ ઋતુના જળની જેવું નિર્મળ હતું કેમકે એ કલુષતારૂપ કલંકથી મુક્ત હતું.

(૭) એઓ કમળના પત્રની પેઠે નિર્લેપ હતા. જેમ કમળનું પત્ર જળથી અલિપ્ત રહે છે તેમ ભગવાન કર્મરૂપ લેપથી અલિપ્ત હતા.

(૮) જેમ કાચબો પોતાની ઇન્દ્રિયને ગુપ્ત રાખે છે તેમ મહાવીરસ્વામી પણ ગુપ્તેન્દ્રિય હતા.

(૯) જેમ ગેંડાને એક શિંગડું હોય છે તેમ એઓ રાગ વગેરેની સહાયથી રહિત હતા.

(૧૦) એઓ પક્ષીની પેઠે મુક્ત હતા કેમકે એઓ પરિકરથી મુક્ત હતા તેમજ એમનો નિવાસ અનિયત હતો—નિશ્ચિત ન હતો.

(૧૧) એઓ [1]'ભારંડ' પક્ષીની જેમ અપ્રમત્ત હતા. અપ્રમત્તતામાં ભારંડ પક્ષી સૌથી ચડિયાતું ગણાય છે એથી એની ઉપમા અપાઇ છે.

(૧૨) એઓ હાથીની જેમ શૌંડીર અર્થાત્ શૂરવીર હતા કેમકે એઓ કર્મરૂપ શત્રુઓને મારી હઠાવવામાં શૂરવીર હતા.

(૧૩) એઓ બળદની પેઠે પરાક્રમી હતા કેમકે એઓ પોતે સ્વીકારેલાં મહાવ્રતના ભારને વહન કરવામાં સમર્થ હતા.

(૧૪) એઓ સિંહની જેમ દુર્ધર્ષ હતા અર્થાત્ એમનો કોઇ સામનો કરી શકે તેમ ન હતું કેમકે પરીષહરૂપ શ્વાપદો એમને જીતી શકે તેમ ન હતું.

(૧૫) એઓ 'મેરુ' પર્વતની પેઠે નિષ્કંપ એટલે કે અડગ હતા કેમકે એઓ ઉપસર્ગોરૂપ વાયુથી ચલિત થાય તેમ ન હતું.

(૧૬) એઓ સાગરની જેમ ગંભીર હતા કારણ કે એઓ હર્ષ, શોક વગેરેનાં કારણ ઉપસ્થિત થવા છતાં એમનો સ્વભાવ અવિકારી રહેતો હતો—એમાં પરિવર્તન થતું નહિ.

---

૧. આ પક્ષી વિષે મેં "ભારંડ : એક મહાકાય પક્ષી" નામના મારા લેખમાં કેટલીક બાબતો લખી છે. આ લેખ "ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ"ના તા. ૧૨-૧૦-'૪૭ના અંકમાં છપાયો છે.

(૧૭) એઓ ચન્દ્રમાની જેમ સૌમ્ય લેશ્યાવાળા—કાંતિવાળા હતા કેમકે એઓ શાન્ત હતા.

(૧૮) એમનું તેજ સૂર્ય જેવું પ્રદીપ્ત હતું કેમકે દેહની કાંતિરૂપ એમને દ્રવ્ય-તેજ હતું અને જ્ઞાનને લઈને એમને ભાવતેજ હતું.

(૧૯ એઓ ઉત્તમ સુવર્ણની પેઠે સ્વરૂપસંપન્ન હતા કેમકે જેમ સુવર્ણ મેલ બળી જવાથી ખરેખર દીપી ઊઠે છે તેમ ભગવાન પણ કર્મરૂપ મેલ દૂર થવાથી દીપતા હતા—પ્રકાશતા હતા.

(૨૦) એઓ પૃથ્વીની પેઠે સર્વ જાતના સ્પર્શને સહન કરનારા હતા. જેમ પૃથ્વી ઠંડી, ગરમી વગેરેને સમતા વડે સહન કરે છે તેમ એઓ પણ બધું સહન કરતા હતા.

(૨૧) એઓ ઘી વગેરે દ્વારા સારી રીતે સિંચાયેલા-સારી રીતે હોમાયેલા અગ્નિની પેઠે તેજ વડે પ્રકાશતા હતા.

— જૈન (વ. ૬૦, અં. ૪૨–૪૩ઃ દીપોત્સવી અંક)

## મહાવીરસ્વામીના જીવનની [1]વિશિષ્ટ ઘટનાઓ

એ તો સુવિદિત હકીકત છે કે અપૂર્વ પ્રભાવશાળી વ્યક્તિના જીવનની નાની કે મોટી સર્વ ઘટનામાં કંઇ ને કંઇ વિશિષ્ટતા રહેલી જ હોય છે. સૂક્ષ્મ અવલોકન કરનારી પ્રખર પ્રતિભા આ સંબંધમાં જેવો પ્રકાશ પાડી શકે તેવા પ્રકાશની આશા મન્દમતિ પાસેથી રાખવી તે અસ્થાને છે. છતાં પણ "**शुभे यथाशक्ति यतनीयम्**" એ ન્યાયના આધારે આ અતિ-વિકટ પરંતુ ખેડવા લાયક કાર્યક્ષેત્રમાં હું પ્રવેશ કરવા લલચાઉં છું

### કુળમદ અને તેનું પરિણામ—

જૈનોના છેલ્લા તીર્થંકરના— આ 'હુણ્ડા' અવસર્પિણીમાં થઇ ગયેલા ચોવીસમા તીર્થંકર શ્રીમહાવીરસ્વામીના પૂર્વ ભવો તરફ

---

૧. કેટલીક વિશિષ્ટતાઓના વર્ણનરૂપ **વીર-સ્તુતિ** સંસ્કૃત-પ્રાકૃતમાં ( પદ્યનો પૂર્વાર્ધ સંસ્કૃતમાં અને ઉત્તરાર્ધ પ્રાકૃતમાં) કવિરાજ ધનપાલે રચી છે. એ ત્રણ મહિના ઉપર મને ઉપલબ્ધ થયેલી આ સ્તુતિ આજે અનુવાદાદિ સહિત છપાઇ રહી છે. આનાથી પદ્યની અપેક્ષાએ મોટું, વિશેષ પ્રસંગો ઉપર પ્રકાશ પાડનારું અને વળી **ભક્તામર-સ્તોત્ર**ની સમસ્યારૂપ તેમ જ કંઠસ્થ કરવા જેવું એક કાવ્ય મદીય ભાષાંતરાદિ સહિત "શ્રીભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ"ના પ્રથમ વિભાગમાં "**શ્રીઆગમોદય સમિતિ**" તરફથી પ્રસિદ્ધ થયું છે

અને ખાસ કરીને તેમના મરીચિ તરીકેના ત્રીજા ભવ પ્રતિ દૃષ્ટિપાત કરતાં માલૂમ પડે છે કે એમનો જન્મ અત્યુત્તમ કુળમાં થયો હતો, કેમકે મરીચિના પિતામહ શ્રીઋષભદેવ તે આ અવસર્પિણીમાંના પ્રથમ તીર્થંકર તરીકે, એમના પિતાશ્રી ભરત નરેશ્વર તે પ્રથમ ચક્રવર્તીરૂપે, તેઓ પોતે ત્રિપૃષ્ઠ તરીકેના ભવની અપેક્ષાએ પ્રથમ વાસુદેવરૂપે અને મહાવીર તરીકે અંતિમ તીર્થંકરરૂપે સુપ્રસિદ્ધ છે. આવા દિવ્ય કુળમાં જન્મ ધારણ કરનારા મરીચિને કુળમદના કટું વિપાકરૂપે જૈન દૃષ્ટિએ હીન ગણાતા 'ભિક્ષુક' કુળમાં ઋષભદત્ત વિપ્રની દેવાનન્દા નામની પત્નીની કુક્ષિમાં અવતરવું પડયું એ કેવી ઘટના ગણાય ? કયાં તેમનો એક વેળાએ ઉન્નતિના શિખરે આરૂઢ થયેલા કુળમાં જન્મ અને કયાં અંતિમ ભવમાં—મોક્ષગમનના ભવમાં ભિક્ષુક કુળમાં ચ્યવન! કર્મની અકળ કળા છે, તેનું એકછત્ર સામ્રાજ્ય છે અને તેનું શાસન અપ્રતિહત છે એમ આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે. કહેવાની મતલબ એ છે કે કોઇ પણ જાતનો ગર્વ કરવો તે કોઈ પણ વ્યક્તિને માટે—ભલે પછી તે રાજા હોય કે રંક ઇષ્ટ નથી. એ ગર્વ ગળ્યા વિના રહેતો નથી. એ દર્પ ઉન્નતિરૂપ ઊર્ધ્વલોકમાંથી જોતજોતામાં અવનતિરૂપ અધોલોકમાં અભિમાની જીવને હડસેલી મૂકે છે.

ગર્ભ-સંક્રમણ—

દેવાનન્દાની કુક્ષિમાં શ્રીમહાવીર પ્રભુ ૮૨ દિવસ રહ્યા બાદ શક્રેન્દ્રનું આસન કંપતાં અવધિજ્ઞાનથી તેનું કારણ જાણી તે

ઇન્દ્રે હરિણગમેષી દેવને આ ગર્ભને સિદ્ધાર્થ નૃપતિની ત્રિશલા રાણીના ગર્ભ સાથે અદલબદલ કરવા ફરમાવ્યું અને તેણે તેમ કર્યું. આ પ્રમાણેની ગર્ભસંક્રમણની ઘટના તે શું અલૌકિક નથી ? વસુદેવ (શ્રીકૃષ્ણના પિતા)ના સાતમા પુત્ર બલરામના સંબંધમાં આવી હકીકત બન્યાનો ઉલ્લેખ અજૈન સાહિત્યમાં મળી આવે છે. ત્યાં એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે કંસની ક્રૂરતાથી બચવાના ઉપાય તરીકે દેવકીના અને રોહિણીના ગર્ભોનો વિનિમય કરવામાં આવ્યો છે.

## ગર્ભાવસ્થામાં માતૃભક્તિ અને દીક્ષા-અભિગ્રહ—

જૈન દૃષ્ટિ પ્રમાણે ગર્ભાવસ્થામાં પણ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનોથી અલંકૃત શ્રીમહાવીરને એક દિવસ એવો વિચાર સ્ફુર્યો કે પોતે હાલવું ચાલવું નહિ કે જેથી પોતાની માતાને એ સંચાલન દુઃખરૂપ ન થાય. આ વિચારથી તેઓ નિશ્ચળ રહ્યા પરંતુ એથી તો તેમની માતાને ગર્ભના અસ્તિત્વ વિષે શંકા થઇ અને તેમણે બૃહત્ કલ્પાંત કર્યું. આ તરફ પ્રભુનું લક્ષ્ય જતાં તેમણે માતાપિતાના જીવન પર્યન્ત દીક્ષા ન લેવાનો અભિગ્રહ કર્યો, કેમકે તેમને એમ ભાસ્યું કે જે માતા ગર્ભાવસ્થાથી તેમના ઉપર આટલો સ્નેહ રાખે છે તે તેમનો દીક્ષાસમયથી શરૂ થતો વિરહ તો કેમ જ સહન કરી શકે ?

આ ઉપરથી એ ફલિતાર્થ થાય છે કે માતાપિતાને પોતાના તરફથી જરા પણ દુઃખ ન થવા પામે એવું વર્તન સુપુત્રે રાખવું

જોઇએ અર્થાત્ [1]માતાપિતાની ભક્તિ કરવામાં પાછી પાની થવી ન જોઇએ.

આ સંબંધમાં જૈન પ્રજામાં બે વર્ગો પડી ગયેલા જણાય છે. એક વર્ગ એવી દલીલ કરે છે કે જેમ મહાવીરસ્વામીએ માતા-પિતાની હયાતી સુધી દીક્ષા ન લીધી—અરે તેમના સ્વર્ગગમન થયા પછી પણ એક વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહેવાનો પોતાના વડીલ બંધુ નન્દિવર્ધનની સૂચના સ્વીકારી તેમ મોટે ભાગે દીક્ષા લેનારી વ્યક્તિઓએ કરવું જોઇએ. માતાપિતાને રઝળતા મૂકીને—વૃદ્ધાવસ્થામાં તેમને નિરાધાર છોડીને તો સંસારનો ત્યાગ કરવો યોગ્ય નથી એવી તેમની માન્યતા છે.

બીજા વર્ગનું આ સંબંધમાં એ કથન છે કે મહાવીરસ્વામી જેવા તીર્થંકરે જે જે કર્યું તે તે સામાન્ય વ્યક્તિ આચરણમાં ન મૂકી શકે. વળી તેમને 'ભોગાવલી' કર્મ ભોગવવું બાકી રહેલું હતું તેથી તો તેમણે દીક્ષા લેવામાં એટલો વિલંબ સહન કર્યો. આ ઉપરાંત તેઓ મહાભારત જેવા ધર્મશાસ્ત્રના સુપ્રસિદ્ધ સૂક્તને આગળ કરી પોતાના મતના સમર્થનાર્થે સૂચવે છે કે જે

---

૧. મનુસ્મૃતિ ( અ૦ ૨, શ્લો. ૨૨૬ ) વગેરે અજૈન ધર્મ-ગ્રન્થોમાં આ વિષય ઉપર જેમ ભાર મૂકવામાં આવ્યો છે તેમ જૈન ગ્રન્થો પણ જણાવે છે. આની સામાન્ય પ્રતીતિ યોગશાસ્ત્ર ( પ્ર. ૧, શ્લો. ૫૦ ) કે શ્રીહરિભદ્રસૂરિપ્રણીત અષ્ટકમાંનો માતાપિતાની ભક્તિ-વિષયક અષ્ટક જોવાથી થઇ જાય છે. વિશેષ પ્રતીતિ થાય તેટલા માટે ઠાણ (સ્થાન)ના તૃતીય સ્થાનનો "**तिण्हं दुप्पडियारं समणाउसो!**" થી શરૂ થતો મુદ્રાલેખ વિચારી જવા હું ભલામણ કરું છું.

રાત્રે વૈરાગ્ય થાય તે રાત્રે ને રાત્રે જ પ્રવ્રજ્યા—દીક્ષાગ્રહણ કરવી, કેમકે સવાર થતાં વિષયવાસનાથી ચિત્ત વ્યાકુળ બની જતાં દીક્ષાના મનોરથો મનમાં ને મનમાં જ ન રહી જાય તેની શી ખાતરી? પરંતુ અત્ર એ પ્રશ્ન જરૂર ઉપસ્થિત થાય છે કે આવા [1]વૈરાગ્યને દુઃખગર્ભિત, મોહગર્ભિત કે જ્ઞાનગર્ભિત ગણવો?

આ ચર્ચાસ્પદ વિષયને ઇન્સાફ આપવા માટે આ સ્થાન નથી એટલે પ્રભુના જન્મ-મહોત્સવ તરફ પ્રયાણ કરીશું.

નિરહંકાર વિદ્યા-વિભૂતિ—

ત્રિજ્ઞાની પ્રભુનું માતાપિતાની અજ્ઞાત દશાને લઈને નિશાળગરણું થાય છતાં પ્રભુ તેનો ઇન્કાર ન કરે એ તેમની કેવી મનોદશા ગણાય?[2] 'અધૂરો ઘડો હોય તે જ છલકાય' એ પ્રતિ લક્ષ્ય ખેંચનારું બીજું આથી સુન્દર—સુઘટિત દૃષ્ટાન્ત કયું છે? આ પ્રસંગે ઇન્દ્રે પૂછેલા પ્રશ્નનો અપૂર્વ વિદ્યાબળથી ઉત્તર આપી અધ્યાપકને આશ્ચર્યાંકિત કરનાર મહાવીરસ્વામીની નિરભિમાની પ્રતિભા વિષે શું કહેવું?

---

૧. યોગાચાર્યોની પરિભાષામાં વિષયવૈતૃષ્ણ્યરૂપ 'અપર વૈરાગ્ય' અને ગુણવૈતૃષ્ણ્યરૂપ 'પર વૈરાગ્ય' એમ વૈરાગ્યના બે પ્રકારો છે. તેમાં પણ વળી યતમાન-સંજ્ઞા, વ્યતિરેક-સંજ્ઞા, એકેન્દ્રિય-સંજ્ઞા અને વશીકરણ-સંજ્ઞા એમ અપર વૈરાગ્યના ચાર ભેદો છે.

૨. સૂંઠને ગાંગડે ગાંધી બનનારે આ વાત હૃદયપટમાં કોતરી રાખવી ઘટે.

**સંયમ-યાત્રા—**

દિગંબરોને ગર્ભસંક્રમણની જેમ અમાન્ય એવા મહાવીર પ્રભુના [૧]લગ્નપ્રસંગ પરત્વે વિશેષ ઉલ્લેખ ન કરતાં તેમની સંયમયાત્રાનું અવલોકન કરીશું.

**યોગ્ય માર્ગનું અવલંબન—**

દીક્ષાગ્રહણ કરતી વખતે સિદ્ધની સાક્ષીએ સામાયિક વ્રતનું ગ્રહણ અને તપશ્ચર્યાનો સ્વીકાર એ તેમની યોગ્ય માર્ગનું અવલંબન કરવાની પદ્ધતિ પ્રદર્શિત કરે છે. છદ્મસ્થ અવસ્થામાં અનાર્ય દેશોમાં તેમણે જે વિહાર કર્યો તે શું સૂચવે છે? એ પરત્વે લેખનું કલેવર વધી જવાના ભયથી વિચાર કરવા ન રહેતાં આપણે તેમના દ્રવ્ય-નિર્મોહ તરફ દૃષ્ટિ કરીશું.

દરેક તીર્થંકર દીક્ષા લે તે પૂર્વે એક વર્ષ પર્યંત તેઓ સાંવત્સરિક દાન આપે તે પ્રથા મુજબ શ્રીમહાવીરે પણ દાન દીધું હતું પરંતુ આના કરતાં પણ તેમણે એક પગલું આગળ ભર્યું જણાય છે. દીક્ષા લીધા પછી ૧૩ મહિને યાચનાર્થે આવેલા એક બ્રાહ્મણને ઇન્દ્રે પોતાના ડાબા ખભા ઉપર મૂકેલા બહુમૂલ્ય દેવદૂષ્ય વસ્ત્રમાંથી અડધું તેમણે આપી દીધું[૨]. ત્યાંથી આગળ વિહાર

---

૧. જુઓ પૃ. ૧૨૬,

૨. આ ઉપરથી શું એમ નથી ભાસતું કે જે કોઇ જૈન બ્રાહ્મણને દાન ન આપી શકાય એવી પ્રરૂપણા કરે છે તેમાં શાસ્ત્રનો કંઇ આધાર નથી પરંતુ તેમ કરી તે પોતાની સંકુચિત વૃત્તિ પ્રદર્શિત કરે છે

કરતાં 'સુવર્ણવાલુકા' નદીના કિનારે કાંટામાં તેમનું વસ્ત્ર ભરાઈ જતાં તેમણે તે લેવાને પોતાને હાથ પણ ન ઉપાડ્યો.

આવી રીતે આ સમયથી સર્વથા અચેલકત્વ ([1]દિગંબરત્વ) તેમણે સ્વીકાર્યું અને સાથે સાથે ભોજનને માટે પાત્રો રાખવાં પણ છોડી દઈને તેઓ કરપાત્ર બન્યા.

આ હકીકત ઉપરથી હું એ સૂચન કરવા ઇચ્છું છું કે સમગ્ર રાજવૈભવનો ત્યાગ કર્યા બાદ દીક્ષાના સમયે પ્રાપ્ત થયેલા કીમતી દેવદૂષ્યને પણ તિલાંજલિ આપતાં તેમને જરા પણ સંકોચ ન જ થયો. આ પ્રમાણેની પરિસ્થિતિમાં દ્રવ્ય ઉપરથી સર્વથા તેમનો મોહ ઊતરી ગયાની બીજી શી નિશાનીનો નિર્દેશ કરવો બાકી રહે છે?

ઉપસર્ગની પરંપરા—

[2]ગોવાળીઆએ કરેલા ઉપસર્ગો, શૂલપાણિ યક્ષકૃત ઉપસર્ગો અને ખાસ કરીને સંગમે કરેલા ઘોર ઉપસર્ગો કે જેનું વિશિષ્ટ વર્ણન તો—જેની ભયંકરતા તો આવશ્યકસૂત્રની નિર્યુક્તિ (ગા. ૫૦૨–૫૧૧)ના વિવરણમાં નજરે પડે છે તે પણ શ્રીવીર પ્રભુના ધ્યાનાગ્નિ આગળ મીણની જેમ ઓગળી ગયા. આવા

---

૧. શ્વેતાંબર અને દિગંબર એમ બે સંપ્રદાયરૂપે સમય જતાં વીરશાસનને વિભક્ત થવામાં આ તો નિમિત્તકારણ નહિ બન્યું હોય?

૨. ઉપસર્ગનો પ્રારંભ જેમ ગોપ (ગોવાળીઆ)ને હાથે થયો તેમ ઉપસર્ગનો અંત પણ તેને જ હાથે થયો. અર્થાત્ ઉપસર્ગની પહેલ કરનાર અને છેવટનો ઉપસર્ગ કરનાર પણ ગોપ છે.

ઉપસર્ગો પણ મહાવીરસ્મીએ ગુસ્સે થઇને નહિ પણ સમતા-પૂર્વક સહન કર્યા.[1] આથી તો '**क्षमा वीरस्य भूषणं**' એ સૂક્ત પ્રચલિત થયું હશે એમ કાં ન કહી શકાય ?

ઉપસર્ગો સહન કરવામાં એક્કા સમાન આ પ્રભુએ [2]તપ કરવામાં પણ અગ્ર સ્થાન પ્રાપ્ત કર્યું છે. બૌદ્ધ ગ્રન્થોમાં તેમને 'દીર્ઘતપસ્વી' તરીકે ઓળખાવાયા છે એ વાત ભૂલી જવા જેવી નથી.

અત્ર એ સૂચન કરવું આવશ્યક સમજાય છે કે મહર્ષિ બુદ્ધને તપશ્ચર્યાના સંબંધમાં જેવો કડવો અનુભવ થયો હતો અને પાછળથી ઘોર તપશ્ચર્યા કરવી તેમણે માંડી વાળી હતી એવો કોઈ પ્રસંગ આ મહાવીર પ્રભુ પરત્વે બન્યાનો ઉલ્લેખ છે ખરો ?

વિશેષમાં શ્રીબુદ્ધના સંબંધમાં તો એમ પણ કહેવામાં આવે છે કે જે ગુરુઓના તેઓ શિષ્ય બન્યા હતા તેમનો તેમણે ત્યાગ કરવો પડ્યો. જે વસ્તુ તેમને પ્રથમ સત્યરૂપે પ્રવ્રજ્યાના સમયે ભાસી હતી તે તેમને પાછળથી અસત્ય જણાઈ

---

૧. આ વાતનું પણ પ્રમાણપત્ર આપવું પડશે કે ? એમ જ હોય તો જુઓ 'કલિકાલસર્વજ્ઞ' શ્રીહેમચન્દ્રસૂરિનું નિમ્નલિખિત વક્તવ્ય :—

"कृतापराधेऽपि जने कृपामन्थरतारयोः ।
ईषद्बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयोः ॥"

૨. તપ વિષે માહિતી માટે જુઓ નિર્યુક્તિ તેમ જ હારિભદ્રીય વૃત્તિ સહિત **આવશ્યકસૂત્રનો** પ્રથમ વિભાગ (પત્ર ૨૨૮-૨૨૯).

**એટલે કે પ્રથમ સ્વીકારેલ માર્ગને છોડી અન્ય માર્ગ સ્વીકારવાની ઘટના શ્રીબુદ્ધના જીવનમાં નજરે પડે છે. એવી ઘટનાનો શ્રીમહાવીરના જીવનમાં અભાવ છે. આ ઉપરથી શું શ્રીમહાવીરની દીર્ઘદર્શિતા તરી નથી આવતી ?**

શ્રીમહાવીરને કેવલજ્ઞાન-સર્વજ્ઞતા પ્રાપ્ત થતાં તેઓ કેવી રીતે વર્ત્યા છે તે તરફ દૃષ્ટિપાત કરીએ તે પૂર્વે છદ્મસ્થાવસ્થામાં પણ 'કોઇને ઉપદેશ દેવો નહિ' એ વાતનો તેમનો નિશ્ચય મનનીય છે. આ નિશ્ચય કરવામાં 'परोपदेशे पाण्डित्यं'નો ભય નહિ જેવો છે, કેમકે તેઓની છદ્મસ્થાવસ્થા પણ આદર્શરૂપ હતી. એનું મુખ્ય કારણ તો સર્વજ્ઞતા સંપાદન કર્યા પૂર્વે આપેલા ઉપદેશમાં અને ત્યાર પછીના ઉપદેશમાં ક્વચિત્ વિસંવાદ આવી જતાં જે દુર્ઘટ ઘટના થઇ પડે તેનું નિરાકરણ કરવાનો પ્રસંગ ન જ ઊભો થવા પામે એમ હશે, કેમકે 'Prevention is better than cure'થી કયો સહૃદય સુજ્ઞ અપરિચિત હોઇ શકે ? છદ્મસ્થાવસ્થાને ઉદ્દેશીને એ પણ નિવેદન કરવું આવશ્યક સમજાય છે કે તેમની ભવ્ય મૂર્તિ, તેમની દિવ્ય દૃષ્ટિ અને તેમની પ્રતિબોધક ઉક્તિ અસાધારણ હોવી જોઇએ; નહિ તો ક્રોધના અવતારરૂપ ભયંકર ચણ્ડકૌશિક નાગને તેઓ સહેલાઇથી શાન્ત કરી શકે ? અરે એટલું જ નહિ પણ તેને સુપંથે પણ ચડાવી શકે ? સર્વજ્ઞ થતાં શ્રીમહાવીર મૂકતાને (મૌનને) મૂકી દઇને સમસ્ત બ્રહ્માણ્ડને નિર્મળ ઉપદેશ આપવાની ફરજ બજાવે છે. તેઓ આ સંસારની અસારતાનું આબેહુબ ચિત્ર શ્રોતૃવર્ગ સમક્ષ આલેખે છે છતાં એક પણ વ્યક્તિ સર્વવિરતિને—દીક્ષાને સ્વીકારવા કટિબદ્ધ થતી નથી એ કેવું આશ્ચર્ય ? સર્વજ્ઞની-તીર્થ-

કરની પ્રથમ દેશના ખાલી ગયાનો આ કેવો અદ્‌ભુત પ્રસંગ ગણાય !

આ પ્રમાણે પ્રથમ દેશના દ્વારા સર્વોત્તમ પરિણામ ન આવી શક્યું તેથી ફરીથી દેશના ન જ આપવી એવા વિચાર ઉપર નહિ આવતાં તેઓ બીજી વાર અન્યત્ર દેશના આપે છે અને તેનું પરિણામ અત્યંત આશ્ચર્યકારી આવે છે. બ્રાહ્મણ્યની કુટિલતાના પોષક અને તેમની સ્વચ્છંદતાના સાધક યજ્ઞોને–નિરાધાર પશુઓના–અરે માનવોના બલિદાનરૂપી વૃક્ષોને નિર્મૂળ કરવાને માટે જાણે બે કર્મવીરની આવશ્યકતા ન હોય તેમ લગભગ સમસમયે એક જ ક્ષેત્રમાં–'મગધ' દેશમાં અવતરેલા બે મહાત્માઓ બુદ્ધ અને મહાવીર પૈકી મહાવીર ચૌદ વિદ્યાના પારંગત, ચાર વેદોમાં નિષ્ણાત, પોતાને 'સર્વજ્ઞ' તરીકે ઓળખાવનારા એવા અગ્યાર વિપ્રવર્યોને પોતાના–જૈન શાસનના અનુયાયી બનાવે છે એટલું જ નહિ, પણ તેમને પોતાનું તીર્થ સોંપે છે. આ કેવી ઘટના કહેવાય ! સદ્‌બ્રાહ્મણ તરફની તેમની ન્યાય–વૃત્તિ ખરેખર ઝળકી ઊઠે છે. આ ઉપરાંત વેદ પ્રતિ તિરસ્કારની કે તુચ્છ દૃષ્ટિએ ન અવલોકન કરતાં તેના અર્થ કરવામાં ભૂલ થાય છે એમ વદનારા શ્રીમહાવીરની સમદૃષ્ટિતાના સંબંધમાં આથી વિશેષ જ્વલંત ઉદાહરણ ક્યાંથી મળશે ?

પોતાને અસર્વજ્ઞ ઠરાવવાને– પરાસ્ત કરવાને માટે આવી ચડેલા એવા અગ્યાર અગ્યાર પ્રતિભાની પરાકાષ્ઠારૂપ બ્રાહ્મણોને પણ પ્રભુ પોતાના બનાવી શક્યા– સન્માર્ગના ઉપાસક બનાવવામાં સફળ થયા તેનું શું કારણ છે ? મને તો તેમની ઉપદેશ આપવામાં ગ્રહણ કરેલી પ્રતિપાદન-શૈલીનું અને સ્યાદ્વાદ-દૃષ્ટિનું

પ્રાધાન્ય જણાય છે. અત્ર સૂયગડ (સૂત્રકૃત)ના પૃ. ૮૭૭ગત નિમ્ન-લિખિત પદ્યો આપવાં ઉચિત સમજાય છે :—

"नत्थि जीवा अजीवा वा णेवं सन्नं निवेसए।
अत्थि जीवा अजीवा वा एवं सन्नं निवेसए ॥ १२ ॥"
"नत्थि धम्मे अधम्मे वा णेवं सन्नं निवेसए।
अत्थि धम्मे अधम्मे वा एवं सन्नं निवेसए ॥१४॥"

સમયસૂચકતા —

અહિંસાની સૃષ્ટિમાંથી ઉદ્‌ભવતી સહિષ્ણુતાના આદર્શ તરીકે પૂર્વે વર્ણવેલા શ્રીમહાવીરના ત્યાગની તરતમતા, તપશ્ચર્યાની તીવ્રતા, સાધુજીવનની સિદ્ધતા, પુરુષાર્થની પ્રબળતા ઇત્યાદિ અનેક વિશિષ્ટતાઓમાં તેમની સમયસૂચકતા ઉમેરો કરે છે. એમની પૂર્વે થઇ ગયેલા ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથે પ્રરૂપેલા ચાર યામને બદલે પાંચ મહાવ્રતનો શ્રીમહાવીરે નિર્દેશ કર્યો છે. 'चाउज्जामो धम्मो'થી દર્શાવેલા અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહરૂપ ચાર યામોમાંના 'અપરિગ્રહ'થી પ્રમદા-પરિગ્રહના અસ્વીકારનું દ્યોતન થાય છે છતાં પણ તેને સ્પષ્ટ કરવા માટે બ્રહ્મચર્યને પૃથક્ ગણી પાંચ મહાવ્રતોને વીર પ્રભુએ પ્રકાશ્યા.

કહેવાનું તાત્પર્ય એ છે કે રૂઢિના અંધ પૂજારી ન બનતાં સમયોચિત પરિવર્તન કરવામાં શ્રીમહાવીરે પાછી પાની કરી નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ તરફ લક્ષ્ય રાખી પોતાના સિદ્ધાન્તોની તેમણે પ્રરૂપણા કરી છે.

શ્રીમહાવીર પ્રભુની વિચારમૌલિકતા-દીર્ઘદર્શિતા-સમય-સૂચકતાને સમર્થન કરનારી એકાદ બાબતનો નિર્દેશ કરવો વધારે પડતો નહિ ગણાય.

બૌદ્ધ શાસનની જે સત્તા આ 'ભારત' વર્ષમાંથી વિલય પામી તેના મુખ્ય કારણ તરીકે બૌદ્ધ સંઘમાં ગૃહસ્થોના યથાયોગ્ય સ્વીકારની ન્યૂનતા સૂચવવામાં આવે છે. આ પ્રમાણેની સાધુવર્ગ સિવાયના મનુષ્યોને સંઘના અંગ તરીકે ન સ્વીકારતાં પ્રાયઃ પ્રેક્ષક તરીકે સ્વીકારવાની રીતિને જૈન શાસનમાં સ્થાન આપવામાં આવ્યું નથી કિન્તુ તેમનો પણ સંઘના એક અવયવ તરીકે અન્તર્ભાવ કરવામાં આવ્યો છે. એ ઉપરથી શ્રીમહાવીરની દીર્ઘદર્શિતા દીપી રહે છે. આ તેમની પ્રભાને તેમની ઉદારતા વિશેષ તેજસ્વી બનાવે છે. નારીને નીચગામિની ગણીને કે અન્ય કોઇ કારણથી એને ભિક્ષુણી–સાધ્વી બનવાનો અધિકાર આપતાં અંચાવાનું પગલું બુદ્ધે ભર્યું છે જ્યારે મહાવીરે તો (શ્વેતાંબર તેમ જ 'ગોપ્યસંઘી–યાપનીય' દિગંબર માન્યતા મુજબ) મહિલાઓ માટે પણ મુક્તિ–મહેલના દરવાજા ઊઘાડા રાખ્યા છે. આ ઉપરથી સુશીલ સુન્દરીઓ પણ સિદ્ધિસૌધની નિઃશ્રેણીનો ઉપયોગ કરવાનું સામર્થ્ય–અધિકાર ધરાવે છે એમ કેટલી યે શતાબ્દી પૂર્વે નિઃસંકોચપણે નિર્દેશ કરવાનું [1]પ્રથમ માન મહાવીરને મળે છે એમ કહેવું શું વધારે પડતું ગણાય કે?

વ્યાધિની અવગણના—દેહની ઉપેક્ષા —

છદ્મસ્થાવસ્થામાં જેમણે અનેક અનુકૂળ તેમ જ પ્રતિકૂળ ઉપસર્ગો સહન કર્યા હતા તે મહાવીરની કેવલિ–દશામાં એક

---

૧. પ્રો. લોઇમન 'બુદ્ધ અને મહાવીર'ના ગ્રંથમાં સૂચવે છે કે "પરિધ = વ્યાસ×૧૦નું વર્ગમૂળ" એવા નિર્દેશ દ્વારા પરિધ અને વ્યાસના સંબંધમાં અંકને સ્ફુટ કરવાનું પ્રથમ માન મહાવીરને મળે છે.

વિશિષ્ટતા નોંધવા જેવી છે. બાહ્ય ઉપસર્ગોને સહન કરવા એના કરતાં આન્તરિક ઉપસર્ગો સહન કરવામાં વિશેષ મનોબળની જરૂર છે એ વાતનો કોણ અસ્વીકાર કરે ?

વૈશિકાયન તાપસે જે ગોશાળક (મંખલિ-પુત્ર) ઉપર તેજોલેશ્યા મૂકી હતી અને જેની વેદનાનું-દાહનું નિવારણ શીતલેશ્યા મૂકીને પ્રભુએ કર્યું હતું તે જ ગોશાળક તેના સત્ય સ્વરૂપને પ્રકાશિત કરનારા પ્રભુ ઉપર ઉગ્રમાં ઉગ્ર તેજોલેશ્યા મૂકે છતાં પ્રભુ તેના ઉપર કોપાયમાન ન થાય અને ગૌતમાદિ ગણધરોને પણ તેવા પ્રસંગથી દૂર રહેવા સૂચવે એ તેની ઉદાર ભાવનાનું-સૌજન્યનું ચિત્ર મારા જેવો શું આલેખી શકે ? આ તેજોલેશ્યાથી પ્રભુને છ માસ પર્યંત દુઃસાધ્ય [1]વ્યાધિ થયો પરંતુ અમ્લાન વદને તેમણે તે સહન જ કર્યો-તેના પ્રતિકારનો વિચાર સરખો પણ ન કર્યો. આ પ્રમાણે આંન્તરિક ઉપસર્ગરૂપ વ્યાધિને પણ તેમણે શાંત ચિત્તે સહન કરી સદાને માટે આત્મ-પ્રદેશમાંથી હાંકી કાઢયો.

અનુપમ ઉપકારિત્વ—

વાદમાં પરાસ્ત કરી 'સર્વજ્ઞ' પદ ખૂંચવી લેવા માટે આવેલા શ્રીગૌતમસ્વામીને (ઇન્દ્રભૂતિને) 'ગણધર' પદ આપ્યું એટલાથી અપકારી પ્રતિ પણ ઉપકાર કરવાનો તેમનો સ્વભાવ

---

૧. આ વ્યાધિથી પ્રભુનો છ માસમાં દેહોત્સર્ગ થશે એવી ભીતિથી રુદન કરતા એક મુનિવર્યને શાન્ત કરવા માટે પ્રભુએ અંતમાં રોગના પ્રતિકારરૂપ ઔષધ લીધું હતું.

જાણે સિદ્ધ ન થતો હોય—હજી તેમાં કંઇ કચ્ચાશ રહી જતી હોય તેમ પોતાની અંતિમ અવસ્થાના સમયે-સોળ પ્રહરની એકધારી દેશના આપી તે પૂર્વે ગૌતમસ્વામીનો પોતાની તરફનો પ્રશસ્ત રાગ પણ દૂર કરાવી તેમને સ્વસમાન-સર્વજ્ઞ બનાવવા માટે તેમને તેઓ એક ભવ્ય જીવના પ્રતિબોધાર્થે દૂર મોકલે છે. શ્રીઇન્દ્રભૂતિ કાર્ય સમાપ્ત કરી શ્રીવીર પ્રભુ પાસે પાછા આવવા પ્રયાણ કરે છે પરંતુ માર્ગમાં તેમને પ્રભુના નિર્વાણના ખબર મળી જાય છે. આથી તેઓ પ્રથમ તો ખિન્ન થાય છે પરંતુ શુદ્ધ દષ્ટિએ વિચાર કરી મોહનું મર્દન કરી તેઓ સત્વર સર્વજ્ઞતા સંપાદન કરે છે. વિવેકદૃષ્ટિ હોય તો આવી જ હોજો.

સેવકને સર્વદા સેવક રાખી મૂકવાની-તેને પરતન્ત્રતાની બેડી પહેરાવી રાખવાની અને તેમ કરીને સેવ્ય તરીકે પોતાની જાતની સેવા કરાવવાની સ્વાર્થવૃત્તિને પોષવાની મનોદશાને દૂર કરવી એ સહેલી વાત નથી. એથી જ કહેવું પડે છે કે સેવક પણ સેવ્ય બની જાય એ સાચા સ્વામી વિના કોણ સહન કરી શકે ? જે પરમાત્માની ઉપાસના—જે ઈશ્વરની સેવા તન્મયતા-અદ્વૈતતા પ્રાપ્ત ન કરાવી શકે—સેવક અને સેવ્ય જેવા અન્તરપટને દૂર ન કરી શકે તે ઈશ્વર-પરમાત્માની સેવાથી શું ફળ ? સ્વામી તો એવો જ શોધવો જોઈએ કે જે સેવકને પોતાના સમાન બનાવવાના ઉપાયો યોજે. ગૌતમસ્વામીને આવા સ્વામી મળવા બદલ આટલે વર્ષે અભિનન્દન અપાય કે નહિ એ વાત બાજુ પર રાખી એટલી તો હું જરૂર ઉદ્દઘોષણા કરીશ કે

કોટિશઃ ધન્ય છે વીર પરમાત્મા કે જેમણે ઉદારતાનો અનુપમ આદર્શ જગત્ સમક્ષ ખડો કર્યો.[1]

આ પ્રમાણે મેં [2]શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની જીવન-ઘટનાનો નિર્દેશ કરવાનું સાહસ ખેડયું છે. એમાં મારી અલ્પ-જ્ઞતાને લીધે જે કંઈ ન્યૂનતા કે પ્રામાદિક સ્ખલનાઓ ઉપસ્થિત થઈ હોય તે માટે સુજ્ઞ સમૂહની ક્ષમા યાચતો અને શ્રીવીરની વીરતાનો વિચાર કરતો વિરમું છું.

— જૈન ( તા. ૧-૪-'૨૮ અને ૮-૪-'૨૮ )

---

૧. મારે સખેદ નિવેદન કરવું પડે છે કે આવા વિશ્વબન્ધુ વીર પ્રભુનું પણ યથાયોગ્ય ચરિત્ર અત્યારે પ્રચલિત ગિરામાં હજી લખાયું નથી. એથી સાક્ષર વર્ગને હું વિનવું છું કે તેઓ આ કાર્ય કરવા કટિબદ્ધ થાય અને તે કાર્યને પાર ઉતારવા માટે શાસનરસિક ધનિકો પોતાનો ઉદાર હાથ લંબાવે.

૨ આ ઇલ્કાબ જ્ઞાનાદિત્ય શ્રીભદ્રબાહુસ્વામીએ સૂચવ્યો છે એમ નીચે મુજબના ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છે :—

"अचले भयभेरवाणं परीसहोवसग्गाणं खन्तिखमे पडिमाणं पालए धामं अरतिरतिसहे दविए वीरियसंपन्ने देवेहिं से णाम कयं समणे भगवं महावीरे".

—પજ્જોસવણાકપ્પ ( સુત્ત ૧૦૮ )

[ ૧૫ ]

# વિભુ વર્ધમાનની વિશિષ્ટતાઓ

"[1]महाब्रह्मयोनिर्महासत्त्वमूर्ति-
महाहंसराजो महादेवदेवः ।
महामोहजेता महावीरनेता
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥"

જૈનોનાં પર્વો એટલે કે ભય, લાલચ અને વિસ્મયના માનસમાંથી ઉદ્ભવેલ પર્વો નહિ. એની ઉત્પત્તિ અને ઉજવણી એટલે ત્યાગ અને તપનું સોળે આના આરાધન. આવા એક અપૂર્વ પર્વરૂપ શ્રીમહાવીરનું જન્મકલ્યાણક છે. એને સામાન્ય રીતે 'મહાવીર-જયંતિ' કહે છે. એ વર્તમાન ચોવીસીના ચરમ તીર્થપતિ શ્રીવીરની જન્મતિથિ છે. એ પવિત્ર તિથિ તે બીજી કોઇ નહિ પણ ચૈત્ર શુક્લ ત્રયોદશી. આને અનુલક્ષીને હું મારી મન્દ મતિ અનુસાર શ્રમણ ભગવાન મહાવીરની કેટલીક વિશિષ્ટતાઓનો અંગુલીનિર્દેશ કરવા લલચાઉં છું.

(૧) પ્રથમ વિશિષ્ટતા તરીકે વિભુ વર્ધમાનનાં વિવિધ નામાંતરોનો ઉલ્લેખ કરીશ. શ્રીઋષભદેવાદિ તીર્થંકરોનું એકેક નામાંતર છે જ્યારે આ પ્રભુનાં તો ઓછામાં ઓછાં ચાર છે.[2]

૧. શ્રીસિદ્ધસેન દિવાકરરચિત મનાતી વર્ધમાનદ્વાત્રિંશિકા (શ્લો. ૩૧).

૨. જુઓ 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિકૃત અભિધાનચિન્તામણિ (કાણ્ડ ૧, શ્લો. ૩૦).

આ ઉપરાંત દિગંબરીય કોશમાં એમનું [1]સન્મતિ એવું નામ પણ નજરે પડે છે.

(૨) અત્ર એ કહી દેવું જોઇએ કે જૈનો એ માત્ર નામના પૂજારી નથી કેમકે લોકમાં '[2]બાવન વીર' અને '[3]મહાવીર'ના નામથી પ્રસિદ્ધ વ્યક્તિઓની પૂજા તેઓ મહાવીરના નામે કરતા નથી. તેઓ તો ત્રણે લોકના જીવોનું કલ્યાણ કરવાની આકાંક્ષાથી—'સવિ જીવ કરું શાસનરસી' એવી અનુપમ ભાવનાથી ભાવિત બની 'તીર્થંકર–નામ' કર્મને નિકાચિત કરી તેના ફળરૂપ તીર્થ પ્રવર્તાવી જગતના તમામ જીવોને આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થવાનો યોગ્ય અને સનાતન માર્ગ બતાવનાર સાચા મહાવીરની ઉપાસના કરે છે.

(૩) વિભુ વર્ધમાનનું જીવન એટલે સમસ્ત બ્રહ્માંડને મનન કરવા યોગ્ય બોધપાઠોનો ભંડાર. ક્ષાયિક સમ્યક્ત્વથી અલંકૃત તેમ જ ચ્યવનકાળથી માંડીને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનોથી વિભૂષિત પ્રભુ શ્રીજ્ઞાતપુત્રને તેમનાં માતાપિતા પાઠશાળે મૂકવા જાય છે છતાં તેઓ પોતાનાં પૂજ્ય માતાપિતાને તેમ કરતા રોકતા નથી. એમના એ જીવનગત સુપ્રસિદ્ધ

---

૧. આને ધ્યાનમાં રાખીને પ્રકાંડ વાદી શ્રીસિદ્ધસેન દિવાકરની એક કૃતિનું નામ 'સન્મતિતર્ક' સૂચવાય છે.

૨. આની માહિતી મેં "બાવન વીર અને આઠ ભૈરવ" નામના મારા લેખમાં આપી છે. આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ ૮૫, અં. ૧–૨ ભેગા)માં છપાયો છે.

૩. હનુમાન.

પ્રસંગમાંથી કેટલી યે વિલક્ષણ-લાક્ષણિક હકીકતો સ્ફુરી આવે છે. ખાસ કરીને એમાંથી એમની વિનયગર્ભિત અદ્વિતીય વિશિષ્ટતા કેટલી બધી તરી આવે છે !

(૪) ગૃહવાસનો ત્યાગ કર્યા પછી જગતનું કલ્યાણ થાય તેવા માર્ગને શોધી કાઢવા મહર્ષિ બુદ્ધને પ્રયાસો કરવા પડ્યા એવી સ્થિતિ ભગવાન મહાવીરની થઇ નથી. બુદ્ધને એ ઉપરાંત [1]તપનો ત્યાગ કરવાની અને અંતે મધ્યમ માર્ગ ગ્રહણ કરવાની જરૂર જણાઇ પરંતુ ભગવાન દેવાર્ય તો પ્રથમથી જ તપના સાચા સ્વરૂપના જાણકાર હતા અને એથી એમને તપમય જીવનને તિલાંજલિ આપવાનો પ્રસંગ કદાપિ આવ્યો જ નહિ.

(૫) સંગમ દેવે કરેલા ઘોરમાં ઘોર [2]ઉપસર્ગો અનેક લબ્ધિઓના સ્વામી પ્રભુ મહાવીર અપૂર્વ ક્ષમાપૂર્વક સહન કરે છે અને પોતાની ધારણામાં નિષ્ફળ નીવડવાથી જ્યારે એ દેવ પાછો ફરે છે ત્યારે પ્રભુનાં નેત્રમાં ઝળઝળિયાં આવે છે. એ એમની દયાની લાગણી ઉપર્યુક્ત વિશિષ્ટતામાં ઓર વધારો કરે છે.

(૬) કેવલજ્ઞાન પામ્યા પછી શ્રમણ ભગવાન મહાવીર દેશના આપે છે અને એ પ્રથમ દેશના અફળ જાય છે. એ કેવી વિલક્ષણતા ! આજકાલ કેટલાક ધીવરો-મુનિવરો એમ

---

૧. આની મીમાંસા માટે જુઓ મારી કૃતિ નામે **આર્હતદર્શન-દીપિકા** (પૃ. ૧૧૧૧-૧૧૧૫).

૨. આની આછી રૂપરેખા માટે જુઓ હેમચન્દ્રસૂરિકૃત **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** (પ. ૧૦, સ. ૪).

કહેતા સંભળાય છે કે અમે સૂચના–ઉપદેશ વગેરે ત્યારે જ આપીએ કે સામો તે ઝીલવાને તૈયાર છે એવી અમને પૂરેપૂરી પ્રતીતિ થાય. પ્રભુની આજ્ઞાનો શુભ નિષ્ઠાથી પ્રચાર કરનારને એકાંતે લાભ જ છે એમ જાણવા છતાં આ પ્રમાણે વર્તનારને હાથે પ્રભુની આજ્ઞાનું કેવું પાલન થયેલું ગણાય ?

(૭) પ્રભુ શ્રીમહાવીર દ્વાદશાંગીના યોજક, ચાર જ્ઞાનધારી ગણધરદેવ ગૌતમસ્વામીને અવધિજ્ઞાની આનંદ શ્રાવકને મિથ્યાદુષ્કૃત દેવા માટે મોકલે છે. આ અલૌકિક પ્રસંગમાં કેટલી યે વિશિષ્ટતાઓ ભરેલી છે એ તો વિદ્વાન વાચક સ્વયં વિચારી લેશે.

(૮) જ્ઞાનગર્ભિત, વૈરાગ્યવાન્, કૃતકૃત્ય, દેવાધિદેવ શ્રીત્રિશલા-નંદન પરિવ્રાજક અંબડ સાથે નાગ સારથિની પત્ની સુલસાને ધર્મલાભ કહાવે છે અને એ પરિવ્રાજક એની વિવિધ રીતે પરીક્ષા કરે છે. એ પ્રસંગમાંથી સ્ત્રી–સન્માન, ધર્મજાગૃતિ માટેનું બહુમાન વગેરે અનેક મુદ્દાઓ નીકળે છે એટલું જ નહિ, પણ આધિભૌતિક વિભૂતિ એ પવિત્ર પ્રભુતાનું માપકયંત્ર નથી કિન્તુ આધ્યાત્મિક વિભૂતિ એ જ ખરું માપકયંત્ર છે એ વાત સાબિત થાય છે.

(૯) એક લાખ ને ઓગણસાઠ હજાર શ્રાવકરૂપ પરિવારવાળા શ્રીમહાવીર અગ્યાર લાખ અનુયાયીઓના સ્વામી નિયતિવાદી ગોશાલકનું સત્ય સ્વરૂપ શ્રીગૌતમસ્વામીના પૂછવાથી પ્રતિપાદન કરે છે. એથી એ ગોશાલક ગુસ્સે થઇ પ્રભુ પાસે આવી તેમને ગમે તેમ સંભળાવે છે. આ સાંભળી પ્રભુના એક શિષ્ય શ્રીસર્વાનુભૂતિ ગોશાલકને તેમ કરતાં વારે છે. આથી એ

ઊલટો વધારે ક્રોધાતુર બની તેમના ઉપર તેજોલેશ્યા મૂકે છે. તેઓ ત્યાં ને ત્યાં ભસ્મીભૂત થાય છે. પોતાની લેશ્યાની શક્તિથી ગર્વિષ્ઠ બનેલા ગોશાલક ફરીથી પ્રભુની નિર્ભર્ત્સના કરે છે. પ્રભુના અન્ય શિષ્ય શ્રીસુનક્ષત્ર તેને શિક્ષાવાચન કહે છે અને એના બદલામાં ગોશાલક તરફથી તેમને તેજોલેશ્યાની પ્રસાદી મળે છે. તેઓ પણ ત્યાં જ બળીને ભસ્મ થાય છે. ફરીથી ગોશાલક પ્રભુને કઠોર વચનો કહે છે. દયાળુ પ્રભુ તેને કર્મબંધ ન થાય તેમ વર્તવા સમજાવે છે પરંતુ એનું પરિણામ એ આવે છે કે અતિશય ક્રોધી બની તે તેમના ઉપર અત્યંત ભયંકર તેજોલેશ્યા મૂકે છે. પરંતુ તે તેજોલેશ્યા પ્રભુની પ્રદક્ષિણા કરી ગોશાલકના જ દેહમાં પ્રવેશે છે. આથી એ સંતપ્ત બને છે. આ ગોશાલકનું પણ પ્રભુ કલ્યાણ ઇચ્છે છે. જીવના જોખમે પણ પ્રભુએ કરેલો સત્યનો પ્રકાશ, કટ્ટા શત્રુ ઉપર પણ તેમની ભાવદયા ઇત્યાદિ અનેક વિશિષ્ટતાઓના ઉપર આ પ્રસંગ પ્રકાશ પાડે છે.

(૧૦) ત્રિપૃષ્ઠના ભવમાં પોતે ચીરી નાંખેલો સિંહ જે આ વખતે ખેડૂત તરીકે જન્મ પામ્યો હતો તેને પ્રતિબોધ પમાડવા મહાવીરસ્વામી પોતાના પ્રથમ શિષ્ય શ્રીઇન્દ્રભૂતિ ગૌતમ ગણધરદેવને મોકલે છે. એ ખેડૂત ગૌતમસ્વામીના ઉપદેશથી બોધ પામી દીક્ષા લે છે પરંતુ મહાવીર પ્રભુ નજરે પડતાં રજોહરણ મૂકી નાસી જાય છે.

આ પ્રમાણે એક અપમાનજનક પ્રસંગ ઉપસ્થિત થવા દેવામાં પ્રભુએ શી સાર્થકતા જોઇ હશે ? એ જ કે સાંસારિક વાસનાને વિદારનાર, ભવનિર્વેદને સતેજ કરનાર, માર્ગાનુસારિતાદિ આત્માભિમુખતાને પ્રકટાવનાર અને ટૂંકમાં કહીએ તો સમસ્ત

જીવનને પલટાવનાર જૈનત્વના સિક્કારૂપ અમૂલ્ય સમ્યક્ત્વરૂપી રત્નની એક ભવ્ય જીવને પ્રાપ્તિ થાય.

(૧૧) જગતના જીવો ઉપર ઉપકાર કરવા માટે નહિ (એ દ્વારા ઉપકાર થઇ જ જાય છે તે જુદી વાત છે) કિન્તુ 'તીર્થંકર-નામ' કર્મની નિર્જરા માટે શ્રીતીર્થંકરદેવ તીર્થની સ્થાપના કરે છે તેમ પ્રભુ મહાવીરે પણ કર્યું. આવી પરિસ્થિતિમાં ભગવદ્-ગીતાના નિમ્નલિખિત વચન અનુસાર વીતરાગ પ્રભુઓ વર્તન કરતા નથી એ વાત સ્પષ્ટ કરવી પડશે કે ?

"यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत!।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥"

વળી વીતરાગ પ્રભુઓને તીર્થનો પણ મોહ હોતો નથી. પોતે પ્રવર્તાવેલા તીર્થને વિઘ્નકારક ભસ્મ ગ્રહના પ્રભાવને પરાસ્ત કરવા માટે ઇન્દ્ર વીર પ્રભુને આયુષ્યમાં સ્વલ્પ વધારો કરવા વિનવે છે પરંતુ પ્રભુ તેની સાફ ના પાડે છે અને તીર્થંકર પણ આયુષ્ય વધારવાને સમર્થ નથી એ વાતનું દૃષ્ટાંત પૂરું પાડે છે.

(૧૨) શ્રીગૌતમસ્વામીનો પ્રભુ સાથેનો પ્રથમ પરિચય થતાં પ્રભુનો તેમની સાથે થયેલો વાર્તાલાપ, પ્રભુની દેશનાનું સ્વરૂપ, તેમણે અંતમાં સોળ પ્રહર સુધી દીધેલી દેશના, (કહેવાય છે તેમ) તેમના નિર્વાણ બાદ બુદ્ધનું તેમના મિલન માટેનું આગમાન ઇત્યાદિ અનેક ઘટનાઓ એમની વિલક્ષણતાઓમાં વધારો કરે છે પરંતુ લેખનું કલેવર વધી જવાના ભયથી હું તેનું આલેખન કરતો નથી; ફક્ત એક જ મુદ્દાનો ઉલ્લેખ કરી આ લેખની પૂર્ણાહુતિ કરીશ.

(૧૩) જે નિવૃત્તિપ્રધાન જૈન દર્શનના લાક્ષણિક અંગરૂપ છે, જેનો યોગ મિથ્યાશ્રુતને સમ્યક્શ્રુતરૂપે પરિણમાવવા સમર્થ છે, જેનો વિયોગ ( અભાવ ) સમ્યક્શ્રુતને પણ મિથ્યાશ્રુતરૂપે પરિણમાવે છે, જે અહિંસાદિ સાર્વભૌમ ગુણોની જનની છે અને જેનું સર્વાંગીણ પાલન સર્વજ્ઞતા સાથે ઓતપ્રોત છે તે 'સ્યાદ્વાદ' એ લોકોત્તર માર્ગના પ્રરૂપક ભગવાન મહાવીરના જીવનની રસ–કુપ્પી છે. આમાંથી જે રસધારાઓ વહી છે તેનું નામ જિન–પ્રવચન યાને જૈન દર્શનના મૌલિક અને મુખ્ય સિદ્ધાંતો છે. આવો અનુપમ વારસો મેળવવા જેઓ ભાગ્યશાળી બન્યા હોય તેમણે તો આ જન્મકલ્યાણક ઉજવવું જ જોઇએ પરંતુ એ ધ્યાનમાં રાખવું કે આનો ઉદ્દેશ દુનિયાની સાહ્યબીની સાધના માટે કે અર્થ અને કામની પ્રવૃત્તિને વિકસાવવા માટે તો ન જ હોવો જોઈએ, નહિ તો એ 'લોકોત્તર મિથ્યાત્વ' જ ગણાય. આ જયંતિની ઉજવણીનો ઉદ્દેશ ધર્મ અને મોક્ષરૂપ પુરુષાર્થોને પ્રકટાવવા અને પોષવા માટે જ હોવો જોઇએ. સહુ કોઇ જીવ આ ભાવનાથી રંગાય અને પોતાનું કલ્યાણ સાધવા શક્તિશાળી થાય એવી અભિલાષા રાખતો અને નિમ્નલિખિત-પદ્ય દ્વારા વિભુ વીરને વંદન કરતો હું વિરમું છું :—

"कल्याणपादपारामं, श्रुतगङ्गाहिमाचलम् ।
विश्वाम्भोजरविं देवं, वन्दे श्रीज्ञातनन्दनम् ॥"

—જૈન ( તા. ૧૭–૪–'૩૨ )

# [ ૧૬ ]

## ગોશાલકનું ગુણોત્કીર્તન

ગુણી જનોના ગુણોની પ્રશંસા કરવી એ માનવી સંસ્કારિતાનું એક લક્ષણ છે. આને લઈને મહાનુભાવોના–મહાપુરુષોના ગુણોત્કીર્તનને સાહિત્યમાં પણ સ્થાન અપાયું છે. જૈન સાહિત્યમાં તીર્થંકરોની જે સ્તુતિ કરાઈ છે–એમને અંગે જે સ્તોત્રો રચાયાં છે તેમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને લક્ષીને પણ તેમ કરાયું છે. એનું એક જ્વલંત ઉદાહરણ તે સૂયગડ (સુય. ૧, અ. ૬) છે. એ અજ્ઝયણનું નામ 'વીરથુઇ' છે. એ ગુણોત્કીર્તન તો એમના ગુણોના અનુરાગીએ— એમના પરમ ભક્તે કરેલું છે. પ્રસ્તુતમાં એક વખતના એમના શિષ્ય અને આગળ જતાં એમના પ્રતિસ્પર્ધી બનેલા અને 'આજીવિક' મતના પ્રરૂપક એવા ગોશાલકે એમનાં જે ગુણગાન ગાયાં છે–એમનું જે ગુણોત્કીર્તન કર્યું છે તેની હું અહીં રૂપરેખા આલેખું છું. આ પ્રસંગ ઉવાસગદસા ( અ. ૭, સુત્ત ૨૧૬–૨૧૯ )માં નીચે મુજબ વર્ણવાયો છે:—

ગોશાલકના સંસર્ગથી [1]સદ્દાલપુત્ત (સદ્દાલપુત્ર) નામનો કુંભાર એ અષ્ટાંગ નિમિત્તના જાણકાર અને તેજોલેશ્યારૂપ લબ્ધિના ધારક ગોશાલકનો અનુયાયી બન્યો હતો પરંતુ મહાવીરસ્વામીના ઉપદેશાદિના શ્રવણ દ્વારા એ એમનો ચુસ્ત

---

૧. ' સદ્દાલ એ દેસિય ' ( દેશ્ય ) શબ્દનો અર્થ 'નૂપુર' થાય છે. તેને આ નામ સાથે સંબંધ છે ખરો ?

અનુયાયી બન્યો હતો. એથી ગોશાલક એ કુંભાર પાસે આવ્યો ત્યારે એણે એનું સન્માન કર્યું નહિ. આથી પીઠ, ફલક, શય્યા અને સંસ્તારક મેળવવા માટે એ ગોશાલકે મહાવીરસ્વામીનું [1]ગુણોત્કીર્તન કરવા માંડયું.

મહાબ્રાહ્મણ— એણે એમને 'મહામાહણ' (મહાબ્રાહ્મણ) કહ્યા. સદ્દાલપુત્તે પૂછ્યું કે એ 'મહામાહણ' શી રીતે ? ગોશાલકે ઉત્તર આપ્યો કે શ્રમણ ભગવાન મહાવીર ઉત્પન્ન થયેલા (ઉત્કૃષ્ટ) જ્ઞાન અને દર્શનના ધારક છે, [2]યાવત્ સત્કારાયેલ અને પૂજાયેલા છે, [3]યાવત્ તથ્ય કર્મની સંપત્તિથી યુક્ત છે.[4]

આ પ્રમાણેના વાર્તાલાપનો પ્રારંભ ગોશાલકે સદ્દાલપુત્તને 'અહીં મહામાહણ આવ્યા હતા' એમ કહેવાથી થાય છે. આ સાંભળી મહામાહણ તે કોણ એમ સદ્દાલપુત્ત ગોશાલકને પૂછે છે. એ ઉત્તર આપે છે કે "શ્રમણ ભગવાન મહાવીર".

મહાગોપ— ઉપર મુજબનો વાર્તાલાપ આગળ ચાલતાં ગોશાલકે ઉમેર્યું કે એઓ 'મહાગોવ' (મહાગોપ) છે. સદ્દાલપુત્તે પૂછ્યું : શી રીતે ? ગોશાલકે ઉત્તર આપ્યો કે શ્રમણ ભગવાન મહાવીર સંસારરૂપ અટવીમાં નાશ પામતા, વિનાશ પામતા, ભક્ષણ

---

૧. મૂળમાં 'गुणकित्तणं' છે.

૨-૩ આના સ્પષ્ટીકરણ માટે જુઓ પૃ. ૧૮૦, ટિ. ૧.

૪. મૂળ પાઠ નીચે મુજબ છે :—

"समणे भगवं महावीरे महामाहणे उप्पन्नणाणदंसणधरे जाव महियपूइये जाव तच्चकम्मसम्पया सम्पउत्ते"।

કરાતા, છેદાતા, ભેદાતા, લોપાતા અને વિશેષે કરીને લોપાતા એવા બહુ જીવોનું (ગાયોની પેઠે) ધર્મમય દંડ વડે સંરક્ષણ અને સંગોપન કરતા એમને સ્વહસ્તે નિર્વાણરૂપ મહાવાડે પહોંચાડે છે.[1]

મહાસાર્થવાહ— આમ કહી આગળ જતાં ગોશાલકે મહાવીરને "મહાસત્થવાહ" (મહાસાર્થવાહ) કહ્યા એટલે સદ્દાલપુત્તે એનો ખુલાસો માંગ્યો. ગોશાલકે જણાવ્યું કે શ્રમણ ભગવાન મહાવીર સંસારરૂપ અટવીમાં નાશ પામતા, વિનાશ પામતા યાવત્ વિશેષે કરીને લોપાતા એવા ઘણા જીવોનું ધર્મમય માર્ગે રક્ષણ કરતા એને નિર્વાણરૂપ મહાનગરની સન્મુખ સ્વહસ્તે પહોંચાડે છે.[2]

મહાધર્મકથી—પછી ગોશાલકે કહ્યું કે મહાવીર 'મહાધમ્મકહી' (મહાધર્મકથી) છે. એ બાબત સદ્દાલપુત્તે સવાલ પૂછતાં ગોશાલકે એવો ખુલાસો કર્યો કે શ્રમણ ભગવાન મહાવીર મોટા મહાલયરૂપ સંસારમાં જે બહુ જીવો નાશ પામતા, વિનાશ પામતા, યાવત્ વિશેષે કરીને લોપાતા, ઉન્માર્ગને સ્વીકારેલા, સન્માર્ગથી વિપ્રનષ્ટ, મિથ્યાત્વના બળથી પરાભવ પામેલા અને આઠ પ્રકારના કર્મરૂપ અંધકારના સમૂહથી આચ્છાદિત એવા ઘણા જીવોનો અનેક અર્થથી માંડીને તે સ્પષ્ટીકરણોથી (ઉત્તરોથી)

---

१. "समणे भगवं महावीरे संसाराडवीए बहवे जीवे नस्समाणे विणस्समाणे खज्जमाणे छिज्जमाणे भिज्जमाणे लुप्पमाणे विलुप्पमाणे धम्ममएणं दण्डेणं सारक्खमाणे सङ्गोवेमाणे निव्वाणमहावाडं साहत्थिं सम्पावेइ।"

२. "समणे भगवं महावीरे संसाराडवीए बहवे जीवे नस्समाणे विणस्समाणे जाव विलुप्पमाणे धम्ममएणं पन्थेणं सारक्खमाणे निव्वाणमहापट्टणाभिमुहे साहत्थिं सम्पावेइ।"

ચાર ગતિવાળા સંસારરૂપ જંગલમાંથી સ્વહસ્તે નિસ્તાર કરે છે (તેમને પાર ઉતારે છે).[૧]

મહાનિર્યામક— આમ કહી ગોશાલકે ઉમેર્યું કે અહીં 'મહાનિજ્જામઅ' (મહાનિર્યામક) આવ્યા હતા. સદ્દાલપુત્તે એ કોણ એમ પૂછતાં ગોશાલકે કહ્યું કે શ્રમણ ભગવાન મહાવીર. એઓ 'મહાનિજ્જામઅ' શી રીતે એમ સદ્દાલપુત્તે પૂછ્યું એટલે ગોશાલકે કહ્યું કે સંસારરૂપ મહાસમુદ્રમાં નાશ પામતા, વિનાશ પામતા, યાવત્ વિશેષે કરીને લોપાતા, બૂડતા, ડૂબતા અને ગોથા ખાતા એવા અનેક જીવોને એઓ ધર્મમય નૌકા વડે નિર્વાણરૂપ કિનારાની સંમુખ સ્વહસ્તે પહોંચાડે છે.[૨]

આ પ્રમાણે ગોશાલકે મહાવીરસ્વામીને અનુક્રમે મહાબ્રાહ્મણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથી અને મહાનિર્યામક તરીકે વર્ણવ્યા અને એની સકારણતા પણ જણાવી એટલે સદ્દાલપુત્તે ગોશાલકને પ્રશ્ન પૂછ્યો કે આ પ્રમાણે પ્રસ્તાવને જાણનારા (કળાપંડિત), નિપુણ, નયવાદી, ઉપદેશ પામેલા અને વિજ્ઞાનને

---

૧. "समणे भगवं महावीरे महइमहालयंसि संसारंसि बहवे जीवे नस्समाणे विणस्समाणे जाव विलुप्पमाणे उम्मग्गपडिवन्ने सप्पहविप्पणट्ठे मिच्छत्तबलाभिभूए अट्ठविहकम्मतमपडलपडोच्छन्ने बहूहिं अट्ठहिं य जाव वागरणेहिं य चाउरन्ताओ संसारकन्ताराओ साहत्थिं नित्थारेइ।"

અહીં 'જાવ'થી "हेऊहि य पसिणेहि य कारणेहि" પાઠ સમજવાનો છે એનો અર્થ હેતુઓ વડે, પ્રશ્નો વડે અને કારણો વડે એમ છે.

૨. "समणे भगवं महावीरे संसारमहासमुद्दे बहवे जीवे नस्समाणे विणस्समाणे जाव विलुप्पमाणे बुड्डमाणे निबुड्डमाणे उप्पियमाणे धम्ममईए नावाए निव्वाणतीराभिमुहे साहत्थिं सम्पावेइ।"

પ્રાપ્ત કરેલા એવા તમે મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક ભગવાન મહાવીર સાથે વિવાદ કરવા સમર્થ છો? ગોશાલકે ના પાડી. સદ્દાલપુત્તે એનું કારણ પૂછ્યું એટલે ગોશાલકે નીચે મુજબ ઉત્તર આપ્યો:—

કોઈ પુરુષ તરુણ, ઉત્તમ કુળમાં જન્મેલ, યાવત્ નિપુણ શિલ્પને પામેલો હોઈ એક મોટા બકરાને, ઘેટાને ડુક્કરને, કૂકડાને, તેતરને, બતકને, લાવકને, કબૂતરને, કપિંજલને, કાગડાને કે બાજને હાથે, પગે, ખરીએ, પૂછડે, પીંછે, શિંગડે, વિષાણે કે રૂવાંટીએ એમ (યથાસંભવ) જ્યાં જ્યાં પકડે ત્યાં ત્યાં તેને નિશ્ચળ અને નિઃસ્પન્દ ધરી રાખે. એવી જ રીતે શ્રમણ ભગવાન મહાવીર મને અનેક અર્થથી, હેતુથી યાવત્ સ્પષ્ટીકરણોથી જ્યાં જ્યાં પકડે ત્યાં ત્યાં મને પ્રશ્ન અને સ્પષ્ટીકરણને અંગે નિરુત્તર કરે.[1]

---

૧. સદ્દાલપુત્ત ગોશાલકનો પોતે ભક્ત હતો ત્યારે એને પણ ‘મહામાહણ’ માનતો હતો. વાત એમ છે કે એક દેવ સદ્દાલપુત્ત પાસે આવી બોલ્યો કે આવતી કાલે અહીં ‘મહામાહણ’, ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનના ધારક, અતીત, વર્તમાન અને અનાગતને જાણનારા અરિહંત, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રૈલોક્ય વડે અવલોકિત, સ્તુતિ કરાયેલા અને પૂજાયેલા, દેવ, માનવ અને અસુર સહિત લોકને અર્ચનીય, વન્દનીય, સત્કારવા યોગ્ય; સન્માનવા યોગ્ય, કલ્યાણ, મંગલ, દેવ અને ચૈત્યની પેઠે ઉપાસના કરવા યોગ્ય અને સત્ય કર્મની સંપત્તિથી યુક્ત ‘એવા મહાપુરુષ’ આવશે. એમને તું વંદન કરજે યાવત્ નિમંત્રજે. આ સાંભળી એ મહાપુરુષ તે ગોશાલક છે એમ સદ્દાલપુત્ત સમજ્યો હતો જ્યારે ખરી રીતે એઓ મહાવીરસ્વામી હતા.

આ સાંભળી સદ્દાલપુત્તે ગોશાલકને કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમે મારા ધર્માચાર્ય...મહાવીરનું વિદ્યમાન, તથ્ય અને સદ્ભૂત ભાવો વડે ગુણકીર્તન કરો છો એટલે હું તમને પીઠથી માંડીને સંસ્તારક વડે આમંત્રણ કરું છું પરંતુ એ ધર્મ કે તપની બુદ્ધિએ કરતો નથી.

ગોશાલકે મહાવીરસ્વામીને 'મહાગોપ' ઇત્યાદિ જે પાંચ ઉપમાઓ આપી તેને કાલાંતરે સમસ્ત તીર્થંકરોને ઉદ્દેશીને કેટલાક ગ્રંથોમાં અપાયેલી જોવાય છે. દા. ત. આવસ્સયની નિજ્જુત્તિમાં ( ગા ૯૦૪માં ) તીર્થંકરોને અટવીમાં 'માર્ગદેશક,' સમુદ્રમાં 'નિર્યામક' અને છ કાય જીવોના રક્ષક હોઈ 'મહાગોપ' કહ્યા છે. આ ગાથા આવસ્સયના ભાસમાં ૩૧૪મી ગાથા તરીકે અને વિસેસાવસ્સયભાસમાં ૨૯૫૯મી તરીકે જોવાય છે એ નીચે મુજબ છે :—

"अडवीइ देसिअत्तं तहेव निज्जामया समुद्दम्मि ।
छक्कायरक्खणट्ठा महगोवा तेण वुच्चन्ति ॥ ९०४ ॥"

આ નિજ્જુત્તિની ગા. ૯૦૭ અને ૯૦૮માં તીર્થંકરને 'સાર્થવાહ' કહ્યાનું અનુમનાય તેમ છે. ગા ૯૧૨ તેમ જ ૯૧૪-માં તીર્થંકરને 'નિર્યામક' કહ્યા છે. ગા. ૯૧૬માં તીર્થંકરને 'મહાગોપ' કહ્યા છે અને તેનું કારણ દર્શાવતાં આ ગાથામાં તેમ જ ગા. ૯૧૫માં કહ્યું છે કે જેમ ગોવાળો ગાયોનું સર્પ અને શ્વાપદાદિનાં કષ્ટોથી ગાયોનું રક્ષણ કરે છે અને પ્રચુર ઘાસ અને જળવાળાં વનોમાં તેને લઈ જાય છે તેમ જીવોના સમૂહરૂપ ગાયોનું મરણ વગેરેના ભયથી જિનેશ્વરો રક્ષણ કરે છે અને તેમણે નિર્વાણરૂપ વનમાં લઇ જાય છે.

ન્યાયાચાર્ય યશોવિજયગણિએ રચેલી પંચપરમેષ્ઠી-ગીતાના નિમ્નલિખિત ૨૭મા પદ્યમાં તીર્થંકરને મહામાહણ, મહાગોપનાહ, મહાનિર્યામક, મહાસાર્થવાહ અને મહાકથિત (? ક) કહ્યા છે. :-

"મહામાહણ મહાગોપનાહ
મહાનિર્યામક મહાસત્થવાહ;
બિરુદ મહાકથિત(? ક) તણું જે ધરંત
તેહના ગુણ ગણે કુણ અનંત ? – ૨૭"

ભક્તિ-રસામૃત (પૃ ૮૮)માં "સાધારણ જિનસ્તવન" છપાયું છે. એના કર્તા જ્ઞાનવિમલ છે. એમણે નીચે મુજબની ચોથી કડીમાં મહાગોપ અને મહાનિર્યામક એ બે જ બિરુદનો ઉલ્લેખ કર્યો છે. આ રહી એ પંક્તિ :—

"મહાગોપ ને મહાનિર્યામક ઇણિ પેરે બિરુદ ધરાવે રે".

આયાર (૧–૯–૫૫)માં મહાવીરસ્વામીને અબહુવાદી બ્રાહ્મણ ("અબહુવાઈ માહણ") કહ્યા છે. સૂયગડ (૧, ૧૬)-માં તેમ જ ઉત્તરજ્ઝયણ (અ. ૨૫)માં 'માહણ' કોને કહેવાય તે વિગતવાર દર્શાવાયું છે.

ચિત્રો—અહીંના (સુરતના) "શ્રીવર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિરના ભોંયરામાંના "શ્રીઉત્કૃષ્ટ શ્રુતમંદિર"માં તીર્થંકરોને જે પાંચ ઉપમા અપાઇ છે તે પૈકી મહાગોપ, મહાબ્રાહ્મણ, મહાનિર્યામક અને મહાસાર્થવાહ એ ચારનો બોધ કરાવનારું એકેક દૃશ્ય છે. એને લક્ષમાં રાખીને આ જાતનાં ચાર દૃશ્યો

પૂના, ખડકી અને કપડવંજનાં જિનમંદિરોમાં કાચ ઉપર ચિતરાવાયાં છે.[1] આ ચાર દશ્યોનાં ચિત્ર "આગમોદ્ધારકની શ્રુત-ઉપાસના" (પૃ. ૧૧–૧૨)માં જોવાય છે. ઉપર્યુક્ત આગમમંદિરમાંનાં ચિત્રો ઉપરથી ચાર ચિત્રો તૈયાર કરાવી અને [2]મહાધર્મકથી અને [3]મહાવાદીને લગતું એકેક દશ્ય પહેલી જ વાર યોજાવી છ યે ચિત્રો અહીંના "શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ-જ્ઞાનમંદિર"માં અપાવાનાં છે એમ સાંભળ્યું છે.

નમસ્કારસ્વાધ્યાયના પ્રથમ ભાગમાં મહાગોપ વગેરેને લગતાં ચિત્ર અપાયાં હોત તો ઠીક થાત. હજી પણ એની દ્વિતીય આવૃત્તિમાં અને તેમ ન જ બને તો ત્રીજા ભાગમાં જો એ અપાશે તો આ ગ્રંથની સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે

— જૈન ધર્મ પ્રકાશ (પુ. ૭૮, અં. ૧૧–૧૨)

---

૧. જુઓ આગમોદ્ધારકની શ્રુતઉપાસના (પૃ. ૩૪, જીવન-દશ્યો).

૨–૩ આને અંગે એકેક દશ્ય ઉપર્યુક્ત આગમમંદિરમાં કેમ અપાયું નહિ એમ કેટલાક પૂછે છે તો એ બાબત એના સંચાલકો ઘટતું કરશે એવી આશા છે.

[૧૭]

# દેવાર્યની દેશના

## દેવાર્યનો અર્થ :—

સૌથી પ્રથમ તો મારે આ શીર્ષકગત 'દેવાર્ય' વિષે નિવેદન કરવું જોઇએ. જૈનોના સુપ્રસિદ્ધ ચોવીસમા તીર્થંકર અને પ્રેમધર્મના પ્રચારક મહાવીરનાં વીર, જ્ઞાતપુત્ર, ત્રિશલા–તનય, સિદ્ધાર્થ–સુત વગેરે નામો જેટલે અંશે સુવિખ્યાત છે તેટલે અંશે તેમનું 'દેવાર્ય' નામ નથી પરંતુ તે આજના વિષયને વિશેષ અનુકૂળ જણાવાથી મેં તેનો અત્ર ઉલ્લેખ કર્યો છે. 'દેવાર્ય' શબ્દના વિવિધ અર્થો છે તેમાં એની ગૂંથણીમાં પ્રથમ 'દેવ' પદ છે અને અન્ત્ય પદ 'આર્ય' અથવા 'અર્ય' છે. તેમાં 'દેવ' શબ્દના દેવતા (સુર–અસુર), બ્રાહ્મણ અને ભૂપતિ એમ ત્રણ અર્થો થાય છે. અનેકાર્થી 'આર્ય' શબ્દના શૂદ્ર સિવાયના ત્રણ વર્ણો પૈકી એક (બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય), નાથ, ગુરુ, મિત્ર અને દેશ-ભક્ત એટલા જ અર્થો અત્ર નોંધીશું 'અર્ય' શબ્દ સ્વામી અને વૈશ્ય એમ ઉભય અર્થસૂચક છે. જુદાં જુદાં પદોના અર્થોની વિવિધ સંકલના કરતાં 'દેવાર્ય'ના અર્થ ઉપર પ્રકાશ પડે છે. જેમકે (૧) સુર–અસુરના સ્વામી, (૨) બ્રાહ્મણના ગુરુ, (૩) ભૂપતિના મિત્ર, (૪) રાજાના અધિપતિ, (૫) દિવ્ય દેશભક્ત વગેરે. આ સંબંધમાં 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્ર–સૂરિકૃત અભિધાનચિન્તામણિ (કાંડ ૧, શ્લો. ૩૦)ની સ્વોપજ્ઞ ટીકાની નિમ્નલિખિત પંક્તિ પ્રકાશ પાડે છે :—

"देवश्चासौ मार्यश्च देवार्यः, देवैरर्यते-ऽभिगम्यत इति वा, देवानाम्-इन्द्रादीनामर्यः - स्वामीति वा".

દેશનાનો અર્થ સમજવો કઠિન નથી. दिश् ધાતુ ઉપરથી નિષ્પન્ન થયેલા આ શબ્દનો અર્થ ઉપદેશ, નિર્દેશ ( instruction, direction ) છે. ગમે તેવી દેશનાનો પ્રસ્તુતમાં વિચાર કરવાનો નથી કિન્તુ જે દેશના સ્વ-પર-કલ્યાણકારી હોય તેનો જ અત્ર નિર્દેશ છે. આવી દેશનાનો સર્વત્ર સુકાળ નથી. અહોભાગ્ય છે આપણી આર્ય-ભૂમિનું કે આત્મ-લક્ષ્મીનો અખૂટ ખજાનો આ દેશમાં પ્રકટ થયો છે. પરમાત્મા મહાવીર, મહર્ષિ બુદ્ધ, કૃષ્ણ, ઇસુખ્રિસ્ત, હજરત મહંમદ પયગંબર અને જરથુષ્ટ્ર જેવા મહાનુભાવોને જન્મ આપી આ પૂર્વ ખંડ-'એશિયા' ખંડ અપૂર્વતાને પામ્યો છે. અધ્યાત્મ જેવા અગમ્ય અને અલૌકિક માર્ગે બાલ-જીવો પણ ચાલી શકે તે માટે વિવિધ મહર્ષિઓએ નવરંગી રોશનીરૂપ પોતાની વાગ્ધારા પ્રગટાવી છે. ભારતીય ષડ્દર્શનોનાં તત્ત્વો-મંતવ્યોથી ખાસ નામનિર્દેશ કરવા જેટલી વિશેષતા-યોગ્યતા ધરાવનારાં તત્ત્વો અન્યત્ર કેટલાં જોવામાં કે જાણવામાં આવ્યાં અને આવે છે? આ સંબધમાં સ્વર્ગસ્થ 'બંગસાહિત્યસમ્રાટ્' શ્રીયુત બંકિમચંદ્રે નીચે મુજબ કહ્યું છે :—

"આધુનિક યુરોપનું દર્શન ફરી ફરીને પાછું પ્રાચીન ભારતીય દર્શનમાં મળી જાય છે. ચાર્વાકના 'પ્રત્યક્ષવાદ'ની સાથે જેમ મીલ અને બેઇનનો 'પ્રત્યક્ષવાદ' મળતો આવે છે તેમ વેદાંતના 'માયાવાદ' સાથે કોમ્ટનો આ પ્રત્યક્ષ-પ્રતિવાદ મળે છે. યૂરોપમાં આધ્યાત્મિક વિષયનાં એવાં તત્ત્વો બહુ જ ઓછાં

સ્પષ્ટ થયાં છે કે જે તત્ત્વોની સૂચના પ્રાચીન આચાર્યોએ પોતાના ગ્રંથમાં કહેલી ન હોય."[1]

એક વખતે રામરાજ્યના નામથી મશહુર એવી આપણી આ માતૃભૂમિએ આત્મોન્નતિ માટે ઉપયોગી અનેકવિધ સંદેશરૂપ સરિતાઓને શિર ઉપર ધારણ કરી છે. તેમાંથી એક કલકલનિનાદિની અખંડિત પ્રવાહવાળી અને ત્રિકાલાબાધિત તત્ત્વવાળી તરંગિણીમાં સ્નાન કરી પવિત્ર થવા માટે—આત્મ-સાધનમાં આગળ વધવા માટે–સર્વ શ્રેણિના જીવોને વીરની પવિત્ર પ્રેમદીક્ષાથી દીક્ષિત થવા માટે આજના આ મંગળમય દિવસની ધન્ય ઘડી હાથ આવી છે.

દેશનાની ચાવી (keynote) —

દેવાર્યની દેશનાની મુખ્ય ખૂબી કહો કે વીરની વાણીની અસાધારણ બલિહારી કહો તો તે સ્યાદ્વાદ-શૈલીનું સમુચિત અને સર્વાંગીય સેવન છે. જે દર્શનનો સ્યાદ્વાદ-દર્શન યાને અનેકાન્તવાદ એવા નામથી વિબુધવરો વ્યવહાર કરે છે તે દર્શનમાં સ્યાદ્વાદ ક્યાં છે એવો પ્રશ્ન કોણ ઉઠાવે ? એટલે એના પુરાવા આપવાનો નિરર્થક પ્રયાસ કરવામાં આવતો નથી.

"उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा" એ સિદ્ધાર્થસુતનો સંદેશ છે. અન્ય શબ્દોમાં કહીએ તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપ ત્રિવિધ દેવતાઇ શક્તિરૂપે પૂજાયેલ ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યયરૂપ ત્રિરંગી તત્ત્વોથી તરંગિત તરંગિણી તે ભગવાન મહાવીરની દેશનાની ઉત્થાનિકા–ભૂમિકા છે—એ તેનો અમર

---

૧ જુઓ "બંકિમનિબંધમાલા જ્ઞાન" (પૃ. ૧૧૨).

આત્મા છે. ચૌદ વિદ્યાના પારંગત વિપ્રવર્ય ગૌતમાદિ ગણધરોને આગમરચના કરવામાં દિવ્ય પ્રકાશ પાડનારી એ ઝળહળતી જ્યોતિ છે. જૈન ગગનના તેજસ્વી ચંદ્રના શીતળ અને સુખદ કિરણોએ તો સૂત્રનું સુન્દર કલેવર ધારણ કર્યું છે. 'સત્'માં જેનો સમાવેશ થાય છે એવાં 'ચેતન' અને 'જડ' તત્ત્વોનું પંચમ ગણધર સુધર્મસ્વામીએ જે ચિત્ર આલેખ્યું છે તેની સુન્દરતા, સંસ્કારિતા અને અભિજાતતા કોને આભારી છે? એ ચિત્રનો ઉઠાવ, એના રંગની મિલાવટ, એને માટે વપરાયેલી પીંછીની કુમાશ અને કળાકૌશલ્ય પ્રશંસાપાત્ર બન્યાં છે તેમાં કોનો હાથ છે? કહેવું પડશે કે પરમ પવિત્ર મહાવીરની અપ્રતિમ, આદરણીય અને અનુકરણીય વાણીના સહકારનો—સંતોને અનંત દિગંતના દર્શન કરાવનારી પૌષ્ટિક અને પ્રોત્સાહિક દેશનાની સહાયતાનો.

જે દેશના આપવા પૂર્વે લગભગ બાર વર્ષ સુધી ક્ષુધાને જલાંજલિ અપાઇ હોય,[૧] કેટલી યે રાત્રિના અખંડ ઉજાગરા કરીને પ્રકૃતિ-શાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવ્યો હોય, પ્રખર તપશ્ચર્યાઓ દ્વારા સંસાર-સમુદ્રનું મંથન કરાયું હોય, અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો સહન કરવામાં અદ્વિતીયતા સિદ્ધ કરી બતાવાઇ હોય અને અંતમાં ચરાચર જગતનું હસ્તામલકવત્ જ્ઞાન પ્રાપ્ત કરાયું હોય તે દેશનાનું મૂલ્ય કેમ અંકાય? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના પૂરેપૂરા ચિકિત્સકની વાણીનું પાણી કેવી રીતે મપાય? સુંદર, સાર્થક અને સુખી જીવનના ઘડતરમાં અનેરો

૧. સાડા બાર વર્ષ અને એક પખવાડિયામાં ફક્ત ૩૪૯ પારણું વીરે કર્યાં એવી એમણે ઘોર તપશ્ચર્યા કરી છે.

ભાગ ભજવનારી અને ભાષાસૌષ્ઠવથી ભરપૂર ગિરાના ગુણોની ગણના કેવી રીતે થાય? શાસ્ત્રમાં જે એના પાંત્રીસ ગુણો ગણાવાયા છે કે જે સપ્ત શબ્દ આશ્રીને છે તે તો સ્થૂળ માપ છે એવું મારું નમ્ર મંતવ્ય છે.

વીરની વાણીની મધુરતા—

જે ધર્મનો પ્રચાર મુસલમાની ધર્મની જેમ શસ્ત્રના બળથી થયો નથી કિન્તુ બાહુબળ સાથે બાથ ભીડનાર અને પાશવ વૃત્તિને પરાસ્ત કરનારા વાણી-બળને અવલંબીને જે ધર્મ જગતમાં ફેલાયો છે તે પૌરુષેય જૈન ધર્મના ઉપદેશક, આસન્ન ઉપકારી શ્રીવીરની વાણીરૂપ [1]ત્રિવેણીની મધુરતાનું મારા જેવો પામર શું વર્ણન કરે? છતાં આત્મ-યોગીઓને જે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે અને જેનું વર્ણન આર્હત દર્શનના રત્નાકર જેવા વિસેસાવસ્સય-ભાસ (ગા. ૭૭૯)માં દૃષ્ટિગોચર થાય છે તે પૈકી ક્ષીરાશ્રવાદિનું સ્વરૂપ નીચે મુજબ વિચારીએ :—

ચક્રવર્તીની લાખ ગાયોનું દૂધ પચાસ હજાર ગાયોને પાવામાં આવે અને આનું જે દૂધ નીકળે તે પચીસ હજાર ગાયોને પાવામાં આવે એમ અનુક્રમે અડધું અડધું કરતાં છેવટે જે એક ગાયનું દૂધ નીકળે તે દૂધના સ્વાદ જેવાં જેમનાં વચનો મધુર હોય તે 'ક્ષીરાશ્રવ' લબ્ધિવાળા જાણવા. સાકર જેવા મીઠા દ્રવ્યને પણ ટક્કર મારનાર મધના સ્વાદ જેવાં મધુર વચનવાળા 'મધ્વાશ્રવ' લબ્ધિવાળા જાણવા. અતિશય મીઠા ઘીના સ્વાદ જેવી

---

૧. ઉત્પત્તિરૂપ ગંગા, વિનાશરૂપ યમુના અને ધ્રુવતારૂપ સરસ્વતીનો અત્ર સંગમ થાય છે.

મીઠાશવાળાં વચનોથી વિભૂષિત તે 'ઘૃતાશ્રવ' લબ્ધિવાળા જાણવા. વિશેષમાં ક્ષીરાશ્રવાદિ લબ્ધિથી મંડિત અને મેઘગર્જનાના જેવા ગંભીર નાદે આક્ષેપિણી, વિક્ષેપિણી, સંવેજની અને નિર્વેદિની એવી ચાર પ્રકારની ધર્મકથાના ઉપદેશ આપી ચતુરોના ચિત્તનું રંજન કરનારા નંદિષેણ જેવા મુનિવરો જેમના શાસનમાં આઠ પ્રભાવકો પૈકી એક ગણાય છે તે શાસનનાયક, સર્વતંત્રસ્વતંત્ર મહાવીરની વાણીની મીઠાશ, તેની અસંદિગ્ધતા, અગ્રામ્યતા, યોજનગામિતા, રસિકતા, કોમલતા, [1]સર્વસ્પર્શિતા, મનોહરતા અને હૃદયંગમતાની જેટલી તારીફ કરીએ તેટલી ઓછી છે.

વિચારવિપુલતા અને શબ્દલાલિત્યથી રમણીય, વિશુદ્ધ વર્ણનશૈલીથી અંકિત અને મલિન વિચાર તેમ જ અશુદ્ધ અને અનુચિત વર્તનની અપવિત્ર રજકણોને દૂર કરનારી તેમ જ જાતિવૈરને જલાંજલિ આપનારી એવી દેશના વીરે 'અર્ધમાગધી' ભાષામાં આપી છે. સામાન્ય જનતા[2] એનો લાભ લઇ શકે તે

---

૧ જેમ જલધરનું જળ આશ્રયવિશેષથી વિવિધ સ્વરૂપે પરિણમે છે તેમ પ્રભુની વાણી શ્રવણ કરનારાની ભાષારૂપે પરિણમે છે. આ વાત મેં અત્ર 'સર્વસ્પર્શિતા' શબ્દથી સૂચવી છે.

૨ જુઓ સમવાયના ૬૦મા પત્રગત ઉલ્લેખ :—

" भगवं च णं अद्धमागहीए भासाए धम्ममाइक्खइ ".

ઓવવાઇય (ઔપપાતિક)નો નિમ્નલિખિત મુદ્રાલેખ પણ આ વાતનું સમર્થન કરે છે :—

[ અનુસંધાન માટે જુઓ પૃ. ૧૯૦

માટે એ ભાષાનો તેમણે ઉપયોગ કર્યો છે. આ ભાષા સંસ્કૃત નથી એ વિષે તો બે મત નથી. આ ભાષાની ગહનતા અને સાથે સાથે સુકોમલતા મનીષીઓનું મસ્તક કંપાવે છે. શંભુ-રહસ્ય નામના અજૈન ગ્રન્થમાં પ્રાકૃતને સંસ્કૃત કરતાં પણ ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. એથી આ ભાષાની સહૃદયતા સમજી શકાય છે. વિશેષમાં મૂળથી મીઠી એવી આ ભાષાબદ્ધ દેશના-રૂપ સુવર્ણને દેવોના દુન્દુભિના નાદરૂપ સુગંધનો સુયોગ મળે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યારે વીર દેશના આપતા હતા ત્યારે દેવો તેમના અનુપમ સૂરમાં સૂર પૂરતા હતા. કોઇ કોયલ-કંઠી ગાયક સંગીતશાસ્ત્ર અનુસાર ગાઇ રહ્યો હોય અને તેમાં વાદિત્રનો સહકાર સધાય તો પછી એ સૂરની મીઠાશ કેવી જામે ? એવી જ રીતે અત્ર ઉત્તમ સ્વરોચ્ચાર પૂર્ણ-સ્વરના ઉચ્ચારણના સંપૂર્ણ ઉત્કર્ષમય દેશના ઉત્તમ સંહનન અને અનુપમ સંસ્થાનવાળા વીરના કંઠમાંથી બહાર નીકળતાં તે સંગીતમય સંદેશનો સ્વાંગ સજેલી જણાઇ તો તેમાં શું આશ્ચર્ય છે ? એનો તાનપલટો અનેકના જીવનમાં પલટો પેદા કરે તો તેમાં શી અદ્‌ભુતતા ?

---

"तए णं समणे भगवं महावीरे :कूणिअस्स रण्णो भिंभिसार-पुत्तस्स...... अद्धमागहीए भासाए भासइ".

**નિસીહ**( નિશીથ )ની વિસેસચુણ્ણિ( વિશેષચૂર્ણિ )માં આ ભાષા સંબંધી નીચે મુજબ નિર્દેશ છે :—

"मगहद्धविसयभासाणिबद्धं 'अद्धमागहं', अट्ठारसदेसीभासाणियंयं वा 'अद्धमागहं'.

વાણીનું આંતરિક તત્ત્વ—

આ વાણીની મીઠાશ કેવળ શબ્દના ગૂંથન પૂરતી કે શબ્દ-ચિત્રની પ્રતિમા ખડી કરવા પૂરતી જ નથી પરંતુ તેમાં તો અખિલ ભૂમંડળને મહામાંગલિક એવો મહામંત્ર સમાયેલો છે. જગતના સર્વ પ્રાણીઓ ઉપર દયાભાવ રાખવો, કોઈને પણ કષ્ટ ન થાય એવી રીતે વર્તવું અને સદાચારથી સૌનો ઉદ્ધાર છે (ભલે પછી તે શૂદ્ર કાં ન હોય–અરે તિર્યંચ કાં ન હોય) એ એનો સાર છે.

દેશનાની સફળતા—

અજેય બળ અને સંપૂર્ણ આત્મવિશ્વાસથી વિભૂષિત, પક્ષપાતથી પરાઙ્‌મુખ અને સર્વજ્ઞતા, સરળતા અને નિર્ભયતાની મૂર્તિરૂપ એવા વીરની દેશના રોચક, શિક્ષાપ્રદ અને માર્ગદર્શક નીવડે એ સ્વાભાવિક છે કેમકે આત્મશ્લાઘા કે પરનિંદા માટે એમાં સ્થાન જ નથી. એ બે રાણીના અધઃપતન પછી તો આવી દેશનાનો પ્રાદુર્ભાવ થાય છે.

વીરના સંદેશની સફળતા થવામાં એમની સત્યવાદિતા, સહૃદયતા અને ઇન્દ્રિય–સંયતિ (વિષયમાં આસક્તિનો અભાવ) કારણભૂત છે.

દેશનાનો હેતુ—

બંધુઓ! એ નિવેદન કરવું આવશ્યક સમજાય છે કે લક્ષ્મી મેળવવા માટે કે કીર્તિ સંપાદન કરવા માટે કે પુણ્ય ઉપાર્જન કરવા માટે તેમણે ઉપદેશ આપ્યો નથી. આ તો કૃતકૃત્યની વાણી છે. દીક્ષા લીધી તે પૂર્વે જેમણે એક વર્ષ પર્યંત દાન

દીધું—ત્રણ અબજ અઠયાસી કરોડ અને એંસી લાખ સોના-મહોરનું દાન દઈ જે દાનવીર બન્યા તે વ્યક્તિ શું ધનની આશા રાખે ? જેમના અવતાર-સમયથી માંડીને તે મોક્ષગમનના કાળ પર્યંત જેમનો કીર્તિપટહ ચોસઠ ઈન્દ્રો વગાડી 'અણુમૂલો લહાવો લે છે તેમને કીર્તિની આકાંક્ષા હોય ખરી ? 'તીર્થંકર-નામ' કર્મરૂપ પુણ્ય-પ્રકૃતિને વેદવાને માટે—એ કર્મને ખપાવવા માટે તો જેઓ ધર્મોપદેશાદિ કાર્ય કરી રહ્યા છે તેમને શું પુણ્યનું પ્રલોભન સંભવે છે કે ?

દેશનાનું રહસ્ય—

દુશ્મનાવટને દેશવટો આપનારી તેમ જ સંશય અને વિપર્યયનો બહિષ્કાર કરનારી, નૈગમાદિ સાતે નયોનો યથાયોગ્ય સહકાર કરનારી તથા વિવિધ ગમોને પોષનારી એવી જે દેશનાના આપણે આ પ્રમાણે ગુણ ગાયા છે તે સંબંધમાં એક વાતનો નિર્દેશ કરવો રહી જાય છે. તે એ છે કે સર્વજ્ઞ મહાવીરે કેવળ પોતે જ સર્વજ્ઞ છે અને અન્ય કોઈ થયા નથી કે થશે નહિ એવું એકદેશીય અને અસત્ય તત્ત્વ ન પ્રરૂપતાં પોતાના જેવા અનંત જનો સર્વજ્ઞ થયા છે અને થશે તેમ જ સ્ત્રીઓ પણ સર્વજ્ઞતા-સિદ્ધિ પામી શકે છે એવી ઉદ્‌ઘોષણા કરી છે. આનું પ્રબળ પ્રમાણ આગમો છે. વિશેષમાં ભગવાન મહાવીરને પૂર્વ તીર્થંકરોએ જે કહ્યું છે તે હું કહું છું એવા ઉલ્લેખ કરનાર તરીકે આગમોમાં આલેખવામાં આવ્યા છે. એ ઉપરથી શું ફલિત થાય છે તે આપ સજ્જનો વિચારી જોશો.

## દેશનાની સનાતનતા અને સત્યતા—

સમર્થ યોગીશ્વર મહાવીરે 'માલકોશ' રાગથી રંગિત જે દેશનારૂપી દીપક પ્રગટાવ્યો હતો તેને આજે લગભગ પચીસસો વર્ષનાં વહાણાં વાયાં છે પરંતુ આ દીપકની જ્યોતિ જરા યે ઝાંખી પડી છે કે? એનો દિવ્ય પ્રકાશ આજે પણ અનેક મુમુક્ષોના જીવનમાં અનેરી સહાયતા આપી રહ્યો નથી કે? આ પ્રભાનું–પ્રકાશનું–રોશનીનું વર્ણન કરવું એ સોના પર ઢોળ ચડાવવા જેવું છે.

જે આધુનિક વિજ્ઞાનશાસ્ત્રોની સંશોધિની પ્રભા (search-light) આગળ કેટલાંક દર્શનોનાં મંતવ્યોનો પ્રકાશ નિસ્તેજ થયેલો કહેવાય છે તેની પણ પ્રભા આ દેશનાની દ્યુતિ આગળ તો પાણી ભરે છે. વિજ્ઞાને જરૂર કેટલાંક એવાં તત્ત્વો પ્રકાશ્યાં છે કે જે જાણીને આ જગત્ ચકિત થાય છે પરંતુ તે જ તત્ત્વો વીરની વાણીરૂપ વેણીમાં ક્યારનાં યે ગુંથાયેલાં છે. એનો વિશેષ નિર્દેશ કરવાનું આ સ્થાન નથી તેમ સમય પણ નથી. (આનો ઉલ્લેખ મેં 'જૈન' પત્રના રજતમહોત્સવના પ્રસંગે તેના અધિપતિ ઉપર મોકલાવેલા લેખમાં કર્યો છે.) અત્યારે તો એક–બે વાતનો ઇસારો કરી સંતોષ માનીશું. આપ જાણો છો કે પાણી એ હાઇડ્રોજન અને ઓક્સિજન (પ્રાણવાયુ) એમ બે પ્રકારના વાયુનું બનેલું છે. આ વાતનો નિર્દેશ કરતાં આગમમાં કહ્યું છે કે પાણી વાયુયોનિજ છે. એવી રીતે પદાર્થોમાં–પૌદ્ગલિક દ્રવ્યોમાં એક જ જાતનું તત્ત્વ છે. આ તત્ત્વની સંખ્યા અને ગોઠવણની વિવિધતા એ જ આ બ્રહ્માણ્ડની અન્યાન્ય વસ્તુઓનો આવિર્ભાવ છે. જૈન દૃષ્ટિ પણ શું આવો

નિર્દેશ નથી કરતી કે? અગ્નિ જળરૂપે પરિણમે છે એ શું સૂચવે છે? સજ્જનો! મનુષ્ય મનુષ્ય વચ્ચેના ભેદભાવને ભેદનારા, પ્રાણીમાત્ર ઉપર સમભાવ રાખનારા, સ્વાતંત્ર્ય-વાદનાં રણશિંગડાં ફૂંકનારા, શિષ્ટતા, સાપેક્ષતા અને સહૃદયતાના હૃદયેશ્વર, દયાના સાગર તથા આત્મનાદ-બ્રહ્મનાદના આ ઉત્પાદક શ્રીમહાવીરના અલૌકિક ઉપદેશનું ઓજસ્ કંઈ ઓર જ છે. એમના વચનની પૂર્વાપર અવિરોધતા, યુક્તિબહુલતા અને મધ્યસ્થતા જોઈને તો હરિભદ્રસૂરિ જેવા વીરધર્મના ઉપાસક બન્યા. આવા ગુણાનુરાગી અને ગુણજ્ઞ ગીતાર્થોને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

**સમય અને આસન—**

આપણે આ લેખ પૂર્ણ કરીએ તે પૂર્વે સામાન્ય રીતે તીર્થંકરો ક્યારે અને કેવા આસને દેશના આપે છે તે પ્રતિ નજર કરીએ. તીર્થંકરો દિવસમાં બે વાર દેશના આપે છે: સૂર્યોદય થતાં એક પૌરુષી પર્યંત (ત્યાર પછી એટલો કાળ ગણધર મહારાજ. ત્રીજી પૌરુષી આહાર-વિહાર સંબંધી છે) અને દિવસનો ચોથો ભાગ અવશેષ રહેતાં ફરીથી એટલા કાળ સુધી. ભગવાન મહાવીરે આ નિયમનું સર્વાંગે પાલન કર્યું હતું કે નહિ તેનો ઉલ્લેખ કરવા જેટલું મારી પાસે સાધન નથી કિન્તુ નિર્વાણસમયે તેમણે સોળ પ્રહર જેટલા સમય સુધી અવિચ્છિન્નપણે દેશનામૃતનું ભવ્ય જીવોને આકંઠ પાન કરાવ્યું હતું એ ક્યાં આપથી અજાણ્યું છે?

વિશેષમાં સિંહાસન ઉપર બેસીને, ચરણકમલોને પાદપીઠ ઉપર ટેકવીને અને હાથ યોગમુદ્રામાં રાખીને વીરે દેશના દીધાનો નિર્દેશ ચેઇયવન્દણમહાભાસ (ચૈત્યવંદનમહાભાષ્યમાં) છે.

**વાણીના પ્રચાર માટે વિજ્ઞપ્તિ—**

આ પ્રમાણે પ્રતિપાદન-શૈલી દ્વારા સમયોચિત, સમતામય, હિતકારી, મર્મસ્પર્શી અને અસરકારક દેશના આપી વીરે પોતાની ધર્મધુરંધરતાનું જગતને ભાન કરાવ્યું છે. આ દેશનારૂપ સરિતાનું પાણી જેમ જેમ વહેતું રહ્યું છે અને રહેશે તેમ તેમ તે અન્યાન્ય પ્રાણીઓને પ્રાણદાતા બન્યું છે અને બનશે. આ પાણીના પ્રવાહને રોકી તેને કોઈ એક સ્થળે ભરી રાખવાનો પ્રયાસ હાનિજનક છે એ વાત કોઇને પણ સમજાવવી પડે તેમ છે કે? અંતમાં જેને આ વાણીની કિંમત સમજાઇ હોય—મુનિવરો તો આનું મૂલ્ય સમજે જ ને?—તેણે આનો પ્રચાર કરવામાં તન, મન અને ધન પૈકી એકનો પણ સદુપયોગ કરવો એટલી અભ્યર્થના કરું છું. જો આપ આ વિજ્ઞપ્તિ સ્વીકારતા હો તો આપના હૃદયપટને એ રંગથી રંગવાની પ્રાર્થના કરતો અને વિભુ વીરના આગમરૂપ સમુદ્ર અંગેનું નિમ્નલિખિત પદ્ય રજૂ કરતો વિરમું છું:—

"बोधागाधं सुपदपदवीनीरपूराभिरामं
जीवाहिंसाविरललहरीसङ्गमागाहदेहम् ॥
चूलावेलं गुरुगममणीसंकुलं दूरपारं
सारं वीरागमजलनिधिं सादरं साधु सेवे ॥"

— જૈન (તા. ૬-૪-'૩૦)

# [1]અહિંસાના અનન્ય આરાધક અને ઉપદેશક ભગવાન મહાવીરનું જીવન

આપણી આ 'ભારત' ભૂમિ ખરેખર પુણ્યભૂમિ છે, એ અગણિત સંતો, મહંતો અને મહર્ષિઓની જન્મભૂમિ છે. અસંખ્ય મહાપુરુષોએ સાધેલા ઉત્કર્ષથી અને એમણે આપેલા અમૃતમય ઉપદેશથી એના ગૌરવમાં અને એની પવિત્રતામાં અનેકગણી વૃદ્ધિ થઈ છે.

જૈનોના જે તીર્થંકરો—ધર્મતીર્થના સ્થાપકો અહીં થયા છે તેમાંના અંતિમ તીર્થંકર તે 'શ્રમણ ભગવાન મહાવીર' છે. એમનો આજે જન્મ-દિવસ છે. આ ધન્ય દિવસ તે ચૈત્ર સુદ તેરસ. એ મહાપુરુષનો જન્મ આજથી ૨૫૫૦ વર્ષ ઉપર 'મગધ' દેશના—બિહારના 'ક્ષત્રિયકુંડ' નગરના સિદ્ધાર્થ રાજાને ત્યાં થયો હતો. એમની માતા બનવાનું સદ્ભાગ્ય એ રાજાની રાણી અને ચેટક નામના પરાક્રમી રાજાની બેન ક્ષત્રિયાણી ત્રિશલાને પ્રાપ્ત થયું હતું.

શ્રીમહાવીરસ્વામીનો જે સમયે જન્મ થયો તે સમય જગતના સર્વ જીવોને આનંદદાયક અને શાંતિજનક નીવડ્યો. આમ એ એક વિશિષ્ટ પ્રસંગ હતો.

---

૧. આ આકાશવાણીના 'વડોદરા' કેન્દ્ર ઉપરથી તા. ૮-૪-'૫૨ને રોજ રજૂ કરાયેલો વાર્તાલાપ છે.

પ્રત્યેક તીર્થંકરના જીવન પરત્વે પાંચ મહત્ત્વના પ્રસંગો ગણાવાય છે. એ દરેકને 'કલ્યાણક' કહે છે કેમકે એ વિશ્વનું કલ્યાણ કરવામાં કારણભૂત બને છે. આ હિસાબે આજનો દિવસ તે મહાવીરસ્વામીનું જન્મ-કલ્યાણક. એઓ એ પૂર્વે 'પ્રાણત' નામના કલ્પમાંથી અર્થાત્ સ્વર્ગમાંથી મનુષ્ય-લોકમાં અવતીર્ણ થયા. એ 'ચ્યવન-કલ્યાણક' તરીકે ઓળખાય છે. એ દિવસ તે અસાડ સુદ છઠ.

મહાવીરસ્વામી ત્રિશલા રાણીના ગર્ભમાં આવ્યા ત્યારથી એમનાં માતાપિતાની જાહોજલાલી ખૂબ વધી. આથી એમનો જન્મ થતાં બારમે દિવસે એમનું નામ 'વર્ધમાન' રખાયું. આગળ ઉપર એઓ 'મહાવીર' તરીકે પ્રસિદ્ધિ પામ્યા. એમને મહાવીર, વર્ધમાન, વીર-વર્ધમાનસ્વામી, વિદેહદત્ત અને દેવાર્ય પણ કહે છે. સૂયગડ (૧-૨-૩-૨૨)માં અને ઉત્તરજ્ઝયણ (૬, ૧૮)માં એમણે વેસાલિય અર્થાત્ વૈશાલિક કહ્યા છે. શ્રમણ ભગવાન મહાવીરનો જન્મ 'જ્ઞાત' કુળમાં થયો હોવાથી એમને 'નાય-પુત્ત' (જ્ઞાત-પુત્ર) તરીકે પણ ઓળખાવાય છે. એમનું ગોત્ર 'કાશ્યપ' હતું. એઓ બાલ્યાવસ્થામાં યે નિર્ભય હતા.

એઓ અઠ્ઠાવીસ વર્ષના થયા ત્યારે એમણે એમના વડીલ બંધુ નંદિવર્ધન પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા અનુજ્ઞા માગી પણ એમણે એ ન આપી. એથી એઓ સંસારમાં રહ્યા પરંતુ ભલભલા શ્રમણોને પણ બોધપાઠ પૂરો પાડે એવી એમની ઉચ્ચ કોટિની જીવનચર્યા હતી.

એક વર્ષ પર્યંત યથેષ્ટ દાન દીધા બાદ ત્રીસમે વર્ષે ગુજરાતના હિસાબે કારતક વદ દસેમે 'ક્ષત્રિયકુંડ' નગરની

બહારના ઉદ્યાનમાં એમણે કેશનો પાંચ મુઠ્ઠી વડે લોચ કર્યો. સિદ્ધ પરમાત્માની સાક્ષીએ એમને સર્વ પાપમય આચરણોને જીવન પર્યંત તિલાંજલી આપવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી અને આમ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. આ અભિનિષ્ક્રમણના અનુપમ પ્રસંગને 'દીક્ષા-કલ્યાણક' કહે છે. આ પ્રસંગે એમણે બે દિવસનો ઉપવાસ યાને છઠ્ઠ કર્યો હતો.

જેમ એમણે કોઇ પણ વેળા કોઈની પણ પાસે વિદ્યાભ્યાસ કર્યો ન હતો તેમ આ અવસરે પણ એમને કોઇને ગુરુ બનાવવાની જરૂર ન પડી.

દીક્ષા લેતાંની સાથે અન્યના ચિંતનશીલ મનની આકૃતિઓનો એટલે કે એના પર્યાયોનો સાક્ષાત્ અર્થાત્ ઈન્દ્રિયો અને મનની મદદ વિના બોધ કરાવનારું જ્ઞાન એમને થયું. આને જૈન દર્શનમાં 'મનઃપર્યાય' જ્ઞાન કહે છે. આ પાંચ જ્ઞાનોમાં ચોથું ગણાય છે. હવે મહાવીરસ્વામી ચાર જ્ઞાનના ધારક થયા.

એમની દીક્ષિત અવસ્થા એ એમનો ખરેખરો કસોટીકાળ હતો. લગભગ સાડાબાર વર્ષ સુધી એમણે ઉગ્ર તપશ્ચર્યા કરી. એ દરમિયાન ફક્ત ૩૪૯ દિવસ જ આહારના હતા. બાકીના દિવસો તો નિર્જળ ઉપવાસના હતા. છ મહિના સુધીના લાગલગાટ ઉપવાસો પણ નિર્જળ હતા. બૌદ્ધ ગ્રંથોમાં મહાવીરસ્વામીને 'દીર્ઘતપસ્વી' કહ્યા છે તે આ વાત વાતની સાક્ષી પૂરે છે.

છદ્મસ્થ-અવસ્થામાં એમને જાતજાતના ભયંકર ઉપસર્ગો સહન કરવાના પ્રસંગો આવ્યા પણ એથી એઓ ડર્યા નહિ. એમણે એકલે હાથે એનો સબળ સામનો કર્યો. કોઈ

દિવસ એઓ પલાંઠી વાળીને બેઠા નહિ. લગભગ બારે વર્ષ એઓ જાગૃત રહ્યા અને એમણે મૌન ધારણ કર્યું. રૂપી પદાર્થના સ્વરૂપના સતત ચિંતનમાં એઓ મગ્ન રહ્યા. અંતે ૪૨ વર્ષની વયે એમને કેવલજ્ઞાન થયું. આ અદ્વિતીય પ્રસંગને 'કેવલજ્ઞાન-કલ્યાણક' કહે છે. આને અંગેનો મંગળ દિવસ તે વૈશાખ સુદ દસેમ અને એ સ્થળ તે 'જૃંભક' ગ્રામની પાસે 'ઋજુવાલિકા' નદીના ઉત્તર તટે આવેલા દેવાલયની નજીકનો ભાગ.

ત્રણ ત્રણ ભવથી જગતને સન્માર્ગે વાળી એનું દુઃખ સદાને માટે દૂર કરવાના ઉત્તમ મનોરથ સેવનારને એ મનોરથને સક્રિય રૂપ આપવાનો આથી સુયોગ સાંપડ્યો. સર્વજ્ઞ બનતાં વેંત એમણે અહીં સમુચિત અને એકાંતે કલ્યાણકારી ઉપદેશ લોકગિરામાં આપ્યો. પછી વિહાર કરી એઓ 'પાવાપુરી' માં 'મહસેન' ઉદ્યાનમાં આવ્યા.

આ તરફ સોમિલ નામના ધનિક બ્રાહ્મણે યજ્ઞાર્થે અગિયાર બ્રાહ્મણોને નોતર્યા હતા. એ બધા વેદાદિમાં અને ક્રિયાકાંડમાં કુશળ હતા. એઓ પોતપોતાના સેંકડો શિષ્યો સાથે આવ્યા હતા. એ અગિયારમાં ત્રણ તો ભાઈઓ હતા. એમાં ઇન્દ્રભૂતિ સૌથી મોટા હતા. એમના ગોત્રનું નામ 'ગૌતમ' હતું.

'અપાપાપુરી'માં—પાવાપુરીમાં મંગળમૂર્તિ મહાવીરસ્વામી પધારતાં ત્યાં સુશોભિત, મહામૂલ્યશાળી અને અતિશય વિશાળ મંડપની–ધર્મસભાની–જૈન પરિભાષામાં કહું તો સમવસરણની રચના કરાઇ હતી. એમના દર્શનાર્થે લોકોનાં ટોળેટોળાં આવજાવ કરતાં હતાં એ જોઇ ઇન્દ્રભૂતિનો પિત્તો ખસી ગયો. 'કોઇ

ધૂતારો પોતાને સર્વજ્ઞ કહેવડાવે છે તો મારે એની ખબર લેવી' એવો વિચાર એમને આવ્યો. એઓ તરત જ પોતાના શિષ્ય-સમુદાય સહિત સમવસરણે જવા ઉપડ્યા. સમવસરણના આકર્ષક દેખાવથી અને આગળ જતાં મહાવીરસ્વામીનાં અવયવોની સમપ્રમાણતાથી મંડિત ભવ્ય દેહ અને વિશેષતઃ એમની શાંત અને ગંભીર તેમ જ સાથે સાથે આહ્લાદદાયક મુખમુદ્રા જોતાં એમનો થોડોક ગર્વ ગળી ગયો. એવામાં વિશ્વવત્સલ મહાવીર-સ્વામીએ એમને નામ દઈને બોલાવ્યા, કુશળ સમાચાર પૂછ્યા અને એમનો મનોગત સંદેહ કહી સંભળાવ્યો. આથી એઓ ઠંડા પડી ગયા.

ઉપનિષદો વગેરેનાં વાક્યોને પરસ્પર સમુચિત રીતે સંકલિત નહિ કરવાથી અને એનો વાસ્તવિક અર્થ નહિ સમજાયાથી ઇન્દ્રભૂતિને 'જીવ છે કે નહિ' એવો અનર્થકારી સંદેહ ઉત્પન્ન થયો હતો. મહાવીરસ્વામીએ એ વાક્યોનો સાચો અર્થ બરાબર સમજાવી અને યુક્તિઓ આપી એ સંદેહને સર્વાંશે દૂર કર્યો. તરત જ ઇન્દ્રભૂતિ નમી પડ્યા અને એમણે નિર્ગ્રંથશિરોમણિ મહાવીરસ્વામી પાસે વિના વિલંબે દીક્ષા લીધી. એઓ એમના અગ્રગણ્ય જ નહિ પણ અગ્રિમ શિષ્ય બન્યા—પ્રથમ ગણધર થયા.

આ બાજુ વિનયમૂર્તિ ઇન્દ્રભૂતિ જ્યારે પાછા ન ફર્યા ત્યારે એમના લઘુ બંધુ અગ્નિભૂતિને ઝાંઝ ચડી. મહાવીરને હરાવી પોતાના ભાઈને પાછા વાળવા એઓ કટિબદ્ધ થયા. મહાવીરસ્વામીની પાસે આવતાં એમની પણ ઇન્દ્રભૂતિના જેવી

જ દશા થઇ. એમણે પણ મહાવીરસ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા. એમને એ સંદેહ હતો કે કર્મ છે કે નહિ? એમનો એ સંદેહ દૂર કરાયો એટલે એમણે દીક્ષા લીધી.

પોતાના બે વડીલ બંધુઓ મહાવીરસ્વામીને હાથે પરાજિત થયા અને એમના મુખ્ય શિષ્યો બની ગયા એ વાતની વાયુભૂતિને ખબર પડી એટલે એમણે તો મહાવીરસ્વામીને સર્વજ્ઞ માની જ લીધા. એઓ તો 'દેહથી આત્મા ભિન્ન છે કે કેમ' એ જાતના પોતાના સંદેહનું નિવારણ કરવા મહાવીરસ્વામીની પાસે આવ્યા. એમનો સંદેહ દૂર થતાં એઓ પણ એમના શિષ્ય બન્યા. આમ વારાફરતી બાકીના આઠ મહાવિદ્વાન બ્રાહ્મણો પણ મહાવીર-પ્રભુ પાસે આવ્યા અને સંદેહ રહિત થઇ એમના શિષ્ય થયા.

'જગત્ ખરેખર છે કે એ શૂન્ય છે? એ સ્વપ્ન કે ભ્રમ તો નથી ને? એવો ચોથા વિપ્રવર્યને સંદેહ હતો પાંચમાને એવો સંદેહ હતો કે 'જે પ્રાણી જે જાતિનો હોય તેવો જ તે મરીને થાય છે કે નહિ?' દા. ત. મનુષ્ય મરીને મનુષ્ય જ અવતરે છે કે કેમ? છઠ્ઠાને આત્માના બંધ અને મોક્ષ વિષે, સાતમાને સ્વર્ગ હોવા વિષે, આઠમાને નરકના અસ્તિત્વ વિષે, નવમાને પુણ્ય અને પાપ વિષે, દસમાને પુનર્જન્મ વિષે અને અગિયારમાને નિર્વાણ છે કે કેમ એ વિષે સંદેહ હતો.

આ આઠેના સંદેહ મહાવીરસ્વામીએ એમનાં જ માનેલાં શાસ્ત્રોનાં વચનથી અને યુક્તિ આપીને દૂર કર્યાં.

અગિયારે વિદ્યાવિશારદ બ્રાહ્મણો 'ગણધર' બન્યા. અને-કાન્તવાદના-સ્યાદ્વાદના પુરસ્કર્તા મહાવીરસ્વામીએ એ સૌને

એક અપૂર્વ ચાવી બતાવી. એ ચાવી એ હતી કે દ્રવ્યમાત્ર— પ્રત્યેક પદાર્થ ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવતાથી અંકિત છે. પારિભાષિક શબ્દમાં કહું તો 'ઉપન્નેઇ વા' વિગમેઇ વા' અને ધુવેઇ વા' એમ કહ્યું. આ ત્રિપદીરૂપ ચાવીને લક્ષ્યમાં રાખીને અગિયારે ગણધરોએ બાર બાર આગમોની–અંગોની સંકલના કરી. એ પ્રત્યેકને 'દ્વાદશાંગી' કહે છે.

સન્મતિ મહાવીરસ્વામીએ બારે દ્વાદશાંગી વધાવી લીધી–. પાંચમા ગણધર સુધર્મસ્વામી બધા ગણધરોમાં સૌથી વધારે જીવનાર હતા એટલે પટ્ટપરંપરા માટે એમને ક્રિયાવાદી મહાવીર-સ્વામીએ અનુજ્ઞા આપી.

જેમ જેમ ગણધરો અનશન કરી આત્મોન્નતિ સાધવા તૈયાર થતા ગયા તેમ તેમ તેઓ પોતપોતાના શિષ્યોને સુધર્મસ્વામીને ભળાવતા ગયા. આમ એમનો વંશવેલો વિસ્તર્યો. આજે પણ જે જૈન સાધુ-સાધ્વીઓ છે તેઓ પોતાને એમના વંશજ ગણાવે છે. [1]'મહાબ્રાહ્મણ' ગણાતા મહાવીરસ્વામીએ બીજી દેશના વેળા ગણધરો બનાવ્યા. તે સમયે ધર્મતીર્થ સ્થાપ્યું. એમણે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર સ્તંભવાળો સંઘરૂપ મહાપ્રસાદ ઊભો કર્યો. એમની આ યોજના એમના સમક્ષેત્રી અને સમકાલીન ગણાતા મહર્ષિ બુદ્ધ કરતાં જુદી હોવા છતાં યશસ્કરી અને કાર્યસાધક નીવડી છે.

સાધુ–સાધ્વીઓ તરફ શ્રાવક-શ્રાવિકા પૂજ્ય ભાવ રાખે અને એમના સંયમનો નિર્વાહ થાય તેમાં સહાયક બને, સાધુ–

---

૧. જુઓ પૃ. ૧૭૭.

સાધ્વીઓ શ્રાવક-શ્રાવિકાઓને સન્માર્ગે દોરે તેમ જ બંને વર્ગો પરસ્પર સહયોગ સાધે અને આવશ્યકતા પ્રમાણે દેખરેખ રાખે. આ પ્રમાણેની સુવ્યવસ્થા ચતુર્વિધ સંઘ માટે મહાવીરસ્વામીએ યોજી હતી.

ધર્મ-તીર્થ સ્થાપતી જ વેળા મહાવીરસ્વામીએ રાજકુમારી બાલબ્રહ્મચારિણી ચંદનબાલાને દીક્ષા આપી અને એમને અનેક સાધ્વીઓની સારસંભાળનું કાર્ય સોંપ્યું. આમ આ તીર્થંકરે સન્નારીઓના સામર્થ્ય અને શીલનું સાચું અને સંપૂર્ણ સન્માન કરવાનો સુંદર બોધપાઠ પૂરો પાડ્યો.

મહાવીરસ્વામીએ સંસારમાં સડાવનારા રાગ અને દ્વેષના સંપૂર્ણ સંહાર માટે સર્વાંગે સાચા સાધુ બનવાનો ઉપદેશ આપ્યો. એ મહાભારત કાર્ય કરવા માટે અસમર્થ જનો ગૃહસ્થ-ધર્મ યાને શ્રાદ્ધ-ધર્મ સ્વીકારે તો તે પણ આ દિશામાં એક પગલું ભરવા બરાબર હોવાથી એમણે એ શ્રાદ્ધ-ધર્મનો-શ્રમણોપાસક-ધર્મનો પણ ઉપદેશ આપ્યો. એમાં એમણે પરિગ્રહ ઉપર કાપ મૂકવાની વાત કરી સામ્યવાદનું સાચું સ્વરૂપ પ્રકાશ્યું. આમ એમણે પ્રાણાતિપાત-વિરમણ ઇત્યાદિ પાંચ મહાવ્રતોનો અને એને મુકાબલે અલ્પ ગણાય એવાં અણુવ્રતોનો ઉપદેશ આપવાનું કાર્ય ચાલુ રાખ્યું. એમણે જે કંઇ ઉપદેશ આપ્યો તે પાછળ એમના અનુભવ અને જ્ઞાનનું બળ હતું.

મહાવીરસ્વામી સર્વજ્ઞ થયા બાદ પણ એક ગામથી બીજે ગામ ઉઘાડે પગે ચાલીને જતા. વર્ષા ઋતુમાં એઓ એક સ્થળે સ્થિરતા કરતા. આવા એમના એકંદર ૪૨ ચાતુર્માસ દીક્ષા

દીક્ષા પછી થયા. તેમાંના ચૌદ તો રાજગૃહી—નાલંદામાં અને બાર વૈશાલીવાણિજ્યગ્રામમાં થયા.

સર્વજ્ઞ થયા પછી પંદરમે વર્ષે 'મિથિલા'માં ચાતુર્માસ સમાપ્ત થતાં મહાવીરસ્વામી 'શ્રાવસ્તી' નગરીમાં પધાર્યા હતા. તે સમયે આ નગરીમાં ગોશાલક પણ હતા. એમની ત્રીજી વારની વિજ્ઞપ્તિ થતાં શ્રમણરત્ન મહાવીરે પોતાની છદ્મસ્થદશામાં એમને શિષ્ય તરીકે સ્વીકાર્યા હતા પરંતુ આગળ જતાં એઓ એમનાથી જુદા પડી ગયા હતા.

એ ગોશાલક વિષે બૌદ્ધ સાહિત્યમાં ઉલ્લેખ છે. એ 'આજીવિક' સંપ્રદાયના નેતા હતા અને નિયતિવાદના પુરસ્કર્તા હતા. તેજોલેશ્યા જેવી શક્તિથી અને અષ્ટાંગ નિમિત્તના જ્ઞાનથી એઓ પોતાને અજેય માનતા હતા અને પોતાને 'તીર્થંકર' તરીકે ઓળખાવતા હતા. ઇન્દ્રભૂતિને કાને આ વાત પહોંચી એટલે એમણે મહાવીરસ્વામીને સાચી હકીકત શી છે તે જણાવવા કહ્યું. એ ઉપરથી એમણે ગોશાલકનું મંખલિપુત્રથી માંડીને સમગ્ર જીવનવૃત્તાંત કહી સંભળાવ્યું. આ સાચી વાત ગોશાલકને ગમશે નહિ, એ તેજોલેશ્યા મૂકશે, પોતાના બે શિષ્યોને બાળી મૂકશે અને પોતાને પણ છ મહિના કાયિક કષ્ટ ભોગવવું પડશે એ જાણવા છતાં એમણે સત્ય વસ્તુ નીડરપણે કહી. તેમ થતાં ગોશાલકે પોતાનું પોત પ્રકાશ્યું, જો કે અંતસમયે સાચો એકરાર કર્યો.

મહાવીરસ્વામીનું અંતિમ ચાતુર્માસ પાવાપુરીમાં થયું. એ સમયે એમને બોત્તેરમું વર્ષ ચાલતું હતું.. એ નગરીના હસ્તિપાલ રાજાની શુલ્કશાલામાં એટલે જકાતખાતાની કચેરીમાં

તો કેટલાકના મતે એમની રજ્જુશાળામાં એઓ બિરાજતા હતા. નિર્વાણસમય નજીક આવતો જાણી એમણે ઇન્દ્રભૂતિને—એમના પ્રત્યે અનન્ય રાગ ધરાવનાર શ્રમણવર્યને પાસેના ગામમાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા મોકલ્યા. આમ કરવામાં એમનો ઉદ્દેશ ઇન્દ્રભૂતિના પોતાના તરફના પ્રશસ્ત રાગને–મમતાને દૂર કરાવી એમને સર્વજ્ઞ બનાવવાનો હતો કેમકે એ ગણધરને આ અનન્ય રાગ સર્વજ્ઞતા પ્રાપ્ત કરવામાં આડખીલીરૂપ હતો.

અંતસમયે દેવાધિદેવ પરમશૂન્યવાદી મહાવીરસ્વામીએ છઠ્ઠ કરી સોળ પહોર સુધીની અવિચ્છિન્ન દેશના આપવાનું કાર્ય આરંભ્યું. એઓ પર્યંકાસને આરૂઢ થયા. એમણે મન, વચન અને કાયાની સ્થૂળ અને આગળ ઉપર સૂક્ષ્મ પ્રવૃત્તિઓ પણ થંભાવી દીધી. મજબૂતમાં મજબૂત બાંધાવાળા—પારિભાષિક શબ્દોમાં કહું તો સર્વોત્કૃષ્ટ સંહનનવાળા મહાવીર પ્રભુ શુક્લ ધ્યાનની પરાકાષ્ઠાએ પહોંચ્યા. તેમ કરીને એમણે રહ્યાં સહ્યાં કર્મના સર્વ બંધના ચૂરેચૂરા કરી નાખ્યા. એક પલકારામાં તો એઓ મોક્ષનગરે સિધાવ્યા. આ એમનું પાંચમું–અંતિમ કલ્યાણક ગણાય છે. આ મોક્ષકલ્યાણકરૂપ મહત્ત્વનો બનાવ આજથી ૨૪૭૯ વર્ષ ઉપર ગુજરાતના હિસાબે આસો માસની અમાસે બન્યો. વિદ્વાનો એને ઇ. સ. પૂર્વે ૫૨૭ની સાલનો ગણે છે.

એમના પરિનિર્વાણના સમયે કોઇક કારણસર અરાઢ દેશના ગણરાજાઓ ભેગા થયા હતા.

[1]મહાગોપ, [2]મહાસાર્થવાહ, [3]મહાધર્મકથી અને [4]મહાનિર્યામક એવા મહાવીર પ્રભુરૂપ ભાવ-દીપક ઓલવાઇ જતાં એને સ્થાને એ રાજાઓએ દ્રવ્ય-દીપક પ્રગટાવ્યા. એથી 'દીપોત્સવી-પર્વ' ઉદ્‌ભવ્યું એમ મનાય છે.

જાતિવાદનાં અનિષ્ટ તત્ત્વોને તિલાંજલિ આપી ગુણવત્તાને પોષનારા, ઉદ્યમને સમુચિત સ્થાન આપનારા, અહિંસાના અનન્ય આરાધક અને ઉપદેશક, વિશ્વોદ્ધારક, યુગપ્રવર્તક, ધર્મધુરંધુર, જગદ્વન્દ્ય; શ્રમણ ભગવાન મહાવીરને કોટિશઃ વંદન.

— [5]ગુજરાત્રમિત્ર તથા ગુજરાતદર્પણ (તા. ૨૧-૪-'૫૨) તથા [6]દિગંબર જૈન (વ. ૪૫, અં. ૭; તા. ૨૦-૫-'૫૨)

---

૧-૪ આ સંબંધમાં જુઓ અનુક્રમે પૃ. ૧૭૭-૧૭૮, ૧૭૮, ૧૭૮-૧૭૯ અને ૧૭૯.

૫-૬ ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી.

[ ૧૯ ]

# [1]મહાવીર પ્રભુની જયંતી

સભાપતિ મહોદય અને સુજ્ઞ બંધુઓ!

શ્રમણ ભગવાન મહાવીરની જયંતી જેવા આજના આ માંગલિક પ્રસંગે બોલવા માટે મને જે તક આપવામાં આવે છે તે બદલ હું "સ્વયંસેવક મંડળ"નો આભારી છું મારા વક્તવ્યમાં હું આગળ વધું તે પૂર્વે મારી મન્દ મતિને લઇને મારા ક્ષુદ્ર વિચારોમાં ભાષાની કે કળાની દૃષ્ટિએ જે ન્યૂનતા જણાય તે બદલ આપ સર્વેની ક્ષમા યાચું છું.

સજ્જનો! ધન્ય ઘડી ને ધન્ય દિવસ છે આજે કે આપણે બધા વિશ્વોપકારી જગદ્વન્દ્ય મહાત્માના યશોગાન ગાવા એકત્રિત થયા છીએ. આ મહાત્મા તે કોણ? એ તો બીજા કોઇ નહિ પણ દ્રવ્ય-યજ્ઞના શોષક અને ભાવ-યજ્ઞના પોષક, ઉન્માર્ગના નિરોધક અને સન્માર્ગના ઉદ્દ્યોતક, ભ્રાન્તિના વિભેદક અને સ્યાદ્વાદના ઉપદેશક, ગુરુના પણ ગુરુ અને દેવના પણ દેવ વીર. આ હકીકત જરા વિસ્તારથી કહું તો આ આર્યાવર્તમાં એક સમય એવો પણ હતો કે ધર્મના નામે ઘોર અત્યાચાર સમગ્ર દેશમાં કાળો કેર વર્તાવી રહ્યો હતો. વેદવિહિત હિંસા તે હિંસા નથી એ સૂત્રના બહાના હેઠળ અનેક પશુઓનો હોમ કરવામાં આવતો હતો એટલું જ નહિ,

---

૧. આ ભાષણ મુંબઇમાં 'જ્યુબિલિયન એક્સચેન્જ' હોલમાં મહાવીરસ્વામીના જન્મકલ્યાણકના પ્રસંગે અપાયું હતું.

પરંતુ નરમેધ સુધીની દુઃસહ્ય પરિસ્થિતિ ઊભી થઇ હતી. આ ભીષણ હત્યાકાણ્ડરૂપ અંધકાર એટલો બધો દુર્ભેદ્ય બન્યો હતો કે વિવેકદૃષ્ટિ ત્યાં કામ કરી શકતી નહિ પરંતુ એ ભૂલવા જેવું નથી કે અંધારામાં અંધારો કાળ તો અરુણોદય સમીપનો જ હોય છે. તેમ આવા કટોકટીના સમયમાં 'મગધ' ભૂમિરૂપ ઉષા એક નહિ પણ બે પ્રબળ પ્રતાપી સૂર્યોને કાલાંતરે જન્મ આપવા તૈયાર થઇ. આ બે સૂર્યો તે બીજા કોઇ નહિ પણ એક તો દેવાર્ય, જ્ઞાતનન્દન, વર્ધમાન, વીર અને મહાવીર નામે ઓળખાતા જૈનોના છેલ્લા તીર્થંકર કે જેમની જયંતી ઉજવવાનું આપણને આજે સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે અને બીજા શુદ્ધોદન રાજા અને માયા દેવીના પનોતા પુત્ર- શાક્યસિંહ અને શાક્યપુત્રને નામે પણ ઓળખાતા મહર્ષિ બુદ્ધ.

આ બે વિશ્વોદ્ધારક વીરોએ દ્રવ્ય–યજ્ઞની સામે પોતાના મોરચા માંડચા અને તેની સાથેના ભયંકર રણસંગ્રામમાં ઝંપલાવ્યું. રણભૂમિમાં તેમણે અહિંસાનાં રણશિગડાં એટલા જોરથી ફૂંકયાં કે તેના પ્રખર પડઘા આજે લગભગ પચીસ સૈકા પછી પણ આપણા બધાના શ્રવણપથ ઉપર અથડાય છે.

સજ્જનો ! શ્રીમહાવીરની મનોહર મહત્તાનું સંપૂર્ણ નિરૂપણ કરવા કોણ સમર્થ છે ? શું અસાધારણ પ્રતિભાના પતિ 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દસમા–અંતિમ પર્વમાં આ ભારતભૂષણના જીવનપ્રસંગોનું સંપૂર્ણ વર્ણન કરી શકયા છે ? શું જ્ઞાનાદિત્ય ભદ્રબાહુસ્વામી પણ પજ્જોસવણાકપ્પ યાને કલ્પસૂત્રમાં તેનું સ્વરૂપ સર્વાંશે આલેખી શકયા છે ? શું અનેક લબ્ધિઓના ભંડાર અને સર્વતન્ત્રસ્વતન્ત્ર

મહાત્માઓ પણ આ વીરનાં જીવનસૂત્રો આગમોમાં પૂરેપૂરાં ગૂંથી શક્યા છે? તો પછી મારા જેવો પામર એમના જીવન-પ્રસંગ ઉપર શો પ્રકાશ પાડી શકે? છતાં પણ મારે કહેવું પડશે કે હે વીર! "[1]त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम्"—શ્રીમહાવીર પ્રત્યેની મારી ભક્તિ જ મને વાચાલ બનાવે છે.

આ ભક્તિ પરત્વે એટલું નિવેદન કરવાની રજા લઉં છું કે આનો પાયો નાંખવામાં હું વીર પરમાત્માના સાક્ષાત્ દર્શન કે તેમના ઉપદેશના શ્રવણનો પણ લાભ મેળવી શક્યો નથી. વિશેષમાં અંધશ્રદ્ધા કે સામ્પ્રદાયિક મોહની ઈંટોથી આ ભક્તિની ઇમારત ચણવી મેં દુરસ્ત ધારી નથી. આ ઇમારતની સમસ્ત સામગ્રી તરીકે શ્રીવર્ધમાને પ્રરૂપેલા અને પૂર્વાચાર્યોએ ગ્રન્થો દ્વારા ઉદ્ધરેલા સિદ્ધાન્તોરૂપ વારસાનો જ ઉપયોગ કર્યો છે અને કરું છું. આ અમૂલ્ય વારસાનો હું એકલો જ વારસ નથી. આપ પણ તેના પૂરેપૂરા હકદાર છો. અરે આ ચરાચર બ્રહ્માણ્ડનો કોઇ પણ જીવ તેનો ભાગીદાર છે. ફક્ત શરત એ છે કે તે વીર પરમાત્માના પંથે ચાલવાની ઉત્કંઠા ધરાવતો હોવો જોઇએ.

આ વીતરાગપ્રરૂપિત સિદ્ધાન્તોની યથામતિ સમીક્ષા કરતાં અને પ્રસંગવશાત્ અન્યાન્ય દાર્શનિક વાટિકાઓમાં વિહાર કરતાં મને એવો ભાસ થયો છે—કહેવા દેશો કે પ્રતીતિ થઈ છે કે સ્યાદ્વાદરૂપ સુવાસિત વિશાળ વૃક્ષને પલ્લવિત અને ફળદ બનાવવાનું માન તો શ્રીમહાવીર અને તેમના અનુયાયી પૂજ્ય શ્રમણ-વર્ગને જ મળે છે.

---

૧. જુઓ ભક્તામરસ્તોત્ર ( શ્લો. ૬ ).

સ્પષ્ટ શબ્દોમાં કહું તો જૈન દર્શનમાં જેટલે અંશે સ્યાદ્વાદને યથાયોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે એટલે અંશે—એનાથી દસમે ભાગે પણ આ ઉમદા અનેકાન્તવાદને અન્ય દર્શનમાં સ્થાન આપવામાં આવ્યું નથી. આ અપૂર્વ સિદ્ધાન્તની જૈન દર્શનમાં વ્યાપકતા જોઇને તો વિદ્વાનો આ દર્શનને 'સ્યાદ્વાદ-દર્શન' તરીકે ઓળખાવે છે. સ્યાદ્વાદ એક એવી અપૂર્વ કૂંચી છે કે જેની મદદથી અનેક ગૂંચવણોનાં-સામાજિક અને સાંપ્રદાયિક ગૂંચોનાં તાળાં ખોલી શકાય છે. આ સ્યાદ્વાદ જ એક એવું અપૂર્વ વ્યાસપીઠ – પ્લેટફૉર્મ ( platform ) છે કે જેના ઉપર બેસવાનું અને એકબીજાના વિચારોની આપલે કરવાનું સૌ કોઇ દાર્શનિક સહર્ષ સ્વીકારી શકે છે. આ સંબંધમાં વિશેષ ન કહેતાં એટલું જ કહીશ કે સંકુચિત દૃષ્ટિનો-એકપક્ષીય પક્ષપાતનો બહિષ્કાર કરનારું આ અણમોલું સાધન છે. એના જેવું બીજું એકે સાધન આ ધરતીના ચારે ખૂણામાં પણ શોધ્યું સાંપડે તેમ નથી.

આ સાધનને તેના સાધક-પ્રરૂપક શ્રીમહાવીરથી હું જુદું પાડી શકતો નથી. પ્રભુની રગેરગમાં સ્યાદ્વાદનું લોહી ફરી રહ્યું હતું. આને લઇને તો તેઓ પરમતસહિષ્ણુતાની પરાકાષ્ઠાએ પહોંચી શકયા હતા. આનું મારે આપણે મૂર્ત્ત ઉદાહરણ આપવું પડશે કે ? એમ જ હોય તો સુપ્રસિદ્ધ ગણધરવાદ તરફ નજર કરવા તસ્દી લેશો.

ચાર વેદમાં પારંગત અને ચૌદ વિદ્યાના પારગામી વિપ્રવર્ય ગૌતમસ્વામીને પ્રતિબોધ પમાડતી વેળાએ—તેમની 'જીવ છે કે નહિ' એ શંકાનું શાંત ચિત્તે સમાધાન કરતી વેળાએ ભગવાન મહાવીરે વેદવાકયોનું પણ અવલમ્બન કર્યું છે. વેદોને

જૂઠા કહેવાની કે તેને કુશાસ્ત્ર કહેવાની રીતિ તેમણે આદરી નથી. તેમણે તો વેદવાક્યોનો સુઘટિત અર્થ કરીને વિપ્રવર્યને સંતોષ પમાડ્યો છે. આ પ્રમાણે અન્ય દાર્શનિક શાસ્ત્રનો તિરસ્કાર ન કરતાં તેના સિદ્ધાંતોનો પણ સાચો સમન્વય કરવાનું બોધદાયક પગલું પ્રભુએ ભર્યું છે. આમાં તેમની દીર્ઘદર્શિતા ઝળકી રહે છે. આ 'દીર્ઘદર્શિતા' શબ્દ મારા સ્મરણપટ ઉપર આ વીર પ્રભુનાં જીવનગત ત્રણ દૃશ્યો રજૂ કરે છે. એક તો એ છે કે મહર્ષિ બુદ્ધના સંબંધમાં કહેવાય છે કે તેમણે સંસારને સલામ ભરી સંન્યાસ સ્વીકાર્યો-પ્રવ્રજ્યા ગ્રહણ કરી-દીક્ષા લીધી ત્યારે જે ગુરુ કર્યા તેમના સિદ્ધાંતનો અને એથી તેમનો પણ તેમણે ત્યાગ કરવો પડ્યો. બીજું દૃશ્ય તે ઇષ્ટ સિદ્ધિને માટે સ્વીકારેલી તપશ્ચર્યા પણ તેમને અધવચ પડતી મૂકવી પડી તે છે. આવા પ્રસંગો શ્રીમહાવીરના સંબંધમાં જોવામાં આવતા નથી. તેમણે દીક્ષાસમયે પરમાત્માઓની-સિદ્ધ ભગવાનોની સાક્ષીએ સામાયિક વ્રતના ઉચ્ચારણ દ્વારા જે પ્રતિજ્ઞાઓ લીધી તેનો પૂરેપૂરો નિર્વાહ જીવન પર્યન્ત કર્યો. તપશ્ચર્યાના સંબંધમાં પણ એમને કશો કટુ અનુભવ મળ્યો નથી. કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી તેમણે પોતાની ઘોર-અતિઘોર તપશ્ચર્યાઓ ચાલુ રાખી અને આથી કરીને પ્રતિસ્પર્દ્ધી ગણાતા બૌદ્ધ ગ્રન્થકારોને હાથે 'દીર્ઘતપસ્વી'નો માનવંતો ઇલ્કાબ તેઓ મેળવી શક્યા.

દીર્ઘદર્શિતાનું ત્રીજું દૃશ્ય એ છે કે ગૃહસ્થોને તીર્થના-ચતુર્વિધ સંઘના અંગરૂપે ન ગણતાં તેમને પ્રેક્ષક જેવા ગણવાનું જે વલણ શ્રીબુદ્ધે ગ્રહણ કર્યાનું કહેવાય છે અને જેને લીધે કહેવાય છે તેમ બૌદ્ધ ધર્મ તેની જન્મભૂમિરૂપ આ 'ભારત

વર્ષમાંથી લુપ્તપ્રાય થઈ ગયો તેવું વલણ શ્રીમહાવીરનું હતું નહિ. એમણે તો સાધુ-સાધ્વીરૂપ સમુદાયના જેટલો જ શ્રાવકોનો અને શ્રાવિકાનો-ગૃહસ્થગણનો સરખો હિસ્સો સ્વીકાર્યો છે અને આ બધાંને પોતાના તીર્થના સ્તંભરૂપ ગણ્યાં છે.

સુજ્ઞ શ્રોતાઓ ! જેમ વાણી અને વર્તનમાં ઐક્ય જાળવવાનો પાઠ શ્રીમહાવીરની સંયમયાત્રાના અવલોકનથી જાણી શકીએ છીએ-દીક્ષાસમયે ઉચ્ચારેલા આદર્શ સામાયિકની દુર્ધર પ્રતિજ્ઞાનું અનુપમ પાલન એમના જીવનમાં નિહાળી શકીએ છીએ તેમ ભયંકરમાં ભયંકર ઉપસર્ગો કૂવામાં ફેંકી દેવા જેવા દારુણ અને મર્મભેદક બનાવો પણ અપૂર્વ ધૈર્યથી સમભાવથી—નહિ કે ક્રોધપૂર્વક સહન કરવાનો પાઠ પણ એમનો દીક્ષાકાળ પૂરો પાડે છે.

શ્રીમહાવીરસ્વામીને જે ભીષણ ઉપસર્ગો સહન કરવા પડે તેમ હતા તેથી વાકેફગાર ઈન્દ્ર સહાયક થવા પ્રભુને વિનવે અને તેઓ તેનો સપ્રેમ અસ્વીકાર કરે એ પણ એક અપૂર્વ પાઠ ઉપસ્થિત કરે છે. કોઇ તીર્થંકરે અન્યની સહાયતાથી કેવલજ્ઞાન મેળવ્યું નથી અને મેળવશે નહિ. તેઓ તો ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટે સ્વાશ્રયનો જ આધાર લે છે એમ સ્ફુટ રીતે ઇન્દ્રને સમજાવી પોતે સ્વાશ્રયી રહ્યા. આપણે આ ઉપરથી સમજી શકીએ છીએ કે શ્રી'શત્રુંજય'ની પવિત્ર યાત્રાનાં દ્વારો ઉઘાડવા માટે આત્મબળ—સ્વાશ્રય જેવું એકે સિદ્ધ શસ્ત્ર નથી.

સજ્જનો ! શ્રીમહાવીરની વિશિષ્ટતાઓ કયાં વર્ણવી જાય તેમ છે ? તેમની ઉદારતાનું માપ-વાદાર્થે આવેલા વાદ કરી સર્વજ્ઞતા ખૂંચવી લેવા આવેલા શ્રીગૌતમસ્વામીને નિઃસંશય

પરાજિત કરી 'ગણધર' પદ આપી–'તીર્થ' પદવી આપી અને નિર્વાણસમયે સર્વજ્ઞતા અપાવનારા શ્રીવીરની વિશાળ દૃષ્ટિનું માપ મારા જેવો કેવી રીતે કાઢી શકે? સેવકને પણ સેવ્ય બનાવવા—સાચા સેવકને પોતાના જેવો બનાવવા મથનારાની ગણીગાંઠી સંખ્યામાં શ્રીમહાવીરનું નામ કયું સ્થાન ભોગવે છે તે આપ વિચારી લેશો.

બંધુઓ! અજૈન વર્ગમાં માનનીય સ્થાન ભોગવતા વેદોમાં સ્ત્રી અને શૂદ્રોને અધ્યયન કરાવવાની પરવાનગી આપી નથી. આથી સમજી શકાય છે કે મહિલાઓને મુક્તિની અધિકારિણી તરીકે તો વેદો સ્વીકારે જ શાના? વળી જે મહર્ષિ બુદ્ધે મહિલાઓને સાધ્વી બનવાની અનુજ્ઞા આપતાં આનાકાની કરી તેઓ પણ સ્ત્રી-પુરુષના મુક્તિને માટેના સમાન હકના હિમાયતી ગણાય ખરા કે? પ્રમદા પણ પુરુષની જેમ મુક્તિને માટે સર્વથા લાયક છે—તેને માટે એ શિવપુરીના દરવાજા ખુલ્લા છે એવી ઉદાર ઉદ્‌ઘોષણા ૨૪૫૫ વર્ષ પૂર્વે કરવાનું માન શ્રીમહાવીરને જ ઘટે છે એ શું ઓછા આનન્દનો વિષય છે?

પ્રસંગવશાત્ એટલું મારે ઉમેરવું પડે છે કે ત્રૈલોક્યસારાદિ દિગંબર ગ્રન્થોમાં સ્ત્રીને મોક્ષ મળ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં દિગંબરોનો મોટો ભાગ મહિલાઓને મુક્તિની અધિકારિણી ગણતા નથી એ વિષયની અપ્રસ્તુત ચર્ચામાં ન ઊતરતાં ન્યાય-વિશારદ ન્યાયાચાર્ય શ્રીયશોવિજયગણિના શબ્દોમાં એકતીસા સવૈયામાં તેમને ઉદ્દેશીને એટલું તો જરૂર કહીશ કે—

"पुण्यके कचोल रंग रोलके निचोल सोल शील थै
अडोल याकी जातीमें महासती,

थामै जगतातनकी मात अवदात गात नमै जाकुं इंद्र
जाति नित्तही महीपति ।
दानके स्वभाव साचे तपके प्रभाव जाचै राचै नहि भाव
काचै नाचै माचै साधु संगति,
धर्मकी अवलंबिनी जो दोषकी विलंबिनी नितंबिनी है
ऐसी ताकूं क्यूं न पंचमी गति ?"

સદ્‌ગૃહસ્થો ! ઉચ્ચ કોટિના શુકલ ધ્યાનરૂપ વેદી ઉપર કામ, ક્રોધ, મદ અને માયા જેવી પાશવ વૃત્તિઓનો હોમ કરી ભાવ-યજ્ઞની પુષ્ટિ કરનારા શ્રીમહાવીરના જીવનપ્રસંગોમાં વિશેષ ઊંડો ઊતરી હું આપના ધૈર્યને ડોલાયમાન કરવા ઇચ્છતો નથી. હવે એક વાતનો નિર્દેશ કરી હું મારું વક્તવ્ય આપની સહાનુભૂતિથી પૂર્ણ કરીશ.

બંધુઓ ! વિશ્વબંધુતાનો વિજયવાવટો ફરકાવનારા, કાયિક, વાચિક અને માનસિક બ્રહ્મચર્ય પાલનારા અને તેનું મહત્ત્વ સ્ફુટ કરવાની ખાતર તેનો પૃથક્ મહાવ્રત તરીકે ઉલ્લેખ કરનારા, મને અને તમને ઈશ્વર બનવાનો રાજમાર્ગ દર્શાવનારા, સ્યાદ્વાદી, પરમ ત્યાગી, આત્મસંયમી, દીર્ઘતપસ્વી, કેવલજ્ઞાની અને મુક્તિસ્વામી શ્રીમહાવીરની વીરતા, ગુરુતા, પ્રભુતા, અલૌકિકતા, અને દિવ્યતા પ્રત્યે કયા ચતુરનું ચિત્ત ચોંટે તેમ નથી ? પરંતુ હા હું ભૂલું છું. વસ્તુસ્થિતિ આથી વિપરીત જણાય છે કેમકે આવા ધર્મધુરંધર જગદાનન્દક ત્રિશલાનન્દનનું જીવન-ચરિત્ર ગુર્જરાદિ ગિરાઓમાં વિશિષ્ટ દૃષ્ટિપૂર્વક હજી સુધી રચાયું-પ્રસિદ્ધ થયું નથી તે શું સૂચવે છે ?

—મુંબઈ સમાચાર (તા. ૨૦-૪-'૧૮) તથા
વીરશાસન (પુ. ૬, અં. ૩૧; તા. ૨૭-૪-'૨૮)

## [૨૦]

# ચરમ જિનેશ્વરનું જન્મકલ્યાણક

આ લેખનો પ્રારંભ એના શીર્ષકગત શબ્દોના સ્પષ્ટીકરણપૂર્વક કરવો ઉચિત સમજાય છે એટલે સૌથી પ્રથમ તો હું એ દિશામાં પ્રયાણ કરું છું.

આપણી આ 'ભારત' ભૂમિમાં અત્યાર સુધીમાં અનંત તીર્થંકરો થઈ ગયા છે. તેમાં શ્રમણ ભગવાન મહાવીરનો ક્રમાંક છેલ્લો આવે છે.[1] એથી તેમનો 'ચરમ તીર્થંકર' તરીકે ઉલ્લેખ કરાય છે.

એ વાત તો સુવિદિત છે કે જિન ચાર પ્રકારના છેઃ (૧) શ્રુતજિન અર્થાત્ દસપૂર્વધરથી માંડીને તે ચૌદપૂર્વધર પર્યંતના મુનીશ્વરો, (૨) અવધિજિન એટલે કે અવધિજ્ઞાનધારી શ્રમણો, (૩) મનઃપર્યાયજિન એટલે કે વિપુલ-ઋજુમતિ–મનઃપર્યાયના ધારક તેમ જ વિશુદ્ધ ચારિત્રના પાલક નિર્ગ્રંથો અને (૪) કેવલિજિન યાને સામાન્ય કેવલી. આ ચાર પ્રકારના જિનોમાં તીર્થંકર ૩૪ અતિશય તેમ જ ૩૫ ગુણોથી યુક્ત વાણીરૂપ ઐશ્વર્ય વડે અલંકૃત હોય છે વાસ્તે તેઓ 'જિનેશ્વર' કહેવાય છે. આવા એક જિનેશ્વરના જન્મકલ્યાણકને ઉદ્દેશીને અત્ર વિચાર કરાય છે.

---

૧. સમીપતાની અથવા આસન્ન ઉપકારિત્વની દૃષ્ટિએ વિચારીએ તો તેમનો ક્રમાંક પહેલો છે એમ કહેવું જોઇએ.

દરેક જિનેશ્વરના જીવનમાં ચ્યવન, જન્મ, નિષ્ક્રમણ, કેવલજ્ઞાન અને નિર્વાણ એ પાંચ પ્રસંગો ખાસ આગળ પડી આવે છે. એ દરેક પ્રસંગ સમગ્ર ત્રિભુવનને સુખદાયક અને એથી કરીને એક આશ્ચર્યરૂપ છે. વળી એ અમૂલ્ય પ્રસંગ ભાવિક જીવોને કલ્યાણરૂપ ફળ આપે છે. આથી એ પ્રત્યેક પ્રસંગનો શાસ્ત્રકાર [1]'કલ્યાણક' તરીકે નિર્દેશ કરે છે.

આપણે અત્ર દેવાધિદેવ દેવાર્યનાં પાંચ કલ્યાણકોના દિવસોનો વિચાર કરીશું તો જણાશે કે પંચાસગમાં અષાઢ શુદ છઠ, ચૈત્ર શુદ તેરસ, માગસર [2]વદ દસમ, વૈશાખ શુદ દસમ અને કાર્તિક [3]વદ અમાસની નોંધ લેવામાં આવી છે. એ પાંચ અપૂર્વ અવસરો પૈકી પ્રસ્તુતમાં આપણે ચૈત્ર શુદ તેરસ સાથે નિકટ સંબંધ છે એટલે એ દિવસે આપણે શું કરવું જોઇએ તેનો સહજ પ્રશ્ન ઊઠે છે. આનો ઉત્તર તરીકે ટૂંકમાં એટલું જ કહેવું બસ થશે કે આપણે નામધારી જૈનને છાજે એવું જીવન ન જીવતાં વાસ્તવિક જૈનને શોભે એવું જીવન જીવવું જોઇએ. તેમ થતાં જૈન ગૃહસ્થનું જીવન જોઇને અન્યદર્શનીય ગૃહસ્થો પણ તેવું જીવન જીવવા લલચાશે અને જૈન શ્રમણનું જીવન ઉત્તરોત્તર આદર્શ સાધુતાને અનુરૂપ

---

૧. દરેક કલ્યાણકના વખતે ચોસઠે ઇન્દ્રનું અત્ર આગમન થાય છે કે નહિ તેમ જ તેઓ 'નંદીશ્વર' દ્વીપે જાય છે કે નહિ ઇત્યાદિ બાબતોનો ઊહાપોહ હવે પછી કરવા વિચાર છે.

૨-૩ આ હકીકત ઉત્તર હિંદુસ્તાનની દૃષ્ટિએ સમજવાની છે; ગુજરાતની અપેક્ષાએ તો એક મહિનો પાછળ સમજવો.

જ બનતું જોઇને ૫૬ લાખ બાવાની જમાતને પણ સુધરવાનું મન થશે.

જગતને જૈન જીવનનો સ્પષ્ટ અને સાચો ખ્યાલ આવે તે માટે એ જીવનની મંગળ મૂર્તિરૂપ મહાવીરનો પરિચય કરાવનારાં સાધનો તૈયાર કરાવવાં જોઇએ. એ દેવાધિદેવનું સંપૂર્ણ, સમીક્ષાત્મક અને સર્વતોભદ્ર જીવન આધુનિક પરિસ્થિતિને અનુલક્ષીને એક નહિ પણ અનેક ભાષાઓમાં લખાવું જોઇએ અને તેના ખપી જનોને તેની એકેક નકલ મળી શકે તેવો પ્રબંધ થવો ઘટે.

વિભુ વર્ધમાનની વિભૂતિરૂપ અને અખિલ આલમને આશીર્વાદરૂપ આર્હત દર્શનનો સંદેશો જગતના એકેએક ખૂણામાં પહોંચાડી શકાય તેવી અત્યારે સાનુકૂળતા જણાય છે તો પછી તે માટે આવશ્યક પગલાં ભરવાં જ જોઇએ. ઉદાહરણાર્થે આગમોના અખંડ અભ્યાસી નિષ્પક્ષપાતી લેખક મહાશયને હાથે લગભગ અડધો પોણો કલાક વાંચતા થાય તેવો એક નિબંધ તૈયાર થવો ઘટે. એ નિબંધ અંગ્રેજીમાં ન લખાયો હોય તો તેનો આંતરરાષ્ટ્રીય ભાષામાં અનુવાદ કરાવી તેનો દેશવિદેશમાં પ્રચાર-બ્રૉડકાસ્ટ (broadcast) કરાવો જોઇએ. બાકીના સમયમાં શહેરોમાં તેમ જ ગામડાંઓમાં પણ ઠેકઠેકાણે પ્રભુ મહાવીરના જીવનમાંથી બોધદાયક પ્રસંગો તારવી બતાવવા જોઈએ. દાખલા તરીકે અહિંસાનો જ વિજય થાય છે એવો લોકમત કેળવાય તે માટે યોગ્ય દાખલાદલીલો રજૂ કરવાં જોઈએ. વિભુ વર્ધમાનની વીતરાગતા અને નિઃસ્વાર્થતા, પોતે સર્વજ્ઞ હોવા છતાં તેમણે તીર્થને કરેલો નમસ્કાર ઇત્યાદિ

તેમના અનેક અનુકરણીય ગુણોની કંઇ નહિ તો સાર્વત્રિક અનુમોદના તો થાય એટલા પૂરતી ઉચિત ભૂમિકા તૈયાર થવી ઘટે.

"[1]સવિ જીવ કરું શાસનરસી" એવી અનુપમ ભાવના ભાવનારા અને તે પ્રમાણે વર્તન કરનારા પરમાત્મા મહાવીરની આ જન્મકલ્યાણકરૂપ પુણ્ય તિથિએ એવા શ્રીગણેશ મંડાવવા જોઇએ કે જેથી જૈન જીવનમાં વિશ્વપ્રેમને માટે કેવું અને કેટલું સરસ સ્થાન છે તેનો સૌ કોઇને વહેલો-મોડો પણ જરૂર સાક્ષાત્કાર થાય.

વિશેષમાં આ માંગલિક દિવસે સાધર્મિક વાત્સલ્યને સાંગોપાંગ અને સક્રિય બનાવવાના માર્ગો યોજાય અને તેનો સત્વર અને સચોટ અમલ થાય તે તરફ પૂરતું લક્ષ આપાવું જોઇએ.

આ લેખનું કલેવર વધી જવાના ભયથી એને સમાપ્ત કરતાં પૂર્વે એટલો નિર્દેશ કરી લઉં કે 'વીર' શબ્દના વિવિધ અર્થોને સાર્થક બનાવનારા વીરની સુધાસ્રાવી વાણીને ગણધર-દેવોએ રોચક તેમ જ ચાર અનુયોગોને પોષક સૂત્રોમાં ગૂંથી લઈને અને ત્યાર બાદ થયેલા શાસનનાયક મુનિપુંગવોએ એની વ્યાખ્યાઓ રચી એ અદ્‌ભુત સાહિત્યને સુશોભિત કરીને

---

૧. આ પંક્તિ વીરવિજય (લ. વિ. સં. ૧૮૨૮-વિ. સં. ૧૯૦૮) કૃત સ્નાત્રપૂજા નામની કૃતિમાં લગભગ પ્રારંભમાં છે.

પોતાની વિદ્વત્તાનો જે અમૂલ્ય વારસો આપણને આપ્યો છે એને બરાબર સાચવી રાખવા માટે તેમ જ બને તો એને સમૃદ્ધ બનાવવા માટે સહૃદય સાક્ષરો તરફથી વિશિષ્ટ પ્રયાસો થતા રહે અને તેનું યથેષ્ટ ફળ આપણને મળતું રહે એવી શુભ શરૂઆત આ જન્મકલ્યાણકના દિવસથી થવી ઘટે.

અંતમાં આવા સુવર્ણ અને સુગંધના સુયોગરૂપ અવસરને વધાવી લેવાનું સદ્‌ભાગ્ય સૌ કોઈને પ્રાપ્ત થાઓ એવી ઇચ્છા દર્શાવતો હું વિરમું છું.

—જૈન ( તા. ૨૫-૩-'૩૪ )

# [ ૨૧ ]

## શ્રમણ ભગવાન મહાવીર

'મગધ' દેશના ક્ષત્રિય સિદ્ધાર્થ નરપતિની રાણી ત્રિશલાના 'જનની' પદને દિપાવનારા, માતાપિતાની ઉત્તમ સેવાનો બોધપાઠ પૂરો પાડનારા, વડીલ બંધુ નંદિવર્ધનની વિજ્ઞપ્તિને વશ થઇ સંસારમાં રહી બે વર્ષ સુધી ભાવ–સાધુ તરીકે જીવન જીવનારા, વાર્ષિક દાન દેવાપૂર્વક ત્રીસમે વર્ષે સિદ્ધ પરમાત્માની સાક્ષીએ સર્વોત્તમ સામાયિક લઇ શ્રમણ બનનારા, છદ્મસ્થ—દશામાં ઉત્કટ અને સતત તપશ્ચર્યા કરનારા, અનેક ભીષણ પરીષહોનો નિઃસહાયપણે અને નિર્ભય રીતે અપ્રતિમ પ્રતીકાર કરનારા, ૪૨મા વર્ષે પારમાર્થિક સર્વજ્ઞતાને વરનારા, જાતિવાદને જલાંજલિ આપી ગુણવત્તાને પોષનારા. ત્રણ ત્રણ ભવથી સમગ્ર જગતનું કલ્યાણ કરવાની ભવ્ય ભાવનાને સક્રિય સ્વરૂપ આપનારા, સંશય અને ભ્રમનો વિનાશ કરનારા, અનેકાંતવાદથી સંપૂર્ણપણે ઓતપ્રોત તેમ જ સર્વતોભદ્ર વિચારોને લોકગિરામાં વ્યાપક સ્વરૂપે સરળ રીતે વ્યક્ત કરનારા, જીવના જોખમે પણ સત્યની પ્રરૂપણા કરનારા, સન્નારીઓનાં બળ અને શીલનું સાચું અને સંપૂર્ણ મૂલ્ય આંકનારા, સર્વોત્તમ શ્રમણતા અને વિપ્રતાનો સુભગ સંયોગ સાંધનારા, ગ્રામાનુગ્રામ પાદવિહાર કરી જનતામાં ધર્મના સુધામય સંસ્કાર જાગૃત કરનારા, નિર્વાણ–સમયે સોળ પ્રહર સુધી સતતપણે મધુર સ્વરે દેશના દેનારા અને ૭૨મે વર્ષે ઈ. સ.

પૂર્વે પ૨૭માં 'પાવાપુરી'માં 'મુક્તિ' પદને પામનારા તે શ્રમણ ભગવાન મહાવીર એ જ્ઞાતનંદન, દેવાર્ય, સ્વયંબુદ્ધ, અહિંસાના અવતાર, ધર્મધુરંધર, નિર્ગ્રન્થશિરોમણિ અને આસન્ન ઉપકારી મંગલમૂર્તિને કોટિશઃ વંદન.

—દિગંબર જૈન (વ. ૪૪, અં. ૬; તા. ૨૦–૪–'૫૧)

## શ્રમણ ભગવાન મહાવીર : મિતાક્ષરી

### [ ૧ ] નિરર્થક પરિભ્રમણ

દિશાશૂન્ય યાને સમ્યક્‌ત્વની પ્રાપ્તિની પૂર્વેના ભવો—અગણિત.

### [ ૨ ] સાર્થક જીવનની પશ્ચાદ્ભૂમિકા

પ્રથમ ભવ—નયસાર (સમ્યક્‌ત્વની પ્રાપ્તિપૂર્વકનો)

તૃતીય ભવ—મરીચિ

= ઋષભદેવના પૌત્ર

= ભરત ચક્રવર્તીના પુત્ર;

—કાલાંતરે જૈન શ્રમણ

—અંતે ત્રિદંડી.

અરાઢમો ભવ—ત્રિપૃષ્ઠ (વાસુદેવ).

તેવીસમો ભવ—પ્રિયમિત્ર (ચક્રવર્તી)

પચીસમો ભવ—નન્દન (શ્રમણ)

—'તીર્થંકર–નામ'કર્મનો નિકાચિત બન્ધ.

### [ ૩ ] ગૃહસ્થજીવન ( ત્રીસ વર્ષનું )

ચ્યવન—દસમા સ્વર્ગમાંથી.

માતૃભક્તિ—ગર્ભાવસ્થામાં અભિગ્રહ.

જન્મસ્થળ—મગધ, (બિહાર)માંનું ક્ષત્રિયકુંડ.

જન્મતિથિ—ચૈત્ર શુક્લ ત્રયોદશી.

જન્મસમય—ઇ સ. પૂર્વે ૫૯૯.

ગોત્ર—કાશ્યપ.

પિતા—સિદ્ધાર્થ.

માતા—ત્રિશલા ઉર્ફે વિદેહદત્તા.

માતામહ—ચેટક (નૃપતિ).

કાકા—સુપાર્શ્વ.

અગ્રજ બન્ધુ—નન્દિવર્ધન.

ભગિની—સુદર્શના.

પત્ની—યશોદા.

ભાણેજ અને જમાઈ—જમાલિ.

દૌહિત્રી—શેષવતી.

નામો—વર્ધમાન, વીર, મહાવીર, જ્ઞાતપુત્ર, દેવાર્ય, સન્મતિ ઈત્યાદિ.

માતાપિતાનો સ્વર્ગવાસ—ઈ. સ. પૂર્વે ૫૭૧.

સાધુપ્રાય જીવન—છેલ્લાં બે વર્ષ.

દાન—વાર્ષિક, દરરોજ સૂર્યોદયથી મધ્યાહ્ન સુધીનું.

[ ૪ ] છદ્મસ્થ (સાધક) અવસ્થા (બાર વર્ષની)

દીક્ષા યાને નિષ્ક્રમણ—ઇ. સ. પૂર્વે ૫૬૯ (કાર્તિક વદ દસેમ).

ભીષ્મપ્રતિજ્ઞા—પાપાચરણનો ત્યાગ.

દીક્ષાગુરુ—કોઈ નહિ, સ્વયંબુદ્ધ.

ઉપસર્ગો કરનાર—ગોવાળો.

—કટપૂતના (દેવી).

—શૂલપાણિ (યક્ષ).

—સંગમ દેવ.

તપશ્ચર્યા—દીર્ઘકાલીન અને નિર્જળ.

પારણુક—૩૪૯.

નિદ્રા—કાચી બે ઘડીની.

મૌનસેવન—પ્રાયિક.

વિહારક્ષેત્રો—આર્ય પ્રદેશો અને અનાર્ય ભૂમિ.

શિષ્ય—ગોશાલક. એનું તેજોલેશ્યાના પ્રતિકાર રૂપ શીતલેશ્યા દ્વારા રક્ષણુ.

પ્રતિબોધક—'દૃષ્ટિવિષ' સર્પ (ચંડકૌશિક)ના.

## [ ૫ ] જીવનમુકત તરીકેનું જીવન (ત્રીસ વર્ષનું)

કેવલજ્ઞાન યાને સર્વજ્ઞતા—ઋજુવાલુકા નદીને તીરે.

કેવલજ્ઞાનની પ્રાપ્તિ—ઇ. સ. પૂર્વે ૫૫૭.

કેવલજ્ઞાનની તિથિ—વૈશાખ સુદ દસેમ.

'તીર્થંકરનામ'કર્મનો ઉદય-ચોવીસમા અંતિમ-તીર્થંકરના ભવમાં.

દેશના—અહિંસાદિ પાંચ મહાવ્રતોની

—શ્રાવકોનાં બાર વ્રતોની

—દાન, શીલ, તપ અને ભાવ એ ચતુર્વિધ ધર્મની

—વિશ્વબંધુતાની—આત્મૌપમ્યની.

ઉદ્‌ઘોષણા—અનેકાન્તવાદની-સ્યાદ્વાદની—વિભજ્યવાદની.

—મહિલાઓની સ્ત્રીદેહે મુક્તિ.

સમાદર—લોકગિરાનો—અર્ધમાગધીનો.

તીર્થપ્રવર્તન—સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની સ્થાપના.

પટ્ટશિષ્યો (ગણધરો)—અગિયાર વિપ્રવર્યો.

પ્રરૂપણા—કાર્યસિદ્ધિનાં કારણો તરીકે સ્વભાવ, કાળ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એમ પાંચની.

અંતિમ દેશના—સોળ પ્રહરની.

નિર્વાણ-ભૂમિ—પાવાપુરી.

નિર્વાણતિથિ—આસો માસની અમાસ (દીપોત્સવી).

નિર્વાણ (પરમુક્તિ) નો સમય-ઇ. સ. પૂર્વે પ૨૭.

આયુષ્ય—૭૨ વર્ષનું.

—ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ (તા. ૩૧-૮-'૬૫)

## વીરથુઇ (વીરસ્તુતિ) અને એનો ભાવાનુવાદ

સમગ્ર જૈન સાહિત્ય આજે ઉપલબ્ધ નથી. જે ગ્રન્થો મળે છે તેમાં આગમો અગ્ર સ્થાન ભોગવે છે. એમાં પણ આયાર (સુય. ૧), સૂયગડ અને ઉત્તરજ્ઝયણ સૌથી પ્રાચીન ગણાય છે. 'સૂયગડ' એ બાર અંગોમાંનું દ્વિતીય અંગ છે. એ બે સુયક્ખન્ધ (શ્રુતસ્કન્ધ)માં વિભક્ત છે. એ પૈકી પ્રથમ સુયક્ખન્ધનાં જે ૧૬ અજ્ઝયણ (અધ્યયન) છે તેમાંના છઠ્ઠાનું નામ 'વીરથુઇ' છે. એ પદ્યાત્મક કૃતિ મારા ભાવાનુવાદ સહિત હું અત્ર રજૂ કરું છું :—

**पुच्छिस्सु णं समणा माहणा य**
**अगारिणो या परतित्थिआ य ।**

**से केई णेगन्तहियं धम्ममाहु**
**अणेलिसं साहुसमिक्खयाए ॥ १ ॥**

ભા૦—(નિર્ગ્રન્થ વગેરે) શ્રમણોએ, (બ્રહ્મચર્યાદિ પાળનારા) બ્રાહ્મણોએ, (ક્ષત્રિયો વગેરે) ગૃહસ્થોએ તેમ જ (બૌદ્ધાદિ) પરતીર્થિકોએ (સુધર્મસ્વામીને) પૂછ્યું (અથવા જંબૂસ્વામીએ એમને કહ્યું કે) શ્રમણોએ, બ્રાહ્મણોએ, ગૃહસ્થોએ તેમ જ પરતીર્થિકોએ (મને) પૂછ્યું છે કે સાધુસમીક્ષાપૂર્વક (અર્થાત્ યથાવસ્થિત તત્ત્વોની પરિચ્છિત્તિપૂર્વક) અથવા

સમતાપૂર્વક એકાન્તે હિતકારી અને અનન્ય-સદૃશ (અર્થાત્ અનુપમ) ધર્મ કોણે કહ્યો ?—૧

कहं च णाणं कह दंसणं से
सीलं कहं नायसुतस्स आसी ?।
जाणासि णं भिक्खु ! जहातहेणं
अहासुतं बूहि जहा णिसन्तं ॥ २ ॥

ભા૦—જ્ઞાતપુત્રે (મહાવીરસ્વામીએ) કઈ રીતે અથવા કેવું જ્ઞાન, કેવું દર્શન અને કેવું શીલ પ્રાપ્ત કર્યું તે હે ભિક્ષુ! (સુધર્મસ્વામી) તમે તે યથાર્થપણે જાણો છો તો એ તમે જેવું સાંભળ્યું અને (સાંભળ્યા બાદ) તમે અવધાર્યું છે તે કહો.—૨

खेयन्नए से [1]कुसलासुपन्ने
अणन्तनाणी य अणन्तदंसी ।
जसंसिणो चक्खुपहे ठियस्स
जाणाहि धम्मं च धिइं च पेहि ॥ ३ ॥

ભા૦—એઓ (સંસારીઓના કર્મજન્ય) ખેદને (દુઃખને) જાણનારા (અને ઉપદેશ આપી દૂર કરનારા હોઇ) ખેદજ્ઞ છે અથવા (આત્માનું યથાર્થ સ્વરૂપ જાણનારા હોઇ) આત્મજ્ઞ છે અથવા (લોકાલોકરૂપ ક્ષેત્રને જાણનાર હોઇ) ક્ષેત્રજ્ઞ છે. એઓ (પ્રાણીઓના કર્મરૂપ ભાવકુશને છેદનારા હોઇ) કુશળ છે. એઓ આશુપ્રજ્ઞ છે અર્થાત્ શીઘ્રબુદ્ધિ છે (એટલે કે કથન કરવા પૂર્વે એમને છદ્મસ્થની જેમ વિચાર કરવાનો રહેતો નથી—એ કથન

---

૧ પાઠાંતર : 'कुसले महेसी'.

સહજ હોય છે એટલે કે એઓ હાજરજવાળી છે). એઓ અનન્તજ્ઞાની અને અનન્તદર્શની છે. એ યશસ્વી અને (ભવસ્થકેવલી અવસ્થામાં દર્શનીય હોવાથી લોકના) નયનપથમાં રહેલાનો અથવા (સૂક્ષ્મ અને પડદામાં દૂર રહેલા પદાર્થોના પ્રકાશક તરીકે) નયનમાર્ગમાં રહેલાનો ધર્મ (કે જે સંસારીઓનો ઉદ્ધાર કરનારો છે અથવા શ્રુતચરિત્ર નામનો તેમણે પ્રરૂપેલો છે તે) તું જાણ તેમ જ (ઉપસર્ગોમાં પણ અડગ એવા) એમના ધૈર્યને તું જો અથવા (એ શ્રમણો વગેરેએ સુધર્મસ્વામીને કહ્યું કે) તમે એ યશસ્વીના નયનમાર્ગમાં વ્યવસ્થિત ધર્મ અને ધૈર્યને તમે જાણો છો તો તે અમને કહો.—૩

उड्ढं अहेयं तिरियं दिसासु
तसा य जे थावर जे य पाणा।
से णिच्चणिच्चेहि समिक्ख पन्ने
दीवे व धम्मं समियं उदाहु ॥ ४ ॥

ભા૦— ઊંચે, નીચે અને તિર્યક્ દિશાઓમાં જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તેને (દ્રવ્યની અપેક્ષાએ) નિત્ય અને (પર્યાયની અપેક્ષાએ) અનિત્ય (પદાર્થોરૂપે) બરાબર જાણીને એમણે કહ્યા. આથી તેઓ પ્રજ્ઞ છે. (પદાર્થોનો પ્રકાશ કરનારા) દીપરૂપ અથવા (સંસારસમુદ્રમાં પડેલાને આશ્વાસનરૂપ હોઇ) દ્વીપરૂપ એવા એમણે યથાર્થ રીતે અથવા સમતાપૂર્વક (પ્રાણીઓના અનુગ્રહાર્થે, નહિ કે પૂજાસત્કારાર્થે) ધર્મ કહ્યો.–૪

से सव्वदंसी अभिभूयनाणी
णिरामगन्धे धिइमं ठितप्पा।

अणुत्तरे सव्वजगंसि विज्जं
गन्था अतीते अभए अणाऊ ॥ ५ ॥

ભા૦—તેઓ સર્વદર્શી છે (અર્થાત્ સર્વ પદાર્થોને સામાન્યથી જાણે છે). (મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનોને છોડીને કેવલજ્ઞાનથી યુક્ત હોઇ) તેઓ અભિભૂતજ્ઞાની છે. તેઓ (અવિશોધિકોટિ નામના દોષરૂપ) આમથી અને ([1]વિશોધિકોટિ નામના દોષરૂપ) ગન્ધથી રહિત છે. તેઓ (પરીષહો અને ઉપસર્ગો સહન કરનારા હોઇ) ધૈર્યશાળી છે. વળી (એમનો) આત્મા (આત્મસ્વરૂપમાં સ્થિર હોવાથી) એઓ સ્થિતાત્મા છે. તેઓ સમસ્ત જગતમાં સર્વોત્તમ છે (અર્થાત્ એમની બરાબરી કરી શકે એવો કોઈ નથી). તેઓ (હથેલીમાં આમલક જોવાની પેઠે સમગ્ર પદાર્થોના જાણનાર હોઇ) વિદ્વાન છે. તેઓ (સચિત્તાદિ બાહ્ય ગ્રન્થ અને કર્મરૂપ આભ્યંતર ગ્રન્થથી એમ બંને પ્રકારના) ગ્રન્થથી અતિક્રાન્ત (દૂર) છે (અર્થાત્ તેઓ નિર્ગ્રંન્થ છે). તેઓ (સાતે પ્રકારના ભયથી રહિત છે એટલે કે) અભય છે. વળી (એમણે ચારે પ્રકારના આયુષ્યનો નાશ કર્યો છે એથી) એઓ અનાયુષ્ક છે.—૫

से भूइपण्णे अणिएअचारी
ओहन्तरे धीरे अणन्तचक्खु ।
अणुत्तरं तप्पति सूरिए वा
वइरोयणिन्दे व तमं पगासे ॥ ६ ॥

ભા૦—એઓ ભૂતિપ્રજ્ઞ અર્થાત્ પ્રવૃદ્ધપ્રજ્ઞ એટલે કે અનન્તજ્ઞાની છે અથવા (જગતની) રક્ષારૂપ પ્રજ્ઞાવાળા છે

[1] આનો અર્થ ભિક્ષાના ૪૨ દોષ છે.

અથવા (સર્વ) મંગળરૂપ પ્રજ્ઞાવાળા છે. એઓ અપ્રતિબદ્ધ વિહારી છે કેમકે એમને કોઇ પણ સ્થળ વિષે મમત્વ નથી. વળી એઓ ઓઘ એટલે સંસાર તરવાના સ્વભાવવાળા છે. એઓ ધીર છે એટલે કે એઓ બુદ્ધિ વડે શોભે છે અથવા ધીર એટલે પરીષહો અને ઉપસર્ગોથી ક્ષોભ નહિ પામનારા છે. આ ઉપરાંત એઓ અનન્તનેત્રવાળા છે (કેમકે જ્ઞેય પદાર્થો જે અનન્ત છે તે એઓ કેવલજ્ઞાની હોઇ જાણે છે તેમ જ એમનું કેવલજ્ઞાન અન્ત વિનાનું – અનન્ત છે) અથવા અનન્ત (લોકના પદાર્થોને પ્રકાશવામાં નેત્ર જેવા હોઇ) અનન્ત નેત્રવાળા છે. જેમ સૂર્ય સર્વથી અધિક તપે છે તેમ (ભગવાન જ્ઞાન વડે) સર્વોત્તમ છે. વિશેષમાં જેમ (પ્રજ્વલનને લઇને) ઇન્દ્ર જેવો અગ્નિ અંધકારને દૂર કરી પ્રકાશે છે તેમ ભગવાન (અજ્ઞાનરૂપ) અંધકાર દૂર કરી (યથાવસ્થિત) પદાર્થો પ્રકાશે છે.–૬

अणुत्तरं धम्ममिणं जिणाणं
णेया मुणी कासव आसुपन्ने ।
इन्देव देवाण महाणुभावे
सहस्सणेता दिवि णं विसिट्ठे ॥ ७ ॥

ભા:—મુનિ, (ગોત્રથી) કાશ્યપ અને આશુપ્રજ્ઞ (સર્વજ્ઞ) (એવા મહાવીર) તીર્થંકરોના અનુત્તર ધર્મના પ્રણેતા છે. જેમ ઇન્દ્ર સ્વર્ગમાં સહસ્ર દેવોમાં મહાપ્રભાવશાળી છે તથા એ દેવોનો નેતા છે તેમ જ (રૂપ, બળ, વર્ણ ઇત્યાદિમાં) વિશિષ્ટ છે (તેમ ભગવાન પણ સર્વથી વિશિષ્ટ, પ્રકૃષ્ટ-નાયક અને મહાનુભાવ છે).–૭

से पन्नया अक्खयसागरे वा
महोदही वावि अणन्तपारे ।
अणाइले [1]वा अकसाइ [2]मुक्के
सक्केव देवाहिवई जुईमं ॥ ८ ॥

ભા૦– જ્ઞાતવ્ય પદાર્થોને વિષે કેવલજ્ઞાનરૂપ બુદ્ધિ ક્ષીણ થતી નથી કે હણાતી નથી એવી) પ્રજ્ઞા વડે ભગવાન અક્ષય સાગર છે. જેમ ('સ્વયંભૂરમણ' નામનો) મહોદધિ પાર વિનાનો છે તેમ ભગવાન પ્રજ્ઞા વડે છે. વળી એ સાગર નિર્મળ જળવાળો છે તેમ ભગવાન (કર્મરૂપ) મેલથી રહિત હોઇ અકલુષ (જ્ઞાનવાળા) છે. વળી એઓ કષાયોથી રહિત છે અને (જ્ઞાનાવરણાદિ કર્મબંધનોથી) મુક્ત છે. વળી એઓ દેવાધિપતિ શક્રની જેમ દ્યુતિમાન છે. 'ભિક્ખુ' પાઠાંતર છે. એનો અર્થ એ છે કે એઓ અક્ષીણ-મહાનસાદિ લબ્ધિ વડે જીવતા નથી પરંતુ ભિક્ષામાત્રથી જીવે છે.–૮

से वीरिएणं पडिपुन्नवीरिए
सुदंसणे वा णगसव्वसेट्ठे ।
सुरालए [3]वासिमुदागरे से
विरायए णेगगुणोववेए ॥ ९ ॥

ભા૦—એઓ વીર્યથી (અર્થાત્ ઔરસ બળથી) સંપૂર્ણ વીર્યશાળી છે. વળી પર્વતોમાં 'સુદર્શન' ('મેરુ') શ્રેષ્ઠ

---

૧. પાઠાન્તર : 'या'. ૨. પાઠાન્તર : 'भिक्खु'.

૩. પાઠાન્તર : 'वादि॰'.

છે તેમ ભગવાન વીર્યથી તેમ જ અન્ય ગુણોથી શ્રેષ્ઠ છે. વળી સ્વર્ગ કે જે તેમાં રહેનારાને આનંદજનક છે તે અનેક ગુણોથી યુક્ત હોઈ શોભે છે તેમ ભગવાન પણ અનેક ગુણોથી શોભે છે અથવા જેમ આનંદજનક અને અનેક ગુણોથી યુક્ત એવું સ્વર્ગ શોભે છે તેમ 'મેરુ' પણ શોભે છે.—૯

सयं सहस्साण उ जोयणाणं
तिकण्डगे पण्डगवेजयन्ते ।
से जोयणे णवणवते सहस्से
उद्धुस्सितो हेट्ठ सहस्समेगं ॥ १० ॥

ભા૦—(એ 'મેરુ' એક લાખ યોજનનો છે. એને (મૃત્તિકા, સુવર્ણ અને વૈડૂર્યવાળા એવા ) ત્રણ કાંડ છે. (એની ટોચે) 'પંડક' (વન)રૂપ ધ્વજ છે. એ (જમીન ઉપર) ૯૯૦૦૦ યોજન જેટલો ઊંચો છે અને જમીનની અંદર) નીચે એક હજાર યોજન જેટલો છે.—૧૦

पुट्ठे णभे चिट्ठइ भूमिवट्ठिए
जं सूरिया अणुपरिवट्टयन्ति ।
से हेमवन्ने बहुनन्दणे य
जंसी रतिं वेदयती महिन्दा ॥ ११ ॥

ભા૦—એ ('મેરુ') આકાશમાં (ઊંચે) લાગેલો છે અને (નીચે) ભૂમિમાં રહેલો છે (અર્થાત્ ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકને એ સ્પર્શે છે). વળી જેની સૂર્યો (વગેરે જ્યોતિષ્કો) પ્રદક્ષિણા કરી રહ્યા છે એ (મેરુ)નો વર્ણ સુવર્ણ જેવો છે અને

એ બહુ ([1]ચાર) નન્દન (વનો)થી યુક્ત છે કે જેને વિષે (જ્યાં આવીને) મહેન્દ્રો ક્રીડારૂપ રતિ અનુભવે છે.–૧૧

से पव्वए सद्दमहप्पगासे
विरायती कञ्चणमट्ठवन्ने ।
अणुत्तरे गिरिसु य पव्वदुग्गे
गिरीवरे से जलिए व भोमे ॥ १२ ॥

ભા૦—(સુરગિરિ ઇત્યાદિ) શબ્દો વડે મહાપ્રસિદ્ધિવાળો, સુવર્ણના જેવા શ્લક્ષ્ણ કે શુદ્ધ વર્ણવાળો, અનુત્તર, પર્વતોમાં પર્વો (અર્થાત્ મેખલાઓ) વડે વિષમ, પર્વતોમાં શ્રેષ્ઠ તેમ જ (મણિઓ અને ઔષધિ વડે દીપતો હોઇ) ભૂદેશમાં જાણે પ્રજ્વલિત એવો એ ('મેરુ') પર્વત શોભે છે.–૧૨

महीइ मज्झम्मि ठिते णगिन्दे
पन्नायते सूरियसुद्धलेसे ।
एवं सिरीए उ स भूरिवन्ने
मणोरमे जोयइ अच्चिमाली ॥ १३ ॥

ભા૦—'રત્નપ્રભા' નામની (પૃથ્વીના મધ્યમાં રહેલો,) પર્વતોમાં શ્રેષ્ઠ, પ્રકર્ષ વડે જણાતો તેમ જ સૂર્યની જેમ શુદ્ધ તેજવાળો એવો એ ('મેરુ') (ઉપર્યુક્ત) શોભા વડે (અનેક રંગનાં રત્નોથી યુક્ત હોવાથી) પુષ્કળ વર્ણવાળો અને મનોરમ છે તેમ જ સૂર્યની જેમ (દસે દિશાઓને) પ્રકાશિત કરે છે.–૧૩

---

૧. ભદ્રશાલ, નન્દન, સૌમનસ અને પંડક.

सुदंसणस्सेव जसो गिरिस्स
पवुच्चई महतो पव्वयस्स ।
एतोवमे समणे नायपुत्ते
जातीजसोदंसणनाणसीले ॥ १४ ॥

ભા૦—(આ પ્રમાણે) મહાગિરિરૂપ 'સુદર્શન' પર્વતની કીર્તિ પ્રકૃષ્ટપણે કહેવાય છે. એ ઉપમાવાળા શ્રમણ જ્ઞાતપુત્ર (સર્વે) જાતિઓથી યશ, દર્શન, જ્ઞાન અને શીલમાં શ્રેષ્ઠ છે.—૧૪

गिरीवरे वा निसहाऽऽययाणं
रुयए व सेट्ठे वलयायताणं ।
तओवमे से जगभूइपन्ने
मुणीण मज्झे तमुदाहु पन्ने ॥ १५ ॥

ભા૦—આયત ગિરિઓમાં દીર્ઘતાને લઈને) 'નિષધ' ઉત્તમ પર્વત છે અને વલય (વૃત્તતા) અને આયતતામાં 'રુચક' શ્રેષ્ઠ છે (કેમકે એનો પરિક્ષેપ સંખ્યાત યોજનનો છે). એની ઉપમાવાળા (મહાવીર) જગતમાં પ્રભૂત પ્રજ્ઞા વડે ઉત્તમ છે અને (બીજા મુનિઓ કરતાં વિશેષ જાણકાર હોઈ) મુનિઓમાં પ્રજ્ઞ છે એમ (એના જાણકારોએ) કહ્યું છે.–૧૫

अणुत्तरं धम्ममुईरइत्ता
अणुत्तरं झाणवरं झियाइं ।
सुसुक्कसुक्कं अपगंडसुक्कं
संखिन्दुएगन्तवदातसुक्कं ॥ १६ ॥

ભા૦—અનુત્તર (સર્વોત્તમ) ધર્મનું પ્રાબલ્યપૂર્વક (વિશેષથી) કથન કરી એઓ સારા શુક્લ જેવું શુક્લ (અર્થાત્ અત્યંત શુક્લ), ગંડથી અર્થાત્ મલિનતાથી) રહિત (અર્થાત્ નિર્મળ) તથા (અર્જુન સુવર્ણ જેવું અથવા પાણીના ફીણના જેવું) શુક્લ તેમ જ શંખ અને ચન્દ્રની જેમ સર્વથી શુભ્ર અને શુક્લ એવું શ્રેષ્ઠ ધ્યાન ધરે છે.–૧૬

अणुत्तरग्गं परमं महेसी
 असेसकम्मं स विसोहइत्ता ।
सिद्धिं गते साइमणन्तपत्ते
 नाणेण सीलेण य दंसणेण ॥ १७ ॥

ભા૦—(એ) મહર્ષિ સમસ્ત કર્મનો નાશ કરી જ્ઞાન,શીલ અને દર્શન વડે અનુત્તર, અગ્ર તેમ જ પ્રધાન એવી સાદિ અનંત સિદ્ધિ (ગતિ)ને પામેલા છે.–૧૭

रुक्खेसु णाते जह सामली वा
 जस्सिं रतिं वेययती सुवन्ना ।
वणेसु वा णन्दणमाहु सेट्ठं
 नाणेण सीलेण य भूतिपन्ने ॥ १८ ॥

ભા૦— વૃક્ષોમાં જેમ (દેવકુરુમાં રહેલું) શાલ્મલિ (વૃક્ષ) પ્રસિદ્ધ છે કે જ્યાં (એક જાતના ભવનપતિરૂપ) સુપર્ણો (આવીને) રતિ (ક્રીડા) અનુભવે છે (અર્થાત્ ક્રીડાનો આનંદ મેળવે છે) અને વનોમાં 'નંદન' (વન)ને શ્રેષ્ઠ કહ્યું છે તેમ (ભગવાન) (કેવલ)જ્ઞાન અને (યથાખ્યાત ચારિત્રરૂપ) શીલ વડે (ઉત્તમ અને) પ્રવૃદ્ધજ્ઞાની છે.–૧૮

थणियं व सद्दाण अणुत्तरे उ
चन्दो व ताराण महाणुभावे ।
गन्धेसु वा चन्द्रणमाहु सेट्ठं
एवं मुणीणं अपडिन्नमाहु ॥ १९ ॥

ભા૦—જેમ શબ્દોમાં (ધ્વનિઓમાં) મેઘની ગર્જના ઉત્તમ છે અને તારાઓમાં મહાન અનુભાવવાળો ચન્દ્ર શ્રેષ્ઠ છે અને સુગન્ધોમાં (ગોશીર્ષચંદન કે 'મલય' દેશનું) ચંદન શ્રેષ્ઠ છે તેમ (આ લોક અને પરલોકની આશંસરૂપ) પ્રતિજ્ઞા વિનાના (નિરાકાંક્ષી ભગવાન)ને મુનિઓમાં શ્રેષ્ઠ કહ્યા છે.-૧૯

जहा 'सयम्भू' उदहीण सेट्ठे
नागेसु वा धरणिन्दमाहु सेट्ठे ।
खोदोदए वा रसवेजयन्ते
तवोवहाणे मुणिवेजयन्ते ॥ २० ॥

ભા૦—જેમ સમુદ્રોમાં (બધા દ્વીપો અને સમુદ્રોના અંતે રહેલો) 'સ્વયંભૂ'રમણ)' શ્રેષ્ઠ છે અને (એક જાતના ભવન-પતિરૂપ) નાગોમાં (અર્થાત્ નાગકુમારોમાં) ધરણ ઇન્દ્રને શ્રેષ્ઠ કહ્યો છે તેમ જ (ઇક્ષુરસના જેવા મધુર જળવાળો સમુદ્ર નામે) 'ક્ષોદોદ' રસમાં (બીજા સમુદ્રોમાં) પતાકારૂપ (મુખ્ય) છે તેમ તપ ઉપધાન વડે મુનિઓમાં (મહાવીર) પતાકારૂપ છે અર્થાત્ (ધ્વજાની માફક ઊંચે રહેલા છે).-૨૦

हत्थीसु एरावणमाहु णाए
सीहो मिगाणं सलिलाण गङ्गा ।
पक्खीसु वा गरुले वेणुदेवो
निव्वाणवादीणिह णायपुत्ते ॥ २१ ॥

ભા૦— ઉદાહરણ તરીકે હાથીઓમાં (શક્રના વાહનરૂપ) ઐરાવણને, પશુઓમાં સિંહને, જળોમાં ગંગા(જળ)ને અને પક્ષીઓમાં 'વેણુદેવ' એવા નામાંતરવાળા ગરુડને (શ્રેષ્ઠ) કહેલ છે તેમ (મોક્ષનું–સકળ કર્મના ક્ષયરૂપ) નિર્વાણનું સ્વરૂપ કે તેની પ્રાપ્તિનો ઉપાય દર્શાવનારા નિર્વાણવાદીઓમાં અત્ર જ્ઞાતપુત્ર છે.–૨૧

**जोहेसु णाए जह वीससेणे**
**पुप्फेसु वा जह अरविन्दमाहु ।**
**खत्तीण सेट्ठे जह दन्तवक्के**
**इसीण सेट्ठे तह वद्धमाणे ॥ २२ ॥**

ભા૦— ઉદાહરણાર્થે (રણસંગ્રામમાં લડનારા) યોદ્ધાઓમાં જેમ (ચતુરંગસેનાવાળો) વિશ્વસેન (ચક્રવર્તી), પુષ્પોમાં કમળ, તેમ જ (જેના વચનથી શત્રુઓ દબાઈ ગયા છે એવો) દાન્તવાક્ય (ચક્રવર્તી) ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ કહેવાય છે તેમ વર્ધમાન ઋષિઓમાં શ્રેષ્ઠ છે.—૨૨

શીલાંકસૂરિએ વીસસેણ અને દંતવક્ક એ બંનેનો 'ચક્રવર્તી' અર્થ કરેલ છે જ્યારે કોઇ કોઇ આધુનિક વિદ્વાનો (દા. ત હર્મણ યાકોબી) એના અનુક્રમે વાસુદેવ [1]કૃષ્ણ અને મહાભારતના સભાપર્વમાં નિર્દેશાયેલા ક્ષત્રિય નામે દંતવક્ર અર્થ કરે છે.

---

૧. અભિધાનચિન્તામણિ (કાંડ ૨, શ્લો. ૧૨૮)માં કૃષ્ણ માટે 'વિષ્વક્સેન' શબ્દ છે.

दाणाण सेट्ठं अभयप्पयाणं
सच्चेसु वा अणवज्जं वयन्ति ।
तवेसु वा उत्तमबम्भचेरं
लोगुत्तमे समणे नायपुत्ते ॥ २३ ॥

ભા૦—દાનોમાં અભયદાન, સત્યોમાં અનવદ્ય ( નિર્દોષ ) (વચન) અને તપશ્ચર્યાઓમાં ( નવ પ્રકારની ગુપ્તિ સહિતનું ) બ્રહ્મચર્ય ઉત્તમ છે તેમ જ્ઞાતપુત્ર ( રૂપ, સંપદા, અતિશયોથી યુક્ત શક્તિ તેમ જ ક્ષાયિક જ્ઞાન, દર્શન અને શીલ વડે ) લોકમાં ઉત્તમ શ્રમણ છે.—૨૩

ठिईण सेट्ठा लवसत्तमा वा
सभा 'सुहम्मा' व सभाण सेट्ठा ।
निव्वाणसेट्ठा जह सव्वधम्मा
ण णायपुत्ता परमत्थि नाणी ॥ २४ ॥

ભા૦—સ્થિતિવાળાઓમાં ( સર્વાર્થસિદ્ધમાં રહેલા ) લવસત્તમો શ્રેષ્ઠ છે, સભાઓમાં ( અનેક ક્રીડાસ્થાનોથી યુક્ત હોવાથી ) 'સુધર્મા' સભા શ્રેષ્ઠ છે અને સર્વ ધર્મો નિર્વાણથી શ્રેષ્ઠ છે (કેમકે અજૈનો પણ પોતાના દર્શનનું ફળ મોક્ષ બતાવે છે) તેવી જ રીતે જ્ઞાતપુત્ર કરતાં કોઇ અધિક જ્ઞાની નથી ( અર્થાત્ એઓ અન્ય જ્ઞાનીઓ કરતાં વિશેષ જ્ઞાનવાળા છે ).—૨૪

पुढोवमे धुणइ विगयगेही
न सण्णिहिं कुव्वति आसुपन्ने ।
तरिउं समुद्दं व महाभवोघं
अभयङ्करे वीर अणन्तचक्खू । २५ ॥

---

૧. મનુષ્ય તરીકેના ભવમાં સાત લવ જેટલું આયુષ્ય વધારે હોત તો મુક્ત (સિદ્ધ) થાત.

ભા૦—(પૃથ્વી જેમ સર્વ સત્ત્વોના આધારરૂપ છે તેમ એ ભગવાન સર્વ જીવોને અભયદાન કે સદુપદેશ દેવાથી જીવોના આધારરૂપ છે અથવા પૃથ્વી જેમ બધા સ્પર્શોને સહન કરે છે તેમ બધા પરીષહો—ઉપસર્ગો પ્રભુ સમતાથી સહન કરે છે. (આ રીતે) પૃથ્વીની ઉપમાવાળા (અર્થાત્ એના સમાન) પ્રભુ (આઠ પ્રકારનાં કર્મોનો) નાશ કરે છે. વળી (બાહ્ય અને આભ્યંતર વસ્તુઓમાં) લોભ વિનાના એઓ (દ્રવ્ય-સંનિધિ અને ભાવ-સંનિધિ એ બેમાંથી એક પણ) સંનિધિ કરતા નથી. શીઘ્રપ્રજ્ઞાવાળા એવા ભગવાન (ચાર ગતિરૂપ) મહાભવઓઘરૂપ સમુદ્ર તરીને અભયના કર્તા બન્યા છે. એઓ વીર છે તેમ જ [1]અનંતનેત્રવાળા છે—૨૫

कोहं च माणं च तहेव मायं
लोभं चउत्थं अज्झत्थदोसा ।
एआणि वन्ता अरहा महेसी
ण कुव्वई पाव ण कारवेइ ॥ २६ ॥

ભા૦—ક્રોધ, અભિમાન, માયા અને ચોથો લોભ એ અધ્યાત્મ (અર્થાત્ આત્મામાં રહેલા અંતરંગ) દોષો છે. એનો ત્યાગ કરી મહાવીર તીર્થંકર તથા મહર્ષિ બન્યા છે. એઓ પાપ કરતા નથી તેમ જ કરાવતા નથી.—૨૬

किरियाकिरियं वेणइयाणुवायं
अण्णाणियाणं पडियच्च ठाणं ।
से सव्ववायं इति वेयइत्ता
उवट्ठिए संजमदीहरायं ॥ २७ ॥

1. આના અર્થ માટે જુઓ પૃ. ૨૩૦.

ભા૦—ક્રિયાવાદી, અક્રિયાવાદી, વૈનયિક અને અજ્ઞાનિકોના (અજ્ઞાનવાદીઓના) સ્થાનને અથવા (સ્થિરતા થાય એવી દુર્ગતિમાં ગમનાદિ ચાર ગતિરૂપ) સ્થાનને જાણીને તેમ જ સર્વ વાદોને જાણીને પ્રભુ દીર્ઘરાત્ર (અર્થાત્ જીવન પર્યન્ત) સંયમમાં રહેલા છે.—૨૭

से वारिया इत्थी सराइभत्तं
उवहाणवं दुक्खखयट्टयाए ।
लोगं विदित्ता आरं परं च
सव्वं पभू वारिय सव्ववारं ॥ २८ ॥

ભા૦—રાત્રિભોજનનો તેમ જ સ્ત્રી(સંગ)નો ત્યાગ કરીને પ્રભુ (કર્મરૂપ) દુઃખના ક્ષય માટે ઉપધાનવાળા (અર્થાત્ તપવાળા) થયા છે. વળી આ લોક અને પરલોકને અથવા મનુષ્યલોક અને (નારકાદિક) પરલોકને જાણીને દરેક વખતે તેના નિવારણના એમણે ઉપાયો દર્શાવ્યા છે.—૨૮

सोच्चा य धम्मं अरहन्तभासियं
समाहितं अट्ठपदोवसुद्धं ।
तं सद्दहाणा य जणा अणाऊ
इन्दा व देवाहिव आगमिस्सन्ति ॥ २९ ॥[1]

ભા૦—અર્થ અને પદો વડે અથવા યુક્તિઓ અને હેતુઓ વડે શુદ્ધ એવા તીર્થંકરે કહેલા ધર્મનું શ્રવણ કરીને અને એને વિષે શ્રદ્ધા રાખીને લોકો આયુષ્ય (કર્મ)થી રહિત બને છે અને ઇન્દ્રો વગેરે લોકોના સ્વામીઓ (તેમનો મહિમા કરવા માટે) આવે છે.-૨૯

---

૧. આના પછી "त्ति बेमी" એવો પાઠ છે. એનો અર્થ 'હું આમ કહું છું' છે.

## [ ૨૪ ]

## [1]મહાવીરસ્વામી સંબંધી ઋચા અને સ્તોત્ર

"जयइ जगजीवजोणीवियाणओ जगगुरू जगाणन्दो ।
जगणाहो जगबन्धू जयइ जगपियामहो भयवं ॥[2]

जयइ सुआणं पभवो तित्थयराणं अपच्छिमो जयइ ।
जयइ गुरू लोगाणं जयइ महप्पा महावीरो ॥"[3]

આજથી આશરે અઢી હજાર વર્ષો ઉપર આપણા આ દેશમાં સોનાનો સૂરજ ઊગ્યો હતો. એ શુભ દિવસે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનો જન્મ થયો હતો. એ એમનું જન્મ-કલ્યાણકનું પર્વ ગણાય છે. એ પર્વ ખાસ કરીને જૈનો ઉજવે છે અને એ નિમિત્તે એઓ આ મહાવીરસ્વામીનાં ગુણગાન ગાય છે.

---

૧. "આકાશવાણી"ના 'વડોદરા' કેન્દ્રથી તા. ૨૭-૩-'૫૩ને રોજ રજૂ કરાયેલો વાર્તાલાપ.

૨-૩. આ આર્યામાં રચાયેલાં બે પદ્યો દ્વારા દૂષ્યગણિના શિષ્ય દેવવાચકે નન્દી નામના આગમની શરૂઆત કરી છે. એમણે આ દ્વારા મહાવીરસ્વામીને અંગે વિવિધ વિશેષણો વાપર્યાં છે. જેમકે જગતના જીવોનાં ઉત્પત્તિ-સ્થાનોના વિશિષ્ટ જાણકાર, જગતના ગુરુ, જગતના નાથ, જગતના બંધુ, જગતના પિતામહ અને મહાત્મા.

જૈન શાસ્ત્રોમાં સૂયગડ (સૂત્રકૃત) અંગની ગણના એક પ્રાચીનમાં પ્રાચીન આગમ તરીકે કરાય છે. એમાં મહાવીરસ્વામીની સ્તુતિરૂપ ૨૯ પદ્યનું અને મુખ્યતયા ઉપજાતિમાં રચાયેલું એક અજ્ઝયણ (અધ્યયન) છે. એનાં સોળમા અને સત્તરમાં પદ્યોનો સાર એ છે કે મહાવીરસ્વામીએ શ્રેષ્ઠ ધર્મ કહ્યો, ઉત્તમ પ્રકારનું શુક્લ ધ્યાન ધર્યું, આત્માને પરતંત્ર બનાવનારાં સમસ્ત કર્મોનો સર્વથા નાશ કર્યો અને સર્વોત્તમ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી અલંકૃત એઓ મોક્ષે ગયા. એ પદ્યો હું હવે ઉચ્ચારું છું:—

"अणुत्तरं धम्ममुईरइत्ता अणुत्तरं झाणवरं झियाइ ।
सुसुक्कसुक्क अपगण्डसुक्क संखिन्दुएगन्तवदातसुक्कं । १६ ।
अणुत्तरग्गं परमं महेसी असेसकम्मं स विसोहइत्ता ।
सिद्धिं गते साइमणन्तपत्ते नाणेण सीलेण य दंसणेण ॥ १७ ॥"[1]

મહાવીરસ્વામીને 'વર્ધમાન' પણ કહે છે. એમણે કર્મ ઉપર વિજય મેળવ્યો છે. એમનું દર્શન કુતીર્થિકોને શક્ય નથી. એને અંગેનું પદ્ય હું રજૂ કરું છું:—

"नमोऽस्तु वर्धमानाय स्पर्धमानाय कर्मणा ।
तज्जयावाप्तमोक्षाय परोक्षाय कुतीर्थिनाम् ।"

મહાવીરસ્વામી એટલે અપરાધીઓ પ્રત્યે પણ કૃપા દર્શાવનારા પુરુષોત્તમ. આ બાબત 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિના શબ્દોમાં કહું તો—

૧. આ બંને પદ્યોના મારા ભાવાનુવાદ માટે જુઓ પૃ. ૨૬૫.

"कृतापराधेऽपि जने कृपामन्थरतारयोः ।
ईषद्बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयोः ॥"

સમભાવભાવી હરિભદ્રસૂરિએ મહાવીરસ્વામીના ચાર અતિશયોનું દ્યોતન કરનારી સ્તુતિ કરી છે. જેમકે—

"जयति विनिर्जितरागः सर्वज्ञस्त्रिदशनाथकृतपूजः ।
सद्भूतवस्तुवादी शिवगतिनाथो महावीरः ॥"

જૈન દર્શન પ્રમાણે સાચી વીરતા ક્રોધ વગેરે અંતરંગ શત્રુઓને જિતવામાં સમાયેલી છે. મહાવીરે તેમ કરી સાચી વીરતા અને ધીરતા સંપાદિત કરી છે એઓ મોહ અને માયાથી મુક્ત બન્યા છે. આ હકીકત હારિભદ્રીય ગણાતી [1]સંસાર-દાવાનલ-સ્તુતિમાં તેમ જ એ ભાવને ઝીલનારા એક પદ્યમાં સરસ રીતે રજૂ કરાઈ છે. જેમકે—

"संसारदावानलदाहनीरं सम्मोहधूलीहरणे समीरम् ।
मायारसादारणसारसीरं नमामि वीरं गिरिसारधीरम् ॥ १ ॥"

"कनकसमशरीरं प्राप्तसंसारतीरं
कुमतघनसमीरं क्रोधदावाग्निनीरम् ।
जलधिजलगभीरं दम्भभूसारसीरं
सुरगिरिसमधीरं स्तौमि भक्त्या च वीरम् ।।"

જિનવલ્લભસૂરિએ પણ એમની સમસંસ્કૃત સ્તુતિમાં કહ્યું છે કે—

---

૧. આ સંપૂર્ણ સ્તુતિનો મારો સમશ્લોકી અનુવાદ "ગુ. મિત્ર તથા ગુ. દર્પણ"ના તા. ૯-૨-'૫૨ના અંકમાં તેમ જ "આત્માનંદ પ્રકાશ" (પુ. ૫૦, અં. ૮, ૯)માં છપાયો છે.

"भावारिवारणनिवारणदारुणोरु-
कण्ठीरवं मलयमन्दरसारधीरम् ।
वीरं नमामि कलिकालकलङ्कपङ्क-
सम्भारसंहरणतुङ्गतरङ्गतोयम् ॥"

ચમર ઇન્દ્રનો ઉત્પાત અને મહાવીરસ્વામીનું શરણ લેતાં એનું થયેલું સંરક્ષણ એ બે બાબત તાર્કિકશિરોમણિ સિદ્ધસેન દિવાકરે દ્વિતીય દ્વાત્રિંશિકામાં વર્ણવતાં કહ્યું છે કે—

"कृत्वा नवं सुरवधूभयरोमहर्षं
दैत्याधिपः शतमुखभ्रुकुटीवितानः ।
त्वत्पादशान्तिगृहसंश्रयलब्धचेता
लज्जातनुद्युति हरेः कुलिशं चकार ॥ ३ ॥"

આ પ્રતિભાશાળી સૂરિવરે પાંચમી દ્વાત્રિંશિકામાં કહ્યું છે કે વીર! તારા ગુણો ગાતાં શક્ર પણ થાકે તો હું કોણ? એ મંદાક્રાન્તામાં રચાયેલું પદ્ય હવે હું રજૂ કરું છું:—

"नानाशास्त्रप्रगममहतीं रूपिणीं तां नियच्छन्
शक्रस्तावत् तव गुणकथाव्यापृतः खेदमेति ।
कोऽन्यो योग्यस्तव गुणनिधिर्वक्तुमुक्त्वा नयेन
त्यक्ता लज्जा स्वहिततगणनानिर्विशङ्कं मयैवम् ॥३१॥"

નરેશ્વર આમના પ્રતિબોધક બપ્પભટ્ટિસૂરિએ ચતુર્વિંશતિકામાં મહાવીરસ્વામીની યમકમય [1]સ્તુતિ કરતાં કહ્યું છે કે—

૧. આનો મારો અનુવાદ ચતુર્વિંશતિકા (સટીક)માં પૃ. ૧૫૭માં પ્રસિદ્ધ થયો છે.

"न त्वा नत्वाऽपवर्गप्रगुणगुरुगुणव्रातमुद्भूतमुद् भू-
रंहोरंहोभवानां भवति घनभयाभोगदानां गदानाम् ।
नन्ताऽनन्ताङ्गमेवं वदति यमनघं भासुराणां सुराणां
पाता पातात् स वीरः कृततमलिनज्ञानितान्तं निता-
न्तम् ॥ ९३ ॥"

જાતજાતના શબ્દાલંકારથી સુશોભિત સાત સો સ્તોત્રો સોમતિલકસૂરિને સમર્પિત કરનારા જિનપ્રભસૂરિએ વિવિધ છંદોમાં [1]વીરસ્તવ રચ્યો છે. એના અંતમાં સ્રગ્ધરામાં કહ્યું છે કે—

"श्रीवीरः सर्वदिक्कैः कनकरुचितनूरोचिरुद्दीप्तदीपै-
र्मङ्गल्यः सोऽस्तु दीपोत्सव इव जगदानन्दसन्दर्भकन्दः ।
सूक्तिर्जैनप्रभीयं मृदुविशदपदा स्रग्धराधीयमाना
भव्यानां भव्यभूत्यै भवतु भवतुदे भावनाभाविताानाम् ॥२५॥"

પરમાર્હત કવિવર ધનપાલના બંધુ શોભન મુનીશ્વરે વિવિધ યમકોથી વિભૂષિત સ્તુતિચતુર્વિંશતિકા રચી છે. એમાં 'અર્ણવ' દંડકમાં મહાવીરસ્વામીના ગુણ ગાતાં એઓ કથે છે કે—

"नमदमरशिरोरुहस्रस्तसामोदनिर्निद्र-
मन्दारमालारजोरञ्जितांहे ! धरित्रीकृता-
वन ! वरतमसङ्गमोदारतारोदितानङ्ग-
नार्यवलीलापदेहेक्षितामोहिताक्षो भवान् ।

---

[1] આ કાવ્યમાલાના સપ્તમ ગુચ્છકમાં પૃ. ૧૧૫માં છપાયો છે.

मम वितरतु वीर ! निर्वाणशर्माणि जाताव-
तारो धराधीशसिद्धार्थधाम्नि क्षमालङ्कृता-
वनवरतमसङ्गमोदारतारोदिताङ्ग-
नार्थेश ! लीलापदे हे क्षितामो हितात्मोऽभवान् ॥ ९३ ॥[1]"

બાલચન્દ્રે સાત પદ્યોમાં [2]વીરજિનસ્તવન રચ્યું છે. એમાંનાં ભુજંગપ્રયાતમાં રચાયેલાં આદ્ય છ પદ્યો હું ઉચ્ચારું છું:—

"महानन्दशुद्धाश्रितं देवदेव
महीनाथसिद्धार्थपुत्रं पवित्रम् ।
यथाकामितं दत्तशर्मिरयशानं
त्रिकालं स्तुवे श्रीजिनं वर्धमानम् ॥ १ ॥
चतुष्षष्टिदेवेन्द्रयोगीन्द्रवन्द्य
सुधाशालिसंशुद्धवाक्यं वरेण्यम् ।
दयासागरं शुद्धसन्मार्गयानं
त्रिकालं स्तुवे श्रीजिनं वर्धमानम् ॥ २ ॥
अनन्तोत्तरज्ञानचारित्रलीनं
जरारोगसम्मोहसन्तापहीनम् ।
क्षणाद् धूतनिर्मूलमायावितानं
त्रिकालं स्तुवे श्रीजिनं वर्धमानम् ॥ ३ ॥
शमस्वादपाथोधिसंसर्गसक्तं
सदा कर्ममर्मप्रपञ्चप्रमुक्तम् ।

1. આનો મારો અનુવાદ સ્તુતિચતુર્વિંશતિકા (પૃ. ૨૮૪–૨૮૫)માં છપાયો છે.

2. આ સ્તવન જૈનસ્તોત્રસમુચ્ચય (પૃ. ૭૫)માં છપાયેલું છે.

प्रचण्डप्रतापेन भास्वत्समानं
त्रिकाल स्तुवे श्रीजिनं वर्धमानम् ॥ ४ ॥

मनोहारिकल्याणवर्णं विशालं
विदीर्णान्तरारिप्रनालि कृपालुम् ।
गभीरं विशालैर्गुणैर्वर्धमानं
त्रिकालं स्तुवे श्रीजिनं वर्धमानम् ॥ ५ ॥

जगज्जीवसन्दोहजीवादिभूतं
भवभ्रान्तिरिक्तं नमन्नाकिभूतम् ।
लसत्स्वर्गनिर्वाणलक्ष्मीनिदानं
त्रिकालं स्तुवे श्रीजिनं वर्धमानम् ॥ ६ ॥"

એમ મનાય છે કે 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ મહાવીરસ્વામીની સ્તુતિ કરતાં કહ્યું છે કે—

"वीरः सर्वसुरासुरेन्द्रमहितो वीरं बुधाः संश्रिताः
वीरेणाभिहतस्वकर्मनिचयो वीराय नित्यं नमः ।
वीरात् तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपो
वीरे श्रीधृतिकीर्तिकान्तिनिचयः श्रीवीर ! भद्रं दिश ।"

મહાવીરસ્વામીને જૈન તેમ જ અજૈન ગ્રંથકારોએ 'નાયપુત્ત' અર્થાત્ 'જ્ઞાતપુત્ર' કહ્યા છે. સૂયગડમાં એમની ઉત્કૃષ્ટતા વર્ણવતાં એમને હાથીઓમાં ઐરાવત જેવા, પશુઓમાં સિંહ સમાન, જળમાં ગંગાજળ જેવા અને પક્ષીઓમાં ગરુડ જેવા કહ્યા છે. વળી જેમ દાનમાં અભયદાન, સત્યમાં નિર્દોષ વચન અને તપશ્ચર્યામાં બ્રહ્મચર્ય ઉત્તમ છે તેમ લોકમાં શ્રમણ જ્ઞાતપુત્ર ઉત્તમ

છે આમ આ આગમમાં કહ્યું છે. એને અંગેનાં મૂળ પદ્યો હવે હું રજૂ કરું છું:—

"हत्थीसु एरावणमाहु नाए सीहो मिगाणं सलिलाण गङ्गा ।
पक्खीसु वा गरुले वेणुदेवो निव्वाणवादीणिह नायपुत्ते॥२१॥"[1]

"दाणाण सेट्ठं अभयप्पयाणं सच्चेसु वा अणवज्जं वयन्ति ।
तवेसु वा उत्तमं बम्भचेरं लोगुत्तमे समणो नायपुत्ते ॥२३॥"[2]

આજે આપણા દેશમાં જૈન શાસન તરીકે મહાવીરસ્વામીનું શાસન પ્રવર્તે છે. એને અંગે એક સ્થળે કહેવાયું છે કે—

"अज्ज वि वहइ सुतित्थं अखण्डियं जस्स भरहवासम्मि ।
सो वद्धमाणसामी तिअलुक्कदिवायरो जयउ ।"

પાદલિપ્તસૂરિએ મહાવીરસ્વામીની [3]સ્તુતિ રચી છે. અંતમાં એમણે એ પ્રભુ સર્વ પાપનો નાશ કરનાર થાઓ એવી અભિલાષા દર્શાવી છે. એ એમના શબ્દોમાં કહું તો—

"एवं वीरजिणिन्दो अच्छरगणसङ्घसंथुओ भयवं ।
पालित्त-यमय-महिओ दिसउ खयं सव्वदुरिआणं ॥"

— [4]દિગંબર જૈન (વ. ૪૬, અં. ૬)

---

૧–૨. આ બંને પદ્યોના મારા અનુવાદ માટે જુઓ અનુક્રમે પૃ. ૨૩૭ અને ૨૩૮

૩. આ સમગ્ર સ્તુતિ છાયા સહિત ચતુર્વિંશતિપ્રબન્ધના પૃ. ૨૬૫માં અને અવચૂરિ સહિત "ચતુર્વિંશતિપ્રબન્ધનો ગુજરાતી અનુવાદ" ( પૃ ૨૨૩–૨૩૮ )માં છપાઈ છે.

૪. ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી.

[ ૨૫ ]

## નિર્ગ્રન્થ - હરિયાળી

પાંચ પાંડવની સુણી પ્રશંસા, રાચે કુન્તી માદ્રી રે;
હર્ષ શું માયે તે માતાને, જેને સપૂત પાંચે રે. ?—૧

એક જનનીનો પંચમ સૂનુ, દેહે અગ્રજ ઢાંકે રે;
આદ્ય બે બન્ધુ માન ન પામે, ગુર્જર કેરી નાતે રે.—૨

પંચમના શું અવયવ છૂટાં ? રૂપ ધરે એ નૂતન રે!
હિંદુ–મુસ્લિમ સૌ સત્કારે, ચન્દ્રકરૂપે જ્યારે રે.—૩

અંધુત્રિપુટી મધ્યમં શીખતી, આશ્લેષની વિધિ એની રે;
સ્વરની સંગે ચાલે જ્યારે, પાય જરી ના લચકે રે.—૪

બ્રહ્માર્થી એક સ્વરની સાથે, સાધી મૈત્રી એણે રે;
નામકરણમાં જગપતિના એ, ભાગ મુખીનો ભજવે રે.—૫

---

૧ આ કૃતિ મારા વિવેચન સહિત નિમ્નલિખિત પુસ્તકમાં છપાઇ છે:—

"સવિવેચન હરિયાળી-સંચય (કૂટ-કાવ્ય-કલાપ) તથા સટિપ્પણક આગમોનાં અધ્યયનોનો પદ્યાત્મક અનુવાદ".

એક દિન આવે વ્યંજન ભારી, યષ્ટિ ઊંધી ઝાલી રે;
સુખી એનો ભાવ સમજતો, સ્વાગત ભાવે કરતો રે—૬

દમ ઘૂંટતો વદતો વ્યંજન : "ધન્ય ઘણું મુજ જીવન રે;
આપ તથા હું સમ કક્ષાએ, પોતપોતાની રીતે રે."—૭

વદે સુખી : "હું જાણું અપેક્ષા, વર્ગીકરણની તારી રે;
આપણ બંને રહીએ સંગે, અર્થ સધાશે ભારી રે."—૮

'સાચી સાચી વાત તમારી, શીઘ્ર ફળો તમ ઇચ્છા રે';
વાણી આવી ગેબી ઉચરી, દર્શન બાવન અર્પે રે.—૯

ઉપકારવશે આ ઉભયે યોજ્યું, નામ એમનું નિજથી રે;
વર્ણો ચારે આમ મળંતાં, જયજયકાર પ્રવર્તે રે.–૧૦

નાસિકા નિજ અંતિમ સુતની, સિદ્ધિ પેખી નાચે રે;
અર્ધસ્વરનું યુગલ જગાવે, વીરની હાકલ સાચે રે.–૧૧

દીર્ઘતપસ્વી, નિર્ગ્રન્થસ્વામી, જિનવરની હરિયાળી રે;
ચતુર્થ વર્ષે સહસ્રયુગથી ગૂંથી ચન્દ્રિકાહીરે રે.–૧૨

---

[ ૨૬ ]

## શ્રમણ ભગવાન મહાવીરસ્વામી સંબંધી સર્વાંગીણ માહિતીગ્રન્થની આવશ્યકતા ઇત્યાદિ

શ્રમણ ભગવાન મહાવીરસ્વામી એ સમસ્ત જૈનોના તો દેવાધિદેવ છે જૈનોને મતે એઓ આ ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં થયેલા ચરમ તીર્થંકર છે એમના નિર્વાણને હવે થોડાં જ વર્ષોમાં ૨૫૦૦ વર્ષ પૂરાં થશે એટલે એને ઉદ્દેશીને આપણા આ દેશમાં તેમ જ અન્યત્ર પણ મોટા પાયા ઉપર આ ભવ્ય પ્રસંગને અનુરૂપ ઉત્સવની ઉજવણી થવાની છે તો એના મંગલાચરણરૂપે આપણે એમના જીવન અને ઉપદેશ વિષે જે કંઇ લખાયું છે તેનો તેમ જ જે કોઇ બાબત ચિત્રરૂપે રજૂ કરાઈ હોય તેનો પણ પૂરેપૂરો ખ્યાલ જિજ્ઞાસુઓને મળી રહે તેમ કરવું જોઇએ. આથી આ લેખના શીર્ષકમાં નિર્દેશાયેલા માહિતીગ્રન્થની મને આવશ્યકતા જણાય છે એમ મેં સૂચવ્યું છે.

પ્રસ્તુત માહિતીગ્રન્થમાં કઇ કઇ જાતની સામગ્રી રજૂ થવી ઘટે તેનો હું અત્ર સંક્ષેપમાં નિર્દેશ કરું છું :—

(૧) જીવનચરિત્રો, (૨) સ્મારકગ્રન્થો, (૩) વિશેષાંકો, (૪) પ્રકીર્ણક લેખો, (૫) પ્રસંગોપાત્ત વ્યાખ્યાનો અને વાર્તાલાપો, (૬) છૂટાછવાયા ઉલ્લેખો અને (૭) મૂળ નાયક તરીકે મહાવીર-સ્વામીની પ્રતિમાવાળાં જિનાલયોમાંની તેમ જ અન્ય સ્થળોની એમની પ્રતિમાઓ.

મહાવીરસ્વામીનાં જીવનચરિત્રો મુખ્યતયા બે પ્રકારના રચાયાં છે: (૧) સ્વતંત્ર અને (૨) ગ્રન્થાંશરૂપ. આ બંને આપણા દેશની પ્રશિષ્ટ તેમ જ પ્રાદેશિક ભાષાઓમાં રચાયાં છે એટલું જ નહિ પણ અંગ્રેજી, જર્મન વગેરે વિદેશી ભાષાઓમાં પણ રચાયાં છે. એ પૈકી પ્રાકૃત તથા સંસ્કૃતમાં રચાયેલા સ્વતંત્ર ગ્રન્થોનાં નામો જિનરત્નકોશ (વિભાગ ૧) અને જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ તેમ જ મારાં ત્રણ પુસ્તકો નામે પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય, જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ (ખંડ ૨, ઉપખંડ ૧), DCGCM (Vol XIX, Sec. 2)માં નોંધાયેલા છે. એમાંનાં કેટલાક ગદ્યમાં તો કેટલાક પદ્યમાં તો કોઇ કોઇ ઉભય સ્વરૂપે યોજાયાં છે.

ગુજરાતી સ્વતંત્ર ગ્રન્થો મોટે ભાગે ગદ્યમાં છે. શ્રી હીરાચંદ ક. ઝવેરીએ રચેલું ત્રિભુવનતિલક પદ્યમાં છે. ગુજરાતીમાં તો શું પણ આપણે ત્યાંની કોઇ પણ અન્ય પ્રાદેશિક ભાષામાં પણ એના જેવી બીજી કૃતિ રચાયેલી જાણવામાં નથી. અંગ્રેજીમાં મહર્ષિ બુદ્ધનું પદ્યાત્મક જીવનચરિત્ર આલેખાયું છે પરંતુ મહાવીરસ્વામી માટે તેવું કાર્ય થયું છે ખરું?

૫૪ અથવા ૬૩ મહાપુરુષો–શલાકાપુરુષોને લગતા સંસ્કૃત અને પ્રાકૃત (અપભ્રંશાદિ)માં જે જીવનચરિત્રો આલેખાયાં છે તેમાં મહાવીરસ્વામીના જીવનચરિત્રનો પણ સમાવેશ કરાયો છે. આ થઈ ગ્રન્થાંશની વાત. આની નોંધ મેં મારા ઉપર્યુક્ત ત્રણ પુસ્તકોમાં લીધી છે.

સ્મારક ગ્રન્થો તેમ જ અભિનન્દન-ગ્રન્થો રચવાની પ્રથા આપણા દેશમાં આધુનિક યુગમાં અને હું ભૂલતો ન હોઉં તો યુરોપના અનુકરણરૂપે ઉદ્‌ભવી છે. આથી આપણને મહાવીરસ્વામીને અંગે પ્રાચીન સ્મારક ગ્રન્થો પ્રાકૃત કે સંસ્કૃત જેવી ભાષામાં મળે નહિ એ સ્વાભાવિક છે. અર્વાચીન ગ્રન્થો તરીકે હાલ તુરત તો હું Shrī Mahāvīra Commemoration Volume નો જ ઉલ્લેખ કરું છું. અભિનન્દન-ગ્રન્થ તો વિદ્યમાન જ વ્યક્તિ પરત્વે હોઇ મહાવીરસ્વામી માટે એની તો શક્યતા જ નથી.

લગભગ પ્રતિવર્ષ કોઇને કોઇ જૈન સામયિક-સાપ્તાહિક, માસિક ઇત્યાદિ મહાવીરસ્વામીને લક્ષીને "મહાવીરવિશેષાંક" પ્રસિદ્ધ કરે છે. આ વર્ષે "શ્રીઆત્માનંદ પ્રકાશ" પણ તેમ કરનાર છે એમ એના તંત્રીશ્રીના મારા ઉપરના કાગળ ઉપરથી જણાયું છે. અત્યાર સુધીમાં 'આત્માનંદ સભા" વગેરેએ કેટલા વિશેષાંકો પ્રસિદ્ધ કર્યા છે તે તો હું કહી શકું તેમ નથી આની નોંધ તો આ તેમ જ અન્ય સભાઓ દ્વારા સંચાલિત માસિકોમાં હવે પછી પણ નિર્દેશ કરાયેલો જોવાતાં થઇ શકે. "જૈન" માટે પણ એમ જ છે. આ તો મેં દિશાસૂચન પૂરતાં જ સામયિકોનો ઉલ્લેખ કર્યો છે.

મહાવીર-વિશેષાંકોમાં મુખ્યત્વે કરીને મહાવીરસ્વામી સાથે સંબદ્ધ લેખો હોય છે. એ સિવાયના અંકોમાં પણ કેટલીક વાર એમના વિષે એક યા બીજી રીતની માહિતી પૂરી પાડનારા લેખો જોવાય છે. મેં પણ લેખો લખ્યા છે. એ પૈકી તા.

૧૯-૮-'૬૦ સુધીમાં પ્રકાશિત થયેલા મારા લેખોનાં નામ વગેરે મેં હીરક-સાહિત્ય-વિહારમાં દર્શાવ્યાં છે. અહીં મારી જૈનોની વિશિષ્ટ સંસ્થાઓને વિજ્ઞપ્તિ છે કે તેઓ પોતપોતાના લાંબા સમયથી પ્રકાશિત કરાતાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા લેખોની લેખવાર તથા લેખકદીઠ સૂચીઓ પહેલી તકે પ્રસિદ્ધ કરે. હાલ તુરત તો તેઓ મહાવીરસ્વામી સાથે સંબંધ ધરાવતા લેખો પૂરતું પણ કાર્ય કરશે તો તે પણ આનંદજનક અને ઉપયોગી થઇ પડશે.

પ્રત્યેક તીર્થંકરના જીવનના પાંચ મુખ્ય પ્રસંગોને "પાંચ કલ્યાણકો" તરીકે ઓળખાવાય છે. મહાવીરસ્વામી માટે પણ તેમ જ છે એમનાં પાંચે કલ્યાણકોને ઉદ્દેશીને અને ખાસ કરીને જન્મકલ્યાણકને દિને—ચૈત્ર શુક્લ ત્રયોદશીએ શ્રમણો અને સંસ્થાઓ વગેરે તરફથી વિશિષ્ટ વ્યાખ્યાનો અપાય છે. આ પૈકી જે પ્રકાશિત થયાં હોય તે તો એક પુસ્તકરૂપે રજૂ થવાં જોઈએ. થોડા જ વખત ઉપરની વાત છે. જૈનાચાર્ય શ્રી-વિજયરામચન્દ્રસૂરિજીનો અહીં-સુરતમાં સમાગમ થતાં મેં એમને સાદર વિજ્ઞપ્તિ કરી હતી કે એમનાં મહાવીરસ્વામીને અંગેનાં જે વ્યખ્યાનો એક યા બીજા સામયિકમાં છપાયાં હોય તે એક પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરાવવા પ્રબંધ કરશો. આજે આ બાબત હું એમને યાદ કરાવું તો કેમ ?

આકાશવાણીના આમંત્રણથી મહાવીરસ્વામીના જન્મ-કલ્યાણકને પ્રસંગે વિવિધ વાર્તાલાપો રજૂ થયા છે મેં આપેલા વાર્તાલાપો અહીંના સામયિકોમાં છપાયા છે. એ તેમ જ અન્યત્ર

પ્રકાશિત વાર્તાલાપોનો સંગ્રહ કરી તે પ્રસિદ્ધ કરવા કોઇક જૈન સંસ્થા જો હવે સત્વર તૈયાર થશે તો મહામૂલ્યશાળી સામગ્રી સચવાઇ રહેશે.

જૈન આગમો જે આજે ઉપલબ્ધ છે એમાંના એકેમાં મહાવીરસ્વામીનું સાંગોપાંગ જીવનચરિત્ર આલેખાયેલું નથી. એમને લગતા કોઇ કોઈ પ્રસંગનું નિરૂપણ કેટલાક આગમોમાં છે એ છૂટાછવાયાં નિરૂપણો એકત્રિત અને વ્યવસ્થિત કરાય તો શ્વેતાંબરો માટે તો એ પ્રાચીનતમ (જો કે અપૂર્ણ) સામગ્રીની ગરજ સારે. એમાંની વિગતોના સ્પષ્ટીકરણ માટે નિજ્જુત્તિ, ભાસ, ચુણ્ણિ અને લગભગ વિ સં. ૧૩૫૦ સુધીની પ્રાચીન ટીકાઓ વિચારવી લાભપ્રદ થઇ શકશે. એમાંથી તેમ જ અનાગમિક શ્વેતાંબરીય તથા દિગંબરીય ગ્રન્થોમાંથી અને બૌદ્ધ સાહિત્યમાંથી કેટલીક વધારાની વિગતો મળે તેમ છે જો એનો યથાયોગ્ય ઉપયોગ કરાય તો આપણને મહાવીરસ્વામીનું પ્રમાણિક જીવનચરિત્ર મળે—એની કાલક્રમાનુસારી ઘટનાઓ જાણવાની મળે.

જૈનતીર્થસર્વસંગ્રહમાં ભારતભરનાં જિનાલયોની નોંધ છે. એ ઉપરથી આ માહિતીગ્રન્થ માટેની સામગ્રી તારવી શકાય અને એમાં જે બાબતો ખૂટતી જણાય તે ઉમેરાય તો આ કાર્ય પરિપૂર્ણ બને. મહાવીરસ્વામીની કેટલીક પ્રાચીન અને ભવ્ય મૂર્તિઓ સંગ્રહસ્થાનો વગેરેમાં પણ છે તેની પણ સૂચી તૈયાર કરાવવી જોઈએ. મહાવીરસ્વામીના જીવનના પ્રેરક પ્રસંગોને લગતાં

ચિત્રો વગેરે વિષે પણ ઉલ્લેખ કરાવો ઘટે. પજ્જોસવણાકપ્પ કિંવા કલ્પસૂત્રની સચિત્ર હાથપોથીઓમાં કેટલાક પ્રસંગો અંગેનાં ચિત્રો જોવાય છે.

પ્રસ્તુત માહિતીગ્રન્થમાં કઇ કઇ બાબતોને સ્થાન અપાવું જોઈએ તેની આછી રૂપરેખા મેં અત્ર આલેખી છે. આ બધી બાબતોને પૂરતો ન્યાય સત્વર અને સુગમતાપૂર્વક આપવાનું કાર્ય કોઇ પણ એક વિબુધ માટે અશક્ય નહિ તો દુઃશક્ય છે કેમકે મેં જેટલાં જૈન પુસ્તકાલયો જોયાં છે તેમાંના એકેમાં તો આ બધી જ બાબતો રજૂ કરી શકાય તેવી સુવિધા નથી. આથી જૈન શ્રીમંતોને મારી નમ્ર વિજ્ઞપ્તિ છે કે તેઓ કંઇ નહિ તો આ પ્રસંગને લક્ષીને કોઇ એકાદ જૈન પુસ્તકાલયને તો પ્રસ્તુત માહિતીગ્રન્થ માટે ઉપયોગી અને આવશ્યક સામગ્રીથી સમૃદ્ધ કરે.

—આત્માનંદ પ્રકાશ (પુ. ૬૫, અં. ૫-૬)

# પરિશિષ્ટ ૧ : સાધનીભૂત ગ્રન્થોની સૂચી


{ અજિતશાન્તિસ્તવ [1]૩૨
{ અજિયસન્તિથય ૩૧
અથર્વવેદ ૧૦૮
અનેકાન્તજયપતાકા
— વ્યાખ્યા (સ્વોપજ્ઞ)
૨૧, ૨૩, ૩૫, ૪૨, ૪૪,
૭૦, ૭૪, ૭૫
અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા. જુઓ, દ્વાત્રિંશિકા, હૈમ
— વૃત્તિ ૩૫, ૪૪. જુઓ સ્યાદ્વાદમંજરી
અભિધાનચિન્તામણિ ૨, ૨૬, ૨૭, ૩૧, ૩૭–૩૯, ૫૭, ૬૦–૬૬, ૭૪, ૧૬૯
{ — ટીકા (સ્વોપજ્ઞ ૧૮૪
{ — વિવૃતિ (સ્વોપજ્ઞ) ૭, ૫૨, ૫૫, ૭૩
{ — વૃતિ (સ્વોપજ્ઞ) ૨૭, ૩૭, ૩૯
અમરકોશ ૩૧
અષ્ટક (હરિ૦) ૧૫૭
અષ્ટાધ્યાયી
— મહાભાષ્ય ૧૦૯
આગમોદ્ધારકની શ્રુતઉપાસના ૧૮૩
આપ્તમીમાંસા ૧૯, ૭૨
આયાર ૮૯, ૯૦, ૧૧૯–૧૨૧, ૧૩૦, ૧૪૪, ૧૮૨, ૨૨૬
— ટીકા ૧૨૯
[2]*આર્હત જીવન જ્યોતિ (ત્રીજી કિરણાવલી) ૩
* આર્હત જીવન જ્યોતિ (પહેલી કિરણાવલી ૩૦
* આર્હતદર્શનદીપિકા ૭૧
આવશ્યક જુઓ આવશ્યકસૂત્ર, આવસ્સય અને આવસ્સયસુત્ત
— નિર્યુક્તિ ૧૨૬
— ભાષ્ય ૧૧૬
આવશ્યક-નિર્યુક્તિ-દીપિકા ૯૫
આવશ્યકસૂત્ર જુઓ આવશ્યક
— નિર્યુક્તિ ૧૬૦, ૧૬૧
— વૃત્તિ (માણિક્ય૦) ૮૫. જુઓ દીપિકા


૧. આ પૃષ્ઠાંક છે.

૨. આ ચિહ્નથી પ્રસંગોપાત્ત મેં મારી જે કૃતિનો અત્ર ઉપયોગ કર્યો છે તેનો અત્ર નિર્દેશ કરાયો છે.

— વૃત્તિ (હરિ૦) ૧૬૧
આવસ્સય ૧૭૩. જુઓ આવશ્યક
— ચુણ્ણિ ૮૫, ૯૦-૯૨, ૯૬, ૧૨૦, ૧૪૭, ૧૪૪
— નિજ્જુત્તિ ૭, ૮૫, ૮૬, ૧૨૬, ૧૨૭, ૧૪૩, ૧૮૧
— નિજ્જુત્તિનાં વિવરણો ૧૩૦
— નિજ્જુત્તિની વ્યાખ્યા (મલય૦) ૧૨૮
— નિજ્જુત્તિની વ્યાખ્યા (હરિ૦) ૧૨૮
— ભાસ ૮૫, ૯૧, ૧૮૧
— મૂળ ભાસ ૧૨૧
— વૃત્તિ (હરિ૦) ૧૦૩, ૧૦૫
આવસ્સયસુત્ત. જુઓ આવશ્યક
— નિજ્જુત્તિ ૨૮
ઇષ્ટછત્રીસી ૧૭, ૭૦
ઉત્તરજ્ઝયણ ૧૨, ૧૮૪, ૧૯૭, ૨૨૬
ઉવાસગ સા ૧૭૬
ઋષભદેવનું સ્તવન ૪૧, ૬૮
{ ઓવવાઇય ૧૨, ૧૮૯
ઔપપાતિકસૂત્ર ૧૧૧, ૧૧૫, ૧૧૬
કપ્પ
— ભાસ ૩૨
— ભાસની વૃત્તિ ૧૪૦
કલ્પસૂત્ર ૩૨, ૧૧૬, ૧૩૦, ૨૫૬. જુઓ પજ્જોસવણાકપ્પ
— વૃત્તિ ૧૧૬. જુઓ સુબોધિકા
કલ્યાણમન્દિરસ્તોત્ર ૨૭, ૪૨, ૧૦૭
કાવ્યમાલા (ગુચ્છક ૭) ૨૪૫
કુમાર ૨૮
કુમારવાલચરિય ૨૪
કુમારવાલપડિબોહ ૩૨
ગઉડવહ ૩૨
ગંગાપુરાતત્ત્વાંક ૧૦૮
ગૂર્જર સાહિત્ય સંગ્રહ ૩૬
ચઉતીસજિણાઇસયથવણ ૩૮, ૮૧
ચઉતીસાતિસયથોત્ત ૩૮
ચતુર્વિંશતિકા ૨૪૪
,, (સટીક) ૨૪૪
* — સ્પષ્ટીકરણ ૧૧૬
ચતુર્વિંશતિજિનેન્દ્રસંક્ષિપ્તચરિત ૧૧૮
ચતુર્વિંશતિપ્રબન્ધ ૨૪૮
* ચતુર્વિંશતિપ્રબન્ધનો ગુજરાતી અનુવાદ ૨૪૮
ચિત્રસ્તવ (ગ્રન્થાંશ) ૭૦

{ ચેઇયવન્દણમહાભાસ ૧૯૪
{ ચૈત્યવન્દનમહાભાષ્ય ૧૯૪
ચોવીસ જિન લાંછન ચૈત્યવંદન ૭, ૯
જમ્બુદીવપણ્ણત્તિ ૧૪, ૧૫
જયન્તીકોશ ૧૩૮
જિનચતુસ્ત્રિંશદતિશયસ્તવ ૪૦, ૮૧
*જિનચતુસ્ત્રિંશદતિશયસ્તવ (સાનુવાદ) ૪૦
જિનદેવદર્શન ૩૭
જિનરત્નકોશ ૨૫૨
જિનવીસીને ઉદ્દેશીને એકેક સ્તવન ૪
જૈનતત્ત્વાદર્શ ૩૬, ૩૮, ૪૧, ૭૭
જૈનતીર્થસર્વસંગ્રહ ૨૫૫
જૈન બાલ ગુટકા ૧૧
*જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ૩, ૨૫૨
જૈન સાહિત્ય ઔર ઇતિહાસ ૧૨૬
જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ૨૫૨
જૈનસ્તોત્રસન્દોહ ૩૭, ૩૯, ૪૨, ૪૧, ૭૬, ૮૦
જ્ઞાતાધર્મકથા ૩૧
ઠાણ ૧૩૯, ૧૫૭
તત્ત્વનિર્ણયપ્રાસાદ ૪૩
તત્ત્વપ્રકાશિની ૩
તત્ત્વાર્થાધિગમસૂત્ર
— ભાષ્ય ૧૦૯
તિજયપહુત્ત ૨૧, ૨૬
તિલોયપણ્ણત્તિ ૧૨૬
*તીર્થંકરની વિભૂતિ (કવિતા) ૪૧
ત્રિદશતરંગિણી ૭૦
ત્રિભુવનતિલક ૨૫૨
ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ૩, ૮૫, ૯૮, ૧૦૪, ૧૦૬, ૧૧૮, ૧૭૧
— અનુવાદ ૩, ૪૧
ત્રૈલોક્યસાર ૨૧૩
થોકડાસંગ્રહ, શ્રી ૨૦
દીપિકા ૮૫, ૯૫
દુર્ગપદપ્રકાશ ૧૭, ૭૯
દેશીનામમાલા ૨૪, ૩૧
દ્વાત્રિંશિકા, દ્વિતીય ૨૪૪
" , પાંચમી ૨૪૪
દ્વાત્રિંશિકા, હૈમ. જુઓ અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા
— વૃત્તિ ૩૫. જુઓ સ્યાદ્વાદમંજરી
{ નન્દી ૨૪૧
{ નન્દીસુત્ત

— ટીકા ૧૯
નમસ્કારસ્વાધ્યાય ૧૮૪
નાયાધમ્મકહા ૩૧
નિયમસાર ૩૮, ૬૯
નિર્વાણકલિકા ૪
{ નિશીથ.
{ નિસીહ
— વિસેસચુણ્ણિ ૧૫, ૧૯૦
પઉમચરિય ૨૧
પજ્જોસવણાકપ્પ ૧૩, ૩૨, ૯૦, ૧૧૯, ૧૨૦, ૧૩૦, ૧૩૧, ૧૩૩, ૧૪૪, ૧૪૮, ૧૬૮, ૨૫૬. જુઓ કલ્પસૂત્ર
— વિવરણો ૧૩૦
પંચકલ્યાણકસ્તવન ૨૭
{ પંચપરમેષ્ઠિગીતા ૩૬, ૪૧, ૪૩
{ પંચપરમેષ્ઠીગીતા ૧૮૨
પણતીસજિણવાણીગુણથવણ ૩૭, ૭૬, ૮૧
પદ્માનન્દમહાકાવ્ય ૨૭
પવયણસારુદ્ધાર ૬, ૭, ૨૩, ૨૬, ૩૮, ૪૧, ૫૨, ૬૦–૬૬, ૭૪. જુઓ પ્રવચનસારોદ્ધાર
— વૃત્તિ ૪૨, ૫૪
પાઇયટીકા ૧૨
પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય ૨૫૨
પાઇયસદ્દમહણ્ણવ ૩૧
પાર્શ્વજિનસ્તવ ૨૭, ૪૩
પાર્શ્વનાથનું સ્તવન ૭૧
પાર્શ્વનાથપ્રાતિહાર્યસ્તવન ૨૭, ૪૨
પ્રતિક્રમણસૂત્ર, શ્રી ૨૮, ૨૯
પ્રમેયરત્નમંજૂષા ૧૫
પ્રવચનસારોદ્ધાર જુઓ પવયણસારુદ્ધાર
— વૃત્તિ ૨૨
પ્રાચીન ભારતવર્ષ ૨૫
બંકિમનિબંધમાલા ૧૮૬
*બાવન વીર અને આઠ ભૈરવ ૧૭૦
બુદ્ધ અને મહાવીર ૧૬૫
બૃહત્કલ્પ
— ભાષ્ય ૩૧
ભક્તપરિજ્ઞા ૨૨. જુઓ ભત્તપરિણ્ણા
ભક્તામર–કલ્યાણમન્દિર–નમિઊણ–સ્તોત્રત્રયમ્
* — પ્રસ્તાવના ૨૭
* — ભૂમિકા ૨૭
ભક્તામરસ્તોત્ર ૨૭, ૪૨, ૨૦૯

— અભિનવવૃત્તિ ૪૪

ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય-સંગ્રહ, શ્રી ( વિભાગ ૧ ) ૧૫૪

ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય-સંગ્રહ, શ્રી (વિભાગ ૨) ૪૨

ભગવતી ૧૩૯. જુઓ વિયા-(વા)હપણ્ણત્તિ

ભગવતીસૂત્ર ૧૧૧, ૧૧૫

— અનુવાદ ૧૧૫

— ટીકા ૧૧૧

ભગવદ્‌ગીતા ૧૭૪

'ભટેવા'પાર્શ્વનાથ-ચિત્રસ્તોત્ર ( ગ્રન્થાંશ ) ૭૧

'ભટેવા' પાર્શ્વનાથ જિનાલય સાર્દ્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ, શ્રી ૭૧

ભત્તપરિણ્ણા ૨૨. જુઓ ભક્ત-પરિજ્ઞા

* ભારંડ: એક મહાકાય પક્ષી ૧૫૨

મનુસ્મૃતિ ૧૫૭

મહાભારત ૧૩૮, ૧૪૦, ૧૫૭

મહાવીરચરિય ૮૫, ૮૮, ૧૦૩, ૧૦૫

મહાવીરસ્વામીની સ્તુતિ ૨૪૮

— અવચૂરિ ૨૪૮

* — છાયા ૨૪૮

મૈથિલીકલ્યાણ ૨૪

યોગશાસ્ત્ર ૧૫૭

— વૃત્તિ (સ્વોપજ્ઞ ૩૫, ૪૪

રઘુવંશ ૩૧

રામાયણ ૧૩૯

વર્ધમાનદ્વાત્રિંશિકા ૧૬૯

વિક્રાન્તકૌરવ ૨૪

વિચારસાર જુઓ વિયારલેસપયરણ, વિયારસાર અને વિયારસાર-પયરણ

વિધિકૌમુદી ૩૬

વિપાકસૂત્ર ૧૧૧

વિનયપિટક

— અનુવાદ ૧૯

વિયારલેસપયરણ જુઓ વિચારસાર

વિયારસાર ૨૭, ૨૬, ૩૯, ૪૨, ૭૮

વિયારસારપયરણ ૨, ૩

વિયા(વા હપણ્ણત્તિ ૬૧, ૮૯, ૯૫, ૧૨૩

વિવિધપ્રશ્નોત્તર ૫

વિશેષાવશ્યકભાષ્ય

વિસેસાવસ્સયભાસ ૯૫. ૧૮૧, ૧૮૮

— ટીકા ૩૧
વિહરમાણએકવિંશતિસ્થાનક ૫
વીતરાગસ્તોત્ર ૨૧, ૩૩, ૪૨, ૬૮, ૧૦૭
— વિવરણ ૬૭, ૬૮, ૭૯. જુઓ દુર્ગપદપ્રકાશ
વીરજિનસ્તવન ૨૪૬
વીરથુઇ (ગ્રન્થાંશ) ૨૨૬. જુઓ વીરસ્તુતિ (સુધર્મ૦)
વીરપંચકલ્યાણકસ્તવન ૪૨
વીરસ્તવ ૨૪૫
વીરસ્તુતિ (ગ્રન્થાંશ) (સુધર્મ૦) ૨૨૬. જુઓ વીરથુઇ
વીરસ્તુતિ (ધન૦) ૧૫૪
વેણીસંહાર ૩૧
શક્રસ્તવ (ગ્રન્થાંશ) ૧૧૬
શબ્દરત્નમહોદધિ ૧
શાન્તિનાથનું સ્તવન ૪૧, ૬૮
શ્રમણ ભગવાન્ મહાવીર ૮૫, ૮૬, ૧૩૧, ૧૩૫, ૧૩૬, ૧૩૮, ૧૩૯, ૧૪૧
શ્રીકલ્પસૂત્ર ૧૩૧
શ્રીપાલ રાજાનો રાસ ૩૦
શ્રીમહાવીરકથા ૮૭
શ્રુતાસ્વાદ ૨૨
સંસાર-દાવાનલ-સ્તુતિ ૨૪૩
સચિત્ર મુખવસ્ત્રિકાનિર્ણય ૧૦૮
સડ્ઢવિહિ
— વૃત્તિ ૩૬. જુઓ વિધિ-કૌમુદી
સન્મતિતર્ક ૧૭૦
સમવાય ૨૬, ૩૭, ૩૮, ૪૬, ૪૭, ૫૭, ૬૦–૬૬, ૭૩, ૭૪, ૭૬, ૭૮, ૮૮, ૧૮૯
— વૃત્તિ ૩૭, ૩૯, ૫૦, ૭૬, ૮૮
{ સમ્મત્તસત્તરિ ૩૧
{ સમ્યક્ત્વસપ્તતિ ૩૧
*સવિવેચન હરિયાળી-સંચય (કૂટ-કાવ્ય-કલાપ) તથા સાટ્ટપણક આગમોનાં અધ્યયનોનો પદ્યાત્મક અનુવાદ ૨૪૯
સાધારણજિનસ્તવન (જ્ઞાન૦) ૧૮૨
,, (? પાર્શ્વ૦) ૪૨, ૮૦
સાર્થ ગૂજરાતી જોડણીકોશ ૩૧
સિદ્ધચક્ર, શ્રી ૨૦, ૨૯, ૧૩૧
સીમન્ધરસ્વામિસ્તવન (જિન૦) ૨૭, ૪૨

સીમન્ધરસ્વામિસ્તવન (સહ્ય૦) ૨૭
સીમન્ધરસ્વામિસ્તોત્ર ૪૩
સુપાર્શ્વનાથજિનસ્તવન ૪૧
સુબોધિકા ૧૧૬, ૧૪૭
{ સુરસુન્દરીચરિત ૩૧, ૩૨
{ સુરસુન્દરીચરિય ૩૧
{ સૂત્રકૃત ૨૪૨
{ સૂયગડ ૧૬૪, ૧૭૬, ૧૮૨, ૧૯૭, ૨૧૬, ૨૪૨, ૨૪૭
સૂર્યપ્રજ્ઞપ્તિ
— ટીકા ૧૧૧
સોપારકસ્તવન ૨૭
સ્તુતિચતુર્વિંશતિકા ૨૪૫, ૨૪૬
* — અનુવાદ ૨૪૬
* — સ્પષ્ટીકરણ ૨૮, ૪૧, ૪૩, ૭૧
સ્નાત્રપૂજા ૨૧૮
સ્યાદ્વાદમંજરી ૩૫, ૪૪
સ્યાદ્વાદરત્નાકર ૨૧
હરિવંશપુરાણ ૯૨
હીરક-સાહિત્ય-વિહાર ૨૫૪
Descriptive Catalogue of the Government Collections of Manuscripts: Vol. XVIII, pt. 4; Vol. XIX, sec. 1, pt. 2 & sec. 2: ૬૮; ૬૮; ૨૫૨
Indian Historical Quarterly ૧૧૨
Jaina Data about Musical Instruments, The ૭૧
Life in Ancient India as depicted in the Jain Canons ૧૩૫-૧૪૧
Mahāvīra Commemoration Volume, Shrī ૨૫૩
Mahāvīra : His Life and Teachings ૧૩૩, ૧૩૫, ૧૩૭
Note on the use of Images in ancient India ૧૦૯
Sacred Books of the East, The (Vol. XXII)
— introduction ૯૭
Standard Sanskrit English Dictionary, The ૩૧
Uber ein Fragment der Bhagavatī ૨૧૧

## પરિશિષ્ટ ૨ : પ્રાસ્તાવિકમાં નિર્દિષ્ટ કૃતિઓ


૧૧૫૧ સ્તવનમંજૂષા ૧૪
* ગુજરાતી જૈન સાહિત્ય : છંદ ૧૯
* ગુજરાતી જૈન સાહિત્ય : વધાવા અને ચુંદડી ૧૪
* ગુજરાતી જૈન સાહિત્યનાં સ્વરૂપો : ગહુંલી, સાંજી(ઝી) અને હમચડી ૧૫
ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ
* — સ્પષ્ટીકરણ ૧૩
ચતુર્વિંશતિજિનેન્દ્રસંક્ષિપ્તચરિત ૨
*જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ૧૩
* તીર્થંકરોનાં હાડરડાં ૧૪
મહાવીર-ગૌતમસ્વામી-છંદ ૧૫
મહાવીરછંદ ૧૫
મહાવીરજિનછંદ ૧૫
* નિર્ગ્રન્થ-હરિયાળી ૧૩
* પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય ૧૩
મહાવીરગીત ૧૪
મહાવીરચોઢાળિયું ૧૪
મહાવીરપંચાશિકા ૧૪
મહાવીરપારણું ૧૪
મહાવીરરાગમાળા ૧૪
મહાવીરસ્વામીનાં પાંચ કલ્યાણકનું સ્તવન ૯
મહાવીરસ્વામીના પાંચ વધાવા ૧૪
મહાવીરસ્વામીના ૨૭ ભવો વગેરેને લગતાં સ્તવનો ૧૪
મહાવીરસ્વામીનું ૨૭ ભવનું સ્તવન (અજ્ઞાત ૯
મહાવીરસ્વામીનું ૨૭ ભવનું સ્તવન (રૂપ૦) ૯
મહાવીરસ્વામીનું ૨૭ ભવનું સ્તવન (લાલ૦) ૯
મહાવીરસ્વામીનું ૨૭ ભવનું સ્તવન (વીર૦) ૯
મહાવીરસ્વામીનું હાલરડું (અમિય૦) ૧૪. જુઓ મહાવીરપારણું
મહાવીરસ્વામીનું હાલરડું (દીપ૦) ૧૪
રોહિણીસ્તવન ૧૪
વર્ધમાનજિનવેલિ ૧૫. જુઓ વીરજિનહમચડી અને વીર-વર્ધમાનજિનવેલિ
વીરજિનવિનતી ૧૪
{ વીરજિનહમચડી ૧૫
{ વીરવર્ધમાનજિનવેલિ ૧૫
*વેલિ અને વેલ ૧૫
સજ્જન સન્મિત્ર ૯
સ્તુતિ (સુધર્મ૦) ૧૧
સ્તુતિતરંગિણી ૧૪
* Sketch of the Life and Teachings of Lord Mahāvīra, A ૮

# શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ-
# જ્ઞાનમંદિરનાં અન્ય પ્રકાશનો

૧. સિરિઉસહણાહચરિય : મૂલ્ય રૂા. ૫
(કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કૃત ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રના પ્રથમ પર્વનું પ્રાકૃત રૂપાંતર)
કર્તા : પૂ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મ.

૨. પાઇઅવિણ્ણાણકહા : (ભા. ૧ લો) મૂલ્ય રૂા. ૨
કર્તા : ઉપરોક્ત પૂ. આચાર્યશ્રી.

૩. પ્રાકૃત વિજ્ઞાન કથાઓ
(ઉપરોક્ત કથાઓનું ગુજરાતી ભાષાંતર)
કાચા પૂંઠાનું મૂલ્ય રૂા. ૧ અને પાકા પૂંઠાનું મૂલ્ય રૂા. ૧-૫૦

૪. જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન : મૂલ્ય રૂા. ૧
(ગૂર્જર ગિરામાં જિનાગમના મૌલિક પદાર્થોની સૂત્રાત્મક રચના)
કર્તા : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

૫. સવિવેચન હરિયાળી-સંચય (ફૂટકાવ્યકલાપ)

તથા

સાટ્પાણુક આગમોનાં અધ્યયનોનો પદ્યાત્મક અનુવાદ : મૂલ્ય રૂા. ૪
કર્તા ઉપરો

આગામી પ્ર

૧. સિરિચ
૨. પાઇયવિણ્ણાણકહા
બંનેના કર્તા : પૂ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મ.

---

અરવિંદ પ્રિન્ટર્સ, અમદાવાદ.